અહેવાલ
૪૯૯

# અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ - મૂલ્યાંકન અભ્યાસ



સંશોધક

ડૉ.વિપુલ રામાણી ડૉ.તેજલ અધ્વર્યુ





આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦૦૧૪
વર્ષ - ૨૦૨૦

૪૯૯

# અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ - મૂલ્યાંકન અભ્યાસ

સંશોધક

ડૉ.વિપુલ રામાણી ડૉ.તેજલ અધ્વર્યુ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦૦૧૪

વર્ષ - ૨૦૨૦

૪૯૯

# અનુક્રમણિકા


- આભાર દર્શન

પ્રકરણ - ૧ વહીવટી સાર-સંક્ષેપ અને ભલામણો ૦૧

- સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર
- વહીવટી સાર-સંક્ષેપ
- અભ્યાસના તારણો આધારિત સરકારશ્રીને ભલામણો

પ્રકરણ - ૨ વિષય પ્રવેશ અને સશોધન પદ્ધતિ ૨૧

- સંશોધન સમસ્યા (મૂલ્યાંકન શા માટે ?)
- અભ્યાસના હેતુઓ
- અભ્યાસની સમષ્ટિ (વ્યાપ-વિશ્વ) અને નમૂના (એકમો)ની પસંદગી
- સંશોધન પદ્ધતિ
- માહિતી એકત્રીકરણની પ્રવિધિઓ (ઉપકરણો)
- માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ
- સંશોધન અભ્યાસની મર્યાદાઓ

પ્રકરણ - ૩ સાહિત્ય સમીક્ષા ૪૩

- પૂર્વે થયેલા સંશોધન અભ્યાસોની સાહિત્ય સમીક્ષા
- પ્રસ્તૃત અભ્યાસનું અન્ય સંશોધનથી જુદાપણું

પ્રકરણ - ૪ આશ્રમશાળાનો ઈતિહાસ અને વિકાસ ૫૮

- બ્રિટીશયુગમાં આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણ
- સ્વંત્રત ભારતમાં આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણ
- આશ્રમશાળા યોજના (૧૯૫૩-૫૪)
- ગુજરાતમાં આશ્રમશાળાઓનો વિકાસ

પ્રકરણ - ૫ આશ્રમશાળામાં શિક્ષણની સ્થિતિ અને શીખવાની પ્રક્રિયા ૭૮

- આશ્રમશાળામાં બાળકોની પ્રવેશ પ્રક્રિયા
- આશ્રમશાળામાં માન્ય ધોરણો અને તેની સ્થિતિ
- આશ્રમશાળામાં વિષયવાર શિક્ષકોની સ્થિતિ
- આશ્રમશાળામાં શિક્ષણ સંબંધી સુવિધાઓ અને વ્યવસ્થાઓની સ્થિતિ
- સરકાર-સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને અપાતી શૈક્ષણિક સગવડો અને તેની સ્થિતિ
- વિદ્યાર્થીઓના આશ્રમશાળામાંથી અધ્ધવચ્ચેથી શિક્ષણ છોડવા પાછળના કારણો

- આશ્રમશાળાનું શૈક્ષણિક વાતાવરણ અને તેની સ્થિતિ

પ્રકરણ - ૬ આશ્રમશાળાઓમાં ભોજનની સ્થિતિ, પોષણક્ષમતા અને વિદ્યાર્થીઓનું આરોગ્ય ૯૮

- વિદ્યાર્થીઓને આપવામાં આવતો નાસ્તો, ભોજન અને દૂધનું પ્રમાણ
- વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની પોષણક્ષમતા/ગુણવત્તા
- છાત્રાલયમાં બાળકોને જમવા બેસવાની જગ્યા અને સ્વચ્છતા
- વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા
- વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની સંતોષકારકતાની સ્થિતિ
- વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય/સ્વચ્છતા સંબંધી ટેવો
- વિદ્યાર્થીઓને થતા રોગો અને સારવાર
- વિદ્યાર્થીઓમાં તરુણાવસ્થા સંબંધી પ્રશ્નો
- વિદ્યાર્થીઓની નિયમિત આરોગ્ય તપાસ અને સ્થિતિ

પ્રકરણ - ૭ આશ્રમશાળાઓની ભૌત્તિક અને માળખાગત સુવિદ્યાઓ ૧૨૪

- આશ્રમશાળાનું મકાન
- આશ્રમશાળા-છાત્રાલય યુનિટ
- વર્ગખંડના ઓરડાઓનું પ્રમાણ
- આચાર્ય માટે ઓફિસ રૂમની વ્યવસ્થા
- શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ અને ભરેલ જગ્યાઓ
- આશ્રમશાળાઓમાં ભૌત્તિક-માળખાગત સુવિધાઓ
- આશ્રમશાળામાં શિક્ષકો માટેના નિવાસની સ્થિતિ
- આશ્રમશાળાનું વાતાવરણ
- છાત્રાલયમાં ઓરડાઓની સંખ્યા
- છાત્રાલયમાં કુમાર અને કન્યાને ઊંઘવા માટે અલગ ઓરડાઓની સ્થિતિ
- શૌચાલય-બાથરૂમમાં નળ અને વીજ જોડાણ તેમજ તેનો ઉપયોગ
- ભોજનાલય માટેના અલગ ઓરડાઓનું પ્રમાણ
- કોઠાર રૂમ, રસોડું અને ગેસ પ્લાન્ટની સુવિધા

પ્રકરણ - ૮ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલક મંડળોની સમસ્યાઓ ૧૭૦

- આશ્રમશાળા શિક્ષણ સબંધી પ્રશ્નો
- બાળકોના રહેઠાણ-ભોજન સંબંધી પ્રશ્નો
- ભૌતિક સુવિધા સંબંધી પ્રશ્નો

- આશ્રમશાળામાં આચાર્ય-શિક્ષકોને પડતી મુશ્કેલીઓ
- શૈક્ષણિક પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટેના શિક્ષકોના પ્રયત્નો
- ભોજનની ગુણવત્તા અને પોષણક્ષમતા સુધારવા માટે શિક્ષકો દ્વારા દેખરેખ (પ્રયત્નો)
- આશ્રમશાળાની ભૌતિક-માળખાંગત સુવિધાઓ સુધારવા માટે શિક્ષકો દ્વારા કરવામાં આવતા પ્રયત્નો
- શાળાકીય પ્રવૃત્તિ સંબંધી શિક્ષકોના સૂચનો
- વિદ્યાર્થીઓમાં ટેક્નિકલ શિક્ષણ શીખવાની અપેક્ષાઓ
- વર્તમાન આશ્રમશાળા સંદર્ભે આચાર્ય-શિક્ષકોની અપેક્ષાઓ

પ્રકરણ - ૯ આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસરો ૨૨૦

- શાળાકીય શિક્ષણ, ગુણોનો વિકાસ અને જીવનમાં ઉપયોગીતા
- આશ્રમી શિક્ષણ અને કૌટુંબિક ફાયદાઓ
- આશ્રમશાળા શિક્ષણ દ્વારા આદિવાસી સમુદાયમાં આવેલ પરિવર્તન

પ્રકરણ - ૧૦ અભ્યાસના તારણો અને ભલામણો ૨૩૮

- અભ્યાસના તારણો
- અભ્યાસના તારણો આધારિત સરકારશ્રીને ભલામણો

- સંદર્ભસૂચિ ૨૬૮
- પરિશિષ્ટ – ૧

# આભાર દર્શન

ગુજરાતની આશ્રમશાળાઓ એ નઈ તાલીમ અથવા બુનિયાદી શિક્ષણ વરેલી છે. વર્તમાન સમયમાં કાર્યરત આશ્રમશાળાઓની સ્થાપના મહાત્મા ગાંધી અને તેમની વિચારસરણીને અનુસરનારા રચનાત્મક કાર્યકરો દ્વારા કરવામાં આવી. આશ્રમશાળા સ્થાપવા પાછળનો તેમનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના પછાત, દુર્ગમ અને ઊંડાણવાળા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર સુધારવું, આઝાદીની લડત માટે સ્થાનિક નેતાગીરી ઊભી કરવી અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો હતો. ૧૯૨૨ માં શરૂ થયેલી મીરાખેડી આશ્રમશાળાથી લઈને આજે ગુજરાતમાં ૪૫૨ આશ્રમશાળાઓ કાર્યરત છે. આ આશ્રમશાળાઓમાં ૬૩ હજારથી વધુ આદિવાસી બાળકોને શિક્ષણ, રહેઠાણ અને ભોજનની ત્રિવિધ સુવિધાઓ મેળવી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં આદિવાસી વિસ્તારના બાળકોના સર્વાંગી વિકાસમાં આશ્રમશાળાઓનું પ્રદાન મહત્વપૂર્ણ રહ્યું છે.

"અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ- મૂલ્યાંકન અભ્યાસ" આદિજાતિ મંત્રાલય દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને અભ્યાસની કામગીરી સોંપવામાં આવી અને કેન્દ્રએ તેની જવાબદારી સ્વીકારી. ગુજરાત રાજ્યમાં ૯૮ વર્ષથી આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ કાર્યરત છે, ત્યારે આજે આ આશ્રમશાળાઓની શું સ્થિતિ છે તે તપાસવું જરૂરી બન્યું છે. આ અભ્યાસમાં આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે કે નહિં?, વિદ્યાર્થીઓ માટે નિવાસ અને ભોજનની શું વ્યવસ્થાઓ છે?, ભોજન પોષણક્ષમ અને ગુણવત્તાયુક્ત આપવામાં આવે છે કે નહિં?, આશ્રમશાળામાં નિવાસ કરતા વિદ્યાર્થીઓના આરોગ્યની શું સ્થિતિ છે?, આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો કેવી કેવી મુશ્કેલીઓ અનુભવે છે?, આશ્રમશાળાઓ ચલાવવામાં સામાજિક સંસ્થાઓ કે સંચાલક મંડળોને કેવા કેવા પ્રશ્નોનો સામને કરવો પડે છે?, આશ્રમશાળામાં કઈ કઈ ભૌતિક અને માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવી છે અને તેની શું સ્થિતિ છે ?, આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓએ કેવી અસરો ઊભી કરી છે? વગેરે પાસાંઓ પ્રસ્તુત અભ્યાસમાં તપાસવામાં આવ્યા છે.

આ અભ્યાસ દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગના સચિવશ્રીએ આ અભ્યાસમાં ક્યાં ક્યાં મુદ્દાઓ અને પાસાંઓ સાંકળવા તેની ઊંડાણથી ચર્ચા કરી જરૂરી સલાહ-સૂચન કર્યા છે તેમજ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીએ જરૂરી માર્ગદશન પૂરૂ પાડ્યું છે. આ અભ્યાસ કરવા અંગે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વહીવટી અનુકૂળતા કરી આપી, જે બદલ આદિજાતિ વિકાસ વિભાગ અને કચેરીના આભારી છીએ.

સંશોધનના ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી અને આશ્રમશાળા અધિકારીશ્રીની કચેરી તેમજ સંચાલક મંડળો દ્વારા આશ્રમશાળાઓના આચાર્ય અને શિક્ષકોને

અભ્યાસ અંગેની જરૂરી સૂચનાઓ કરી સંકલનની કામગીરી કરી આપવા બદલ આ તબક્કે તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓનો આભાર વ્યક્ત કરીએ છીએ.

જેઓ આ અભ્યાસનું કેન્દ્ર છે અને તેમના વગર અભ્યાસ કરવો શક્ય નથી એવા માહિતીદાતાઓ જેમકે સંચાલક મંડળોના પ્રમુખ-ઉપપ્રમુખ, આશ્રમશાળાઓના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓના વાલીઓ, આશ્રમશાળા અને પ્રાથમિક શાળાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહ અને રસપૂર્વક યથાર્થ માહિતી તથા સમય આપ્યો તે બદલ આપના સદાય ઋણી રહીશું.

આદિવાસી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરી અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ ૬૮ આશ્રમશાળાઓ અને સંચાલક મંડળોની મુલાકાત લઈ અને ત્રણ દિવસ આશ્રમશાળાઓમાં રહી જેમણે વૈજ્ઞાનિક ઢબે માહિતી એકત્રીકરણ અને નિરીક્ષણનું ઉમદા કાર્ય કર્યું છે તેવા સર્વેક્ષક મિત્રો શ્રી રમણ વણકર, શ્રી પ્રકાશ ઠાકર અને શ્રી મુકેશ વાઘેલાનો સહૃદય આભાર વ્યક્ત કરીએ છીએ. આ ઉપરાંત ક્ષેત્રકાર્યની માહિતીનું કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી (DATA ENTRY) કરી કોષ્ટકો તૈયાર કરી આપનાર શ્રી હેમંત પ્રજાપતિ અને શ્રી નિલેષ પટેલ તેમજ અહેવાલ લેખનનું ટાઈપ કામ કરી આપનાર શ્રી ઘનશ્યામ પટેલનો આ તબક્કે આભાર માનીએ છીએ.

પ્રસ્તુત સંશોધન અભ્યાસનો અહેવાલ તપાસી જવા અને અભ્યાસની ગુણવત્તા વધારા જેમણે અમૂલ્ય સૂચનો કર્યા છે એવા સમાજશાસ્ત્રીશ્રી ડૉ.વિદ્યુત જોશીનો આભાર વ્યક્ત કરીએ છીએ.

સંશોધનકાર્યમાં મુલાકાત અનુસૂચિ તૈયાર કરવાથી લઈને અહેવાલ લેખન સુધીના વિવિધ તબક્કા જેમણે સતત માર્ગદર્શન આપવા બદલ કેન્દ્રના પૂર્વ નિયામકશ્રી ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય તેમજ પૂર્વ કાર્યકારી નિયામકશ્રી પ્રો.નિમિષા શુક્લ અને વર્તમાન કાર્યકારી નિયામકશ્રી ડૉ.રાજેન્દ્ર ખીમાણીનો સહૃદય આભાર માની આનંદની લાગણી વ્યક્ત કરીએ છીએ. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી અને કુલસચિવશ્રીએ સંશોધન અભ્યાસ કરવા માટે નાણાંકીય ખર્ચની વહીવટી અનુકૂળતા કરી આપવા બદલ આપના આભારી છીએ. આ ઉપરાંત આ સંશોધનમાં પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સહાયરૂપ થનાર આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, સંચાલક મંડળ અને આશ્રમશાળાના તમામ કર્મચારીઓ તેમજ સાથી મિત્રોનો આ તબક્કે આભાર વ્યક્ત કરીએ છીએ.

તા.૧૬-૦૩-૨૦૨૦

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

ડૉ.વિપુલ રામાણી
ડૉ.તેજલ અધ્વર્યુ

# પ્રકરણ – ૧ વહીવટી સાર-સંક્ષેપ અને ભલામણો

૧. પૂર્વભૂમિકા

ગુજરાત રાજ્યમાં કાર્યરત આશ્રમશાળાઓના મૂળ મહાત્મા ગાંધીજીની બુનિયાદી શિક્ષણ કે નઈ તાલીમમાં રહેલા છે. મહાત્મા ગાંધીજી દ્વારા ગુજરાતમાં સ્થાપવામાં આવેલ કોચરબ આશ્રમ અને હરિજન આશ્રમ એ તેના ઉત્તમ ઉદાહરણો છે. આશ્રમશાળામાં રહેલા બુનિયાદી શિક્ષણના મૂળતત્વો તે આ આશ્રમોમાંથી આવ્યા છે. આશ્રમ સ્થાપવા પાછળનો મહાત્મા ગાંધીનો મુખ્ય ઉદ્દેશ આઝાદીની લડત માટે સ્વાતંત્ર સૈનિકો તૈયાર કરવા અને રચનાત્મક કાર્યક્રમો ચલાવવાનો હતો. ત્યાર બાદ પાછળથી મહાત્મા ગાંધીજીએ આશ્રમજીવન સાથે પાયાની કેળવણીને પણ જોડી. મહાત્મા ગાંધીજી સાથે રચનાત્મક કાર્યક્રમમાં જોડાયેલ રચનાત્મક કાર્યકરોએ વિવિધ વિસ્તારોમાં જઈને સંસ્થાઓ સ્થાપી. આ સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી, જેમકે લોકોને શિક્ષિત કરવા માટે આશ્રમશાળાઓ, ગરીબી અને બેકારી નિવારવા માટે કાંતણ કે વણાટકામ, લોકોને વ્યસનમાંથી મુક્ત કરવા માટે દારૂબંધી, સાદું જીવન જીવવા માટે ખાદી, લોકોને ઉદ્યોગો શીખવા માટે ઉદ્યોગશાળાઓ, સામાજિક ભેદભાવો દુર કરવા અસ્પૃશ્યતા નિવારણ વગેરે રચનાત્મક કાર્યક્રમો દ્વારા વિભિન્ન સમાજના લોકોને જાગૃત, સંગઠિત અને સક્ષમ બનાવવા માટેના કાર્યો કર્યા છે.

મહાત્મા ગાંધીજીના ૧૮ રચનાત્મક કાર્યક્રમોમાં પાયાની કેળવણી (બુનિયાદી શિક્ષણ) એ એક મહત્વનો કાર્યક્રમ હતો. મહાત્મા ગાંધીજી દ્વારા સ્થપાયેલ આશ્રમોમાં અને ગાંધી વિચારધારાને વરેલા રચનાત્મક કાર્યકરો દ્વારા શરૂ કરવામાં આવેલ આશ્રમશાળાઓમાં પાયાની કેળવણી (બુનિયાદી શિક્ષણ) અગત્યનું અંગ અને મૂલ્ય બની રહી. ઈ.સ.૧૯૨૨ માં સુખદેવભાઈના પ્રયાસથી પંચમહાલ જિલ્લા (હાલ દાહોદ જિલ્લામાં)ના મીરાખેડી ગામે પ્રથમ આશ્રમશાળાની સ્થાપના થઈ, જેનું ઉદ્ઘાટન પૂ. ઠક્કરબાપાના હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ ઈ.સ.૧૯૨૩ માં પૂ. જુગતરામ દવે અને શ્રી નરહરિભાઈના પ્રયાસોથી સુરત જિલ્લાના સરભોણ ગામમાં બીજી આશ્રમશાળા શરૂ થઈ તેમજ ઈ.સ.૧૯૨૮ માં સુરત જિલ્લાના વેડછી ગામમાં પૂ. જુગતરામ દવેના પ્રયત્નોથી ત્રીજી આશ્રમશાળા સ્થપાઈ, જેને "આશ્રમ ઉદ્યોગશાળા" એવું નામ આપવામાં આવ્યું. અહીં શિક્ષણ સાથે ઉદ્યોગ શીખવવાનું કામ પણ શરૂ કરવામાં આવ્યું. આશ્રમશાળામાં અક્ષરજ્ઞાનની કેળવણી તો અપાતી હતી, પરંતુ તેની સાથોસાથ આઝાદીની લડતના કેન્દ્ર તરીકેની ભૂમિકા પણ ભજવાતી હતી. આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળા શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓમાંથી પ્રામાણિક નેતાગીરી ઊભી કરવાનો અને સ્થાનિક આદિવાસી નેતાગીરી દ્વારા આદિવાસીઓમાં શિક્ષણ અને

આર્થિક વિકાસ જેવી કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરીને આદિવાસીઓને ભારતના સમાન નાગરિક બનાવવાનો હતો.

ત્યાર બાદ ૧૯૫૩-૫૪માં સરકાર દ્વારા "આશ્રમશાળા યોજના" શરૂ કરવામાં આવી, ત્યારે સરકારી દફતરે માત્ર ૩ (ત્રણ) આશ્રમશાળાઓ નોંધાયેલી હતી. ૧૯૬૦માં બૃહદ મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ રાજય બન્યું ત્યારે ૪૧ આશ્રમશાળાઓ કાર્યરત હતી. માર્ચ ૨૦૧૪ના અંતિત સુધીમાં સરકારી દફતરે નોંધાયા મુજબ ગુજરાત રાજયમાં કુલ ૫૫૯ આશ્રમશાળાઓ કાર્યરત છે, જેમાં ૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓ અને ૧૦૭ ઉત્તર બુનિયાદી તથા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચાલે છે. ગુજરાતના આદિવાસી લોકોમાં શિક્ષણ સ્તર ઊંચું લાવવામાં આશ્રમશાળાઓએ મહત્વનો ભાગ ભજવ્યો. આશ્રમશાળાઓમાં આદિવાસી બાળકોને શિક્ષણ, રહેઠાણ અને ભોજન એમ ત્રિવિધ સુવિધાઓ આપીને આર્શિરવાદરૂપ બની છે.

૨. સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર

પ્રસ્તુત સંશોધન "અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ: મૂલ્યાંકન અભ્યાસ" શીર્ષક હેઠળ હાથ ધરવામાં આવ્યો છે. આ અભ્યાસના હેતુઓમાં આશ્રમશાળાની શિક્ષણ પ્રણાલી, સ્થિતિ અને ગુણવત્તા જાણવી, વિદ્યાર્થીઓને અપાતા ભોજનની સ્થિતિ, ગુણવત્તા, પોષણક્ષમતા અને આરોગ્યની સ્થિતિ તપાસવી, ભૌતિક-માળખાગત સુવિધાઓ તથા તેની સ્થિતિ ચકાસવી, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકોના પ્રશ્નો જાણવા તેમજ આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસરો જાણવાના હેતુઓને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં આદિવાસી બાળકો માટે કાર્યરત પ્રાથમિક શિક્ષણ આપતી ૪૫૨ આશ્રમશાળાઓમાંથી ૧૦% મુજબ ૬૮ આશ્રમશાળાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે. આ સંશોધનમાં આશ્રમશાળાનું માળખું, શિક્ષણ, રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સંબંધી તમામ પાસાંઓ તેમજ સરકારશ્રીના ધારાધોરણ અનુસાર આશ્રમશાળાઓ ચાલે છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

આ અભ્યાસના પ્રારંભિકગાળામાં આશ્રમશાળા સબંધિત સાહિત્યના વાંચન દ્વારા સાહિત્ય સમીક્ષા કરવામાં આવી. ત્યારબાદ આશ્રમશાળા સબંધિત માહિતી એકત્રીત કરવા માટે મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલી, કેન્દ્રિત જૂથચર્ચા અને નિરીક્ષણ સૂચિ તૈયાર કરવામાં આવી. પ્રસ્તુત સંશોધનમાં આશ્રમશાળા સાથે સંકળાયેલ સંચાલકો, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીના વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને માહિતીદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ અભ્યાસમાં વિવિધ માહિતીપત્રકો દ્વારા સવિસ્તાર વિગતો મેળવવામાં આવી, જેમકે આશ્રમશાળાની પ્રાથમિક માહિતી પત્રક-૬૮, સંચાલકોની મુલાકાત અનુસૂચિ-૬૮, આચાર્ય-શિક્ષકની મુલાકાત અનુસૂચિ-૨૬૨,

વિદ્યાર્થી મુલાકાત પત્રક-૮૧૬, વિદ્યાર્થી આરોગ્ય તપાસ પત્રક-૮૧૬, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા માપન કસોટી પત્રક-૮૧૬, વાલી મુલાકાત અનુસૂચિ-૩૪૦, શિક્ષક-કેન્દ્રીય જૂથચર્ચા-૬૮, વિદ્યાર્થી-કેન્દ્રિત જૂથચર્ચા-૬૮, વાલી-કેન્દ્રિત જૂથચર્ચા-૬૮, પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મુલાકાત અનુસૂચિ-૬૧૮ અને નિરીક્ષણ પત્રક-૬૮ દ્વારા આશ્રમશાળા સબંધિત ઊંડાણથી માહિતી મેળવવામાં આવી છે.

આ અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓ પાસેથી મેળવેલ માહિતીનું સંકેતીકરણ, વર્ગીકરણ, ડેટા એન્ટ્રી, કોષ્ટકીકરણ, અર્થઘટન અને વિશ્લેષણને આધારે અંતમાં અભ્યાસના તારણો તારવવામાં આવ્યા. આ તારણોને આધારે સરકારશ્રીને જરૂરી ભલામણો કરવામાં આવી છે. આ અભ્યાસનો સમયગાળો ઘણો લાંબો રહ્યો છે. આ તારણો અને ભલામણો સંદર્ભે આશ્રમશાળામાં વર્તમાન સમયમાં કેટલાક ફેરફાર કે પરિવર્તન જોવા મળી શકે, પરંતુ મોટાભાગની આશ્રમશાળાઓની સ્થિતિ અહીં જણાવ્યા મુજબની જ છે. આમ, આશ્રમશાળા અને આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે સરકારશ્રીએ, સંચાલક મંડળોએ તેમજ આચાર્ય-શિક્ષકોએ અહીં દર્શાવેલ ભલામણોને ગંભીરતાથી ધ્યાને લઈ વિવિધ પરિસ્થિતિ સુધારવા માટેના પ્રયત્નો સત્વરે હાથ ધરવા જોઈએ.

## ૩. વહીવટી સાર-સંક્ષેપ અને ભલામણો

### ૩.૧ આશ્રમશાળાઓમાં શિક્ષણની સ્થિતિ અને શીખવાની પ્રક્રિયા

ગુજરાતના આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓ બુનિયાદી શિક્ષણનું માળખું ધરાવે છે. આ બુનિયાદી શિક્ષણના માળખામાં વિદ્યાર્થીઓ સવારે વહેલા ઉઠવાથી લઈને રાત્રે સુવા સુધીની જે કંઈ કાર્ય પ્રક્રિયાઓ કરે છે તે શિક્ષણ અને પાયાની કેળવણીનો એક ભાગ ગણવામાં આવે છે. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકનું જ્ઞાન તો આપવામાં આવે જ છે, તેની સાથે સાથે પાયાની કેળવણીમાં સવારે વહેલા ઉઠવું, આંગણાની સફાઈ, જાજરૂ બાથરૂમની સફાઈ, શાક સંભારવું, રોટલી કે ભાખરી વણવી, પીરસવું, ઓરડાઓની સફાઈ, પોતાના કપડાં જાતે ધોવા, શાળાના વૃક્ષોને પાણી પાવું વગેરે જીવન ઘડતરલક્ષી પાયાની કેળવણી પણ આપવામાં આવે છે. આશ્રમશાળાઓમાં શિક્ષણ અને પાયાની કેળવણી દ્વારા વિદ્યાર્થીઓનું જીવન ઘડતર અને સર્વાંગી વિકાસ કરવા માટેના વિવિધ કાર્યો કરવામાં આવે છે.

આશ્રમશાળાઓમાં આર્થિક રીતે નબળા અને સ્થળાંતરિત કુટુંબના બાળકોને પ્રવેશ માટે સવિશેષ પ્રાથમિકતા આપવામાં આવે છે. આ પ્રવેશની પ્રક્રિયામાં સરકારી નિયમાનુસાર અરજી પત્રક ભરાવવામાં આવે છે અને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. વર્તમાન સમયમાં આશ્રમશાળામાં શિક્ષણ મેળવતા ૬૩.૧૨% વિદ્યાર્થીઓ ૫૦ કિ.મી. કે તેના કરતાં વધારે દૂરથી આવે છે તેમજ ૧૪.૭૧% વિદ્યાર્થીઓ ૧૦૦ કિ.મી. કે તેથી વધારે દૂરના અંતરેથી ભણવા

માટે આવે છે. કેટલીક આશ્રમશાળાઓ શિક્ષણ, રહેઠાણ અને ભોજનની વ્યવસ્થાની દ્રષ્ટિએ ઉત્તમ હોવાથી દૂર દૂરની આશ્રમશાળાઓમાં પણ વાલીઓ પોતાના બાળકોને ભણાવવા મુકી જાય છે.

આશ્રમશાળાઓમાં શીખવાની પ્રક્રિયા અને શિક્ષણની સ્થિતિ જોઈએ તો વિદ્યાર્થીઓમાં કક્ષા (ધોરણ) અનુસાર વાંચન, લેખન, ગણનની સ્થિતિ એકંદરે નબળી જોવા મળે છે. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ કક્ષા અનુસાર ગુજરાતી વાંચન કરવામાં મુશ્કેલી અનુભવે છે તેમજ હિન્દી અને અંગ્રેજી ભાષા તેમના માટે વિદેશી ભાષા સમાન છે. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને ત્રણ થી ચાર સંખ્યાના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરાવવામાં આવ્યા તો તેવો ખૂબ જ મૂંઝવણ અનુભવતા હતા અને બહુ ઓછા વિદ્યાર્થીઓ આ પ્રકારના દાખલા ગણી શક્યા હતા. આ પરિસ્થિતિ પાછળ અનેક કારણો જવાબદાર હશે પરંતુ વર્તમાન ૬૮ આશ્રમશાળાઓના અભ્યાસમાં ૪૦૮ કાયમી શિક્ષકોની જગ્યાઓ સામે ૨૬૫ (૬૨.૭૫%) કાયમી શિક્ષકોની જગ્યાઓ ભરેલી છે, જ્યારે ૧૪૩ (૩૭.૨૫%) કાયમી શિક્ષકોની ભારે ઘટ છે, જે દર્શાવે છે કે ગુજરાતના આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓમાં સરેરાશ ૨ (બે) કાયમી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. કેટલીક આશ્રમશાળાઓમાં શિક્ષકોની વિશેષ ઘટ હોવાને કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે અને આશ્રમશાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ ચાલે તે માટે સરકાર દ્વારા પ્રવાસી શિક્ષકો રાખીને કે સંચાલક મંડળ દ્વારા કરાર આધારિત સહાયક શિક્ષક રાખીને શિક્ષણકાર્ય ચલાવવામાં આવે છે. આ શિક્ષકો અન્ય શાળાઓમાં ઊંચો પગાર મળતાં આશ્રમશાળા છોડીને જતા રહે છે અને બાળકનું શિક્ષણકાર્ય અધૂરું રહે છે અથવા બગડે છે તેવી પરિસ્થિતિ પણ કેટલીક આશ્રમશાળાઓમાં જોવા મળે છે. જેથી આશ્રમશાળાઓમાં કાયમી શિક્ષકની જગ્યાએ પ્રવાસી શિક્ષક કે સહાયક શિક્ષક રાખવા તે તેનો કાયમી ઉકેલ નથી, પરંતુ જે-તે વિષય માટે તેના કાયમી શિક્ષકની ભરતી થાય તે જ તેનો ઉચિત ઉકેલ છે.

આ ઉપરાંત આશ્રમશાળામાં શિક્ષણની સ્થિતિ નબળી રહેવા પાછળ સમયસર અને પૂરતા પ્રમાણમાં પાઠ્યપુસ્તકો ન મળવા, શીખવવાના સાધનોનો અભાવ, શિક્ષકો દ્વારા શૈક્ષણિક સાધનોનો ઓછો ઉપયોગ, ઈતર વાંચન માટે ગ્રંથાલયનો અભાવ, વિજ્ઞાનની પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનું નહિવત પ્રમાણ વગેરે બાબતો શિક્ષણની સ્થિતિને નબળી રાખવામાં વધુ જવાબદાર જણાય છે. દરેક આશ્રમશાળાઓમાં બાયોમેટ્રિક પદ્ધતિ દ્વારા હાજરી પુરવામાં આવે છે અને હાજરી અનુસાર દરેક બાળકોનું ભોજન બિલ મંજૂર થાય છે. નાના બાળકોની ફિંગર પ્રિન્ટ બદલાતી રહેતી હોવાથી હાજરી પુરાતી નથી અને સરકાર દ્વારા ભોજન બિલ મંજૂર થતું નથી તેવો પ્રશ્નો પણ જોવા મળે છે.

આશ્રમશાળાઓમાંથી અધવચ્ચેથી શિક્ષણ છોડવા પાછળ વિદ્યાર્થીઓના કુટુંબની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ વધુ જવાબદાર છે. આર્થિક પરિસ્થિતિમાં ઓછી આવક, નબળા વ્યવસાયો, કુટુંબમાં એક જ કમાનાર વ્યક્તિ, વ્યવસાયો માટે સ્થળાંતર તેમજ સામાજિક પરિસ્થિતિ પાછળ સામાજિક પ્રસંગોમાં વધુ ખર્ચ, પ્રસંગોપાત દેવું વગેરે પરિબળો જવાબદાર છે. આ ઉપરાંત વાલીઓની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા, વિદ્યાર્થીમાં શાળાના શિક્ષકો પ્રત્યે અણગમો, શિક્ષકની અને વિદ્યાર્થીઓની બોલી-ભાષા વચ્ચેનું અંતર, શાળા-છાત્રાલયમાં નબળી ભૌતિક-માળખાગત સુવિધાઓ વગેરે કારણો વધુ જવાબદાર જણાય છે.

આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ, ન્હાવા- ધોવાના સાબુ, માથામાં નાખવાનું તેલ, નોટબુક વગેરે યોજનાગત લાભો મળે છે. કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને થાળી-વાટકો-ગ્લાસ, બેડશીટ, મચ્છરદાની, ગરમ કપડા વગેરે વસ્તુઓ સંસ્થાગત આપવામાં આવી છે જે સારી બાબત છે. આ તમામ ચીજવસ્તુઓ સરકારશ્રી તરફથી દરેક આશ્રમશાળાઓમાં મળે તે જરૂરી છે. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે વિવિધ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓનું આયોજન થાય છે, ઉત્સવો અને કાર્યક્રમો ઉજવવામાં આવે છે, વાલી સંમેલનો દ્વારા શિક્ષણના પ્રશ્નો અને વ્યવસ્થાઓ સંબંધી યોગ્ય ચર્ચાઓ કરવામાં આવે છે, જ્યારે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારાં યોજાતા કાર્યક્રમો જેમકે વિજ્ઞાન મેળો, રમત-ગમત સ્પર્ધાઓ, વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધાઓ વગેરે કાર્યક્રમોમાં આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઓછા સાંકળવામાં આવે છે. બાળકો માટે આશ્રમશાળાનું વાતાવરણ ૬૪.૭૧% શૈક્ષણિક અને સંતોષકારક છે. જ્યારે અન્ય કેટલીક આશ્રમશાળાનું વાતાવરણ ઓછું શૈક્ષણિક અને સંતોષકારક જણાય છે.

### ૩.૨ આશ્રમશાળાઓમાં ભોજનની સ્થિતિ, પોષણક્ષમતા અને વિદ્યાર્થીઓનું આરોગ્ય

આશ્રમશાળા એ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે રહેઠાણ અને ભોજનની એમ ત્રિવિધ સુવિધાઓ પૂરી પાડે છે. આશ્રમશાળામાં ભોજન વ્યવસ્થા સંદર્ભે જોઈએ તો ૯૮.૫૩% આશ્રમશાળાઓમાં સરકાર માન્ય ભોજનમેનુ બનાવેલ જોવા મળે છે, જેમાંથી ૯૨.૬૫% ભોજનમેનુ અનુસાર વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવે છે. કેટલીક આશ્રમશાળાઓ ભોજનમેનુમાં સામાન્ય ફેરફાર કરીને સ્થાનિક અનાજ, કઠોળ અને શાકભાજીની ઉપલબ્ધતાને આધારે ભોજન અપાય છે. આશ્રમશાળામાં ૮૩.૮૨% વિદ્યાર્થીઓને સવારમાં અને રીસેસમાં ગરમ અથવા સુકો નાસ્તો તેમજ બપોર અને સાંજે ગરમ ભોજન આપવામાં આવે છે. નાસ્તામાં બટાકા પૌંવા વઘારેલા અથવા બાફેલા કઠોળ, મમરા, સિંગ-ચણા વગેરે તેમજ ભોજનમાં રોટલી, ભાખરી, મકાઈ/ બાજરીના રોટલા, લીલા શાકભાજી, કઠોળ, દાળ-ભાત, ખીચડી-કઢી વગેરે આપવામાં આવે છે. આ ભોજનમાં ૯૪.૧૨% આશ્રમશાળાઓમાં મહિનાઓમાં ઓછામાં ઓછા એક વખત મિષ્ઠાન સાથેનું ભોજન પણ

વિદ્યાર્થીઓને મળે છે. ૯૩.૭૫% વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં આપવામાં આવતું ભોજન ભાવે છે અને મોટાભાગના વિદ્યાર્થીઓને આ ભોજન પોતાના ઘર જેવું લાગે છે. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન ૭૬.૪૭% પોષણયુક્ત જોવા મળે છે. આશ્રમશાળામાં ભોજનની સ્થિતિ અને ગુણવત્તામાં જોઈએ તો સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતની સરખામણીએ દક્ષિણ ગુજરાતમાં ભોજનની સ્થિતિ વધુ ગુણાત્મક અને સંતોષકારક જણાય છે. જ્યારે કેટલીક આશ્રમશાળાઓમાં ભોજન બિનપોષણક્ષમ અને તેનો જથ્થો ઓછો પણ મળે છે તેવું પણ જાણવા મળ્યું છે.

આદિવાસી વિસ્તારમાં બાળકોમાં કુપોષણ (એનિમિયા)ના પ્રશ્નો વધુ જોવા મળે છે તેને દૂર કરવા માટે ૬૦.૨૯% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ ગ્રામ ફ્રેવડ મિલ્કવાળું દૂધ આપવામાં આવે છે અને તેમાંથી ૬૧.૭૬% વિદ્યાર્થીઓ ખુશી-ખુશી આ દૂધ પીવે છે. ૫૯.૧૯% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને દૂધના પાઉચ નિયમિત મળે છે. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ જ્યાં ભોજન કરવા બેસે છે ત્યાં ૯૨.૩૫% વાલીઓના મત અનુસાર ભોજન સ્થળ સ્વચ્છ અને ચોખ્ખું જોવા મળે છે.

જે આશ્રમશાળાઓમાં ભોજનની સ્થિતિ નબળી છે, ભોજન ઓછુ પોષણક્ષમ બને છે તે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓમાં શારીરિક-માનસિક તંદુરસ્તી સંબંધિત કેટલાક રોગો થતા જોવા મળે છે. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને સામાન્ય બિમારી જેમકે તાવ, શરદી, ઉલ્ટી, જાડા, ઉધરસ સવિશેષ થાય છે અને તેની દવા આશ્રમશાળામાં રાખવામાં આવેલ પ્રાથમિક સારવારની પેટીમાંથી આપવામાં આવે છે. સામાન્ય બીમારી બે-ત્રણ દિવસમાં ન મટે ત્યારે વિદ્યાર્થીને સરકારી કે ખાનગી દવાખાને લઈ જવામાં આવે છે અને શિક્ષક પણ તેની સાથે જાય છે. સામાન્ય રોગો ઉપરાંત આશ્રમશાળાના વિદ્યાર્થીઓમાં એનિમિયા, કૃમિજન્ય રોગો, વિટામિનની ઉણપ, ચામડીના રોગો વગેરે થતાં પણ જોવા મળે છે. કેટલાંક વિદ્યાર્થીઓને શિક્ષક બોર્ડ પર લખે તે જોવામાં કે શિક્ષક બોલે તે સાંભળવામાં સામાન્ય મુશ્કેલી જણાય છે. આ વિદ્યાર્થીઓમાં દ્રષ્ટિની કે શ્રવણની સામાન્ય બીમારી હોઈ શકે છે, જેની આશ્રમશાળામાં ડૉક્ટર દ્વારા યોગ્ય તપાસ થવી જોઈએ. જ્યારે ૧૨ વિદ્યાર્થીઓમાં સિકલસેલ તેમજ એક-એક વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા-કમળાની બીમારી જોવા મળી છે. આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓ ભોજન લીધા બાદ, સામાન્ય રમત રમ્યા બાદ કે વાંચન-લેખન કર્યા બાદ શારીરિક-માનસિક થાક અનુભવતા હતા, જેની પાછળ આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન, પોષણક્ષમતા, સ્વચ્છતા, આરોગ્યપ્રદ ટેવો, આરોગ્યની સ્થિતિ વગેરેને જવાબદાર ગણી શકાય. આમ, આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ સારી રીતે ભોજન લઈ શકે તે માટેના

સુવિધાપૂર્ણ ભોજનાલય (યોગ્ય બેઠક વ્યવસ્થા સાથે) જોવા મળતા નથી. તેમજ વિદ્યાર્થીઓ બીમાર પડે ત્યારે બીમારી અંગેની સામાન્ય દવાઓનો પૂરતો જથ્થો પણ ઓછો જોવા મળે છે.

### ૩.3 આશ્રમશાળાની ભૌતિક-માળખાગત સુવિધાઓની સ્થિતિ

આશ્રમશાળા એ આદિવાસી સમુદાયના ગરીબ, નબળા અને સ્થળાંતરિત પરિવારના બાળકોને શિક્ષણ, ભોજન અને રહેઠાણની ત્રિવિધ સુવિધા આપતી વ્યવસ્થા છે. મોટાભાગની આશ્રમશાળાઓ બહારથી ખૂબ જ સુંદર દેખાય, પરંતુ જ્યારે તેની શિક્ષણ, ભોજન, રહેઠાણ અને ભૌતિક-માળખાગત સુવિધાઓની સ્થિતિ તપાસીએ ત્યારે તેની વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે. આશ્રમશાળાઓમાં ભૌતિક-માળખાગત સુવિધાઓ ઊભી કરવીએ સરકાર અને સંચાલક મંડળની જવાબદારી છે. આદિવાસી બાળકોને આશ્રમશાળામાં કેવી ભૌતિક-માળખાગત સુવિધાઓ પ્રાપ્ત થાય છે તેની સ્થિતિ અહીં રજૂ કરવામાં આવી છે.

આદિવાસી વિસ્તારમાં સંચાલક મંડળ દ્વારા આશ્રમશાળા ઉપરાંત ઉત્તર બુનિયાદી શાળાઓ, પીટીસી કોલેજો, બી.એડ કોલેજો વગેરે શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે અને આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક સુધારણાનું કાર્ય કરે છે. આ ઉપરાંત આદિવાસી સમુદાયને જાગૃત કરવા માટે જાગૃતિ કાર્યક્રમ, પ્રૌઢ સાક્ષરતા, સ્વનિર્ભર કાર્યક્રમો, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો વગેરે પણ ચલાવે છે. આદિવાસી વિસ્તારમાં કાર્યરત ૮૬.૭૭% આશ્રમશાળાઓની જમીનની માલિકી સંચાલક મંડળની છે તેમજ ૧૦.૨૯% સરકારની અને ૨.૯૪% ખાનગી વ્યક્તિઓની જમીન ઉપર આશ્રમશાળાઓ ચાલે છે. સરકારશ્રીના ધારાધોરણ અનુસાર આશ્રમશાળા શરૂ કરવા માટેના જે-તે સંચાલક મંડળ કે સામાજિક સંસ્થા પાસે ૧૦ એકર કે તેથી વધુ જમીન પોતાની માલિકીની હોવી જોઈએ તો જ તેને આશ્રમશાળા સ્થાપવાની મંજુરી આપી શકાય, પરંતુ ૫૮.૮૨% આશ્રમશાળા પાસે ૧૦ એકરથી ઓછી જમીન ધરાવે છે, છતાં પણ સરકારે આશ્રમશાળાઓ ચલાવવા માટેની મંજૂરી આપેલ છે. જમીન ઓછી હોવા છતાં શા માટે આશ્રમશાળા શરૂ કરવાની મંજુરી સરકાર દ્વારા આપવામાં આવી છે તે એક તપાસનો વિષય બને છે. જે આશ્રમશાળાઓમાં વધતા-ઓછા પ્રમાણમાં જમીન ધરાવે છે, તેમાંથી ૬૭.૬૫% આશ્રમશાળાઓ આ જમીન ઉપર ખેતી કરે છે અને સ્થાનિક અનાજ, કઠોળ, શાકભાજી, બાગાયતી પાકો વગેરે વાવે છે અને તેનો ઉપયોગ પણ વિદ્યાર્થીઓના ભોજનમાં કરે છે. કેટલીક આશ્રમશાળાઓ ખેતી સાથે પશુપાલન પણ કરે છે અને ગાય-ભેંસનું દૂધ બાળકોને સાંજના ભોજનમાં આપે છે જેની સંખ્યા બહુ જૂજ છે. જ્યારે ૧૯.૧૧% સંચાલક મંડળો પોતાની આશ્રમશાળાના મકાન અને આંગણાથી વધુ જમીન ધરાવતા નથી.

પ્રસ્તુત સંશોધનમાં આવરેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૩૦ (૪૪.૧૨%) આશ્રમશાળાઓના મકાનો કાચા-પાકા મિશ્ર સ્વરૂપના જોવા મળે છે, જેમાં મકાનોની દિવાલો ઈંટ અને માટીના ચણતર

વાળી તથા છત દેશી કે વિલાયતી નળીયાવાળી વધુ જોવા મળે છે. કાચા-પાકા મિશ્ર સ્વરૂપના મકાનો ઓછી હવા-ઉજાસવાળા, અંધકારમય, ભોંય તળિયા ખાડા-ખરબચડાવાળી અને ચોમાસામાં સતત પાણી ટપકતું રહેતું જોવા મળે છે. ૧૯૮૦ પહેલા બનેલી કે ૪૦ વર્ષ વટાવી ચૂકેલ જે જે આશ્રમશાળાઓ છે. તે તમામ આશ્રમશાળાઓ હાલ ખૂબજ જર્જરિત થઈ ગઈ છે અને મરામત માંગે છે. આ આશ્રમશાળાઓમાંથી ૫૭.૩૫% આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય સંયુક્ત રીતે ચાલે છે. એટલે કે વિદ્યાર્થીઓ જે ઓરડામાં અભ્યાસ કરે છે, તે જ ઓરડામાં રહે છે અને ઊંઘે છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે આશ્રમશાળાઓમાં ઓરડાઓની ભારે ઘટ છે. ૧૧.૭૬% આશ્રમશાળામાં જ ધોરણ (૧ થી ૮) અનુસાર પુરતા વર્ગખંડો છે. જ્યારે અન્ય તમામ આશ્રમશાળાઓમાં વર્ગખંડ માટે પૂરતા ઓરડાઓ નથી. અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાં ૧ થી ૮ ધોરણ અનુસાર ૫૪૪ વર્ગખંડો હોવા જોઈએ તેની સામે ૩૪૫ વર્ગખંડો છે. એટલે કે સરેરાશ પાંચ વર્ગખંડો છે અને ત્રણ વર્ગખંડોની ઘટ જોવા મળે છે, જેને કારણે કેટલીક આશ્રમશાળાઓમાં બે થી ત્રણ ધોરણોને એક સાથે બેસીને ભણવું પડે તેવી સ્થિતિ છે. તેમજ ૧૭.૬૫% આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ પણ જોવા મળતી નથી.

આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળે છે, જેમાં ૮૦% થી વધારે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા અનુસાર વિદ્યાર્થીઓ હાજર હતા. જ્યારે ૧૬% આશ્રમશાળાઓમાં કેટલાક વિદ્યાર્થીઓ ઘરે ગયેલ હોવાથી સામાન્ય ગેરહાજરી જોવા મળતી હતી. જ્યારે ૪% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાથી ગેરહાજરી વધારે જણાતી હતી. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અનુસાર ઘણી જગ્યાઓ ખાલી જોવા મળે છે, જેમાં શૈક્ષણિક કર્મચારીઓમાં ૪૦૮ કાયમી શિક્ષકોની જગ્યા સામે ૨૬૫ (૬૨.૭૫%) કાયમી શિક્ષકોની જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૧૪૩ (૩૭.૨૫%) કાયમી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. એટલે કે સરેરાશ બે કાયમી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓમાં ૨૭૨ કર્મચારીઓ સામે ૧૮૬ (૬૮.૩૮%) રસોઈયા-કમાઠીની જગ્યા ભરેલી છે. જ્યારે ૮૬ (૩૧.૬૨%) કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે. એટલે કે સરેરાશ એકથી બે રસોઈયા-કમાઠીની જગ્યાઓ ખાલી જોવા મળી. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ખાલી જગ્યાઓની અસર આદિવાસી વિદ્યાર્થીઓના શિક્ષણ, ભોજન અને રહેઠાણ ઉપર સવિશેષ પડે છે, તેથી સરકારશ્રીએ તેને ગંભીરતાથી લઈને આશ્રમશાળામાં શિક્ષકો અને રસોઈયા-કમાઠીની જગ્યાઓ ઝડપથી ભરાય તે અંગેના પગલાંઓ લેવા જોઈએ.

આશ્રમશાળાઓમાં ૯૭.૦૬% વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મળે છે, પરંતુ આ પાઠ્યપુસ્તકો અપૂરતા અને બે-ત્રણ મહિના મોડા મળતા હોવાથી શિક્ષણકાર્ય નિરસ બને છે. તેમજ શિક્ષકોને

જિલ્લા શિક્ષણ વિભાગ કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરફથી શિક્ષક આવૃત્તિ મળતી નથી તેવી સતત ફરિયાદ કરે છે. તેઓ વધુમાં જણાવે છે કે શિક્ષક આવૃત્તિ મળતી ન હોવાથી બાળકોને કેવી રીતે શીખવવું જોઈએ અને શિક્ષણના નવા આયામોથી અજાણ રહીએ છીએ. આ ઉપરાંત આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનું જ્ઞાન આપવા માટે વિશ્વ, ભારત, ગુજરાત અને જિલ્લાઓના નકશાઓ, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના આલેખો, શરીરના અવયવોની સમજ માટેના આલેખો, અંક ગણિતના આલેખો, પશુપક્ષી, પ્રાણીઓના આલેખો, મહાન મહાનુભાવોના ફોટોગ્રાફ વગેરે શાળાઓની દિવાલો ઉપર દોરેલા કે લગાવેલા જોવા મળે છે. શાળામાં વિજ્ઞાનના પ્રયોગો કરવા માટેના અને ગણિત શીખવવા માટેના બહુ ઓછા સાધનો જોવા મળે છે. કેટલીક આશ્રમશાળાઓમાં આ સાધનો આચાર્ય-શિક્ષકોના કબાટમાં કે ઓફિસરૂમમાં જોવા મળે છે અને તેનો ઉપયોગ પણ બહુ ઓછો થાય છે. આશ્રમશાળામાં બાળકોને રમત-ગમત માટે ઈન્ડોર ગેમ અને આઉટડોર ગેમના સાધનો આપવામાં આવ્યા છે, પરંતુ તે બાળકોની સંખ્યા અનુસાર અપૂરતા અને બિનગુણવત્તાયુક્ત વધુ જણાય છે. આશ્રમશાળામાં સંગીતના સાધનો જેમકે ઢોલક, તબલા, મંજીરા, ખંજરી, હાર્મોનિયમ વગેરે સંગીતના સાધનો આપવામાં આવ્યા છે અને આ સાધનોનો ઉપયોગ પ્રાર્થના, અભિનયગીત, નાટકો, સાંસ્કૃતિક કાર્યક્રમમાં યોગ્ય રીતે થાય છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર આદિવાસી બાળકો રમત-ગમતમાં ઘણા હોશિયાર, સ્ફૂર્તિલા, ચપળ અને તાકાતવાન જોવા મળે છે. સંગીતના સાધનો વગાડવામાં તેમજ ગીતો ગાવામાં પણ તેવો હોંશિયાર જણાય છે. આચાર્યો-શિક્ષકોના જણાવ્યા અનુસાર ૮૩.૮૨% આશ્રમશાળામાં પુસ્તકાલય છે, પરંતુ આ પુસ્તકો આચાર્યની ઓફિસમાં એકાદ કબાટમાં રાખેલા જોવા મળે છે, જેને તેઓ પુસ્તકાલય ગણે છે.

આશ્રમશાળાઓમાં શૈક્ષણિક સુવિધા અનુસાર બ્લેકબોર્ડ, ચોક-ડસ્ટર અને નોટિસ બોર્ડની સ્થિતિ સંતોષકારક છે. આશ્રમશાળાઓમાં શિક્ષણકાર્ય દરમિયાન ૪૮.૫૩% બાળકો વર્ગખંડોમાં ભોંય તળિયા પર બેસીને ભણે છે અને નીચે કોઈ વસ્તુ પણ પાથરવામાં આવતી નથી. વર્ગખંડોમાં શિક્ષકો માટે ટેબલ-ખુરશીની ઠીક ઠીક સુવિધા જોવા મળે છે, પરંતુ તે ગુણાત્મક દ્રષ્ટિએ નબળી જોવા મળે છે. ૬૮ આશ્રમશાળામાંથી ૬૫ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને રમવા માટે અલગથી કોઈ મેદાન નથી. બાળકો આશ્રમશાળાના આંગણામાં જ રમત રમતા જોવા મળે છે અને સરકાર દ્વારા આપવામાં આવેલા રમત-ગમતના સાધનો દ્વારા રમે છે. ૯૪.૧૨% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને પીવાનું ચોખ્ખું પાણી પ્રાપ્ત થાય છે, જેમાંથી ૮૮.૨૪% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને પાણી પીવા માટે કુંજો કે માટલાઓ મૂકવામાં આવ્યા છે, પરંતુ કેટલીક આશ્રમશાળાઓમાં આવી સુવિધાઓ ન હોવાથી વિદ્યાર્થીઓ પાણીની ટાંકીના નળેથી સીધું પાણી પીતા પણ જોવા મળે છે. આશ્રમશાળાઓમાં પીવાનું શુદ્ધ પાણી મોટેભાગે બોર અથવા કૂવામાંથી

આવે છે. ઉનાળામાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સવિશેષ પીવાના પાણીની તંગી સર્જાય છે અને ત્યારે ટેન્કર મંગાવીને આશ્રમશાળામાં ભોજન અને પીવાના પાણી માટે વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ આશ્રમશાળાઓમાં વીજળીની આવશ્યક સુવિધાઓ જોવા મળે છે, પરંતુ ચોમાસામાં ખુબ વરસાદ પડે ત્યારે આશ્રમશાળાઓમાં વીજળીના ઘણા પ્રશ્નો રહે છે અને વીજળીની વૈકલ્પિક ખાસ કોઈ સુવિધા જોવા મળતી નથી. આશ્રમશાળાઓમાં અને છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર પૂરતી લાઈટ (બલ્બ, ટ્યૂબલાઈટ) કે પંખાઓની સુવિધાઓ જોવા મળતી નથી. જાજરૂ બાથરૂમમાં પણ ભાગ્યે જ લાઈટની સુવિધાઓ જોવા મળે છે.

અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૨ આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકોને રહેવા માટે નિવાસની વ્યવસ્થા છે, જ્યારે ૧૬ આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકો રહી શકે તે માટે નિવાસની પૂરતી વ્યવસ્થાઓ નથી. તેમજ મોટાભાગની આશ્રમશાળાઓમાં શિક્ષકોના નિવાસ જર્જરિત અથવા અપૂરતી સુવિધાવાળા જોવા મળે છે, જેને કારણે કેટલાક શિક્ષકો જીવના જોખમને કારણે આશ્રમશાળામાં રહેવાનું ટાળે છે અને જે તે ગામમાં કે તાલુકા સ્થળેથી અપડાઉન કરે છે. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના રહેણાંકની વાત કરીએ તો મોટાભાગની આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને રહેવા માટે મોટા હોલ બનાવેલા છે, જેમાં એક મોટા હોલમાં ૬૦ થી વધુ કુમારો અને બીજા મોટા હોલમાં ૬૦ થી વધારે કન્યાઓ એક સાથે સુવે છે. કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની પલંગ કે બેડશીટની વ્યવસ્થાઓ આપેલ છે, પરંતુ મોટાભાગની આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ ગાદલું, ગોદડું, ચાદર, શેતરંજી વગેરે વસ્તુઓ ઘરેથી સાથે લાવે છે અને જમીન ઉપર સુવે છે. ૯૫.૫૯% આશ્રમશાળાઓમાં કુમાર અને કન્યાઓ માટે ૬-૬ જાજરૂ-બાથરૂમનાં અલગ-અલગ યુનિટો બનાવેલા છે. ત્રણ વર્ષ પહેલા ધોરણ ૮ નો આશ્રમશાળામાં સમાવેશ થવા છતાં શાળા-છાત્રાલયમાં ઓરડાઓની કે જાજરૂ-બાથરૂમની સંખ્યામાં ખાસ કોઈ વધારો થયો નથી. ૯૫.૫૯% આશ્રમશાળાઓમાં ભોજન બનાવવા માટે અલગથી રસોડું જોવા મળે છે, પરંતુ તેની સામે ૪૨.૬૫% આશ્રમશાળાઓમાં અલગથી ભોજનાલય બનાવેલ જોવા મળતું નથી. મોટાભાગે વિદ્યાર્થીઓ રસોડાની કે શાળા-છાત્રાલયની લોબીમાં, કેટલીક જગ્યાએ શાળાના આંગણમાં બેસીને ભોજન લે છે. ૭૨% આશ્રમશાળાઓમાં સાદા ચૂલા ઉપર રસોઈ બને છે. ૨૮% આશ્રમશાળાઓના રસોડામાં ગેસ પ્લાન્ટની સુવિધાઓ જોવા મળે છે. ૮૯.૭૧% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળા-છાત્રાલયનાં ઓરડાઓ લોબી, આંગણ, જાજરૂ-બાથરૂમ વગેરે જગ્યાએ સફાઈ કરવામાં આવે છે.

આશ્રમશાળાના શૈક્ષણિક અને વહીવટી કામો માટે ૩૧ થી વધુ અને છાત્રાલયને સુગમ અને સુવ્યવસ્થિત બનાવવા માટે ૨૧ થી વધુ રજીસ્ટરોની નિભાવણી કરવામાં આવે છે. શાળા અને

છાત્રાલયમાં સરકાર દ્વારા જે માહિતી વારંવાર માંગવામાં આવે છે તે રજીસ્ટર અપડેટ જોવા મળે છે. જ્યારે અન્ય રજીસ્ટર પૂરતા અપડેટ રાખવામાં આવતા નથી. મોટાભાગની આશ્રમશાળાઓમાં ફૂલ-છોડ અને ઝાડ વાવેલા હોવાથી તેનું વાતાવરણ રમણીય લાગે છે. ૨૨% આશ્રમશાળાઓમાં નાના-મોટા બગીચાઓ પણ બનાવવામાં આવ્યા છે અને બાળકો તેનો રમત-ગમત કે બેસવા માટે ઉપયોગ કરે છે. ૬૮ આશ્રમશાળાઓમાંથી ૮૧% શૈક્ષણિક વ્યવસ્થાઓ, ૯૩% છાત્રાલયમાં રહેઠાણ અને ઊંઘવાની વ્યવસ્થાઓ તથા ૯૩% ભોજનાલય વ્યવસ્થા સંતોષકારક જણાય છે. અહીં આપણે આશ્રમશાળાઓની ભૌતિક અને માળખાગત સુવિધાઓમાં હકારાત્મક અને નકારાત્મક સ્થિતિ તપાસી. આ સ્થિતિને સુધારવા માટે સરકાર અને સંચાલક મંડળ બંને સાથે મળીને સકારાત્મક પ્રયત્નો કરે તો ભૌતિક અને માળખાગત સુવિધાઓની ગુણાત્મક સ્થિતિ ઊભી કરી શકાય તેમ છે.

### ૩.૪ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલક મંડળોની સમસ્યાઓ

આશ્રમશાળાના ઈતિહાસને એક સદી જેટલો સમયગાળો થવા આવ્યો છે. આ સમયગાળા દરમિયાન આશ્રમશાળાઓએ અનેક ચડતી-પડતી જોઈ છે. શરૂઆતમાં આશ્રમશાળા સ્થાપનાનો ઉદ્દેશ, માળખું, નીતિનિયમ, વ્યવસ્થાઓ, સુવિધાઓ, હિતજૂથો અને પ્રશ્નો જુદા હતા. વર્તમાન સમયમાં કાર્યરત આશ્રમશાળાઓમાં પણ આ તમામ પાસાઓમાં બદલાવ છે અને તેના પ્રશ્નો પણ અલગ જ છે. આશ્રમશાળા શરૂઆતથી જ શિક્ષણ, રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સંબંધિત ત્રિવિધ માળખું ધરાવે છે. આશ્રમશાળા જ્યારે આ પ્રકારનું વિશાળ માળખું ધરાવતું હોય ત્યારે વિદ્યાર્થીઓ, આચાર્ય-શિક્ષકો અને સંચાલક મંડળો અનેક પ્રકારની સમસ્યાઓ ધરાવતા હોય તે સાહજિક છે. અહીં આશ્રમશાળાઓ સમગ્રપણે કેવી કેવી સમસ્યાઓ ધરાવે છે તેના સંદર્ભો તપાસીએ.

અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૧ આચાર્યના જણાવ્યા અનુસાર આશ્રમશાળાઓ જે હેતુ માટે સ્થપાઈ હતી તે પ્રમાણે ૯૦% આશ્રમશાળાઓ ચાલે છે. જ્યારે ૧૦% આશ્રમશાળાઓ તેના હેતુઓમાં ફેરફાર કરીને કાર્ય કરે છે. ૯૧% આચાર્યના મતે આશ્રમશાળાઓ સરકારી નીતિનિયમોનું પાલન કરે છે. જ્યારે ૯% શાળાઓ આ નીતિ-નિયમોમાં કેટલાક અંશે બાંધછોડ કરીને કામ કરતી જોવા મળે છે. આશ્રમશાળા યોજના અંતર્ગત જે હેતુ અને નીતિ-નિયમો નક્કી કરવામાં આવ્યા છે, તે પ્રમાણે કેટલીક આશ્રમશાળાઓ કાર્ય કરતી ન હોવાથી આશ્રમશાળાઓમાં સવિશેષ શિક્ષણ, રહેઠાણ, ભોજન અને શાળા-છાત્રાલયની ભૌતિક-માળખાગત સુવિધા સંબંધી સવિશેષ સમસ્યાઓ ઉદ્ભવેલ જોવા મળે છે.

આશ્રમશાળાઓમાં શિક્ષણ સંદર્ભેની સમસ્યાઓમાં સવિશેષ ધોરણ અનુસાર વર્ગખંડોની ઘટ, વિદ્યાર્થીઓને પૂરતા અને સમયસર પાઠ્યપુસ્તકો ન મળવા, શિક્ષકોને શિક્ષક આવૃતિ ન મળવી, વર્ગખંડોમાં આવશ્યક સુવિધાઓનો અભાવ, શીખવવા માટેના અપૂરતા શૈક્ષણિક સાધનો, ઓછા

શિક્ષકોને કારણે એક સાથે બે કે ત્રણ વર્ગોમાં શિક્ષણકાર્ય, વિષયવાર શિક્ષકોનો અભાવ, રમત-ગમત અને કસરત માટેના અપૂરતા સાધનો, ગ્રંથાલય, વિજ્ઞાનની પ્રયોગશાળા અને કમ્પ્યુટર લેબનો અભાવ, જૂની આશ્રમશાળાઓમાં વર્ગખંડોની દયનીય સ્થિતિ વગેરે પ્રકારની અનેક સમસ્યાઓ જોવા મળે છે. આચાર્ય-શિક્ષકો પોતાના સ્તરેથી શિક્ષણની સ્થિતિ અને ગુણવત્તા સુધારવા માટે જરૂરી પ્રયત્નો કરે છે, પરંતુ કેટલીક આશ્રમશાળાઓના સંચાલક મંડળો પૂરતો સાથ-સહકાર આપતા ન હોવાથી, સરકાર દ્વારા પૂરતું ભંડોળ ફાળવવામાં ન આવતું હોવાથી તેમજ સ્થાનિક તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં ન આવતા હોવાથી આ સમસ્યાઓ જ્યાંને ત્યાં જ રહી છે, તેમાં ખાસ કોઈ સુધારો થયો નથી.

આશ્રમશાળામાં શિક્ષણની જેમ રહેઠાણ અને ભોજનની સમસ્યા પણ ઘણી ગંભીર છે. રહેઠાણ સંદર્ભેની સમસ્યાઓમાં સવિશેષ મોટાભાગની આશ્રમશાળાઓમાં કુમાર-કન્યા માટે અલગ છાત્રાલયનો અભાવ, ઓરડાઓની ભારે ઘટ, મોટા હોલમાં એકસાથે નિવાસ, વસ્તી ગીચતા, વિદ્યાર્થીઓની સંખ્યા દીઠ ઓછા લાઈટ-પંખાઓ, ઓછા હવા-ઉજાસવાળા ઓરડાઓ, ચોમાસામાં ખૂબ વરસાદમાં છતમાંથી ટપકતું પાણી, પીવાના પાણી માટે અપૂરતી સુવિધાઓ, ચોમાસામાં વીજળીના મોટા પ્રશ્નો, શિક્ષકોની સંખ્યા સામે ઓછા નિવાસ સ્થાનો, શિક્ષકોના નિવાસ સ્થાનમાં અપૂરતી સુવિધાઓ, જૂની આશ્રમશાળાના જર્જરિત આવાસો, વિદ્યાર્થીઓ જે ઓરડામાં ભણે તે જ ઓરડામાં રહેવાનું, વિદ્યાર્થીઓની સંખ્યા સામે ઓછા જાજરૂ-બાથરૂમ, ગૃહપતિ-ગૃહમાતાઓનો અભાવ, વિદ્યાર્થીઓની સલામતી માટે સુરક્ષાકર્મીઓનો અભાવ, મોટાભાગની શાળા ફરતે કમ્પાઉન્ડ વોલની અભાવ, શાળા-છાત્રાલયના ઓરડાઓના બારી-બારણાઓ અને શૌચાલયના બારણા તૂટી ગયા હોય કે દેવાતા ન હોય તેવી સ્થિતિ વગેરે પ્રશ્નો વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં અવરોધરૂપ બને છે.

આશ્રમશાળાઓમાં જેમ શિક્ષણ અને રહેઠાણના ગંભીર પ્રશ્નો છે, તેવા જ કાંઈક ગંભીર પ્રશ્નો ભોજન વ્યવસ્થાના છે. આશ્રમશાળાઓમાં ભોજન વ્યવસ્થા સંદર્ભેની સમસ્યાઓમાં જોઈએ તો કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ જે ભોજન લે છે તેની સ્થિતિ નબળી છે, ઓછું પોષણક્ષમ ભોજન અને ભોજનનો અપૂરતો જથ્થો આપવામાં આવે છે. ભોજનમાં લીલા શાકભાજીનો ઓછો ઉપયોગ, ભોજનમાં વિવિધતાનો અભાવ, રસોઈ બનાવવા માટે લાકડું મેળવવાનો પ્રશ્ન, ધુમાડાવાળા અને કાળા રસોડાઓ, રસોઈ બનાવવાના અપૂરતા સાધનો, રસોઈયાઓની ખાલી જગ્યાઓ, મોટેભાગે ભોજનાલયનો અભાવ, રસોડા કે શાળાની લોબીમાં અથવા આંગણમાં બેસીને ભોજન, ભોજનના સ્થળની ઓછી સ્વચ્છતા વગેરે પ્રશ્નો છાત્રાલય વ્યવસ્થામાં જોવા મળશે. આશ્રમશાળાઓની છાત્રાલયમાં ગૃહપતિ-ગૃહમાતાઓની નિમણુક થતી ન હોવાથી શિક્ષકોને શિક્ષણ ઉપરાંત રહેઠાણ અને ભોજનની ૨૪ કલાકની જવાબદારી નિભાવવી પડે છે અને તેઓ સતત

કામના ભારણ નીચે જીવે છે. શિક્ષકોને આ જવાબદારીઓ નિભાવવા માટે વધારાનું ખાસ કોઈ આપવામાં આવતું નથી. સરકારશ્રીએ આદિવાસી વિદ્યાર્થીઓનું હિત ધ્યાનમાં રાખીને આશ્રમશાળાની છાત્રાલયના વ્યવસ્થાપન માટે ગૃહપતિ-ગૃહમાતાઓની કાયમી નિમણૂક કરવી જોઈએ અથવા જે શિક્ષકો જવાબદારીઓ નિભાવે છે તેમને વધારાનું મહેનતાણું આપવું જોઈએ.

આશ્રમશાળાઓમાં આચાર્ય-શિક્ષકો અને વાલીઓના જણાવ્યા અનુસાર સૌથી વધુ શાળા-છાત્રાલયના ભૌતિક-માળખાગત સુવિધાના પ્રશ્નો વધુ જોવા મળે છે જેને સૌ પ્રથમ નિવારવા જોઈએ તેવું તેઓ જણાવે છે. આ ઉપરાંત કેટલીક આશ્રમશાળાઓમાં ઉનાળામાં પીવાના પાણીના પ્રશ્નો અને ચોમાસામાં વીજળીના પ્રશ્નો વધુ બને છે, તેના વૈકલ્પિક ઉપાયો વિચારવા જોઈએ. આચાર્ય અને શિક્ષકો આશ્રમશાળાની શિક્ષણ, રહેઠાણ અને ભોજનની સ્થિતિ તેમજ ભૌતિક-માળખાગત સુવિધાઓ સંબંધિત પ્રશ્નો નિવારવા માટે ઘણા પ્રયત્નો કરે છે, પરંતુ કેટલીક આશ્રમશાળાઓમાં સંચાલક મંડળ દ્વારા પૂરતો સાથ સહકાર મળતો ન હોવાથી અને જે તે સમસ્યાઓ નિવારવા માટે પૂરતું બજેટ ન હોવાથી તે પ્રકારની સમસ્યાઓ ઉકેલવી મુશ્કેલ બને છે. સરકારશ્રી દ્વારા શિક્ષણ, રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સંદર્ભે ઉપર જે પ્રશ્નો જણાવવામાં આવ્યા છે તે સંદર્ભે પૂરતું ભંડોળ ફાળવવામાં આવે તો જ તે પ્રશ્નો નિવારી શકાય અથવા હળવા કરી શકાય. વિદ્યાર્થીઓના શૈક્ષણિક તેમજ શારીરિક-માનસિક વિકાસ માટે સરકારશ્રીનો આર્થિક સહયોગ અને સંચાલક મંડળનો સાથ-સહકાર મળવો આવશ્યક છે.

આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલક મંડળો શિક્ષણ, રહેઠાણ, ભોજન અને ભૌતિક-માળખાગત સુવિધા સંબંધી અનેક સમસ્યાઓ ધરાવે છે. તેવી જ રીતે આદિવાસી વિદ્યાર્થીઓના વાલીઓ પણ ગરીબી, બેકારી, રોજગારી માટે સ્થળાંતર, નબળા વ્યવસાયો, ઓછી આવક, આર્થિક શોષણ વગેરે અનેક સમસ્યાઓ ધરાવે છે. આ ઉપરાંત આદિવાસી સમાજમાં શિક્ષણનું નીચું પ્રમાણ, અધવચ્ચેથી શાળા છોડવાનું ઊંચું પ્રમાણ, આદિવાસી બાળકોમાં કુપોષણનું ઊંચું પ્રમાણ, વાલીઓમાં શિક્ષણ પ્રત્યે ઓછી જાગૃતતા વગેરે જેવી ગંભીર સમસ્યાઓ જોવા મળે છે. આશ્રમશાળાઓમાં શિક્ષણ સાથે રહેઠાણ અને ભોજનની ત્રિવિધ સુવિધાઓ મળતી હોવાથી આદિવાસી બાળકો માટે આશ્રમશાળાઓ ફાયદાકારક અને આશીર્વાદરૂપ છે.

### ૩.૫ આદિવાસી સમાજ પર આશ્રમશાળાઓની અસરો

આદિવાસી સમાજ સાથે આશ્રમશાળાનો સંબંધ ઘણો જૂનો છે. આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક જાગૃતિ લાવવાનું જો સર્વપ્રથમ કોઈએ કામ કર્યું હોય તો તે આશ્રમશાળાઓએ કર્યું છે. આજે ગુજરાતના આદિવાસીઓનો સાક્ષરતા દર ૬૨% છે. આ સાક્ષરતા દર હાંસલ કરવામાં આશ્રમશાળાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં વર્ષોથી શિક્ષણ

અને પાયાની કેળવણીનું ઉત્તમ કાર્ય કરતી આશ્રમશાળાઓ દ્વારા આદિવાસી કુટુંબોમાં શું પરિવર્તન આવ્યું છે અને આદિવાસી સમાજમાં કેવી અસરો ઊભી થઈ છે તેને અહીં સમજીએ.

આજે આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ તો થાય જ છે, પરંતુ તેની સાથે સાથે વ્યાવસાયિક, સામાજિક-સાંસ્કૃતિક, જાહેર જીવન, કૌટુંબિક અને વ્યક્તિગત વિકાસના ગુણોનો પણ સવિશેષ વિકાસ થાય છે. આશ્રમશાળામાં શિક્ષણ મેળવતા ૬૮૦ વિદ્યાર્થીઓના મત મુજબ આશ્રમી શિક્ષણ દ્વારા ૭૫.૭૩% વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વન વિકાસ વધુ થયો છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના માને છે કે પ્રાથમિક શાળાઓની સરખામણીએ આશ્રમશાળાઓમાં શિક્ષણ મેળવવા દરમિયાન વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ શ્રેષ્ઠ રીતે થાય છે. બાળકને આશ્રમશાળામાં ભણવા મૂકવાથી સવારે વહેલાં ઊઠવાની ટેવ પડે છે, પોતાના દરેક કામો જાતે કરવા, સમુહજીવન અને સમાયોજન, કૌશલ્ય વિકાસ, સંસ્કાર સિંચન, ઉત્તમ જીવન ઘડતર વગેરે થાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના વાલીઓને જણાવે છે કે કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, બાળકના ઉછેરની જવાબદારી ઘટી છે, ઉત્તમ શિક્ષણ સાથે પાયાની કેળવણી મળી છે તેમજ કુટુંબનો આર્થિક ખર્ચ ઘટ્યો છે વગેરે જેવા કૌટુંબિક ફાયદાઓ પણ થયા છે. પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓની સરખામણીએ આશ્રમશાળાના વિદ્યાર્થીઓ સરકારી નોકરી, ખાનગી નોકરી, અભ્યાસ ચાલુ વગેરેમાં વધુ જોવા મળે છે. જ્યારે ખેતી, છૂટક મજૂરી, ખેત મજૂરી, ઘરકામ વગેરે પ્રકારના વ્યવસાયોમાં તેમનું પ્રમાણ ઓછું છે.

વિદ્યાર્થીઓના વાલીઓના જણાવ્યા અનુસાર આશ્રમશાળામાં શિક્ષણ મેળવવાથી ૫૫% આદિવાસી કુટુંબોમાં શિક્ષણનું સ્તર સુધર્યું છે. આ ઉપરાંત લગ્ન અંગેના રીત-રિવાજો, ધાર્મિક પ્રથાઓ, ભાષા અને સમૂહ જીવનના ગુણોની ખિલવણી તેમજ રોજગારીના સ્તરમાં મહત્તમ પરિવર્તન આવ્યું છે. જ્યારે મહિલા શિક્ષણ, આધુનિક સાધનો, ટેક્નોલોજીના સાધનોનો ઉપયોગમાં ઠીક ઠીક પરિવર્તન જોવા મળે છે.

આશ્રમશાળાઓ ચલાવતા સંચાલક મંડળના મતાનુસાર આદિવાસી કુટુંબોને આશ્રમશાળામાં શિક્ષણ પ્રાપ્ત થવાથી આદિવાસી સમાજનું શિક્ષણનું સ્તર ઊંચું આવ્યું છે. તેમજ તેમના સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક રીત-રીવાજોમાં પરિવર્તન, આર્થિક સ્થિતિમાં બદલાવ, નવી રોજગારીની તકોની જાણકારી વધી અને ખેતી-પશુપાલન કરવાની રીતોમાં બદલાવ વગેરે પ્રકારનું પરિવર્તન જોવા મળે છે. આ ઉપરાંત આદિવાસી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ અને રાજકીય જાગૃતિમાં વધારો થયો છે તેમજ કુટેવોના પ્રમાણમાં ઘટાડો થયો છે.

આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસરો જોઈએ તો ખ્યાલ આવે છે કે આશ્રમશાળાઓએ આદિવાસી બાળકોને શિક્ષણ અને પાયાની કેળવણી આપવાનું કાર્ય તો કર્યું જ

છે, પરંતુ તેની સાથે સાથે સમૂહ જીવન જીવતા પણ શીખવ્યું છે. વિદ્યાર્થીઓનું ચારિત્ર ઘડતર અને સંસ્કાર સિંચનનું ઉત્તમ કાર્ય આશ્રમશાળા દ્વારા જ થયું છે. આશ્રમશાળાઓમાં આદિવાસી બાળકોને શિક્ષણ સાથે રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા પ્રાપ્ત થવાથી નિવાસ અને કુપોષણના પ્રશ્નો પણ ઓછા થયા છે. રોજગારી માટે સ્થળાંતર કરતાં કુટુંબો પોતાના બાળકને નિશ્ચિત આશ્રમશાળામાં મૂકીને અન્ય સ્થળો ઉપર રોજગારી મેળવવા જઈ શકે છે અને બાળકોનું શિક્ષણ બગડતું નથી તેમજ અધવચ્ચેથી શિક્ષણ છોડવાના પ્રશ્નો નહિવત બને છે. આમ, આદિવાસી સમુદાયનું શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં અને આદિવાસી કુટુંબોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આશ્રમશાળાઓની ભૂમિકા મહત્વની રહી છે. આદિવાસી સમુદાયના શૈક્ષણિક વિકાસ અને આદિવાસી બાળકોના સર્વાંગી વિકાસ કરવામાં આશ્રમશાળાઓની હકારાત્મક અસરો જોવા મળે છે.

## ૪. અભ્યાસના તારણો આધારિત સરકારશ્રીને ભલામણો

૪.૧ આદિવાસી વિસ્તારમાં શિક્ષણની સ્થિતિ સુધારવા, શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા, આદિવાસી બાળકોના જીવન ઘડતર માટે, ગરીબ, સ્થળાંતરિત અને ઊંડાણના ગામડાના બાળકોને શિક્ષણ મળી રહે, અધવચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ ઘટે, બાળકોને શિક્ષણ ઉપરાંત રહેઠાણ અને ભોજનની સુવિધા આપવાથી નિવાસ અને કુપોષણના પ્રશ્નો દૂર થાય તેમજ અન્ય સમાજ સાથે આદિવાસી બાળકો તાલમેલ મેળવી શકે તે માટે આશ્રમશાળાઓ હોવી જોઈએ અને આદિવાસી વિસ્તારની શિક્ષણની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વધુ નવી આશ્રમશાળાઓ ખોલવી જોઈએ.

૪.૨ આદિવાસી વિસ્તારમાં જે આશ્રમશાળાઓ કાચા મકાનોવાળી, અર્ધપાકા મકાનોવાળી, ઓછા હવા-ઊજાસવાળી, ભોંય તળિયામાં ખાડા-ખરબચડાવાળી અને ચોમાસામાં સતત પાણી ટપકતુ રહેતું હોય, જર્જરિત હાલતમાં હોય તેવી આશ્રમશાળાઓની સરકારશ્રીએ યોગ્ય ઓળખ (Need Assessment) કરી, સમારકામ, સુધારણા અને નવા મકાનોની કામગીરી માટે અલગથી ભંડોળ ફાળવવું જોઈએ.

૪.3 આશ્રમશાળામાં ધોરણ ૧ થી ૮ મુજબ સરેરાશ 03 વર્ગખંડોની ઘટ જોવા મળે છે, જે આશ્રમશાળાઓમાં ઓરડાઓની ભારે ઘટ છે, તે આશ્રમશાળાઓમાં ધોરણ અનુસારના પૂરતા વર્ગખંડો તાત્કાલિક ઊભા કરવા જોઈએ.

૪.૪ અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓના મહેકમ અનુસાર ૧૪૩ (૩૭.૨૫%) કાયમી શિક્ષકોની ઘટ છે, એટલે કે દરેક આશ્રમશાળાઓમાં સરેરાશ બે (૨) શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આશ્રમશાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરતી વખતે તમામ વિષયોના શિક્ષકોની

વિષયવાર ભરતી, સ્ત્રી શિક્ષકોનું સપ્રમાણ જાળવવું અને જે-તે વિસ્તારની સ્થાનિક બોલી જાણનાર વ્યક્તિની ભરતી થાય તે જોવું જોઈએ. શિક્ષક તરીકે પસંદગી પામનાર વ્યક્તિ પ્રામાણિક, નિષ્ઠાવાન અને સંમર્પિત હોય તે આશ્રમશાળા અને આદિવાસી બાળકો માટે ખૂબજ આવશ્યક છે. સરકારે શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં સંચાલક મંડળને સાથે રાખીને ભરતી કરવી જોઈએ.

૪.૫ સંશોધનની ૬૮ આશ્રમશાળાઓના મહેકમ અનુસાર ૮૬ કાયમી રસોઈયા-કમાઠીઓની ઘટ છે. આશ્રમશાળાઓમાં આદિવાસી બાળકોને પોષણક્ષમ ભોજન મળી રહે અને તેમની સાર-સંભાળ માટે બિનશૈક્ષણિક કર્મચારીઓની ખાલી કાયમી જગ્યાઓ ભરાય તેવા સરકારશ્રી દ્વારા સત્વરે પ્રયાસો થવા જોઈએ. આ ભરતી પ્રક્રિયામાં સંચાલક સંસ્થાઓની મદદ લેવી જોઈએ.

૪.૬ વર્ષ ૨૦૦૪ પછી એક પણ નવી આશ્રમશાળાઓ શરૂ થઈ નથી. છેલ્લા ૧૫ વર્ષમાં આદિવાસી વસ્તીમાં વધારો થયો છે તેમજ આદિવાસી વિસ્તાર અને સંચાલક મંડળોની માંગણી તેમજ આદિવાસી સમુદાયનું શિક્ષણનું સ્તર ઊચું લાવવા, આદિવાસી કુટુંબો-બાળકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આવશ્યક્તા અનુસાર નવી આશ્રમશાળાઓ ખોલવાની મંજૂરી આપવી જોઈએ.

૪.૭ સરકારશ્રીએ આશ્રમશાળા સ્થાપનાનો હેતુ, ધ્યેય, માળખુ, અમલીકરણ પ્રક્રિયા, કાર્યપદ્ધતિ, દેખરેખ, મૂલ્યાંકન, માનવીય અને ભૌત્તિક-માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતાના સંદર્ભમાં નક્કર માર્ગદર્શિકા બનાવવી જોઈએ. જે સંચાલક મંડળો માર્ગદર્શિકા અનુસાર કામ ન કરે તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ.

૪.૮ આશ્રમશાળાના ધારાધોરણ અનુસાર શાળાના સ્થળથી ૫ કિ.મી.ની નજીકના બાળકોને આશ્રમશાળામાં પ્રવેશ આપવામાં આવતો નથી તે નિયમ રદ કરવો જોઈએ. દરેક આદિવાસી બાળકને સ્વતંત્ર, સમાનતા અને ન્યાયિક રીતે શિક્ષણ મેળવવાનો અધિકાર છે. બાળકને કંઈ શાળામાં શિક્ષણ મેળવવું તેની પસંદગી કરવાનો અધિકાર આપવો જોઈએ.

૪.૯ જે આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ નથી કે વર્ગખંડ કમ ઓફિસ અથવા રહેઠાણ કમ ઓફિસ જોવા મળે છે, તે તમામ આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ બનાવવી જોઈએ કે જેથી આચાર્ય શાળાના શૈક્ષણિક અને વહીવટી કામો સ્વતંત્ર અને ગૌરવભેર કરી શકે.

૪.૧૦આદિવાસી બાળકોને આશ્રમશાળામાં ધોરણ ૧ થી ૪ નું શિક્ષણ પોતાની જ બોલી (ભાષા)માં આપવું જોઈએ, જેમકે પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ભીલી બોલી, ડાંગ જિલ્લામાં ડાંગી

બોલી વગેરે. ધોરણ-૫ પછી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વિષયો દાખલ કરવા જોઈએ.

૪.૧૧આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીદીઠ રૂ. ૧૫૦૦ નું સરકારશ્રી અનુદાન આપે છે. આ અનુદાનની રકમ સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને ભોજન, શિક્ષણ, આરોગ્ય અને અન્ય ચીજવસ્તુઓ ગુણાત્મક ધોરણે આપવા માટે પૂરેપૂરી વપરાય છે કે નહીં તેનું સતત જિલ્લાકક્ષાએથી નિરીક્ષણ અને તપાસ થવી જોઈએ.

૪.૧૨જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત તમામ પ્રવૃત્તિઓ જેમકે જિલ્લાકક્ષાનો વિજ્ઞાન મેળો, જિલ્લાકક્ષાનો રમતોત્સવ, જિલ્લા સ્તરે શિક્ષકોની તાલીમ વગેરે પ્રવૃત્તિઓમાં આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફરજીયાત જોડવા જોઈએ.

૪.૧૩જે આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય સંયુક્ત છે, માત્ર મોટા હોલમાં કુમાર-કન્યાઓ અલગ-અલગ ઊંઘે છે તે આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલયના મકાનો અલગ બનાવવા જોઈએ અને તેના માટે પૂરતું બજેટ ફાળવવું જોઈએ.

૪.૧૪જે આશ્રમશાળાઓમાં છોકરા અને છોકરીઓ શાળા-છાત્રાલયની લોબીમાં અથવા આંગણમાં બેસીને ભોજન લે છે, તે તમામ આશ્રમશાળાઓમાં નવા ભોજનાલય બનાવવા અને સરકારે નવા ભોજનાલયો સબંધી જરૂરી ગ્રાન્ટ ફાળવવી જોઈએ.

૪.૧૫આશ્રમશાળાઓના છાત્રાલયમાં બાળકોની ઉત્તમ સાર-સંભાળ, છાત્રાલયના યોગ્ય વ્યવસ્થાપન, નિયમિત રજીસ્ટ્રરોની નિભાવણી વગેરે બાબતો માટે દરેક આશ્રમશાળાઓની છાત્રાલયમાં એક ગૃહપતિ અને એક ગૃહમાતા (કુલ-૦૨)ની કાયમી જગ્યાઓ સરકારશ્રીએ ફરજીયાત ઊભી કરવી જોઈએ. સરકારશ્રીના ધારાધોરણ અનુસાર તેની ભરતી થવી જોઈએ. આ ભરતી પ્રક્રિયામાં સંચાલક મંડળનો સહયોગ લેવો જોઈએ.

૪.૧૬પ્રાથમિક શાળામાં આચાર્ય-શિક્ષકોની નોકરી સરેરાશ ૬ થી ૭ કલાકની છે. જ્યારે આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોની નોકરી ૨૪ કલાકની છે. છતાં પણ કેટલાક કિસ્સાઓમાં પ્રાથમિક શાળા કરતાં આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોને પગાર ઓછો મળે છે. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની ૨૪ કલાકની સાર-સંભાળની જવાબદારી હોય ત્યારે પ્રાથમિક શાળાના આચાર્ય-શિક્ષકોની સરખામણીએ આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોને પગાર અને સબંધિત ભથ્થાઓ વધારે આપવા જોઈએ.

૪.૧૭ગુજરાતમાં ૪૫૨ આશ્રમશાળાઓ છે જ્યારે તેની સામે માત્ર ૯૬ જ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ છે, જેથી આશ્રમશાળામાંથી ધોરણ - ૮ પાસ થનાર તમામ વિદ્યાર્થીનું ધોરણ - ૯માં ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં કે અન્ય માધ્યમિક શાળાઓમાં પ્રવેશ ન મળવાથી

ડ્રોપ આઉટ થવાનું પ્રમાણ ખૂબ જ ઊંચું રહે છે. આથી આદિવાસી વસ્તી, વિસ્તાર, પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા વગેરેને ધ્યાનમાં રાખીને નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ખોલવાની મંજૂરી આપવી જોઈએ.

૪.૧૮આદિવાસી વિસ્તારમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત મોટાભાગની આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને ૨૦૦ ગ્રામ ફ્લેવડ મિલ્કવાળું દૂધ મળે, આ દૂધ તમામ આશ્રમશાળાઓમાં નિયમિત મળે તેમજ તેનું અસરકારક અમલીકરણ થાય તેવી જિલ્લા કક્ષાએથી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૪.૧૯આશ્રમશાળામાં સત્ર શરૂ થાય ત્યારે જૂન માસમાં વિદ્યાર્થીઓને પુસ્તકો, ગણવેશ અને અન્ય જરૂરી ચીજ-વસ્તુઓ સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૪.૨૦આશ્રમશાળાઓને "સ્માર્ટ આશ્રમશાળા"ઓ બનાવવા માટે ટી.વી., કમ્પ્યુટર, પ્રોજેક્ટર, ટેબ્લેટ, સ્માર્ટ બોર્ડ, ઈન્ટરનેટ વગેરે ટેકનોલોજીના સાધનો અને સુવિધાઓ તમામ આશ્રમશાળાઓને આપવી જોઈએ.

૪.૨૧દરેક આશ્રમશાળાના મકાનને ફરતે ઈંટ-પથ્થરની દિવાલ અથવા તારની વાડ ફરજિયાત બનાવી જોઈએ. આશ્રમશાળામાં કુમાર-કન્યાની સુરક્ષા થાય તે ખાસ જોવું જોઈએ.

૪.૨૨આશ્રમશાળાઓમાં છાત્રોને ઊંઘવા માટે ગાદલું, ગોદડું, ચાદર, શેતરંજી, પલંગ કે બેડશીટ વગેરે ચીજવસ્તુઓ આશ્રમશાળા યોજના અંતર્ગત મળે તેવી સરકારશ્રી દ્વારા વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૪.૨૩આશ્રમશાળાના વિદ્યાર્થીઓને શાળા શિક્ષણ સાથે ટેકનિકલ પ્રશિક્ષણમાં કોમ્પ્યુટરનું શિક્ષણ વધુ આપવું જોઈએ. આ ઉપરાંત છોકરીઓને સિવણ, ભરતગુંથણ, બ્યુટી પાર્લર, મહેંદી મૂકવી, સંગીત-નૃત્ય, ગૃહ ઉદ્યોગ વગેરે વધુ શીખવવા જોઈએ. જ્યારે છોકરાઓને મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, કડિયાકામ, પ્લમ્બિંગ વર્ક, મિકેનિકલ વર્ક, રમત-ગમત વધુ શીખવવા જોઈએ. એટલે કે છોકરા-છોકરીઓને રોજગારલક્ષી પ્રશિક્ષણ મળે તેવી વ્યવસ્થા પણ ગોઠવવી જોઈએ.

૪.૨૪આશ્રમશાળા નવા મકાનો એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ જેમ અદ્યતન સુવિધાઓ વાળી બનાવવી જોઈએ. એટલે કે નવા મકાનો હવા-ઉજાસવાળા, કોમ્પ્યુટર લેબ, પૂરતા વર્ગખંડો અને છાત્રાલય નિવાસ, પૂરતો શૈક્ષણિક સ્ટાફ, ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક અને રમત-ગમતના પૂરતા સાધનો, ગુણવત્તાયુક્ત ભોજન, પીવાનું શુદ્ધ પાણી, વીજળી, બેડશીટ, સ્ત્રી શિક્ષકોનું સપ્રમાણ, પ્રવાસ પ્રદર્શન વગેરે તમામ બાબતો શાળા, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યો માટે ગુણાત્મક રીતે ઊભી કરવી જોઈએ.

૪.૨૫દરેક આશ્રમશાળાઓમાં કરાર આધારિત બે ચોકીદારની જગ્યાઓ ઊભી કરવી જોઈએ અને તેની નિયમોનુસાર ભરતી કરવી જોઈએ.

૪.૨૬PHC/CHC અથવા જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા આશ્રમશાળાઓમાં ઓછામાં ઓછા દર ત્રણ (૩) મહિને ફરજિયાત વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ થવી જોઈએ તથા આશ્રમશાળામાં રાખેલ દવાઓ અને પ્રાથમિક સારવારની પેટીની સ્થિતિ અંગે નિયમિત ચકાસણી થવી જોઈએ.

૪.૨૭આશ્રમશાળાના આચાર્યોને સુચારૂ વ્યવસ્થાપન અને વહીવટ માટે, શિક્ષકોને શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે અને રસોઈયાઓને પૌષ્ટિક ભોજન બનાવવા માટેની સમયાંતરે તાલીમ આપવી જોઈએ.

૫. સરકારશ્રીને ભાવિ અભ્યાસ માટેની ભલામણો

પ્રસ્તુત સંશોધનમાં આશ્રમશાળાનો સમગ્રતયા અભ્યાસ કરવામાં આવ્યો છે, પરંતુ સંશોધકને આશ્રમશાળા સંદર્ભે વધુ અભ્યાસ કરવાની જરૂરિયાત જણાય છે, જેના વિષયો નીચે મુજબ છે.

૫.૧ આદિવાસી વિકાસમાં આશ્રમશાળાઓનું પ્રદાન

૫.૨ આદિવાસીઓમાં શૈક્ષણિક વિકાસ અને આશ્રમશાળાઓની ભૂમિકા


૫.૩ આશ્રમશાળા દ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન

૫.૪ સરકારશ્રી અને સંચાલક મંડળ દ્વારા ચાલતી આશ્રમશાળાઓનો તુલનાત્મક અભ્યાસ

૫.૫ આદિવાસી વિસ્તારમાં ચાલતી પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓનો તુલનાત્મક અભ્યાસ

ગુજરાતના આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓમાં શિક્ષણ, રહેઠાણ, ભોજન અને ભૌતિક-માળખાગત વ્યવસ્થાઓ અને તે સંબંધિત સ્થિતિ

















# પ્રકરણ - ૨ વિષય પ્રવેશ અને સંશોધન પદ્ધતિઓ

## ૧. પ્રસ્તાવના

ભારત અને ગુજરાતમાં આશ્રમ તથા આશ્રમી શિક્ષણ વ્યવસ્થાઓ માનવ જીવનની કેળવણીના ઉત્તમ સાધનો બની રહ્યા છે. આ આશ્રમ અને આશ્રમી શિક્ષણના પ્રારંભને સમજવો હોય તો તેને વિભિન્ન તબક્કાઓમાં સમજી શકાય. જેમકે, પ્રથમ તબક્કો ૧૯૧૫ થી ૧૯૨૨, બીજો તબક્કો ૧૯૨૨ થી ૧૯૩૬, ત્રીજો તબક્કો ૧૯૩૬ થી ૧૯૫૩, ચોથો તબક્કો ૧૯૫૩ થી ૧૯૮૦, પાંચમો તબક્કો ૧૯૮૦ થી ૨૦૦૦ અને છઠ્ઠો તબક્કો ૨૦૦૦ થી ૨૦૧૯. આમ, આશ્રમ અને આશ્રમી શિક્ષણની શરૂઆત, ધ્યેય, શિક્ષણ પ્રણાલી, હિતજૂથો, આશ્રમી જીવન પદ્ધતિ વગેરેને જાણવા માટે આ તબક્કાઓને સમજવા આવશ્યક છે.

પ્રથમ તબક્કામાં આશ્રમની શિક્ષણના મૂળ મહાત્મા ગાંધીજીએ સ્થાપેલ કોચરબ આશ્રમ (૧૯૧૫) અને હરિજન આશ્રમ (૧૯૧૭)માં જોઈ શકાય છે. મહાત્મા ગાંધીજીનો આ આશ્રમો સ્થાપવા પાછળનો મુખ્ય ઉદ્દેશ આઝાદીની લડત માટે સ્વાતંત્ર્ય સૈનિકો તૈયાર કરવા અને રચનાત્મક કાર્યક્રમો ચલાવવાનો હતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ગોરાઓના હિન્દી પ્રત્યેના અન્યાયો સામેના સત્યાગ્રહના એક ભાગરૂપે ફિનિક્સમાં આશ્રમ સ્થાપ્યો હતો. ફિનિક્સ આશ્રમમાં જે પ્રયોગો થતા હતા તેવા પ્રયોગો ગાંધીજીએ કોચરબ અને સાબરમતી આશ્રમમાં શરૂ કર્યા હતા. આ આશ્રમમાં રહેનાર દરેક વ્યક્તિએ એક ચોક્કસ પ્રકારની જીવન પદ્ધતિને અનુસરવાની રહેતી હતી, જેમકે સવારે વહેલું ઊઠવું, સમુહ પ્રાર્થના, સાફ-સફાઈના કાર્યક્રમોમાં જોડાવું, સમુહ ભોજન વગેરે. મહાત્મા ગાંધીજીએ આ આશ્રમમાં રહેનાર માટે અનૌપચારિક શિક્ષણ વ્યવસ્થા પણ ગોઠવી હતી.

ગાંધીવાદી પ્રવૃત્તિ એટલે આશ્રમી પ્રવૃતિ. પછી તે રચનાત્મક હોય કે રાજકીય. સ્વાભાવિક રીતે તો બંને સાથે જ હોય. કોચરબ આશ્રમમાં શરૂ થયેલી શિક્ષણ પ્રવૃતિ બ્રિટિશ સરકારની 'કારકૂની કેળવણી'ના વિરોધમાં શરૂ થયેલ રાષ્ટ્રીય શિક્ષણનો પ્રથમ પ્રયોગ હતી. આ પ્રયોગમાં નરહરિ પરીખ, કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, વિનોબા ભાવે વગેરે શિક્ષકો તરીકે જોડાયા હતા. યુવાન જુગતરામ પણ તેમાં ભળી ગયા. ગાંધીજીના કરિશ્મા તથા સ્વાતંત્ર્ય આંદોલનના ઉલ્લાસમાં આ પ્રયોગોની પ્રસ્તુતતાને પડકારનાર કોઈ હતું નહીં. ઊલટું, આંદોલનથી અને કરિશ્માથી ખેંચાઈ આવેલા કેટલાક યુવકોએ આ પ્રકારના રાષ્ટ્રીય શિક્ષણને જ પોતાનું જીવન ધ્યેય માન્યું અને ગાંધીજી શિક્ષણને નામે જે કંઈ વિચારો રજૂ કરે તે પૂર્ણ ભાવનાથી અમલમાં મૂકવા તૈયાર થયા. અંગ્રેજો સામેની સત્યાગ્રહની લડતરૂપે આવી ઘણી પ્રવૃત્તિઓ ચાલતી હતી, પરંતુ ત્યાં ચૌરાચૌરીની દારૂણ ઘટના પછી દેશભરમાં હિંસા ફાટી નીકળી. દેશ અહિંસક લડત માટે કેળવાયેલો નહોતો. ગાંધીજીએ સત્યાગ્રહ બંધ કર્યો અને પ્રજાને તૈયાર કરવા રચનાત્મક કાર્યો શરૂ કરવાનો આદેશ આપ્યો અને કહ્યું 'શહેરો છોડી ગામડે જાવ,

ત્યાં ગામલોકોની સાથે તેમના જેવા થઈને વસો, અને રચનાત્મક કાર્યો દ્વારા તેમનામાં સત્ય-અહિંસાના પૂર રેલાવો'. (જોષી વિદ્યુત-૧૯૮૦, ૧૫-૧૬)

બીજા તબક્કામાં સ્વાતંત્ર્ય આંદોલન અને સમાજ સુધારાના બેવડા કામ માટે આદિવાસી વિસ્તારને બારણે જે ગાંધીવાદી આશ્રમો સ્થપાયા, તેમાં પ્રથમ મીરાખેડી, પછી સરભણ, બારડોલી અને છેવટે વેડછીમાં આદિવાસી બાળકોને રાખીને આશ્રમજીવન અને શિક્ષણ આપવાના પ્રયોગો થયા તેનું નામ 'આશ્રમશાળા'. પ્રારંભમાં આશ્રમશાળામાં આશ્રમ(જીવન)નું પ્રમાણ વધારે અને શાળાનું પ્રમાણ ઓછું તેવો મેળ રચાયો હતો. આવા આશ્રમો દ્વારા આદિવાસીઓમાં ખાદી, નશાબંધી, ગ્રામસફાઈ, ઋણરાહત, સહકારી મંડળી, શિક્ષણ વગેરે વિવિધલક્ષી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. આ સમયે કેવું શિક્ષણ આપવું તે સ્પષ્ટ નહોતું, પ્રયોગાત્મક સ્થિતિમાં હતું. પરંતુ ૧૯૩૭ થી સમગ્ર રાષ્ટ્રીય આંદોલન નવો વળાંક લે છે. સંદર્ભો બદલાતા જાય છે. આ બદલાતા સંદર્ભોને કારણે પ્રો.આઈ.પી.દેસાઈ જેને વેડછી આંદોલનમાં ગુણાત્મક પરિવર્તનનો સમયગાળો કહે છે. તેવા સમયમાં સમગ્ર આંદોલન પ્રવેશે છે. આંદોલનમાં ભાગ લેનાર હિતજૂથો માત્ર આંદોલન ન ચલાવતાં સંસ્થાકીય વિકાસ તરફ પણ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરે છે. આ સાથે આંદોલનની ગત્યાત્મકતા ઓછી થાય છે અને પ્રવૃત્તિઓ ચલાવવા માટે સંસ્થીકૃત માળખાઓનો ઉદ્ભવ થાય છે. વળી પ્રવૃત્તિઓનો વ્યાપ વધતા જુદી જુદી પ્રવૃત્તિઓ માટે અલગ અલગ સંગઠનો ઊભા થાય છે, તેથી 'આંદોલનની ભાવના'વાળા કાર્યકરોની સાથે સાથે 'કામ કરવાની લાયકાત'નો સવાલ પણ ઉપસ્થિત થાય છે. આની સાથે કામના નિયમો અમલમાં આવે તે સ્વાભાવિક છે. આમ, આ તબક્કામાં શિક્ષણ અન્ય પ્રવૃત્તિઓથી જુદું પડીને સ્વતંત્ર સંગઠન તરીકે અમલમાં આવે છે. આ બધા ફેરફારો પ્રથમ તબક્કાને બીજે તબક્કાથી ગુણાત્મક રીતે અલગ પાડે છે. આમ થવાનું કારણ સંદર્ભો બદલાતા હિતજૂથોના રાજ્ય વ્યવસ્થા સાથે બદલાયેલા સંબંધો છે. સંબંધો બદલાતા આંદોલન ચલાવવાને બદલે સંસ્થાઓ ચલાવવાના હિતો પણ ઊભા થાય છે. તેની અસર તેમની સંસ્થાઓના ધ્યેયો, સંસ્થાકીય ગોઠવણો અને ભૂમિકા ઉપર પડે છે. (જોષી વિદ્યુત-૧૯૮૦, ૫૦-૫૧)

બીજા તબક્કામાં આ આશ્રમના કાર્યકર્તાઓમાંથી કેટલાક જિલ્લા લોકલ બોર્ડ, જિલ્લા સ્કૂલ કમિટી વગેરેમાં વિવિધ સ્થાનો ધરાવતા થયા. તો બીજી બાજુ વર્ધા યોજનાનું ઔપચારિક એક માળખું આવતા કેટલાક શિક્ષકો થયાં. આથી આશ્રમી કાર્યકર્તાઓમાં કોટીક્રમ થવા લાગ્યા અને જુદી જુદી કક્ષાના કાર્યકરો ઊભા થયા. વળી આ યોજના સાથે નિશ્ચિત-લેખિત નિયમો અને આશ્રમી શિક્ષણ સંસ્થાઓ પર જિલ્લા સ્કૂલ બોર્ડનું નિયંત્રણ પણ અમલમાં આવ્યા. આમ છતાં જે સંગઠન ઊભું થયું તે લઘુતમ અનિવાર્ય જરૂરિયાતરૂપે ઊભું થયું. કાર્યકરો વચ્ચે સંબંધોની અનૌપચારિકતા અને આંદોલન પ્રત્યે ભાવના ચાલુ રહ્યા.

ત્રીજા તબક્કામાં સંસ્થાઓનો વિકાસ થતાં આર્થિક જરૂરિયાતો વધતી ચાલી. લગભગ બધી જ ખાનગી સંસ્થાઓ ખોટમાં ચાલવા લાગી. સ્વાશ્રયમાંથી લોકાશ્રયની વાત આવી. પરંતુ લોકાશ્રય એ સ્થિર અને સતત આવક આપનારું નિશ્ચિત અને નિશ્ચિંત રાખનારું પરિબળ બની શકે નહીં. આથી 'સતત આર્થિક મદદનો પ્રવાહ મળે તો ચિંતા મુક્ત થવાય' અને 'સંસ્થાની પ્રવૃત્તિઓનો વિકાસ થઈ શકે' તે માટે સરકાર તરફ નજર દોડાવવી એ એકમાત્ર પરિબળ રહ્યું હતું. બરાબર આ જ સમયે ફરીવાર ભારતના રાજકીય સંદર્ભો બદલાય છે. આ બદલાયેલા સંજોગોમાં સરકારી નાણાં અને હિતજૂથોના સંચાલનવાળી આશ્રમી શિક્ષણની નવી સંસ્થા ઉદભવે છે, જે વૈધાનિક રીતે 'આશ્રમશાળા' તરીકે ઓળખાય છે. (જોષી વિદ્યુત-૧૯૮૦, ૮૧)

આદિવાસી વિસ્તારોમાં જુદાજુદા જૂથો દ્વારા ચાલતી આશ્રમી શિક્ષણની સંસ્થાઓ પાસે સ્થિર અને નિશ્ચિત આવકનો કોઈ સ્રોત નહોતો. તેથી સંસ્થાઓ ખોટમાં ચાલતી હતી. એવામાં ૧૯૫૩ માં ભારત સરકારના અનુસૂચિત જાતિ અને જનજાતિના કમિશ્નરશ્રી લક્ષ્મીદાસ શ્રીકાંત દક્ષિણ ગુજરાતમાં જ્યાં જ્યાં આદિવાસીઓમાં રચનાત્મક કામ ચાલતા હતા તેની મુલાકાતે આવ્યા. સંસ્થાઓના સંચાલકો સાથેની વાતચીતમાં વેડછી, મઢી, મરોલી, આહવા વગેરે તમામ જગ્યાએ આશ્રમશાળાઓ નાણાકીય તંગીમાં ચાલતી હતી. (જોષી વિદ્યુત-૧૯૮૦, ૮૩)

ડાંગ સ્વરાજ આશ્રમ-આહવાના શ્રી છોટુભાઈ નાયકે એક મુલાકાતમાં શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંતને આશ્રમશાળાઓની સ્થિતિ, આવકના સ્રોત અને ખર્ચની વિગતનો અહેવાલ આપ્યો. શ્રીકાંતભાઈએ કહ્યું કે "અમારી સરકારી સંસ્થાઓમાં પૈસા છે પણ રંગ નથી, તમારે ત્યાં રંગ જામ્યો છે ત્યારે પૈસા નથી." આશ્રમશાળાઓને કંઈક આર્થિક મદદ થવી જોઈએ એમ વિચારીને તેમણે આ વાત મુંબઈના શિક્ષણ પ્રધાન દિનકરરાય દેસાઈને જણાવી. દિનકરરાયે આશ્રમશાળાઓને આર્થિક મદદ કરવા માટેની યોજના અને આશ્રમશાળાનું માળખું તૈયાર કરવા માટે એક સમિતિ બનાવી. આ સમિતિએ આશ્રમશાળા સંબંધી યોજના અને માળખું સરકારમાં રજૂ કર્યું. આ પ્રયત્નના અંતે ૧૯૫૩ માં 'આશ્રમશાળા યોજના' શરૂ થઈ.

જુગતરામ દવેએ "મારી આત્મકથા"માં લખ્યું છે કે ૧૯૫૩ માં મુંબઈ રાજ્ય સરકારે 'આશ્રમશાળા યોજના' નામથી ઓળખાતી યોજના અમલમાં મુકી. આ જિલ્લામાં અમે વેડછી-મઢીમાં તેમજ પંચમહાલ જિલ્લામાં ઠક્કરબાપાની ભીલ સેવા મંડળ અનેક આશ્રમો ચલાવી રહ્યા હતા. તે ઉપરથી નમૂનો સ્વીકારીને આ યોજના કલ્પવામાં આવી હતી. (દવે જુગતરામ-૧૯૭૫, ૨૫૭)

ત્રીજા તબક્કામાં સ્વાતંત્ર્ય આંદોલન બાદ "આશ્રમશાળા યોજના" આવતા આ યોજના લેખિત નિયમો મુજબ ઔપચારિક આશ્રમી સંગઠનનો ઉદભવ થયો. આ યોજના મુજબ અનુદાન મેળવી આશ્રમશાળાઓ ચલાવનારા સંચાલકો અને તેમના સંચાલક મંડળો ઉદભવ્યા. આ સંચાલકો પોતાની આશ્રમશાળાઓમાં નોકરી કરવા માટે શિક્ષકો નીમતા. સંચાલક મંડળ દ્વારા

ચાલતી આશ્રમશાળાઓ પર જિલ્લા સ્કૂલ બોર્ડ અને રાજ્યના શિક્ષણ ખાતાનું ઔપચારિક નિયંત્રણ પણ આવ્યું.

ચોથા તબક્કામાં 'જો સરકારના પૈસા અને સંસ્થાનું સંચાલન ભેગા થાય તો રંગ જામે' તેવી માન્યતાથી "આશ્રમશાળા યોજના" હેઠળ સરકારની નાણાકીય સહાયથી ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી સંસ્થાઓએ આશ્રમશાળાઓ કાઢી (સ્થાપી) અને ચલાવી તેનો એક તબ્બકો વીતી ગયો. હવે સન ૧૯૬૦ થી ૧૯૬૩ સુધી રાજકીય સંદર્ભ ફરી બદલાવા લાગે છ. ૧૯૬૪ થી આશ્રમશાળાઓ સાથે જેમનું હિત સંકળાયેલું છે તેવા હિતજૂથોના હિતો પર આ સંદર્ભોની અસર પાસાદાર બનીને ઉપસી આવે છે. રાજ્ય વ્યવસ્થા સાથેના હિતજૂથોના સંબંધોની સ્થિતિમાં ફરી પાછું પરિવર્તન આવે છે અને તેની અસર આશ્રમશાળાના ધ્યેયો, સંસ્થાકીય ગોઠવવાનો અને તેની ભૂમિકા પર પડે છે એટલે આ તબક્કામાં સરકારના પૈસા અને સંસ્થાના સંચાલનથી જામેલો રંગ ત્રીજા તબક્કા કરતાં જુદો પડે છે.

ચોથા તબક્કામાં પંચાયતી રાજ આવતા ઘણા રાજકીય કાર્યકરો પંચાયતોમાં વિવિધ સ્થાનો ધરાવવા આગળ આવે છે. સ્થાનો ધરાવવા માટે સ્પર્ધા કરતા આ કાર્યકરો આશ્રમશાળા ખોલી પોતાનું કંઈક કામ બતાવવા પણ સ્પર્ધા કરે છે. વળી, આ સમયે જિલ્લા પંચાયત દ્વારા ગામડે ગામડે દિનશાળાઓ શરૂ થાય છે. તેથી આ રાજકીય કાર્યકરો પોતાની આશ્રમશાળાઓ દિનશાળા કરતાં સારી છે તેવું બતાવવા પ્રયાસો કરે છે. આશ્રમશાળા અધિકારી આશ્રમશાળાઓનું સંગઠન અન્ય કરતા જુદું પડે તેવા પ્રયાસો કરે છે. આથી આ તબક્કામાં આશ્રમશાળાનું સંગઠન એક પબ્લિક સ્કૂલ જેવું વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ બની રહે છે.

પાંચમા તબક્કામાં ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારમાં ૧૯૭૦, ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં અનુક્રમે ૭૬, ૧૨૨ અને ૧૪૭ આશ્રમશાળાઓ સ્થપાઈ. એટલે કે આ ત્રણ દાયકામાં ૩૪૫ આશ્રમશાળાઓ ઊભી થઈ. આ આશ્રમશાળાઓ સ્થાપનાર હિતજૂથો રાજકીય હિતજૂથો અને સમાજ કાર્યકરો છે. આ તબક્કામાં આશ્રમશાળાઓ સંપૂર્ણ સરકારના ધારાધોરણ અને નીતિ-નિયમો અનુસાર ચાલે છે. સરકાર આશ્રમશાળા ચલાવવા માટે વિવિધ પ્રકારનાં અનુદાન આપે છે. સરકારના નિયંત્રિત માળખા હેઠળ સંચાલક મંડળો આશ્રમશાળાઓ ચલાવે છે. આ સમયગાળામાં ખાદી, કાંતણ, ગૃહ ઉદ્યોગો, સાફ-સફાઈ વગેરે રચનાત્મક કાર્યક્રમોનું પ્રમાણ ઘટતું જાય છે અને અક્ષરજ્ઞાન આધારિત શિક્ષણ આપવાનું પ્રમાણ વધે છે.

છઠ્ઠો તબક્કો એ આશ્રમશાળાઓ માટે સંઘર્ષ અને ચિંતાનો રહ્યો છે. ગુજરાત રાજ્યમાં ૨૦૦૪ પછી આદિવાસી વિસ્તારમાં એક પણ નવી આશ્રમશાળાઓ સ્થપાઈ નથી, કારણ કે હાલની સરકાર એવું માને છે કે આ તમામ આશ્રમશાળાઓ કોંગ્રેસી નેતાઓની છે અને વધુ આશ્રમશાળાઓ સ્થાપવામાં આવે તો સરકારે તેમની સામે સતત સંઘર્ષ કરવો પડે, વધુ પડકારોનો સામનો કરવો પડે અને ચિંતાઓથી ઘેરાયેલા રહેવું પડે, જેથી વધુ આશ્રમશાળાઓ ન ખોલવી જોઈએ તેવી માનસિકતા જોવા મળે છે. આથી કેટલાક જિલ્લાઓમાં આશ્રમશાળાઓ

ધીમે ધીમે બંધ થવા લાગી છે તેમજ કેટલાક જિલ્લાઓમાં જે તે સ્થળે આશ્રમશાળાઓ યોગ્ય રીતે ન ચાલતાં કે સંચાલક મંડળ ચલાવવાની સ્થિતિમાં ન હોવાથી તે સ્થળ ફેર કરી કે અન્ય સંચાલક મંડળને સોંપી દેવામાં આવે છે. આજે આશ્રમશાળાઓ શૈક્ષણિક વિકાસના સાધન સાથે આર્થિક લેવડ-દેવડનું સાધન પણ બની છે.

સરકાર દ્વારા સતત આશ્રમશાળાઓના શૈક્ષણિક, ભૌતિક, માનવીય વગેરે પ્રશ્નોને નજર અંદાજ કરવામાં આવે છે, પરંતુ તેની સામે આ જ સમયગાળામાં આદિવાસી વિસ્તારમાં અનેક નવી સરકારી પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ ખુલ્લી છે તે પણ વાસ્તવિક્તા છે. હાલમાં આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાના સંચાલક મંડળો, આચાર્યો, શિક્ષકો અને વાલીઓ બાળકોને શિક્ષણ આપવામાં સતત સંઘર્ષ-ચિંતા અનુભવે છે અને વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવું તે પણ એક ચિંતાનો વિષય બન્યો છે.

રાજ્યમાં સમયાંતરે નવી નવી આશ્રમશાળાઓની સ્થાપના થતી ગઈ અને આજે ગુજરાત રાજ્યમાં કુલ ૫૫૯ આશ્રમશાળાઓ કાર્યરત છે, જેમાં ૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓ તથા ૧૦૭ ઉત્તર બુનિયાદી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓનો સમાવેશ થાય છે. આજે આશ્રમશાળાઓમાં ૬૩ હજારથી પણ વધુ આદિવાસી બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. આ આશ્રમશાળાઓમાં મોટાભાગની આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થા કે બિનસરકારી સંગઠન-મંડળ હસ્તક ચાલે છે. જ્યારે જૂજ આશ્રમશાળાઓ સરકાર હસ્તક ચાલે છે.

૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર ભારતનો કુલ સાક્ષરતા દર ૭૪.૦૪ ટકા છે. જ્યારે આદિવાસી સમુદાયનો સાક્ષરતા દર ૬૩.૧૦ ટકા છે. તે મુજબ ગુજરાત રાજ્યનો કુલ સાક્ષરતા દર ૭૮.૦૩ ટકા છે અને આદિવાસી સમુદાયનો સાક્ષરતા દર ૬૨.૫૦ ટકા છે. ભારત અને ગુજરાતના સામાન્ય સાક્ષરતા દરની સરખામણીએ આદિવાસી સમુદાયના સાક્ષરતા દરમાં અનુક્રમે ૧૦.૯૬ ટકા અને ૧૬.૪૭ ટકાનો તફાવત જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે સામાન્ય સાક્ષરતા દર કરતા આદિવાસી સમુદાયનો સાક્ષરતા દર ઘણો નીચો છે અને સામાન્ય સાક્ષરતા દર પ્રાપ્ત કરવા આદિવાસી શિક્ષણ સંદર્ભે ઘણું ઊંડું ચિંતન કરવાની જરૂરિયાત છે.

"અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ: મૂલ્યાંકન અભ્યાસ" કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવા પાછળનો મુખ્ય ઉદ્દેશ આશ્રમશાળાઓની વાસ્તવિક સ્થિતિ જાણવાનો છે. તેમજ વર્તમાન સમયમાં આદિવાસી સમુદાયમાં નિમ્ન સાક્ષરતા દર તથા વિદ્યાર્થીઓમાં અધ્ધ વચ્ચેથી શાળા છોડવાનું ઊંચું પ્રમાણ મુખ્ય છે. આ બંને પરિસ્થિતિઓ પાછળ ક્યાં કારણો અને પરિબળો જવાબદાર છે તે સમજવાનો છે. આ ઉપરાંત આશ્રમશાળા શિક્ષણની પ્રણાલી, શિક્ષણની ગુણવત્તા, છાત્રાલય અને ભોજનની વ્યવસ્થા, ભોજનની ગુણવત્તા, બાળકોના આરોગ્યની સ્થિતિ, શિક્ષણ સંદર્ભે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલક મંડળના પ્રશ્નો, આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસરો વગેરે પાસાંઓને ઉંડાણથી જાણવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

આજે ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારમાં આદિવાસી બાળકોને શિક્ષણ આપવા માટે સ્થાનિક સ્તરે પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓ એમ બંને પ્રકારની શાળાઓ ચાલે છે. પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ અને એક વખતનું ભોજન આપવાની વ્યવસ્થા છે. જ્યારે આશ્રમશાળાઓમાં બુનિયાદી શિક્ષણ, રહેઠાણ અને ત્રણ વખત ભોજનની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. આ રીતે આશ્રમશાળા પ્રાથમિક શાળાથી જુદી પડે છે અને વિશિષ્ટ છે.

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યમાં ધોરણ ૧ થી ૮નું પ્રાથમિક શિક્ષણ આપતી ૪૫૨ આશ્રમશાળાઓ કાર્યરત છે જે પ્રસ્તુત અભ્યાસની સમષ્ટિ (વ્યાપ-વિશ્વ) છે. આ સમષ્ટિ (વ્યાપ-વિશ્વ)માંથી ૧૫ ટકા મુજબ ૬૮ આશ્રમશાળાઓને નમૂનાના એકમ તરીકે પસંદ કરવામાં આવી છે. ૬૮ શાળાઓમાંથી માહિતી એકત્ર કરવા માટે ૧૨ પ્રકારના માહિતી પત્રકો તૈયાર કરવામાં આવ્યા છે. દરેક આશ્રમશાળાઓમાં સંશોધક અને સર્વેક્ષકો દ્વારા સરેરાશ ત્રણ થી ચાર દિવસ રાત્રી રોકાણ કરીને માહિતી મેળવવામાં આવી છે. આ માહિતી વિદ્યાર્થી, શિક્ષક, વાલી, ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સંચાલક મંડળ પાસેથી મુલાકાત અનુસુચિત, પ્રશ્નાવલી, કેન્દ્રિત જૂથ ચર્ચા, નિરીક્ષણપત્રક અને વ્યક્તિગત મુલાકાતના ઉપકરણો દ્વારા મેળવવામાં આવી છે.

પ્રસ્તુત અભ્યાસમાં મૂલ્યાંકનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમજ પ્રાપ્ત થયેલી માહિતીનું સંકેતીકરણ, ડેટા એન્ટ્રી, વર્ગીકરણ, કોસ્ટકીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેના આધારે તારણો, નિષ્કર્ષ અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

### ૨. સંશોધન સમસ્યા (મૂલ્યાંકન શા માટે ?)

ઈ.સ.૧૯૨૨માં સુખદેવભાઈ અને ગાંધી વિચારસરણી ધરાવતા રચનાત્મક કાર્યકરોના પ્રયત્નો દ્વારા મીરાખેડી ગામે પ્રથમ આશ્રમશાળાની સ્થાપના થઈ. તે સમયે આશ્રમશાળા શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ શાળાકીય શિક્ષણ સાથે આદિવાસી બાળકોમાં પ્રામાણિક નેતાગીરી ઊભી કરવાનો તથા શૈક્ષણિક-આર્થિક કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓમાં સહાયરૂપ બને તેમજ જીવનલક્ષી કેળવણી આપવાનો હતો.

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યમાં આદિવાસી બાળકોને શિક્ષણ અને જીવનલક્ષી કેળવણી આપતી કુલ ૫૫૯ આશ્રમશાળાઓ કાર્યરત છે. જેમાં ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ આપતી આશ્રમશાળાની સંખ્યા ૪૫૨ છે. જ્યારે ધોરણ ૯ થી ૧૨ સુધીનું શિક્ષણ આપતી ઉત્તર બુનિયાદી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની સંખ્યા ૧૦૭ છે. હાલ પ્રાથમિક આશ્રમશાળાઓમાં ૬૩ હજારથી વધુ આદિવાસી બાળકો આશ્રમી શિક્ષણ મેળવી રહ્યા છે. આશ્રમશાળાઓમાં આદિવાસી બાળકોને મફત શિક્ષણ અને છાત્રાલય (રહેઠાણ અને ભોજન) અને સુવિધાઓ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત શાળાકીય તથા વ્યક્તિગત જરૂરિયાતો પણ યોજનાકીય લાભો આપીને પૂરી પાડવામાં આવે છે. આમ સરકાર દ્વારા આદિવાસી બાળકોના સર્વાંગી વિકાસ થાય તે માટે ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા

છે. જેથી આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે આશ્રમશાળાઓએ અમૂલ્ય ફાળો આપ્યો છે અને આદિવાસી વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ પૂરવાર થઈ છે.

હાલમાં ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારમાં જે ગામોમાં આશ્રમશાળાઓ સ્થાપવામાં આવી હતી તે જ ગામોમાં પ્રાથમિક શાળાઓ દ્વારા પણ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે તેમજ આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે દુરનાં ગામોમાંથી આવે છે તે ગામોમાં પણ પ્રાથમિક શાળાઓ ઉપલબ્ધ છે તો સરકાર સમક્ષ પ્રશ્ન એવો ઉપસ્થિત થાય છે કે હાલમાં આ ગામોમાં આશ્રમશાળાઓની શું જરૂરિયાત છે? જો આ ગામોમાં પ્રાથમિક શાળા ઉપલબ્ધ હોય તો શા માટે આશ્રમશાળાઓ ચાલુ રાખવી? આશ્રમશાળાઓ ચાલુ રાખવાથી આદિવાસી બાળકોને શું લાભ થશે? વગેરે પ્રકારના પ્રશ્નો અન્ય સમાજના લોકો સરકાર સામે ઉઠાવી રહ્યા છે.

સ્વૈચ્છિક સંસ્થા કે બિનસરકારી સંગઠનો-મંડળોએ જ્યારે આશ્રમશાળાઓની સ્થાપના કરી ત્યારે તેમનો એક હેતુ આદિવાસી બાળકોને શિક્ષણ આપવાનો અને આદિવાસી સમાજ પ્રત્યે સેવા કરવાનો હતો. પરંતુ આજે આ સેવાકાર્યનો હેતુ ગૌણ બની ગયો છે અને કેટલાક સંસ્થાઓમાં આર્થિક સધ્ધરતાનો હેતુ મુખ્ય બન્યો છે. ત્યારે સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનનો પૂરતો ઉપયોગ થાય છે કે નહીં તે જોવું અનિવાર્ય બન્યું છે. સરકાર દ્વારા આશ્રમશાળાઓની સ્થાપના કરવા માટે કેટલાક નીતિ-નિયમો બનાવવામાં આવ્યા છે. આ તમામ નીતિ-નિયમોનો આ સંસ્થાઓ પાલન કરે છે કે કેમ તે જોવું પણ આવશ્યક બન્યું છે. બૃહદ સમાજ દ્વારા એક એવો પણ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે કેટલાક સંચાલક મંડળો પાયાના નીતિ-નિયમોનું પાલન કરતા ન હોવા છતાં સરકાર દ્વારા શા માટે આશ્રમશાળાઓ સ્થાપવાની મંજૂરી આપવામાં આવે છે. ૧૯૮૧ થી ૨૦૧૦ દરમિયાન આદિવાસી સમુદાયના શૈક્ષણિક વિકાસ માટે ઘણી બધી આશ્રમશાળાઓને મંજુરી આપવામાં આવી છે. છતાં પણ તે પ્રમાણ અનુસાર આદિવાસી સમુદાયના સાક્ષરતા દરમાં વધારો થયો નથી કે આદિવાસી બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં ખાસ કોઈ સુધારો જોવા મળતો નથી એવો એક પ્રશ્ન સાંભળવા મળે છે.

વર્તમાન સમયમાં ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ તરફથી મળતી વિદ્યાર્થીદીઠ નિભાવગ્રાન્ટમાં વિદ્યાર્થીઓને પૂરતી સુવિધા આપવી સંચાલક મંડળને ઘણી મુશ્કેલરૂપ બાબત લાગે છે. તેમજ આશ્રમશાળાના શિક્ષકો સતત જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ચાલતી પ્રાથમિક શાળાઓ સાથે પોતાની, આશ્રમશાળાની, વિદ્યાર્થીઓની, ભૌતિક અને માળખાગત સુવિધાઓની, શૈક્ષણિક કામગીરીના કલાકોની, વિદ્યાર્થીઓની સારસંભાળની જવાબદારીની સરખામણી કરે છે. જેથી તેઓ સતત અન્યાય તથા શોષણ થતું હોય તેવી લાગણી અનુભવે છે અને અસંતોષ વ્યક્ત કરે છે. જેની આદિવાસી બાળકોના શિક્ષણ ઉપર વિપરીત અસર પડે છે. શિક્ષકોની આ પ્રકારની માનસિક સ્થિતિને સમજવી ખૂબ આવશ્યક છે અને તેનું મૂલ્યાંકન થવું પણ જરૂરી છે. આથી પ્રસ્તુત બાબતોને ઊંડાણથી જાણવી જરૂરી છે.

પ્રસ્તુત સંશોધન "અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ: મૂલ્યાંકન અભ્યાસ" કરવા પાછળ આશ્રમશાળા વ્યવસ્થા, શિક્ષણ પ્રણાલી, શિક્ષણની સ્થિતિ અને ગુણવત્તા, ભોજનની પોષણક્ષમતા અને બાળકોના આરોગ્ય સ્થિતિ, શાળા-છાત્રાલયની ભૌતિક અને માળખાગત સુવિધાઓની સ્થિતિ, વિદ્યાર્થીએ, શિક્ષકો અને સંચાલકોને અનુભવાતી મુશ્કેલીઓ તેમજ આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાની અસરો સબંધિત સંશોધકના મગજમાં અનેક પ્રશ્નો છે જે નીચે મુજબ છે.

૧. વર્તમાન સમયમાં ગુજરાતની આશ્રમશાળાઓ નઈ તાલીમ કે બુનિયાદી શિક્ષણ પ્રણાલી મુજબ ચાલે છે કે નહીં?, આશ્રમશાળામાં બાળકોને કઈ પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે?, આશ્રમશાળા શિક્ષણની શું સ્થિતિ છે?, આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે કે નહીં છે?, આશ્રમશાળામાં આદિવાસી બાળકોને શિક્ષણ સબંધિત કઈ કઈ યોજનાઓનો લાભ મળે છે? વગેરે પ્રશ્નોને ઊંડાણથી સમજવા.

૨. આદિવાસી બાળકો માટે છાત્રાલય અને ભોજનની શું વ્યવસ્થાઓ છે?, છાત્રાલયમાં આદિવાસી બાળકોને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા કેવી છે?, છાત્રાલયમાં નિવાસ કરતા બાળકોના આરોગ્યની શું સ્થિતિ છે?, આશ્રમશાળાના બાળકોને સામાન્ય અને ગંભીર કેવા કેવા પ્રકારના રોગો થાય છે? અને આ રોગોની સારવાર માટે શું વ્યવસ્થાઓ છે? વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા સબંધી ટેવો કેવી છે? તે અંગેના પ્રશ્નો જાણવા.

૩. આશ્રમશાળામાં કઈ કઈ ભૌતિક અને માળખાગત સુવિધાઓ છે?, શાળા-છાત્રાલયના ઓરડાઓ, પીવાનું પાણી, વિજળી, જાજરૂ-બાથરૂમ વગેરેની સ્થિતિ કેવી તે સમજવી.

૪. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો કેવા કેવા પ્રશ્નો ધરાવે છે?, આશ્રમશાળાઓ ચલાવવામાં સંચાલક મંડળ કઈ કઈ મુશ્કેલીઓ અનુભવે છે?, આશ્રમશાળામાં મહેકમ અનુસાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની જગ્યા ભરેલી છે કે કેમ?, સરકાર દ્વારા આદિવાસી બાળકોને યોજનાકીય ક્યા-ક્યા લાભો મળી રહ્યાં છે?, આશ્રમશાળાઓએ આદિવાસી સમાજ ઉપર કેવી કેવી અસરો ઊભી કરી છે? વગેરે સબંધિત પ્રશ્નોને સમજવા.

૫. સામાન્ય સાક્ષરતા દરની સરખામણીએ આદિવાસી સમુદાયનો સાક્ષરતા દર શા માટે નીચો છે? તેમજ આદિવાસી બાળકોમાં સામાન્ય બાળકોની સરખામણીએ અધ્ધ વચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ શા માટે ઊંચુ છે? તે સંબંધીત કારણો તપાસવા.

ઉપરોક્ત પ્રશ્નોની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે આ પ્રકારનો અભ્યાસ કરવો આવશ્યક છે. ભારત સરકારને અનુસુચિત જનજાતિના બાળકો માટે ચાલતી આશ્રમશાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું આવશ્યક લાગ્યું છે. આથી કેન્દ્ર સરકારના આદિજાતિ મંત્રાલય- ન્યુ દિલ્હી દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આ પ્રકારનો અભ્યાસ સોંપવામાં આવ્યો છે.

### ૩. અભ્યાસના હેતુઓ

"અનુસૂચિત જનજાતિ વિદ્યાર્થીઓ માટેની આશ્રમશાળાઓઃ મૂલ્યાંકન અભ્યાસ" વિષયને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

૧. શિક્ષણની ગુણવત્તા અને શીખવવાની પ્રક્રિયા વિશે જાણવું.
૨. ભોજનની ગુણવત્તા અને પોષણક્ષમતા તેમજ વિદ્યાર્થીઓની આરોગ્યની સ્થિતિ તપાસવી.
૩. આશ્રમશાળાઓની ભૌતિક અને માળખાગત સુવિધાઓ ચકાસવી.
૪. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલક મંડળોની સમસ્યાઓ તપાસવી.
૫. આશ્રમશાળાઓની આદિવાસી સમાજ પરની અસરોને વિશાળ ફલક પર જોવી.

### ૪. સંશોધન અભ્યાસની સમષ્ટિ (વ્યાપ-વિશ્વ) અને નમૂના (એકમો)ની પસંદગી

#### ૪.૧ સંશોધન અભ્યાસની સમષ્ટિ (વ્યાપ-વિશ્વ)

વર્તમાન સમયમાં ભારત દેશના વિવિધ રાજયોમાં આશ્રમશાળાઓ દ્વારા અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જીવન ઘડતરની કેળવણી આપવામાં આવે છે. આ પ્રકારની આશ્રમશાળાઓની શરૂઆત ઈ.સ. ૧૯૨૨માં મીરાખેડી ગામે (જિ.પંચમહાલ) થઈ. ત્યાર બાદ ૧૯૫૩-૫૪માં સરકાર દ્વારા "આશ્રમશાળા યોજના" શરૂ કરવામાં આવી ત્યારે સરકારી દફતરે માત્ર ૩ (ત્રણ) આશ્રમશાળાઓ નોંધાયેલી હતી. ૧૯૬૦માં બૃહદ મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ રાજય બન્યું ત્યારે ૪૧ આશ્રમશાળાઓ કાર્યરત હતી. માર્ચ ૨૦૧૪ના અંતિત સુધીમાં સરકારી દફતરે નોંધાયા મુજબ ગુજરાત રાજયમાં કુલ ૫૫૯ આશ્રમશાળાઓ કાર્યરત છે, જેમાં ૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓ અને ૧૦૭ ઉત્તર બુનિયાદી તથા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચાલે છે. આ આશ્રમશાળામાંથી ૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓ એ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપ-વિશ્વ છે.

#### ૪.૨ નમૂના (એકમો)ની પસંદગી

ગુજરાતની કુલ-૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓ એ પ્રસ્તુત સંશોધન અભ્યાસની કુલ સમષ્ટિ (વ્યાપ-વિશ્વ) છે. આ સમગ્ર સમષ્ટિમાંથી એટલે કે ૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓમાંથી ૧૫% પ્રમાણે ૬૮ આશ્રમશાળાઓને નમૂનાના એકમ તરીકે પસંદ કરવામાં આવી છે જેના માપદંડો નીચે મુજબ છે.

(અ) આદિવાસી વિસ્તારના દરેક જિલ્લામાંથી ૧૫% પ્રમાણે આશ્રમશાળાઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે.

(બ) આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓની સ્થાપના વર્ષના દરેક દાયકાઓમાંથી ૧૫% મુજબ આશ્રમશાળાઓને એકમ તરીકે પસંદ કરવામાં આવી છે.

(ક) આદિવાસી વસ્તી ધરાવતા દરેક જિલ્લામાંથી અલગ અલગ સંચાલક મંડળ હસ્તકની આશ્રમશાળાઓને નમૂનાના એકમ તરીકે લેવામાં આવી છે.

(ડ) આદિવાસી વિસ્તારના દરેક તાલુકામાંથી ઓછામાં ઓછી એક અને વધુમાં વધુ બે આશ્રમશાળાઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે

કોષ્ટક નં. ૧.૧

ગુજરાત રાજયમાં કાર્યરત જિલ્લાવાર આશ્રમશાળાઓ અને ૧૫% મુજબ નમૂનાની આશ્રમશાળાઓની પસંદગી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લાનું નામ | આશ્રમશાળાઓની સંખ્યા | નમૂનાની આશ્રમશાળાઓ (૧૫% મુજબ) |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૧ | ૩ |
| ૨ | સાબરકાંઠા | ૨૭ | ૪ |
| ૩ | અરવલ્લી | ૧૯ | ૨ |
| ૪ | દાહોદ | ૭૦ | ૧૦ |
| ૫ | પંચમહાલ | ૨૩ | ૩ |
| ૬ | મહીસાગર | ૧૩ | ૨ |
| ૭ | છોટા ઉદેપુર | ૩૮ | ૫ |
| ૮ | ભરૂચ | ૯ | ૧ |
| ૯ | નર્મદા | ૪૬ | ૬ |
| ૧૦ | સુરત | ૩૬ | ૫ |
| ૧૧ | તાપી | ૫૭ | ૮ |
| ૧૨ | વલસાડ | ૫૦ | ૭ |
| ૧૩ | નવસારી | ૨૨ | ૩ |
| ૧૪ | ડાંગ | ૧૨ | ૨ |
| ૧૫ | અમદાવાદ | ૧ | ૧ |
| ૧૬ | પોરબંદર | ૧ | ૧ |
| ૧૭ | જૂનાગઢ | ૩ | ૧ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧ | ૧ |
| ૧૯ | જામનગર | ૧ | ૧ |
| ૨૦ | ખેડા | ૧ | ૧ |
| ૨૧ | પાટણ | ૧ | ૧ |
| | કુલ | ૪૫૨ | ૬૮ |

## કોષ્ટક નં. ૧.૨

### સંશોધન અભ્યાસમાં આવરેલ નમૂના પસંદગીનું એકમ, માહિતી એકત્રીકરણની પ્રવિધિ અને કુલ ઉત્તરદાતાઓની સંખ્યાની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | નમૂના પસંદગીનું એકમ | માહિતી એકત્રીકરણની પ્રવિધિ | કુલ એકમો (ઉત્તરદાતાઓ) | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | આશ્રમશાળા (આચાર્ય) | આશ્રમશાળાઃ પ્રાથમિક માહિતીનું પત્રક (પ્રશ્નાવલી) | ૬૮ | (૬૮x૧=૬૮) |
| ૨ | સંચાલક મંડળ (પ્રમુખ/ઉપપ્રમુખ) | સંચાલક મંડળની મુલાકાત પત્રક | ૬૮ | (૬૮x૧=૬૮) |
| 3 | આચાર્ય અને શિક્ષક | આચાર્ય અને શિક્ષકનું મુલાકાત પત્રક | 3૪૦ | (૬૮x૫=3૪૦) |
| ૪ | વિદ્યાર્થી | વિદ્યાર્થીઓનું મુલાકાત પત્રક | ૮૧૬ | (૬૮x૧૨=૮૧૬) |
| ૫ | વિદ્યાર્થી | શૈક્ષણિક મૂલ્યાંકન માપન પત્રક | ૮૧૬ | (૬૮x૧૨=૮૧૬) |
| ૬ | વિદ્યાર્થી | આરોગ્ય તપાસ પત્રક | ૮૧૬ | (૬૮x૧૨=૮૧૬) |
| ૭ | વિદ્યાર્થીના વાલી | વાલી મુલાકાત પત્રક | 3૪૦ | (૬૮x૫=3૪૦) |
| ૮ | વિદ્યાર્થી | પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થી | ૬૮૦ | પ્રા.શાળા(૬૮x૫=3૪૦) આશ્રમશાળા(૬૮x૫=3૪૦) |
| ૯ | વિદ્યાર્થી | વિદ્યાર્થીઓની કેન્દ્રિત જૂથ ચર્ચાનું પત્રક | ૬૮ | (૬૮x૧=૬૮) |
| ૧૦ | શિક્ષક | શિક્ષકોની કેન્દ્રિત જૂથ ચર્ચાનું પત્રક | ૬૮ | (૬૮x૧=૬૮) |
| ૧૧ | વિદ્યાર્થીના વાલી | વાલીઓની કેન્દ્રિત જૂથ ચર્ચાનું પત્રક | ૬૮ | (૬૮x૧=૬૮) |
| ૧૨ | આશ્રમશાળા, સંચાલક મંડળ, આચાર્ય-શિક્ષક, વિદ્યાર્થી અને વાલી | નિરીક્ષણ પત્રક | ૬૮ | (૬૮x૧=૬૮) |

## ૫. સંશોધન પદ્ધતિ

### ૫.૧ મૂલ્યાંકનાત્મક સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન "અનુસુચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ-મૂલ્યાંકન અભ્યાસ"માં મૂલ્યાંકનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં આશ્રમશાળા સાથે સંબંધિત તમામ પાસાંઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમકે આશ્રમશાળા અને છાત્રાલયની કાર્ય-પ્રણાલી, શિક્ષણ-આરોગ્ય-ભોજનની સ્થિતિ તથા ગુણવત્તા, શાળા-છાત્રાલયની માળખાગત અને ભૌતિક સુવિધાઓ, શિક્ષણ સંબંધી પ્રશ્નો, આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાની અસરો વગેરે પાસાંઓને ઊંડાણથી તપાસવામાં આવ્યા છે.

આશ્રમશાળા શિક્ષણ સંદર્ભે જોઈએ તો આશ્રમશાળા સ્થાપવા માટેના નીતિનિયમો તથા ચલાવવા માટેના ધારા-ધોરણો, વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા, વિદ્યાર્થીઓને વિષયો શીખવા માટેની શિક્ષકોની ભણાવવાની પદ્ધતિઓ, શિક્ષણ પ્રક્રિયા અને પ્રણાલી, શિક્ષણની સ્થિતિ અને ગુણવત્તા, શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા, સ્થિતિ અને તેનો વર્ગખંડમાં ઉપયોગ, વિદ્યાર્થીઓના શિક્ષણ સંબંધી પ્રશ્નો તથા ઉકેલ માટેના પ્રયત્નો, શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓની સ્થિતિ, પ્રશ્નો અને ઉકેલ માટે લીધેલ પગલાંઓ, વિદ્યાર્થીઓના જીવન ઘડતર અને વિકાસ માટેની પ્રવૃતિઓ, શાળામાં ઓરડાઓની સંખ્યા અને સ્થિતિ વગેરે સંબંધી પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

આશ્રમશાળા શિક્ષણ સંબંધિત પાસાંઓ સાથે છાત્રાલયના પાસાંને પણ તપાસવામાં આવ્યું છે. છાત્રાલયના પાસાંઓમાં છાત્રાલય, તેના ઓરડાઓ અને જાજરૂ-બાથરૂમની સ્થિતિ, લાઇટની વ્યવસ્થા, સ્વચ્છતાની સ્થિતિ, છાત્રોને સુવા માટેની વ્યવસ્થા, સામાન રાખવા માટેની સગવડતા, છાત્રોની જરૂરિયાતવાળી ચીજવસ્તુઓની ઉપલબ્ધતા અને ગુણવત્તા, ભોજનાલયની સ્થિતિ અને સ્વચ્છતા, ભોજન બનાવવા માટેની વ્યવસ્થાઓ, ભોજન બનાવવાના સાધનોની ઉપલબ્ધતા તથા તેની સ્થિતિ, ભોજનની ગુણવત્તા અને જથ્થો, મેનુ પ્રમાણે ભોજન આપવામાં આવે છે કે નહિ, ભોજનમાં નવીનીકરણ, અનાજ સંગ્રહ માટેના કોઠારી સ્થિતિ અને સ્વચ્છતા, અનાજની જાળવણી અને ગુણવત્તા વગેરે બાબતોનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

શાળા-છાત્રાલય ઉપરાંત બાળકોના આરોગ્યને પણ જોવામાં આવ્યું છે, જેમાં બાળકોના આરોગ્યની સ્થિતિ, શાળામાં બાળકોને થતા સામાન્ય અને ગંભીર રોગો તથા તેની સારવારની વ્યવસ્થાઓ, બાળકોમાં સ્વચ્છતાની ટેવો, શાળામાં દવાઓની ઉપલબ્ધતા અને તેની સ્થિતિ, ફસ્ટ એઇડ બોક્ષની ઉપલબ્ધતા અને તેની સ્થિતિ, પાણીની ગુણવત્તા, છાત્રોને સુવાની જગ્યાની સ્વચ્છતા વગેરે આરોગ્ય સંબંધી પાસાંઓને સવિસ્તાર તપાસવામાં આવ્યા છે.

આ ઉપરાંત શાળા-છાત્રાલયની ભૌતિક અને માળખાગત સુવિધા જેમકે મકાનોની સ્થિતિ હવા-ઉજાસનું પ્રમાણ શાળાના આંગણામાં લગાવેલ કસરત અને રમત-ગમતના સાધનોની

સ્થિતિ અને તેનો ઉપયોગ, બાળકોના નિવાસની વ્યવસ્થા વગેરે બાબતોને પણ જોવામાં આવી છે.

આશ્રમશાળા સાથે સંકળાયેલા અન્ય પાસાંઓ જેમકે વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચેના સંબંધો, શિક્ષકો અને સંચાલક મંડળ વચ્ચેના સંબંધો, શિક્ષકો અને વાલીઓ વચ્ચેના સંબંધો, વિદ્યાર્થી-શિક્ષક અને સંચાલક મંડળના પ્રશ્નો, આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાની અસરો વગેરે પાસાંઓને ઊંડાણથી સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૬. માહિતી એકત્રીકરણના ઉપકરણો**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ કરવા માટે પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેની સવિસ્તાર સમજ નીચે મુજબ છે.

**૬.૧ પ્રાથમિક માહિતી**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક માહિતીનું ક્ષેત્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત ૪૫૨ આશ્રમશાળાઓમાંથી ૧૫% મુજબ પસંદ કરેલ ૬૮ આશ્રમશાળાઓ અને આ આશ્રમશાળાઓ સાથે સંકળાયેલા સંચાલક મંડળ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (માહિતીદાતાઓ) છે. જે પ્રસ્તુત અભ્યાસની માહિતી એકત્રીકરણ માટે મહત્વનો સ્રોત બન્યા છે.

**૬.૧.૧ મુલાકાત અનુસૂચિ**

આ સંશોધનમાં ૭ પ્રકારની મુલાકાત અનુસુચિ તૈયાર કરવામાં આવી છે. જેમકે વિદ્યાર્થી મુલાકાત અનુસૂચિ, આચાર્ય-શિક્ષક મુલાકાત અનુસૂચિ, વાલી મુલાકાત અનુસૂચિ, વિદ્યાર્થીની શૈક્ષણિક ગુણવત્તા માપન કસોટી પત્રક અને વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી પત્રક દ્વારા વિવિધ પ્રકારની વિગતો એકત્ર કરવામાં આવી છે.

**૬.૧.૧.૧ મુલાકાત અનુસૂચિની રચના (ઘડતર)**

પ્રસ્તુત સંશોધન "અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ: મૂલ્યાંકન અભ્યાસ"ના હેતુઓને ધ્યાનમાં રાખીને ૭ (સાત) પ્રકારની મુલાકાત અનુસૂચિઓનું ઘડતર કરવામાં આવ્યું છે. આ મુલાકાત અનુસૂચિ દ્વારા ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવા માટે પ્રશ્નોની રચના, ક્રમબદ્ધતા, સરળ ભાષા વગેરે બાબતોને લક્ષમાં રાખીને ગોઠવણી કરવામાં આવી છે. આ મુલાકાત અનુસૂચિમાં આશ્રમશાળા, આશ્રમી શિક્ષણ પ્રણાલી, જીવન ઘડતરલક્ષી પાસાંઓ, શિક્ષણની ગુણવત્તા, ભોજનની ગુણવત્તા, વિદ્યાર્થીઓના આરોગ્યની સ્થિતિ, શાળાની માળખાગત અને ભૌતિક સુવિધાઓ અને તેની સ્થિતિ, વિદ્યાર્થી-શિક્ષકો-સંચાલક મંડળના પ્રશ્નો, આદિવાસી સમુદાય ઉપર આશ્રમશાળાની અસરો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સ્થિતિ અને તેમનું જીવન વગેરે પાસાં સબંધિત પ્રશ્નોને મુલાકાત અનુસૂચિમાં મુકીને તેનું ઘડતર કરવામાં આવ્યું છે. મુલાકાત અનુસૂચિમાં આવશ્યકતા અનુસાર ખુલ્લા અને બંધ એમ બંને પ્રકારના પ્રશ્નો મૂકવામાં આવ્યા છે. આ મુલાકાત અનુસૂચિની રચના તબક્કાવાર કરવામાં આવી છે.

### ૬.૧.૧.૨ મુલાકાત અનુસૂચિની પૂર્વ ચકાસણી

મુલાકાત અનુસૂચિની રચના કર્યા બાદ તેની ગુણવત્તા વધે અને ચોક્કસાઈ લાવવાના હેતુથી દાહોદ જિલ્લાની ૫ (પાંચ) આશ્રમશાળાઓ જેમકે વાંગડ (તા.ફતેપુરા), ચોસાલા (તા.દાહોદ), સિંગાપુર (તા.લીમખેડા) માંડલી (તા.સંજેલી) અને ચિત્રોડીયા (તા.ઝાલોદ)ની તા.૧૬/૧૨/૨૦૧૫ થી તા.૨૨/૧૨/૨૦૧૫ દરમિયાન રૂબરૂ મુલાકાત કરીને મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

### ૬.૧.૧.૩ મુલાકાત અનુસૂચિને આખરી ઓપ

સંશોધન અભ્યાસ સંબંધિત તૈયાર કરેલી મુલાકાત અનુસૂચિની પૂર્વ ચકાસણી દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી કેન્દ્રના નિયામકશ્રી, સંશોધકશ્રીઓ અને તજજ્ઞશ્રીઓ સાથે ચર્ચા-વિચારણા કરી મુલાકાત અનુસૂચિમાં જણાવેલ ત્રુટિઓ, પ્રશ્નોની ક્રમબદ્ધતા, પ્રશ્નોનું પુનરાવર્તન, વિષય સંબંધિત પ્રશ્નો ઉમેરવા, પ્રશ્નોની ભાષામાં સરળીકરણ, પ્રશ્નોની ટૂંકી વાક્ય રચના વગેરે પ્રકારના સુધારા કરી મુલાકાત અનુસૂચિને આખરી ઓપ આપવામાં આવ્યો છે. મુલાકાત અનુસૂચિને આખરી ઓપ જાન્યુઆરી-૨૦૧૬ થી માર્ચ-૨૦૧૬ દરમ્યાન આપવામાં આવ્યો છે.

### ૬.૧.૧.૪ મુલાકાત અનુસુચિત દ્વારા પ્રત્યક્ષ રીતે માહિતીનું એકત્રીકરણ (ક્ષેત્રકાર્ય)

પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર એટલે કે ગુજરાત રાજ્યના ૨૧ જિલ્લાઓમાં કાર્યરત ૪૫૨ આશ્રમશાળામાંથી ૧૫% નમૂના પસંદગી મુજબ ૬૮ આશ્રમશાળાઓ સાથે સંકળાયેલા સંચાલક મંડળ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસના માહિતીદાતા રહ્યા છે. આ માહિતીદાતાઓને એપ્રિલ-૨૦૧૬ થી ઓક્ટોબર-૨૦૧૬ દરમિયાન સ્થળ પર રૂબરૂ મુલાકાત કરી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. સંશોધક અને સર્વેક્ષકોએ માહિતી એકત્રીકરણ દરમિયાન દરેક આશ્રમશાળાઓમાં ત્રણથી ચાર દિવસ રાત્રી રોકાણ કરીને વિવિધ મુલાકાત અનુસૂચિઓની વિગતો મેળવવામાં આવી છે.

### ૬.૧.૨ પ્રશ્નાવલી

પ્રસ્તુત અભ્યાસમાં આશ્રમશાળાની પ્રાથમિક માહિતી સંબંધિત વિગતો પ્રશ્નાવલી પ્રવિધિ દ્વારા મેળવવામાં આવી છે. પ્રશ્નાવલી પ્રવિધિમાં આશ્રમશાળાની વાસ્તવિક સ્થિતિ જાણવા સંખ્યાત્મક અને ગુણાત્મક પ્રકારની માહિતી પૂછવામાં આવી છે. જેમકે વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા, શિક્ષણની સ્થિતિ અને ગુણવત્તા, શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા, રમત-ગમતના સાધનોની ઉપલબ્ધતા, આદિવાસી વિદ્યાર્થીઓને સરકાર દ્વારા મળતા લાભો, વિદ્યાર્થીઓની શાળાકીય પ્રવૃત્તિમાં સહભાગીદારીતા, વિદ્યાર્થીઓનું પરિણામ, મહેકમ પ્રમાણે શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓની ઉપલબ્ધતા, આશ્રમશાળા અને છાત્રાલયની માળખાગત અને ભૌતિક સુવિધાઓ, પાણી-વીજળીની વ્યવસ્થા વગેરે સંબંધિત પ્રશ્નો પુછવામાં આવ્યાં છે. આ તમામ પ્રશ્નોના ઉત્તરો આચાર્યશ્રી દ્વારા આશ્રમશાળાઓની પ્રાથમિક માહિતીના પત્રકમાં ભરીને વિગતો પૂરી પાડવામાં આવી છે.

### ૬.૧.૩ કેન્દ્રિત જૂથચર્ચા (FGD)

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓ, આચાર્ય-શિક્ષકો અને વાલીઓ એમ ત્રણ જૂથો સાથે કેન્દ્રિત જૂથ ચર્ચા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ તથા વાલીઓની ૧૦ થી ૧૫ ની સંખ્યાના જૂથમાં અને આચાર્ય-શિક્ષકની ૪ થી ૫ ની સંખ્યાના જૂથમાં કેન્દ્રિત જૂથ ચર્ચા કરવામાં આવી છે. આ ત્રણેય જૂથો સાથે આશ્રમશાળા શિક્ષણની સ્થિતિ, શિક્ષણ વ્યવસ્થા, ભોજનની ગુણવત્તા, છાત્રાલય વ્યવસ્થા, જીવનઘડતર અને કૌશલ્ય વિકાસ, વિદ્યાર્થી-શિક્ષક-વાલી- સંચાલક મંડળ વચ્ચેના સંબંધો, તેમની વચ્ચેના વર્તન-વ્યવહાર, મનોવલણ, પ્રશ્નો, આશ્રમશાળાના ફાયદા-ગેરફાયદા, આદિવાસી સમુદાય પર આશ્રમશાળાની અસરો, આશ્રમશાળા શિક્ષણ સંદર્ભે પ્રતિભાવો અને સૂચનો વગેરે મુદ્દાઓની ઊંડાણથી ચર્ચા કરવામાં આવી છે. આ કેન્દ્રિત જૂથ ચર્ચા દરેક જૂથોની સમયની અનુકૂળતા અનુસાર યોજવામાં આવી છે. કેન્દ્રિત જૂથ ચર્ચાનો સમયગાળો સરેરાશ એકથી બે કલાકનો રહ્યો છે. તે એપ્રિલ-૨૦૧૬ થી ઓક્ટોબર-૨૦૧૬ દરમિયાન યોજવામાં આવી છે.

### ૬.૧.૪ મુલાકાત પદ્ધતિ

સંશોધન ક્ષેત્રને ઊંડાણથી સમજવાના ઉદ્દેશથી અભ્યાસના નમુનાની ૬૮ આશ્રમશાળાઓ સાથે જોડાયેલા સંચાલક મંડળ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સ્થળ પર રૂબરૂ મુલાકાત કરીને આશ્રમશાળા સંબંધિત વિવિધ પાસાંઓની ઊંડાણપૂર્વક માહિતી લેવામાં આવી છે. રૂબરૂ મુલાકાત દરમિયાન વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે ગામોમાં રહે છે તે ગામોમાં જઈને રૂબરૂ મુલાકાત કરીને તથા સંચાલક મંડળો જે સ્થળે ચાલે છે તે સ્થળની મુલાકાત કરીને આશ્રમશાળાની સ્થિતિ, આશ્રમી શિક્ષણ પ્રણાલી, આશ્રમશાળાની સંચાલન અને વહીવટી પ્રક્રિયા, આશ્રમશાળાના લાભાલાભ, આદિવાસી સમુદાયો પર આશ્રમશાળાની અસરો, આશ્રમશાળાની જરૂરિયાત, આશ્રમશાળા સંબંધી સમસ્યાઓ અને તેના સ્થાનિક ઉકેલો વગેરે મુદ્દાઓને ઊંડાણપૂર્વક જાણવામાં આવ્યા છે.

### ૬.૧.૫ નિરીક્ષણ પદ્ધતિ

નિરીક્ષણ એ માહિતી મેળવવા માટેની મહત્વની પ્રવિધિ અને સાધન છે. સંશોધકે સંશોધન વિષયના અનુસંધાનમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉત્તરદાતાઓની રૂબરૂ મુલાકાત કરી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવતી વખતે તથા વિવિધ જૂથો સાથે કેન્દ્રીય જૂથ ચર્ચા સમયે માહિતીદાતાના હાવભાવ, વાણી, વર્તન, લાગણી વગેરેનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આશ્રમી શિક્ષણ પ્રણાલી, આશ્રમશાળા- ભોજનાલય અને છાત્રાલયની સ્થિતિ તથા તેની સ્વચ્છતા, બાળકોમાં સ્વચ્છતા અને આરોગ્યની સ્થિતિ, ભોજનની ગુણવત્તા તથા જથ્થો, શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા અને ઉપયોગ, રમત-ગમતના તથા કસરતના સાધનોની ઉપલબ્ધતા અને સ્થિતિ, શાળા-છાત્રાલયની માળખાગત અને ભૌતિક સગવડતાઓ તથા તેની સ્થિતિ, વર્ગ

વ્યવસ્થા, જાજરૂ-બાથરૂમની સ્થિતિ અને સ્વચ્છતા, શિક્ષકો માટે રહેઠાણની વ્યવસ્થા, વાલીઓના ઘરની સ્થિતિ, રોજગારીના સંસાધનોની ઉપલબ્ધતા, સ્થિતિ અને તેના પ્રશ્નો, ઘરમાં રાચ-રચીલું, શાળાની જમીનમાં થતી ખેતી, પશુપાલન, ઉદ્યોગ, બાગ કામમાં વિદ્યાર્થીઓનું જોડાણ, શાળા-છાત્રાલયના વિવિધ કામોમાં વિદ્યાર્થીઓની સહભાગીદારીતા વગેરે પાસાંઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. નિરીક્ષણ દરમિયાન આશ્રમશાળા શિક્ષણ, ભોજન, રહેઠાણ, રાત્રી વાંચન, પ્રાર્થનાસભા વગેરે સંબંધિત પાસાંઓને વધુ ઊંડાણપૂર્વક સમજવા માટે આવશ્યકતા અનુસાર સહભાગી અને અસહભાગી નિરીક્ષણ કરી માહિતી એકત્ર કરવામાં આવી છે.

### ૬.૨ ગૌણ માહિતી

પ્રસ્તુત અભ્યાસમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે.

૧. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના સંશોધનો અને પ્રકાશનો
૨. કમિશનર કચેરી તથા આદિજાતિ વિકાસ વિભાગના એહવાલો
૩. જિલ્લા પંચાયતના અહેવાલો
૪. ગુજરાત વિદ્યાપીઠના પીએચ.ડી.ના સંશોધન અભ્યાસો અને પ્રકાશનો
૫. વસતી ગણતરીના અહેવાલો
૬. સરકારી, અર્ધ સરકારી અને બિનસરકારી સંસ્થાઓના અહેવાલો અને પ્રકાશનો
૭. ઈન્ફ્લીબનેટના પીએચ.ડી.ના શોધનિબંધો

- **સામયિકો**

૧. આદિવાસી ગુજરાત
૨. વિદ્યાપીઠ
૩. અર્થાત્
૪. અર્થસંકલન
૫. યોજના
૬. પાથેય

- વેબસાઈટ

૧. www.censusindia.gov.in
૨. www.censusindia.gov.in
૩. www.trti.gujarat.gov.in
૪. www.tribal.gujarat.gov.in
૫. www.comm-tribal.gujarat.gov.in
૬. www.tribal.nic.in
૭. www.shodhganga.inflibnet.ac.in

## ૭. માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ

સંશોધનમાં માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ ખૂબ જ મહત્વનો તબક્કો છે. પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત અનુસુચિ, પ્રશ્નાવલી અને કેન્દ્રિત જૂથ ચર્ચા દ્વારા મળેલી સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને સ્વરૂપની માહિતીને વ્યવસ્થિત રીતે ગોઠવણી કરવા માટે સંશોધક આંકડાશાસ્ત્રની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે. એકત્ર કરેલી માહિતીનું સામાન્યીકરણ કરવા અને પરસ્પરના કાર્યકારણના સંબંધને તપાસવા માહિતીનું પૃથ્થકરણ અને તપાસના પ્રશ્નો સાથે સંબંધિત અભિપ્રાયો અને વલણ વિષયક માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ મુખ્યત્વે નીચે મુજબની પદ્ધતિઓ દ્વારા કરવામાં આવ્યું છે.

### ૭.૧ સંજ્ઞાસૂચિ (Code sheet)

મુલાકાત અનુસુચિ, પ્રશ્નાવલી અને કેન્દ્રિત જૂથ ચર્ચામાં ઉત્તરદાતાએ આપેલા બધાં જ ખુલ્લા અને બંધ પ્રકારના પ્રશ્નોના જવાબોની વિશાળ માહિતીને ચોક્કસ સંજ્ઞા આપવામાં આવી છે ત્યારબાદ આ માહિતીનું ચોક્કસ સ્થાન નક્કી કરવામાં આવ્યું અને તેને ક્રમબદ્ધ કરવામાં આવી. આ પ્રકારે સૌપ્રથમ સંજ્ઞાસૂચિ તૈયાર કરવામાં આવી. દરેક મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલી અને કેન્દ્રિત જૂથ ચર્ચાની સંજ્ઞાસૂચિ અનુસાર કમ્પ્યુટરમાં એક્સલ સીટ બનાવીને દાખલ કરવામાં આવી. પ્રસ્તુત અભ્યાસમાં ૧૨ પ્રકારની સંજ્ઞાસૂચિ અને તેને આધારે ૧૨ પ્રકારની એકસલ સીટ તૈયાર કરવામાં આવી. આ અભ્યાસમાં સંજ્ઞાસૂચિ અને એક્સલ શીટ તૈયાર કરવાનું કાર્ય ઓક્ટોબર-૨૦૧૬ થી ડિસેમ્બર-૨૦૧૬ દરમિયાન કરવામાં આવ્યું છે.

### ૭.૨ ડેટા એન્ટ્રી

પ્રસ્તુત અભ્યાસમાં સંજ્ઞાસૂચિ અને એક્સલ શીટમાં ડેટા એન્ટ્રી શીટ તૈયાર કર્યા બાદ મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલી અને કેન્દ્રિત જૂથ ચર્ચાના માહિતી પત્રકોની વિગતો દાખલ કરવામાં આવી. જેમાં ચાર માહિતી પત્રકો જેવાકે આરોગ્ય તપાસ પત્રક (૮૧૬), શૈક્ષણિક ગુણવત્તા માપન કસોટી પત્રક (૮૧૬), વિદ્યાર્થી મુલાકાત પત્રક (૮૧૬) અને આશ્રમશાળા પ્રાથમિક માહિતી પત્રક (૬૮) ની ડેટા એન્ટ્રીનું કામ કેન્દ્રના સર્વેક્ષકો દ્વારા કરવામાં આવ્યું. જ્યારે ૮ માહિતી પત્રકોની ડેટા એન્ટ્રી બહારની કંપની WIZ CREATION PVT LTD સોંપવામાં આવી. આ પત્રકોમાં આચાર્ય-શિક્ષકની મુલાકાત અનુસૂચિ (૨૬૨), વાલી મુલાકાત અનુસૂચિ (૩૪૦), પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીની મુલાકાત અનુસૂચિ (૬૧૮), શિક્ષક-કેન્દ્રિત જૂથ ચર્ચા (૬૮), વિદ્યાર્થી-કેન્દ્રિત જૂથ ચર્ચા (૬૮), વાલી-કેન્દ્રિત જૂથ ચર્ચા (૬૮), સંચાલકશ્રીની મુલાકાત અનુસૂચિ (૬૮) અને નિરીક્ષણ પત્રક (૬૮)ની ડેટા એન્ટ્રીનું કાર્ય બહાર કરાવવામાં આવ્યું છે. પ્રસ્તુત અભ્યાસની ડેટા એન્ટ્રીનું કાર્ય ડિસેમ્બર-૨૦૧૬ થી માર્ચ-૨૦૧૭ દરમિયાન કરવામાં આવ્યું છે.

મુલાકાત અનુસુચિ, પ્રશ્નાવલી અને કેન્દ્રિત જૂથ ચર્ચા દ્વારા મળેલ માહિતી (Data)ની કમ્પ્યુટરની એક્સલ શીટમાં ડેટા એન્ટ્રી કરી. ત્યારબાદ એકસલ શીટમાંથી માહિતી (Data)ને

એસ.પી.એસ.એસ. (SPSS) સોફ્ટવેરમાં દાખલ કરી. જે માહિતી (Data) Data viewમાં જોવા મળે છે. તેમજ Variable view માં આવશ્યક્તા અનુસાર name, label, Value વગેરેની વિગતને દાખલ કરવામાં આવી.

**૭.૩ માહિતીનું કોષ્ટકીકરણ અને વિશ્લેષણ**

એસ.પી.એસ.એસ. (SPSS) સોફ્ટવેરમાં દાખલ કરેલી વિગતોનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિ અનુસાર માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટકીકરણ કરવામાં આવ્યું છે. માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટકીકરણમાં માહિતીને ક્રમ, વિગત, આવૃત્તિ અને ટકાવારી અનુસાર કોષ્ટકોની રચના કરવામાં આવી છે. આ કોષ્ટકોમાં આવશ્યકતા અનુસાર બે કે ત્રણ પરિવર્ત્યોને સાંકળીને સહ-સંબંધ તપાસવામાં આવ્યો છે. અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખીને માહિતીનું વર્ગીકરણ, કોષ્ટકીકરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ઉપલબ્ધ થયેલ તારણો, નિષ્કર્ષ અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. આ કાર્ય એપ્રિલ-૨૦૧૭ થી જૂલાઈ-૨૦૧૭ દરમ્યાન કરવામાં આવ્યું છે.

૮. એકમોની વ્યાખ્યા (શાબ્દિક અર્થ)

૮.૧ આશ્રમશાળા કોને કહેવાય ?

"આશ્રમશાળા"નો અર્થ સમજતાં પહેલાં 'આશ્રમ'નો અર્થ સમજવો જરૂરી છે. વેદકાલીન ભારતમાં સંસારનો ત્યાગ કરીને ઋષિમુનિઓ જંગલોમાં પોતાનાં આશ્રમો સ્થાપીને રહેતા હતા. શિષ્યો ઋષિમુનિઓના આશ્રમમાં અભ્યાસ માટે આવીને રહેતા હતા. વિદ્યાર્થીઓ વિદ્યા મેળવીને ચાલ્યા જતા. આશ્રમોમાં શિષ્યોની એક નિશ્ચિત જીવન પદ્ધતિ અનુસરીને વિદ્યા મેળવવાની રહેતી હતી. હાલની આશ્રમશાળાઓમાં રહેલા 'આશ્રમ' શબ્દ મૂળ પ્રાચીન આશ્રમનો જ ખ્યાલ છે.

ગાંધીજીએ આંદોલન અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા માટે જે સંસ્થાઓ સ્થાપી તેને તેઓ "આશ્રમ" તરીકે ઓળખાવતા હતા.

આશ્રમશાળા યોજના હેઠળ અનુદાન મેળવતી સંસ્થા એટલે આશ્રમશાળા.

આશ્રમશાળા એટલે આશ્રમમાં શાળા.

૮.૨ શિક્ષણ એટલે શું ?

ગાંધીજીએ કહ્યું હતું કે 'શિક્ષણ એટલે માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ ચારિત્ર્ય અને ધર્મભાવનાનું ભાન'. શિક્ષણનો બીજો અર્થ 'કેળવણી' કરવામાં આવે છે. 'કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા'.

૮.૩ આશ્રમી શિક્ષણ કોને કહેવાય ?

આશ્રમી શિક્ષણ એટલે આશ્રમમાં રહીને વિદ્યાર્થીઓને જે પાયાની કેળવણી કે બુનિયાદી શિક્ષણ અથવા નઈ તાલીમનું શિક્ષણ આપવામાં આવે છે તે.

અક્ષરજ્ઞાન સાથે જે જીવન ઘડતરનું જ્ઞાન મળે છે તે.

## ૯. સંશોધન અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધન અભ્યાસનું મહત્વ નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધન કેન્દ્ર અને રાજ્ય સરકારને આગામી સમયમાં આશ્રમશાળા સંબંધિત નીતિ નિર્ધારણ, વિકાસ યોજનાઓ તથા કાર્યક્રમો ઘડવામાં ઉપયોગી બનશે તેમજ તેનું આયોજન, અમલીકરણ, દેખરેખ તથા મૂલ્યાંકન કરવામાં મદદરૂપ બનશે.

૨. આદિજાતિ મંત્રાલય-ન્યુ દિલ્હી અને આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગરને આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે અલગથી "શિક્ષણ નીતિ" ઘડવામાં પથદર્શક બનશે.

૩. આ અભ્યાસ સરકાર અને આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓ ચલાવતા સંચાલક મંડળોને વર્તમાન સમયમાં આશ્રમશાળાઓની સ્થિતિ સમજવામાં, શાળાની સુવ્યવસ્થિત કાર્યપ્રણાલી ગોઠવવામાં, વિદ્યાર્થીઓના શિક્ષણ, રહેઠાણ, ભોજન અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓ સમજવામાં તથા તેનું નિરાકરણ લાવવામાં, શાળા-છાત્રાલયના ભૌતિક અને માળખાગત પ્રશ્નો ઓળખવામાં તથા તેને ઉકેલવામાં માર્ગદર્શકરૂપ બનશે.

૪. પ્રસ્તુત સંશોધન સરકાર અને સંચાલક મંડળને શિક્ષણની સ્થિતિ, આદિવાસી સમાજમાં શિક્ષણનું નિમ્ન સ્તર અને તેના પરિબળો, વિદ્યાર્થીઓનું અધ્ધ વચ્ચેથી શાળા છોડવાનું ઊંચું પ્રમાણ અને તેના કારણો, આદિવાસી બાળકોનું શિક્ષણની ગુણવત્તા નબળી રહેવાના કારણો અને તેના ઉપાયો વગેરે પાસાંઓને ઊંડાણપૂર્વક સમજવામાં મદદરૂપ બનશે.

૫. આ સંશોધન અભ્યાસ સરકાર, સંચાલક મંડળો અને શિક્ષકોને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવામાં, આશ્રમી શિક્ષણ પ્રણાલીને ઉત્તમ બનાવવામાં તથા આશ્રમશાળાની આદિવાસી સમાજ પર હકારાત્મક અસરો ઊભી કરવામાં ઉપયોગી બનશે તથા આશ્રમશાળાનો વિકાસ કરવામાં સહાયરૂપ થશે.

૬. આ અભ્યાસના તારણોના આધારે ભવિષ્યમાં આશ્રમશાળાના ક્યાં પાસાંઓ પર ઊંડાણથી સંશોધન કરવા જેવું છે, આશ્રમશાળા સંદર્ભે સંશોધન કરવા ઇચ્છતી સંશોધન સંસ્થાઓને, સરકારને, શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રસ્તુત સંશોધનમાંથી ઊંડાણપૂર્વકનું જ્ઞાન મળશે તથા પ્રસ્તુત સંશોધન માર્ગદર્શિકાની જેમ ઉપયોગી બનશે.

૭. આ અભ્યાસ આશ્રમશાળામાં નોકરીએ જોડાતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને આશ્રમશાળાનો ખ્યાલ, આશ્રમી શિક્ષણ પ્રણાલી, આશ્રમશાળાનું માળખું, શાળા-છાત્રાલયની કામગીરી, જવાબદારી, વ્યવસ્થાઓ વગેરે સમજવામાં મદદરૂપ બનશે

૮. પ્રસ્તુત સંશોધન અભ્યાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ભવિષ્યમાં આશ્રમશાળા સંબંધિત કેવા કેવા સંશોધનો કરવા, શિક્ષકો અને રસોઈયાઓને કયા

પ્રકારની તાલીમ આપવી અને અન્ય કામગીરી સંબંધિત ઊંડાણપૂર્વકની જાણકારી મળશે.

**૧૦. સંશોધન અભ્યાસની મર્યાદાઓ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસની શરૂઆતથી અંત સુધી જે કેટલીક મર્યાદાઓ સામે આવી છે તે નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યમાં ચાલતી અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ પૂરતો મર્યાદિત છે. ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિ (આદિવાસી)ની આશ્રમશાળાઓ ઉપરાંત બક્ષીપંચ, વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના બાળકો માટે પણ આશ્રમશાળાઓ ચાલે છે. આથી પ્રસ્તુત અભ્યાસના તારણો, નિષ્કર્ષ અને સામાન્યીકરણ અન્ય જાતિના બાળકો માટે ચાલતી આશ્રમશાળાઓને લાગુ પાડી શકાય નહીં જે આ અભ્યાસની મર્યાદા છે.

૨. ગુજરાત રાજ્ય ઉપરાંત દેશના અન્ય રાજ્યો જેવાકે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઓરિસ્સા, કર્ણાટક વગેરે રાજ્યોમાં પણ અનુસુચિત જનજાતિના બાળકો માટે આશ્રમશાળાઓ ચાલે છે. આથી આ સંશોધનના તારણો, નિષ્કર્ષ અને સામાન્યીકરણ આ આશ્રમશાળાઓને લાગુ પાડી શકાય નહીં જે પ્રસ્તુત અભ્યાસની મર્યાદા છે.

3. પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના ૨૧ જિલ્લાઓમાં કાર્યરત આશ્રમશાળાઓનો છે. આ જિલ્લાઓની આશ્રમશાળાઓમાં વિવિધ ૨૫ આદિવાસી જાતિઓના બાળકો અભ્યાસ કરે છે. ખાસ તો આ વિદ્યાર્થીઓની મુલાકાત અનુસૂચિ ભરતી વખતે તથા વિદ્યાર્થીઓ સાથે કેન્દ્રિત જૂથ ચર્ચા કરવા દરમિયાન બાળકો જુદી જુદી આદિવાસી બોલી બોલતા જાણવા મળ્યા, જેમકે કોંકણી, ડાંગી, ભીલી, વસાવી, ચૌધરી, રાઠવી વગેરે. જેથી આ વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નોના ઉત્તરો મેળવવામાં તથા સમજવામાં ઘણી મુશ્કેલીઓ પડી. આ ઉપરાંત વિદ્યાર્થીઓના વાલીઓની મુલાકાત દરમિયાન વાલી મુલાકાત અનુસૂચિ અને વાલીઓ સાથેની કેન્દ્રિત જૂથ ચર્ચામાં પણ પ્રશ્નોના જવાબો મેળવવામાં પ્રાદેશિક (આદિવાસી) બોલી મર્યાદારૂપ રહી.


૪. આ સંશોધનમાં પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્રીકરણ દરમિયાન તેમના ગામ કે ઘરે જઈને વિગતો મેળવવામાં આવી છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં તેઓ રોજગારી માટે બહારગામ ગયેલ હોય કે રોજગારી માટે સ્થળાંતર કરેલ હોવાથી તેઓ ઉપલબ્ધ બન્યાં નથી તેમજ કેટલાક ગામમાં ઓછા કિસ્સાઓ મળવાથી એક ગામથી બીજા ગામ અને બીજા ગામથી ત્રીજા ગામ જવું પડયું, કેટલાક ગામમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઘણા શોધવા છતાં પણ ન મળવાથી આયોજન અનુસાર મુલાકાત અનુસૂચિઓ ભરી શકાય નથી જે પ્રસ્તુત અભ્યાસની મર્યાદા રહી છે.

૫. સંશોધન અભ્યાસમાં વાસ્તવિક પરિસ્થિતિ જાણવી ખૂબ જ જરૂરી હોય છે, જેથી પ્રસ્તુત અભ્યાસ દરમિયાન આશ્રમશાળા સ્થળની મુલાકાત વખતે સંચાલક મંડળ કે આચાર્યશ્રીને જાણ કર્યા વગર આ સ્થળોની મુલાકાત લેવામાં આવી છે. પરંતુ આ પ્રકારની પદ્ધતિ કેટલાક સંચાલક મંડળ કે આચાર્યોને યોગ્ય લાગી નથી. કારણ કે જાણ કરીને જવાથી વાસ્તવિક પરિસ્થિતિમાં સુધાર થઈ જાય છે અને સાચી વિગતો મળતી નથી અથવા સાચું નિરીક્ષણ કે મૂલ્યાંકન થઈ શકતું નથી. જેથી આ પદ્ધતિને અનુસરવામાં આવી. પરંતુ બે આશ્રમ શાળાઓની મુલાકાત દરમિયાન સંચાલક મંડળે આશ્રમશાળા સ્થળોની મુલાકાત કરવા દીધી નથી અને વિગતો આપી નથી. જેને કારણે પાછળથી આયોજન અનુસાર આ બે આશ્રમશાળાઓમાં ફેરફાર કરવો પડ્યો છે અને નવી આશ્રમશાળાઓ લેવી પડી છે. જે પ્રસ્તુત અભ્યાસની મર્યાદા બની છે.

૬. પ્રસ્તુત અભ્યાસની તમામ વિગતો ઉત્તરદાતાઓ કે આશ્રમશાળા સ્થળની રૂબરૂ મુલાકાત લઈને મેળવવામાં આવી છે. કેટલીક બાબતમાં માહિતી આપનાર ઉત્તરદાતાઓ અને નિરીક્ષણની હકીકત વચ્ચે તફાવત જોવા મળ્યો છે. જેથી સંશોધકે વાસ્તવિકતાને પૂર્ણપણે તપાસમાં પ્રયત્ન કરેલ છે જેમાં કોઈ ખામી રહી જવા પામી હોય શકે છે.

૭. પ્રસ્તુત અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી આશ્રમશાળાના વિવિધ પાસાંઓને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં કોઈ પાસું ઓછું તપાસ આવ્યું હોય કે તે પાસાં પર ઓછું ધ્યાન ગયું હોય તેવું બનવા સંભવ છે. જેથી ભવિષ્યમાં આશ્રમશાળા સંદર્ભમાં અભ્યાસ કરવા માગતા સંશોધકોએ સતર્કતાથી કામ કરવું ખૂબ આવશ્યક છે.

આશ્રમશાળા મૂલ્યાંકન અભ્યાસ સંદર્ભે સંચાલકો, આચાર્ય-શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે આશ્રમશાળા શિક્ષણ, ભોજન અને રહેઠાણ વ્યવસ્થા અંગે માહિતી મેળવતા અને પ્રશ્નોતરી કરતા સંશોધકો અને સર્વેક્ષકો





















# પ્રકરણ - ૩ સાહિત્ય સમીક્ષા

## ૧. પ્રસ્તાવના

કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં શિક્ષણએ મહત્વનું પાયાનું એકમ છે. શિક્ષણ એ સમુદાયની વિકાસ માટેની પારાશીશી છે. ઔપચારિક કે અનૌપચારિક રીતે મળતાં શિક્ષણ દ્વારા જ્ઞાન ઉપાર્જન થાય છે, તેનાથી વ્યક્તિનો અને પરોક્ષ રીતે સમાજ કે રાષ્ટ્રનો વિકાસ થાય છે.

ભારતીય પરંપરા મુજબ શિક્ષણ પ્રણાલીને જોઈએ તો વૈદિકકાળમાં શિક્ષણ એ આશ્રમી વ્યવસ્થા પ્રમાણે ગોઠવાયેલુ હતું. જેમાં શિખવનાર ગુરુ અને જ્ઞાન પામનાર શિષ્ય ગણાતો. અહીં જ વિદ્યાર્થી તરીકે શિષ્યના જીવનના અગત્યના પાસાઓંનું ઘડતર અને ચણતર થતું હતું. વૈદિકકાળ બાદ ભારતમાં અનેક વિદેશી પ્રજાઓ આવી. આક્રમણ અને શાસન કર્યું. આમ સમયાંતર ભારતીય શિક્ષણની શૈલીઓમાં અને પ્રણાલીમાં આમુલ પરિવર્તન જોવા મળે છે.

ભારતમાં બ્રિટીશરોનું રાજ શરૂ થતાં વર્ગખંડ અને પદવી આધારીત શિક્ષણ પ્રથા દાખલ થઈ. શિક્ષણને "નોકરી"ના સંદર્ભમાં જોવાની શરૂઆત થઈ. બ્રિટિશ શાસનકાળમાં મેકેલો જેવા અંગ્રેજ શિક્ષણવિદે ભારત આવી હોદ્દાની રૂએ ભારતની શિક્ષણ પ્રણાલી ધરમૂળથી ફેરવી નાંખી. આ શિક્ષણમાં જીવન ઘડતરની વાતો ન્હોતી. પરંતુ બ્રિટિશરોએ સમુદાયના વિકાસ માટે શિક્ષણને મહત્વનું પાસુ ગણ્યુ. પોતાને શાસન ઉપયોગી નીવડે એવા કારકુનો અને વહીવટદાર તૈયાર થાય એવા શિક્ષણની શરૂઆત કરી. ભારતીય સમાજ સુધારકોના પ્રયાસો અને દેશી રાજ્યોના રાજા દ્વારા પણ શિક્ષણ અંગે મહત્વના કાર્યો અને કાયદાઓનું ઘડતર થયું. બ્રિટિશરો કન્યા કેળવણી અંગે પહેલ કરી. આ પરંપરા ૧૯મી સદી સુધી જોવા મળે છે. ૧૯મી સદીમાં આઝાદ ભારતના લડવૈયા અને સમાજ સુધારકો દ્વારા તેમજ બ્રિટીશ શાસકોના સંયુક્ત પ્રયાસથી સમાજના નબળા અને કચડાયેલા, અવાજ વિહીન સમાજના સર્વાંગી વિકાસની ચળવળ શરૂ થઈ. આઝાદી પૂર્વનાં ભારતના તમામ રાજ્યનો ઈતિહાસ તરફ દ્રષ્ટિ દોડાવીએ તો ખ્યાલ આવશે કે પૂજ્ય મહાત્મા ગાંધી અને તેના સમકાલીનો, અનુયાયી કે અનુગામી દ્વારા નઈ તાલીમ કે બુનિયાદી શિક્ષણ પ્રણાલી શરૂ કરી. જેમા સ્વાશ્રયી અને સ્વાવલંબનના ગુણો ખિલાવતી કેળવણીની હિમાયત કરી. જે શિક્ષણમાં શ્રમ અને ઉદ્યોગનો શિક્ષણ સાથે અનુબંધ જોડ્યો. આમ ભારત અને ગુજરાતના અંતરિયાળ વિસ્તારોના ગામોમાં નઈ તાલીમ અને બુનિયાદી શિક્ષણ આધારિત જ શિક્ષણ નહી, પરંતુ બાળકને પાયાની કેળવણી આપતી સંસ્થાઓ દ્વારા નિવાસી શાળાની શરૂઆત થઈ આ સંસ્થાઓ એ ગુરુ-શિષ્ય પરંપરાવાળી પૌરાણિક ઢબવાળી આશ્રમો નહી, પરંતુ ગ્રામીણ બાળકોની શૈક્ષણિક અને સર્વાંગી વિકાસ માટેની આશ્રમશાળાઓ શરૂ કરી.

આશ્રમી શિક્ષણ પ્રણાલીએ દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતાં સમુદાયોના વિકાસમાં ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરે છે. આ બાબતનો શ્રેય ધાર્મિક

પરંપરાથી પ્રેરાઈને ઊભી થયેલી સંસ્થાઓને પણ જાય છે. ભારતમાં ખ્રિસ્તી મિશનરી સંસ્થા પણ તેમાંની એક છે.

ભારતની સાથોસાથ ગુજરાતમાં પણ પૂ.અમૃતલાલ વી. ઠક્કર (ઠક્કરબાપા), જુગતરામ દવે (જુકાકા) વગેરેનાં અથાગ પ્રયાસોથી આદિવાસી સમુદાયના શિક્ષણ માટેની ચળવળ ચાલી. જેના ભાગરૂપે ૧૯૨૨માં દાહોદ જીલ્લાના મીરાંખેડીમાં ભીલ સેવા મંડળ સંચાલિત આશ્રમશાળા શરૂ થઈ. તે છાત્રાલયવાળી નિવાસી શાળાની શરૂઆત હતી. જે આદિવાસી સમુદાય માટે આશીર્વાદ સમાન બની. ત્યાર બાદ ભારતમાં અનુસૂચિત જનજાતિના સામાજિક, આર્થિક, શૈક્ષણિક ઉત્કર્ષ માટે જુદી જુદી સમિતિઓ આવી, જેમાં સમયાંતરે વિવિધ સમિતિઓએ આદિવાસીઓના વિકાસ માટે વિવિધ ભલામણો કરી. ૧૯૨૮ થી ૧૯૯૬ સુધીમાં આવેલ સમિતિઓએ વિવિધ ભલામણો કરી, જેને લઈને સમગ્ર ભારત તેમજ ગુજરાતમાં આદિવાસી શિક્ષણમાં આવેલ ઉત્તરોત્તર પરિવર્તન પણ આપણે જોઈ શકીએ છીએ.

અનુસૂચિત જનજાતિનો શૈક્ષણિક વિકાસ જોવા જઈએ તો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ આદિવાસી કુમાર-કન્યાનું શિક્ષણનું સ્તર ઘણુ સારું છે. જ્યારે ઉચ્ચ શિક્ષણમાં આ પ્રમાણ ઘટવા પામ્યું છે. પરંતુ સમગ્ર શિક્ષણના સ્તરમાં કુમાર કરતાં કન્યાનું શિક્ષણનું પ્રમાણ પણ ઘણુ ઓછું છે. આદિવાસીઓમાં કુલ સાક્ષરતા દર ૬૨.૮૦ છે, જેમાં ૭૧.૮૦% પુરુષો અને ૫૩.૨૦% એ સ્ત્રીઓ સાક્ષર છે. તેમજ બંને વચ્ચે એટલે કે ૧૮.૬૦% જેટલો શિક્ષણમાં જેન્ડર ગેપ જોવા મળે છે.

આદિવાસી સમુદાયના બાળકોનાસર્વાંગી ઉત્કર્ષ માટે કાર્યરત આશ્રમશાળાઓ આદિજાતિ વિકાસ વિભાગ,આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગરના અનુદાનથી ગુજરાતના ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન, સૌરાષ્ટ્ર ઝોન કે મધ્ય ઝોન સ્થિત જીલ્લાઓમાં આવેલ છે. ગુજરાતના 33 જીલ્લાઓ પૈકી ૧૪ આદિવાસી જિલ્લાઓ અને ૭ બિનઆદિવાસી જિલ્લાઓ મળીને ૪૫૨ જેટલી આશ્રમશાળાઓ આપણાં ગુજરાતમાં દુર્ગમ વિસ્તારમાં રહેતા કુટુંબોના બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. આ આશ્રમશાળાઓમાં અપાતાં શિક્ષણની ગુણવત્તા, શિક્ષણની પ્રણાલી, છાત્રાલયની સુવિધા, બાળકોને અપાતું ભોજન પોષણક્ષમ મળે છે કે નહી? આ અંગે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રો, આદિજાતિ અનુસંધાન-મધ્યપ્રદેશ, ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલોપમેન્ટ રિસર્ચ-અમદાવાદ, સેન્ટ્રલ ફોર સોશિયલ સ્ટડીઝ-સુરત, ગુજરાત રાજ્ય મૂલ્યાંકન કચેરી, જાણીતા સમાજશાસ્ત્રી ડૉ.વિદ્યુત જોષી દ્વારા થયેલા અભ્યાસો સર્વેક્ષણને આધારે અલગ-અલગ સમયાંતરે કરવામાં આવ્યા છે. જે આ સંશોધનમાં આધારભૂત દસ્તાવેજો તરીકે ઉપયોગી નિવડ્યા છે. એ માટે અહીં મુકવાનો પ્રયાસ કર્યો છે.

## ૨. પૂર્વે થયેલા સંશોધન અભ્યાસોની સાહિત્ય સમીક્ષા

### ૨.૧ આશ્રમશાળાઓ - એક અધ્યયન (આદિવાસી શિક્ષણનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ)

**સંશોધક-ડૉ.વિદ્યુત જોષી, ૧૯૮૦**

પ્રસ્તુત અભ્યાસમાં બદલાતા રાજકીય સંદર્ભોની શિક્ષણ વ્યવસ્થા પર થતી અસરોના સંદર્ભમાં આશ્રમશાળાઓનું આશ્રમશાળા યોજના પહેલા અને આશ્રમશાળા યોજના પછી શિક્ષણની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસની અંદર પસંદ કરવામાં આવેલ અભ્યાસ હેઠળની આશ્રમશાળાઓને (૧૯૨૨ થી ૧૯૭૮)ને ચાર તબક્કામાં વહેંચી નાખવામાં આવ્યો છે. જેમાં ગાયકવાડ દ્વારા, બ્રિટીશ સરકાર દ્વારા તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી આશ્રમશાળાઓને ચોક્કસ સમયગાળા મુજબ પસંદ કરવામાં આવી છે.

ગુજરાતમાં ૧૯૨૧ શરૂ થયેલી આશ્રમશાળાઓ અને ૧૯૫૪માં આશ્રમશાળા યોજના ઘડવામાં આવી કે જે તમામ સરકારના અનુદાન આધારીત અને બુનિયાદી શિક્ષણ પ્રણાલીને વરેલા કેટલાંક સમાજસેવકોએ સ્થાપેલ સંસ્થાઓ દ્વારા તેનું સંચાલન કરવામાં આવતું હતું અને હાલમાં પણ સંચાલકો દ્વારા જ તેનું સંચાલન થઈ રહ્યું છે.

આદિવાસી સમાજ વ્યવસ્થાને શિક્ષણના માધ્યમ દ્વારા વિકાસને માર્ગે લઈ જવા માટેનો સરકારના પ્રયાસને સમજવા માટે તેમજ આવી શિક્ષણ સંસ્થાઓ વ્યાપક સમાજના અન્ય કયા અંગો સાથે કેવા સંબંધોથી જોડાયેલી છે એ અંગે સમાજશાસ્ત્રીય રીતે અભ્યાસ કરવાની જરૂર પડે જ. ડૉ.વિદ્યુતભાઈ જોષીએ આશ્રમશાળા એક અધ્યયન અભ્યાસને ચાર તબક્કામાં વહેચ્યો છે. આ ચારેય તબક્કાઓમાં બદલાતાં રાજકીય સંદર્ભોએ આશ્રમ શિક્ષણ ઉપર શું અસર ઊભી કરી છે એ જોવાનો પ્રયાસ કર્યો છે. જે અભ્યાસ આશ્રમશાળા યથાસ્થિતિ મૂલ્યાંકન અભ્યાસમાં ઉપયોગી થઈ શકે એટલા માટે તેનો સંદર્ભ અહી ટાંકવામાં આવ્યો છે.

આશ્રમશાળાઓ એક અધ્યયન વિષયક અભ્યાસને બે ભાગમાં વહેચવામાં આવ્યો છે. જેના પહેલા ભાગમાં આશ્રમશાળા યોજના પૂર્વેનું આદિવાસી શિક્ષણ, આશ્રમશાળાઓનો ઉદ્ભવ, ગાંધી અને તેના અનુયાયીઓની ભૂમિકા, આશ્રમી વ્યવસ્થા ઉભી કરવા સંસ્થાએ કરેલી પ્રવૃત્તિઓ, હિતોની પરિપૂર્તિના સંદર્ભે ઉદ્ભવેલા જૂથોને, હિતધારકોને જોવાનો પ્રયાસ થયો છે. આશ્રમી વ્યવસ્થા ઉભી કરવામાં રાજ્ય તંત્રોની જવાબદારી અને ભાગીદારી અંગેની ચર્ચા કરવામાં આવી છે. આ સાથે જ આશ્રમી શિક્ષણની શરૂઆત માટે જવાબદારી સામાજિક સંદર્ભોની પણ ચર્ચા કરી છે.

આશ્રમી શિક્ષણના વિકાસથી જીવન શૈલી, આશ્રમ જીવનના સામાજિક સિદ્ધાંતો, આશ્રમવાસીની માન્યતાઓ અને આશ્રમવાસીનું વર્તન-વ્યવહાર, શિક્ષણનું સ્વરૂપ, સ્વાતંત્ર્ય આંદોલનો અને સમાજ સુધારણા, તે સમયના અર્થોપાર્જન માટેના સાધનો વગેરેની ચર્ચા કરવામાં આવી છે. પહેલા ભાગમાં આશ્રમી શિક્ષણનું સંસ્થીકરણમાં પ્રાંતિક સ્વરાજ્યનો ઉદ્ભવ

અને વિકાસગાથા, જીલ્લા સ્કુલ બોર્ડ, આશ્રમી વ્યવસ્થાને મળતી ભૌતિક સગવડો જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આશ્રમશાળા અધ્યયનના પ્રથમ તબક્કાને આધારે ખ્યાલ આવે છે કે આશ્રમશાળા સ્થાપનાનો મુખ્ય આશય અક્ષરજ્ઞાન નહોતો પરંતુ બીજા તબક્કામાં પ્રાથમિક તબક્કામાં બુનિયાદી શિક્ષણ સાધારણ પ્રાથમિક કક્ષાનું ૧ થી ૭ ધોરણ સુધીનો અભ્યાસ શરુ કર્યો.

પ્રસ્તુત અભ્યાસમાં સુરત જીલ્લાની આશ્રમશાળાઓના વિકાસની બાબતો અને તે માટે જવાબદાર પરિબળોની વાત કરવામાં આવે છે. અભ્યાસના બીજા ભાગમાં આશ્રમશાળા યોજના પછી આશ્રમશાળાઓની વાત કરવામાં આવી છે. અહી સંસ્થાઓને રાજકીય પરિબળ માત્ર સરકાર દ્વારા નાણાંકીય સહાય દ્વારા સંસ્થા ચલાવવાની વાત કરવામાં આવી. સંસ્થા અને સરકાર વચ્ચેના સહકારના સંબંધો વિકસે છે. અહી આશ્રમશાળાને બંધારણને કારણે રાજ્યની જવાબદારીનું અંગ માનવામાં આવે છે. આશ્રમશાળામાં આવતા બાળકોને સમાજના પછાત રહી ગયેલા સમાજની અનુસૂચિમાં આવતાં બાળકો ગણવામાં આવે છે. તેમને અનામતનો લાભ મળે છે. સંસ્થાનો વ્યાપ વધે છે. નેતૃત્વની પરિપાટી બદલાય છે. આશ્રમશાળા બુનિયાદી શિક્ષણ પ્રણાલીને રાષ્ટ્રીય સ્તરે સંસ્થીકૃત બનાવવી. રાજકરણી સંચાલકોના બળ અને વટ આશ્રમશાળામાં વધવાની શરૂઆત આ સમયથી થઈ. આશ્રમી શિક્ષણના ધ્યેયો અહી બદલાય છે. અહી અભ્યાસાર્થે આવતા બાળકો નવા સમાજની સામાજિક-સાંસ્કૃતિક બાબતોને ગ્રહણ કરતા થાય છે. આ બીજા તબક્કામાં શિક્ષણ જ્ઞાન ઉપરાંત ઉદ્યોગ તાલીમ અને ઉત્પાદનનું ધ્યેય તો રહે છે, પરંતુ ઉદ્યોગમાં બદલાવ આવે છે. ગાંધીજીના અગિયાર વ્રતોની અસર થોડી અહી ઓસરતી હોય એવું લાગે છે. અને ગ્રામાભિમુખનો સિદ્ધાંત પણ આ તબક્કામાં નબળો પડે છે એવું લેખક આલેખે છે. નગરાભિમુખતા વધવા પામે છે. શિક્ષણ મેળવી લીધું હોય એમની આશ્રમી જીવન પદ્ધતિની માન્યતામાં બદલાવ આવે છે. નિષ્ઠાવાન કાર્યકરોની સંખ્યા ઘટે છે. ખાદી વણાટના કામો મંદ પડે છે. આશ્રમશાળા યોજના આવતા સ્વાશ્રયના સિદ્ધાંતો પૈકી શ્રમનું મૂલ્ય ઘટે છે. છતાં સમયપાલન, પ્રાર્થના વગેરે વ્યક્તિગત કૌશલ્યો બાળકો શીખે એ બાબતનું ધ્યાન આ સમયગાળામાં પણ રખાયું છે. આ તબક્કામાં પહેલા તબક્કાની આશ્રમી વ્યવસ્થામાં થયેલા કડવા અનુભવોને કારણે અપરિણીત શિક્ષક-શિક્ષિકાઓને બદલે પરિણીત દંપતીઓને નોકરી પર રાખવાની શરૂઆત થાય છે. આશ્રમશાળા સંગઠનની શરૂઆત થાય છે, જેમાં જીલ્લા સ્કુલ બોર્ડ દ્વારા સંચાલિત રાનીપરજ છાત્રાલયોવાળી નિવાસીશાળા, બોર્ડીંગશાળા અને આશ્રમશાળા એમ ત્રણ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ શરૂઆતના આ તબક્કામાં શરૂ થાય છે.

આશ્રમશાળાઓના સંગઠનની મધ્યમાં શિક્ષકો છે. શિક્ષકોની ભરતીમાં લાયકાત નહિ, પરંતુ તેની આશ્રમ વ્યવસ્થા પરની શ્રદ્ધાને કારણે તેમને રાખવામાં આવતા હતા. આશ્રમ યોજના આવ્યા બાદ શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીની ઓળખ ઉભી થઈ. આશ્રમશાળાઓમાં ભણાવવામાં આવતા વિષયો, પરીક્ષા પદ્ધતિઓ, શિક્ષકોની સંખ્યા અને વર્ગ લેવાની પદ્ધતિ

આશ્રમશાળા પોતાની રીતે ગોઠવી લેતી હતી. આ સમયમાં ભૌતિક સંપત્તિ આશ્રમશાળાઓની નહિ, પરંતુ સંસ્થાની ગણાતી. આ તબક્કાઓની આશ્રમશાળાઓ માટે રેંટિયા ખાદી કરતા ખેતી કામને પ્રાધાન્ય આપવામાં આવ્યું એવું લેખક પોતાના અભ્યાસના આધારે દર્શાવવાનો પ્રયાસ કરે છે. જેથી આશ્રમશાળામાં તો ફાયદો થતો, પરંતુ આશ્રમશાળાની આસપાસના વિસ્તારમાં પણ ખેતીલાયક જમીનો સુધરી તેવું લેખક નોંધે છે. આશ્રમી જીવન પ્રણાલીથી આદિવાસીઓ ખેતીને પ્રાધાન્ય આપતા થયા. આથી આદિવાસીઓમાં જમીનવાળા અને જમીન વગરના આદિવાસી કુટુંબો એવા બે વર્ગો ઊભા થયા. અહીંથી જ શિક્ષણમાં પણ જાતિવાર શિક્ષણના પ્રમાણ વધઘટ અનુભવાતી જોઈ શકાય છે. આ જ સમયગાળામાં આદિવાસીઓ માટે સ્વૈચ્છિક રીતે સમાજકાર્યનું કામ નહિ, પરંતુ વ્યાવસાયિક રીતે સમાજકાર્યનું સ્વરૂપ બહાર આવી રહ્યું હતું.

આશ્રમશાળા યોજના પછી આશ્રમશાળાઓનું ઉત્કૃષ્ટિકરણ માટેનો સમયગાળો ઈ.સ. ૧૯૬૪ થી ૧૯૭૮ સુધીનો દર્શાવાયો છે. ગાંધીએ બતાવેલા રાહ પર ચાલનારી આ સંસ્થાઓના હોદ્દેદારોએ ગાંધી મૂલ્યો ફૂલેફાલે એવા પ્રયાસો કર્યા જેનો સહકાર સરકારે પણ આપ્યો. આશ્રમશાળા અધિકારીની વરણી થવાની શરૂઆત થઈ. આશ્રમશાળાના ઉત્કૃષ્ટિકરણના સમયગાળામાં ગુજરાતમાં પંચાયતીરાજની  સ્થાપના થઈ. ગામડે ગામડે શાળા બની તેમજ રાનીપરજ સેવા સભાનું વિકેન્દ્રીકરણ થયું. કાર્યકરો પણ બદલાયા નવી વિચારધારાઓનું ઉમેરણ થયું. આથી નવા હિતજૂથો ઉભા થયા. ગ્રામાભિમુખનું સ્થાન શહેરી ઔદ્યોગિક અભિમુખતાએ લીધું. આ સમયના આશ્રમશાળા અન્ય સંસ્થા અને તાલુકાકક્ષાની નેતૃત્વની ગૂંથણી આ સમયમાં ગોઠવાઈ હતી. અક્ષરજ્ઞાન આપવાનું કામ પંચાયત દ્વારા ચાલતી શાળાઓએ પણ લીધું અહી ખેતી, ખેતીકામ તાલીમ અને ખેતી ઉત્પાદનને આશ્રમશાળાના ખર્ચને પહોચી વળવાના સાધન તરીકે ગણવામાં આવતું. પરંતુ જીલ્લા પંચાયતની શાળા કરતા આશ્રમશાળા વ્યવસ્થાએ આદિવાસી બાળકો અને સમજ માટે સાર્વત્રિકરૂપે આશીર્વાદ સમાન છે.

ત્રીજા તબક્કામાં સ્વાતંત્ર્યતા આવતા કોંગ્રેસ દેશની ધુરાવાહક બને છે. શિક્ષણ સંસ્થાઓ ચલાવનારાઓ સત્તા ઉપર આવે છે. ક્રાંતિકારી શિક્ષણ વ્યવસ્થા ત્રીજા તબક્કામાં બે પ્રકારના બિનશિક્ષક કર્મચારી રાખવાની કલ્પના કરવામાં આવી હતી. આ તબક્કામાં ૧ થી ૭ ધોરણના બાળકો હતા. એટલે નાના બાળકો પણ હતા. આ તબક્કામાં આશ્રમશાળાના મકાનો કાચા, દેશી નળીયાવાળા અને છાણ માટીના લીંપણવાળા છે. અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ ત્રણેય આશ્રમશાળાઓમાં વીજળી નથી. મૂળભૂત સુવિધાઓનો અભાવ અહી જોવા મળે છે. ખેતી વિષયક શિક્ષકો નહોતા, માત્ર અક્ષરજ્ઞાન માટે જ આશ્રમશાળા એ ભૂમિકા ભૂસાય છે. ત્રીજા તબક્કામાં આદિવાસી શિક્ષણની ભૂખ વધારે ઉઘડી નહોતી. ઈ.સ. ૧૯૭૪-૭૫ની સ્થિતિએ દરેક આદિવાસી વિસ્તારોમાં દર પાંચ કિલોમીટરે શાળા હોય એવી નોંધ જોવા મળે છે.

ચોથા તબક્કામાં ગાંધી વિચારનો રસ લુપ્ત થતો લેખકને લાગ્યો. આશ્રમી જીવનના સિદ્ધાંતો અને માન્યતાઓ બદલાઈ છે. પોશાક, શ્રમ અને સમયપાલનનું ચુસ્તપણે અનુસરણ કરે છે. શુદ્ધ સાત્વિક ભોજન આપવાનો આગ્રહ આ સમયમાં પણ રખાયો. આશ્રમશાળા અધિકારીઓની નિયુક્તિ આ સમયગાળામાં થાય છે. આશ્રમશાળાઓનું સંચાલન એક પદ્ધતિસરના દાયરામાં ગોઠવાય છે. ત્રિસ્તરીય પંચાયત માળખામાં આદિવાસીઓનું પ્રતિનિધિત્વ વધવાનું શ્રેય આશ્રમશાળાઓને પણ જાય છે. રાનીપરજ સેવા સભાનું વિકેન્દ્રીકરણ થાય છે. શહેર ઔદ્યોગિક અભિમુખતા બળવત્તર બને છે. ત્રીજા તબક્કા કરતા ચોથા તબક્કામાં જે મૂળ સંસ્થાઓની આશ્રમશાળા હતી તેના કરતા વધુ આશ્રમશાળાઓની શરૂઆત થાય છે. સંસ્થાઓ વચ્ચે સ્પર્ધાનો દોર શરૂ થાય છે. આદિવાસી વિસ્તારમાંથી વધુ સામાજિક કાર્યકરો તૈયાર કરવાનું ચલણ વધે છે. વિદ્યાર્થીઓ માટે ખેતીની તાલીમ અને સંસ્થામાંથી ખેત ઉત્પાદનમાંથી આવક પેદા કરવાનું વલણ અહી જોવા મળે છે. માત્ર આદિવાસી નહિ, પરંતુ મધ્યમ વર્ગને પોષણ એ વાત અહી કરવામાં આવી છે. દિનશાળાઓ કરતા આશ્રમશાળાઓને વિશિષ્ટ પ્રકારની ઉત્કૃષ્ઠ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ તરીકે વિકસાવવાનું ધ્યેય સાર્વત્રિક રીતે અને સભાનપણે આ તબક્કામાં સ્વીકારવામાં આવ્યું. વળી, દિનશાળામાં ભણતા અન્ય આદિવાસી બાળકો કરતા આ આદિવાસી બાળકો કઈંક ઉત્કૃષ્ઠ પ્રકારના છે તેવી માન્યતા દ્રઢ બનતી જાય છે. આદિવાસીઓ પણ ઊંચ-નીચ વર્ગનું વલણ-માન્યતા અહી પોષતી હોય એવું સંશોધક આ તબક્કામાં નોંધે છે. આશ્રમી જીવન પ્રણાલી આદિવાસી બાળકો માટે જ અને બીજા વર્ગ માટે નહિ એવું કેમ તે વલણ આ તબક્કામાં આવે છે. આર્થિક-રાજકીય વર્ગ ધરાવતો વર્ગ આગળ આવે છે. આ તબક્કામાં જ વાણીના સિદ્ધાંતો અને વર્તનના સિદ્ધાંતોનો ભેદ વર્તાવવા માંડે છે. અહી ખાદી-વણાટનું કામ સંશોધકને ધ્યાને ચડતું નથી, પરંતુ વિદ્યાર્થીઓના ગણવેશ અને શિક્ષકોના રોજીંદા પોશાકમાં એક ગણવેશ રૂપે દ્રષ્ટિગોચર થાય છે. સંશોધકને આશ્રમશાળાઓની મુલાકાત દરમિયાન ખાદી માત્ર પ્રતિકાત્મકરૂપ લાગી. શ્રમદાન વિદ્યાર્થીઓ પૂરતું સીમિત બને છે, પરંતુ સમયપાલનનું મહત્વ આ તબક્કામાં પણ નજરે ચડે છે. આશ્રમશાળાઓમાં બાળકોના રસોડા ખર્ચ કે ભોજન ખર્ચ પેટે રૂ.૪૫ અને પછી ૫૫/- આ સમયમાં કરવામાં આવ્યા. ગાંધી બોધ્યા અસ્વાદ, સાદગીના નિયમો પળાય છે. પરંતુ બાળકોને ચોરી છુપીથી મદ્ય-માંસાહાર વાલીઓ 'તરફથી આપવામાં આવે છે. આ તબક્કામાં દિવસમાં ત્રણ વખત પ્રાર્થના થતી જોવા મળે છે. સાંસ્કૃતિક કાર્યક્રમ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પણ થતી જોવા મળે છે. અહી બાળક આદિવાસી સંસ્કૃતિ કરતાં બિનઆદિવાસી સંસ્કૃતિ તરફ ખેચાણ વધુ અનુભવતો હોય એવું જોવા મળે છે. આ તબક્કામાં આશ્રમશાળાઓ માત્ર શિક્ષણનું કામ કરનાર એકમ જ રહ્યું. આથી શિક્ષકો પણ શાળા છોડીને જતા રહેતા થયા. સંચાલકો પોતાના માણસોની ગોઠવણી કરતા થયા. વળી છેલ્લા તબક્કામાં તો શિક્ષણ સિવાયની અન્ય કોઈ રચનાત્મક પ્રવૃત્તિઓ આશ્રમશાળાઓમાં દ્રષ્ટિગોચર થતી નથી એવું સંશોધક આલેખે છે. ચોથા તબક્કામાં મોટાભાગની આશ્રમશાળામાં

મોટા બાળકો વધુ પ્રમાણમાં એટલે કે દસ વર્ષથી મોટી ઉમરના બાળકો છે. જીલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ગામો ગામ શાળાઓ ખુલે છે. અહી દિનશાળા અને આશ્રમશાળાઓ વચ્ચે તુલના થાય છે. અહી દિનશાળા કરતા આશ્રમશાળાઓ સાધન સગવડની દ્રષ્ટીએ ઉચ્ચ દરજ્જો પામતી હોય તેવું જોવા મળે છે. તાલીમ પામેલા શિક્ષકો અને આચાર્યોનું ભરતી વલણ આવે છે એવું આ તબક્કામાં જોવા મળે છે. બુનિયાદી શિક્ષણ એ વ્યાપક શિક્ષણ વ્યવસ્થામાં ગોઠવાય છે. એક જ પ્રકારના અભ્યાસક્રમની શિક્ષણ પ્રણાલીમાં આશ્રમશાળાઓનો અભ્યાસક્રમ બને છે. વૈકલ્પિક વિષયોમાં બુનિયાદી 'શિક્ષણના મૂળ' મૂલ્યો આધારિત વિષયોનો સ્વીકાર થાય છે. તાસ (સત્ર/સેમેસ્ટર) પદ્ધતિ આવે છે.

ચોથા તબક્કામાં આશ્રમશાળામાં ભૌતિક સંસાધન વધારવા માટે અનુદાનની રકમ વધારવામાં આવે છે. આ તબક્કામાં મકાનો વિલાયતી નળીયાવાળા, પાકા અને લાદીવાળા છે. આધુનિકતા આંખ સામે આવે છે. આ તબક્કામાં વીજળી આશ્રમશાળાઓમાં જોવા મળે છે. અહી સંશોધકે ખર્ચને બે ભાગમાં વહેચ્યા છે. આવર્તક અને બિન આવર્તક ખર્ચ. આ તબક્કામાં આશ્રમશાળાને મળતાં સરકારી અનુદાન સામે અન્ય વિદેશી ફંડ પણ મળવાની શરૂઆત થાય છે. આવક, ખર્ચ, નફો વગેરેની નોંધ કરવામાં આવે છે. વિદ્યાર્થીદીઠ ખર્ચમાં વધારો થતો જોવા મળે છે. શિક્ષકોની ભરતી વગેરે સરકારના ધારાધોરણો, નીતિનિયમો મુજબ થવાની શરૂઆત થાય છે. વૈજ્ઞાનિકઢબે ખેતીની તાલીમ અપાય છે. અહી ગામડે ગામડે એક સ્થળે બાળકોને એકઠા કરી અક્ષરજ્ઞાન આપવાનું કામ શરૂ થયું છે. ચોથા તબક્કામાં આશ્રમશાળામાં વધુને વધુ બાળકો શાળામાં શિક્ષણ મેળવવા માટે આવ્યા એટલે વાલીઓનો આશ્રમશાળામાં બાળકોને શિક્ષણ આપવાની ભૂખ ઉઘડી હોય એવું લાગે છે. પ્રવેશ સંદર્ભે બાળકની શૈક્ષણિક લાયકાત પણ આ તબક્કામાં જોવામાં આવતી એવું સંશોધકે નોંધ્યું છે, એટલે કે કોઈકને કોઈક પ્રકારની પ્રવેશ પદ્ધતિ અસ્તિત્વમાં આવી હોય એવું જોવા મળ્યું છે. આ તબક્કામાં સંશોધકે સામાજિક ભૂમિકા જાણવા માટે સાતમાં ધોરણમાં વિદ્યાર્થીઓ પાસેથી હકીકતો જાણવાનો પ્રયાસ કર્યો છે, જેમાં ગામમાં શાળા ન હોવી. આશ્રમશાળામાં પ્રવેશ માટેની પ્રક્રિયા વગેરેનો ખ્યાલ આવે છે. આર્થિક રીતે નબળા હોય એવા બાળકો આશ્રમશાળામાં આવે છે. ગાંધી પ્રેરીત બધા મૂલ્યો, વ્રતોનું પાલન આશ્રમશાળા પૂરતા સીમિત રહ્યા એવું સંશોધકને જોવા મળ્યું છે. બોરીસાવર, કેવડી, પાતલ, કરચેલીયા, કરોડ અને ગડતની આશ્રમશાળાઓમાં વ્યવસાયિક ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવાની આકાંક્ષા વધુ સેવે છે. આમ આશ્રમી શિક્ષણની સંસ્થાઓ અને આદિવાસી શિક્ષણમાં તેમની ભૂમિકા સમયાંતરે બદલાઈ છે. રાજકીય સંદર્ભમાં થતા બદલાવની અસરમાં પણ વખતોવખત ફેરફાર જોવા મળે છે. જે તપાસવાનું કાર્ય આ અભ્યાસના સંશોધકશ્રી ડૉ.વિદ્યુતભાઈ જોષીએ કર્યું છે. આ અભ્યાસ આશ્રમશાળા યથાસ્થિતિ મૂલ્યાંકન અભ્યાસમાં આદિવાસી સમાજ પર આશ્રમશાળાના શિક્ષણની અસર, બાળકોનું શૈક્ષણિક સ્તર, ભૌતિક અને માનવીય સુવિધા વગેરે સ્થિતિ જોવામાં ખૂબ ઉપયોગી થઈ પડી છે.

## ૨.૨ ગુજરાતના અનુસૂચિત જનજાતિઓની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ

**(એક મૂલ્યાંકન અભ્યાસ)**

**સંશોધક-ડૉ.ઠાકોરભાઈ નાયક, ૧૯૮૯**

આ અભ્યાસ મહત્વના હેતુ તરીકે ૧. વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટેનો સ્રોત, ૨. અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ, ૩. આશ્રમશાળાઓની આદિવાસી શિક્ષણમાં ઉપયોગીતા, ૪. જાતિવાર વિદ્યાર્થીઓની સંખ્યા, ૫. આશ્રમશાળાના પ્રશ્નો અને સંભવિત ઉકેલો, ૬. ઉચ્ચ શિક્ષણ મેળવતા અને માધ્યમિક શિક્ષણ મેળવતાં વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે હેતુઓને લઈને આ સામાજિક સંશોધન કરવામાં આવ્યું છે.

નિદર્શ તરીકે અહીં સ્વૈચ્છિક નિદર્શન પદ્ધતિ દ્વારા ૮૮ ઉત્તર બુનિયાદી શાળામાંથી ચાર જીલ્લામાંથી એક ઉત્તરબુનિયાદી શાળાની પસંદગી કરવામાં આવી જેમાં કુલ વિદ્યાર્થીની સંખ્યા મુજબ આશ્રમશાળામાંથી ૩૦ વિદ્યાર્થીઓને પ્રસ્તુત અભ્યાસ માટે ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા. માત્ર ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યો હોય તેવા ૧૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૦ પછી ઉચ્ચતર માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ અભ્યાસ કર્યો હોય એવા ૧૦ વિદ્યાર્થીઓને પણ ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ૧૦ વાલીઓનો પણ સંપર્ક કરી આશ્રમશાળાની આદિવાસી સમાજ ઉપર અસર જાણવામાં આવી હતી.

માહિતી એકત્રીકરણની પ્રવિધિઓ પૈકી પ્રશ્નાવલી, અનુસુચિ અને નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ અસરકારક માહિતી મેળવવા માટે કરવામાં આવ્યો હતો. સંશોધન પધ્ધતિઓ અને માહિતી એકત્રિકરણની પધ્ધતિના ઉપયોગ દ્વારા જે ડેટા એકત્ર કરવામાં આવ્યા એ ઉપરથી તારવેલ તારણો અને નિષ્કર્ષોને જોતાં જણાય છે કે આશ્રમશાળા આદિવાસી સમાજ માટે એક ઉત્તમ વ્યવસ્થા છે. આશ્રમશાળામાં અભ્યાસ કરવાને કારણે યુવક-યુવતીઓનું વ્યવસાયિક જીવન ધોરણ સુધરે છે. વ્યવસાય માટેની તક વધુ સાંપડે છે. અપવ્યય અને સ્થિતિગતતાનું પ્રમાણ ઘટે છે છતાં કુમાર અને કન્યાના શિક્ષણ મેળવવાના આંકને જોઈએ તો કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થા દ્વારા નવી શરૂ કરવામાં આવતી આશ્રમશાળાઓ પાસે પોતાની માલિકી કહી શકાય એવી જમીનનો અભાવ જોવા મળે છે. ઓછી આવકવાળા કુટુંબોના સભ્યોમાં માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં ઉત્તર બુનિયાદી શાળાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે. ભૌતિક સુવિધાઓ ઓછી અને ભોજન પણ પોષણયુક્ત હોય એમ જણાતું નથી. ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં કક્ષાવાર પરિક્ષામાં નાપાસ થાય તો શિક્ષણમાં રસ ઊડી જાય છે. જેથી તેમનું શિક્ષણ છોડવાનું પ્રમાણ વધી જાય છે.

## ૨.૩ ગુજરાતની નઈ તાલીમ સંસ્થાઓની વર્તમાન સ્થિતિનો સર્વેક્ષણ અભ્યાસ

**લેખક - શ્રી વિનાયક ધોત્રે, શ્રી જેસીંગભાઈ ડાભી, શ્રી નરોત્તમભાઈ પટેલ**

આ સંશોધનમાં નઈ તાલીમ શિક્ષણ પ્રણાલીનો ઉદ્દભવ અને વિકાસ, શિક્ષણની ગુણવતા, બુનિયાદી / નઈતાલીમ સંઘ સાથે સંકળાયેલ સંસ્થાનું માળખું, વ્યવસ્થા તંત્ર, સંસ્થામાં બનાવવામાં આવતાં અભ્યાસક્રમો, શિક્ષણની ગુણવતા વગેરે સંદર્ભે વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યોના મંતવ્યો જાણવા, તેમજ નઈ તાલીમ દ્વારા શરૂ થયેલ શાળાઓની સ્થાનિક સમાજ પર પડતી અસરોને આ અભ્યાસમાં તપાસવામાં આવી છે.

ઉપરોક્ત હેતુને ચાકસવા માટે અહીં સંશોધકે ગુજરાત રાજ્યની ૬૫૩ આશ્રમશાળાઓ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા પૈકી ૫૯૭ આશ્રમશાળાઓમાંથી માહિતી એકત્રિકરણ કરવા માટે પ્રશ્નાવલી પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ અભ્યાસમાં કુલ પાંચ પ્રકારની પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી. જેમાં આશ્રમશાળા માટે, ઉત્તર બુનિયાદી અને ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલયો, ગ્રામ વિદ્યાપીઠો, અધ્યાપન મંદિરો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજો (જી.બી.ટી.સી.) ના વિદ્યાર્થી શિક્ષણગણ વગેરે પાસે પ્રશ્નાવલી દ્વારા ઉત્તરો મેળવવામાં આવ્યા.

માહિતીના પૃથ્થકરણ અને વિશ્લેષણને આધારે મળેલ તારણો હાલના સંશોધનને પૂરક થાય અહીં દર્શાવવામાં આવ્યા છે.

૧. કુમારોની સંખ્યા કરતા કન્યાની સંખ્યા ઘણી ઓછી છે.

૨. ઉપલા ધોરણમાં જતાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું હોય એવું જોવા મળે છે.

3. મોટાભાગની આશ્રમશાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળ્યો હતો.

૪. આધુનિક શિક્ષણમાં દ્રશ્ય - શ્રાવ્ય સાધનોની ઉપયોગીતા ઘણી હોવા છતાં આશ્રમશાળાઓમાં પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો અભાવ જોવા મળ્યો હતો.

## ૨.૪ ગુજરાત રાજ્યના આદિવાસી બાળકોને મળતી શૈક્ષણિક સવલતોને લગતો અભ્યાસ તેમજ અધવચ્ચેથી અભ્યાસ પડતાં મુકવાના કારણોની તપાસ.

**સંશોધક – બી. એસ. કુમાર**

આશ્રમશાળા યથાસ્થિતિ મૂલ્યાંકન અભ્યાસના હેતુ અનુરૂપ જ ગુજરાતની ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેવલોપમેન્ટ રીસર્ચ-અમદાવાદ દ્વારા ૨૦૦૧માં થયેલ સંશોધન અભ્યાસના મહત્વના પાસાંઓની અહીં છણાવટ કરવામાં આવી છે જે આ મુજબ છે.

હેતુઓ- ૧. આદિવાસી શિક્ષણના વિકાસ અને ઉત્તેજન માટે ઉપલબ્ધ શાળાકીય સુવિધાઓની તપાસ અને સમીક્ષા કરવી.

૨. આશ્રમશાળાઓની કામકાજની પદ્ધતિનો અભ્યાસ, તેનું જુદાપણું તપાસવું.

૩. બાળકોનું શાળા છોડવાનું કારણ જાણવું.
૪. શૈક્ષણિક પ્રેરણાદાયી કાર્યક્રમનું અમલીકરણ કેવી રીતે થાય છે તેની સમીક્ષા કરવી.
૫. આદિવાસી બાળકોને શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મળે છે કે નહીં.
૬. શૈક્ષણિક કાર્યક્રમોને કઈ રીતે અસરકારક બનાવી શકાય.

ઉપરોક્ત હેતુઓને પરિપૂર્ણ કરવા માટે સંશોધન કરનાર સંસ્થાના સંશોધકોએ કુલ ચાર જીલ્લાઓની પસંદગી કરી છે. જેમાં દાહોદ, વલસાડ, નર્મદા અને બનાસકાંઠા જીલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જિલ્લાઓમાં દાહોદ, કપરાડા, રાજપીપળા અને પાલનપુર તાલુકામાંથી માહિતી એકત્રિત કરવામાં આવી છે.

અભ્યાસના વિસ્તારમાં આવેલી પંચાવન(૫૫)માંથી સોળ (૧૬) આશ્રમશાળા (નવી અને જુની બંને પ્રકારની) પસંદ કરવામાં આવી, જેમાં તેર (૧૩) આશ્રમશાળા એ પ્રકારે પસંદ કરવામાં આવી. જ્યાં ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ આપવામાં આવતું હોય. જ્યારે ત્રણ (૩) ઉત્તર બુનિયાદી શાળાઓ હતી. આ તમામ શાળાઓમાંથી કુલ ૧૯૨૬ જેટલા વિદ્યાર્થીઓને ઉત્તરદાતાઓ તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

પ્રસ્તૃત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રિકરણના ઉપકરણો પૈકી અનુસુચિ પધ્ધતિનો ઉપયોગ કર્યો. માહિતી એકત્રીકરણ બાદ પ્રાપ્ય માહિતીનું પૃથ્થકરણ અને વિશ્લેષણ કર્યા પછી જે તારણો બહાર આવ્યા, તે અહીં રજૂ કરવામાં આવ્યા છે.

૧. આશ્રમશાળાની ક્ષમતાં કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.
૨. ઘણી આશ્રમશાળા પાસે શિક્ષણકાર્ય માટેના વર્ગખંડો તેમજ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેના રહેણાંક આવાસોની સુવિધા સારી નથી.
૩. આદિજાતિ વિકાસ વિભાગ તરફથી વિદ્યાર્થીઓને નાણાંકીય વર્ષ દરમિયાન બે વખત ગણવેશ આપવામાં આવે છે, છતાં બધી જ શાળામાં વિદ્યાર્થીઓના ગણવેશ જોવા મળતાં નહોતાં શાળાઓમાં તેનુ પ્રમાણ માત્ર ૩૦% થી ૪૦% જોવા મળ્યું હતું.
૪. મોટાભાગની શાળામાં વીજળીની સુવિધાઓ હોવા છતાં ઓરડામાં પૂર્ણ પ્રકાશ-વીજળીની સુવિધાનો અભાવ જોવા મળે છે.
૫. સંશોધન અભ્યાસ હેઠળની ૧૩ આશ્રમશાળાઓમાં પુસ્તકાલય છે પરંતુ તે સંદર્ભના લેખિત દસ્તાવેજોનો અભાવ જોવા મળ્યો.
૬. નિદર્શન માટે પસંદગી યુક્તની મોટાભાગની આશ્રમશાળાઓ પાસે ખેતીલાયક જમીન તેમજ ખેતીકામ માટે જરૂરી મૂળભુત સંશાધનોનો અભાવ જોવા મળ્યો.
૭. શિક્ષણની ગુણવત્તાના સંદર્ભમાં આશ્રમશાળા અને જીલ્લા પંચાયત હસ્તકની શાળાઓમાં વિશેષ તફાવત જોવા મળ્યો ન્હોતો. બંને પ્રકારની શાળાઓમાં વિદ્યાર્થીઓની જાણકારી, સમજ અને મેળવેલ જ્ઞાનના સ્તરમાં તેમજ મેળવેલ પરિણામોમાં ઝાઝો તફાવત જોવા મળ્યો ન્હોતો.

૮. વસતિની દ્રષ્ટિએ મોટા કે મધ્યમ કદના ગામોમાં કે જે જીલ્લા સ્થળથી નજીક હોય ત્યાં અનુસૂચિત જનજાતિના બાળકોના શિક્ષણ માટે બેવડા પ્રયત્નો કરવામાં આવ્યો છે. જ્યારે અંતરિયાળ ગામોમાં કોઈ વિશેષ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. આદિવાસી ક્ષેત્રોમાં માત્ર ૧૦% થી ઓછા વિસ્તારોમાં આશ્રમશાળાઓ હતી.

૯. આશ્રમશાળાઓનો વહીવટ સ્વૈચ્છીક સંસ્થા કરતી હોય છે. આ બધી જ સંસ્થાઓ આદિવાસી શિક્ષણના પ્રચાર માટે સંપૂર્ણપણે કટિબદ્ધ નથી.

૧૦. આશ્રમશાળા સંચાલકો રાજકીય વગ દ્વારા તેમજ આર્થિક લાભ મેળવવા માટે શાળા ચલાવતાં હોય એવું જોવાં મળે છે.

૧૧. આશ્રમશાળામાં નોકરી અર્થે જોડાયેલ શિક્ષકો પેન્શનપાત્ર નોકરીમાં ન હોવાને કારણે તક મળતાં જીલ્લા પંચાયત હસ્તકની શાળામાં જતાં રહે છે.

## ૨.૫ આશ્રમશાળાઓનો મૂલ્યાંકન અભ્યાસ

**અભ્યાસક- નિયામકશ્રી, મૂલ્યાંકન વિભાગ - ગાંધીનગર**

આ સિવાય ગુજરાત સરકારનાં મૂલ્યાંકન વિભાગ દ્વારા આશ્રમશાળાઓની મહત્તમ સંખ્યા કેટલી હોવી જોઈએ અને તેનો કેટલો ઉપયોગ થઈ રહ્યો છે. અપવ્યયનું પ્રમાણ કેટલુ છે વગેરે હેતુને લઈને ૧૯૮૭માં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અભ્યાસના વર્ષના ૧૦ વર્ષ પહેલાંની આશ્રમશાળા લેવામાં આવી જે માટે આદિવાસી જીલ્લાની વસતિ ધરાવતાં ૧૪ જીલ્લાઓ પૈકી ૭ જીલ્લાની આશ્રમશાળાની પસંદગી સંશોધનની યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવી. જીલ્લાઓની આશ્રમશાળાઓને ઉત્તર, મધ્ય અને દક્ષિણ ઝોનમાં વહેંચવામાં આવી. જેથી માહિતીનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે. જે જીલ્લાઓમાં વધુ આશ્રમશાળાઓ હોય એવો એક જીલ્લો પસંદ કર્યો હતો. દરેક જીલ્લાઓમાંથી નવ આશ્રમશાળાઓ અને પ્રત્યેક આશ્રમશાળામાંથી ૩૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા. આ ઉપરાંત આશ્રમશાળાની આદિવાસી સમાજ પર અસર જોઈ શકાય એ માટે આશ્રમશાળામાં અભ્યાસ ન કર્યો હોય એવા દસ કુટુંબોને ઉત્તરદાતા તરીકે લેવામાં આવ્યા હતા.

માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી, મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કર્યો.

ઉપરોક્ત સંશોધન પધ્ધતિ અને માહિતી એકત્રીકરણની પ્રવિધિઓ દ્વારા મળેલ પ્રસ્તુત આ અભ્યાસના જે તારણો બહાર આવ્યા એ નીચે મુજબ છે.

૧. તમામ જીલ્લાઓમાં બુનિયાદી શાળાઓ હોવા છતાં નવ જીલ્લાઓમાં આશ્રમશાળાઓ કાર્યરત છે.

૨. શાળામાં દાખલ થતાં કુલ વિદ્યાર્થીઓમાંથી ભટકતી જાતિના બાળકો અને વિચરતિ જાતિના બાળકો બાદ અનુસૂચિત જનજાતિ બાળકોમાં અપવ્યયનું પ્રમાણ વધુ છે.

૩. પૂર્વ પ્રાથમિક ધોરણોમાં આશ્રમશાળાના માળખાનું ધોરણ એક સમાન નથી.

૪. આશ્રમશાળાના વિદ્યાર્થીઓના અભ્યાસના ધોરણોમાં ચઢતાક્રમ મુજબ જોઈએ તો અપવ્યયનું પ્રમાણ વધે છે.

૫. શાળા છોડવાના કારણોમાં આર્થિક, માતા-પિતાનો વ્યવસાય, વિદ્યાર્થીની અભ્યાસમાં અરૂચિ, તેમજ અન્ય શાળામાં પ્રવેશ મેળવવો વગેરે જાણી શકાયું છે.

૬. બાળકોને આપવામાં આવતા ભોજન સંદર્ભે અનાજનો જથ્થો પૂરતાં પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

૭. આશ્રમશાળાની મુલાકાત સમયે તેતાલીસ(૪૩) શિક્ષકો પાસેથી માહિતી લીધી, જેમાં ૨૪ અનુસૂચિત જનજાતિના હતા. બાકીના અન્ય જાતિના હતા.

૮. આશ્રમશાળા પોતાની માલિકીની ૩.૩ એકરથી માંડી ૨૩ એકરની જમીન ધરાવે છે.

૯. વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરાવવામાં આવતો નથી.

૧૦. વિદ્યાર્થીઓની સંખ્યા અને મોંઘવારીને ધ્યાનમાં રાખીને અનુદાન મળતું નથી.

૧૧.આશ્રમશાળા આદિજાતિ સમાજના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી અને મહત્વનું એકમ છે.

૧૨.શૈક્ષણિક સ્તર પ્રમાણે આશ્રમશાળાના બાળકોમાં જ્ઞાન પૂરતાં પ્રમાણમાં હોતું નથી.

૨.૬. આદિજાતિ આશ્રમશાળા યોજનાઃ મૂલ્યાંકન અભ્યાસ

**સંશોધક - ડૉ.રવીન્દ્ર પંચોલી અને શ્રી દેવચંદ વહોનીયા**

આશ્રમશાળા સંદર્ભે ગુજરાતની અલગ અલગ સંસ્થાઓ દ્વારા જે સંશોધન અભ્યાસો કરવામાં આવ્યા છે. આ સાથે જ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૨૦૧૧-૧૨માં ભારત સરકાર વતી આદિજાતિ આશ્રમશાળા યોજના મૂલ્યાંકન અભ્યાસ ડૉ.રવીન્દ્ર પંચોલી અને શ્રી દેવચંદ વહોનીયા દ્વારા કરવામાં આવ્યો.

આ અભ્યાસના હેતુઓ જોઈએ તો -

૧. આશ્રમશાળાથી આદિવાસી શિક્ષણમાં આવેલ પરિવર્તન જાણવું.

૨. આદિવાસી શિક્ષણના વિકાસ અને ઉત્તેજન માટે આશ્રમશાળાઓનું માળખુ તેમજ વ્યવસ્થાતંત્ર તપાસવું.

૩. શાળાકીય સુવિધાઓની તપાસ તેમજ પર્યાપ્તતા તપાસવી.

૪. વિદ્યાર્થીઓની ધોરણ પ્રમાણેની લાયકાત (ક્ષમતા) તપાસવી.

૫. પ્રાપ્ય સુવિધાઓથી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સંતોષ છે કે નહી તે જાણવું.

૬. આશ્રમશાળા અભ્યાસમાં અપવ્યયનું પ્રમાણ જાણવું.

૭. શૈક્ષણિક કામગીરીમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓનો અમલ થાય છે તેની સમીક્ષા કરવી.

૮. શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ અસરકારક બનાવવા નીતિ વિષયક ભલામણો કરવી.

૯. આશ્રમશાળાઓ ચલાવવા સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનની ઉપલબ્ધતા તેમજ તેના ઉપયોગની યોજના તપાસવી.

૧૦.આશ્રમશાળાની સમસ્યાઓ અને તેના સંભવિત ઉકેલો વિચારવા.

ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા માટે ગુજરાત સ્થિત ૪૫૦ આશ્રમશાળામાંથી દરેક જીલ્લાનું અને દરેક દાયકાનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે દસ(૧૦) ટકા પ્રમાણે આશ્રમશાળાની પસંદગી કરવામાં આવી હતી. આ નમુના પસંદગી માટે યદ્દચ્છ નિદર્શન પદ્ધતિની લોટરી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. નમૂના માટે જુદા-જુદા સંચાલક મંડળની આશ્રમશાળાઓને પસંદ કરવામાં આવી હતી. કેટલાંક જિલ્લાઓમાં એક દાયકામાં એક જ સંચાલક મંડળ દ્વારા એક કરતાં વધુ શાળાઓ સ્થાપવામાં આવી હોય તે જિલ્લાઓમાં દાયકાનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે ઉદ્દેશથી એક જ સંચાલક મંડળની એક કરતાં વધુ આશ્રમશાળાની પસંદગી સંશોધક દ્વારા હેતુઓને સિદ્ધ કરવા માટે કરવામાં આવી હતી.

નમૂનાયુક્ત આશ્રમશાળાઓમાંથી માહિતી એકત્રિત કરવા માટે અનુસૂચિ, પ્રશ્નાવલી, મૂલ્યાંકન કસોટી, નિરીક્ષણ, ચર્ચાસભા જેવા ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણ માટેની પ્રવિધિઓ દ્વારા જુદા જુદા પત્રકો બનાવીને સ્થળ પર રૂબરૂ જઈને માહિતી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સંશોધનાત્મક માહિતીના વિશ્લેષણને આધારે જે તારણો બહાર આવ્યા એ નીચે મુજબ છે.

૧. અનુસુચિત જનજાતિના શૈક્ષણિક વિકાસ માટે આશ્રમશાળા એ મહત્વનું એકમ છે જેથી તેનો વિકાસ કરવો જોઈએ.

૨. આશ્રમશાળાનો એક સરખો વિકાસ નથી. જીલ્લાવાર તેની સ્થિતિમાં તફાવત છે આદિવાસી વસતિ અને વિસ્તારને તે માટે ધ્યાનમાં લેવા જોઈએ.

૩. દરેક દાયકામાં આશ્રમશાળાની સંખ્યામાં એકસરખો વધારો જોવા મળતો નથી એમાં તફાવત જણાય છે.

૪. ભૌતિક સાધન સંપન્નવાળા ગામોમાં જ આશ્રમશાળા શરૂ થાય છે.

૫. આશ્રમશાળા પૂરતી સગવડવાળી નથી હોતી.

૬. કેટલીક આશ્રમશાળામાં નિયત વિદ્યાર્થીઓ કરતાં ઓછી સંખ્યા છતાં આગલા માસનાં રજીસ્ટરમાં પૂરતી સંખ્યા જોવા મળી. કેટલીક આશ્રમશાળામાં નિયત સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય એવું પણ જોવા મળ્યું.

૭. નિયત મહેકમ મુજબના શૈક્ષણિક કે બિન શૈક્ષણિક સ્ટાફની સંખ્યાનો અભાવ જોવા મળ્યો.

૮. સરકારશ્રી દ્વારા ખેતી કામ માટેના ઓજારો તેમજ પશુઓ માટે અનુદાન આપવામાં આવતું હોવાથી એ લાભ મોટાભાગની આશ્રમશાળાએ લીધો હતો.

૯. ભોજન ખર્ચ સિવાય અન્ય ખર્ચ માટે નાણાંની જોગવાઈ ન હોવાથી તે અંગે ખર્ચ કરવા માટે બાળકના પોષણયુક્ત ખોરાકમાં કાપ મુકાતો હોય એવું જોવા મળ્યું.

૧૦. શિક્ષક તરીકેની પુરતી શૈક્ષણિક લાયકાત કે અનુભવ ન ધરાવતાં શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવતું હતું.

૧૧. આશ્રમશાળાના જરૂરી મહત્વના દસ્તાવેજો સ્થાનિક કક્ષાએ હાજર નહોતા.

૧૨. ગણિત અને અંગ્રેજી વિષય તેમજ અન્ય વિષયોમાં બાળકનાં જ્ઞાનનું સ્તર નીચું જોવા મળ્યું.

૧૩. પગાર ગ્રાન્ટની જે પદ્ધતિ છે તે યોગ્ય નથી.

૧૪. ગુજરાત રાજ્ય જીલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધાઓમાં આશ્રમશાળાના બાળકોને પ્રવેશ આપવામાં આવતો નથી.

### ૩. પ્રસ્તૃત અભ્યાસનું અન્ય સંશોધનથી જુદાપણું

પ્રસ્તૃત અભ્યાસએ ભારત સરકાર દ્વારા ગુજરાતની આશ્રમશાળાની શિક્ષણની પ્રણાલી અને બાળકોના શિક્ષણની ગુણવત્તા, ભૌતિક અને માનવીય સંશાધનોની ગુણવત્તા, આશ્રમશાળાના બાળકોને અપાતા ભોજનની સ્થિતિ, પોષણક્ષમતા અને આરોગ્યની સ્થિતિ, વિદ્યાર્થી, શિક્ષકો-આચાર્યો અને સંચાલક મંડળના પ્રશ્નો અને ઉકેલો તેમજ આશ્રમશાળાની આદિવાસી સમાજ ઉપર થયેલ અસર જોવાનો અને સમજવાનો છે. બાળકોની શિક્ષણની અને આરોગ્યની સ્થિતિ જાણવા માટે મનોવૈજ્ઞાનિક અને તબીબો દ્વારા વિકસાવવામાં આવેલ ઉપકરણોનો ઉપયોગ કરી યથાર્થ માહિતી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને સ્વાસ્થ્ય સંબંધી ગુણવત્તા તેમજ શૈક્ષણિક પ્રક્રિયા માનવીય અને ભૌતિક સંશાધનોની સ્થિતિ, આદિવાસી સમાજ ઉપર તેની અસર એ તેનો મુખ્ય હેતુ છે. એ સાથે જ આશ્રમશાળામાં અભ્યાસ અંગેના સંચાલકો, શિક્ષકો અને વાલીઓના શાળા છાત્રાલયની સગવડ સંદર્ભેના મંતવ્યો, અભિપ્રાયો તેમજ અવરોધક પરિબળો સંદર્ભની માહિતી એકત્રીત કરવાનો છે. જે વ્યક્તિગત મુલાકાત, જુથચર્ચાના માધ્યમો દ્વારા લઈ પ્રસ્તુત સંશોધન અહેવાલને હેતુલક્ષી અને વાસ્તવલક્ષી બનાવવાનો સંપૂર્ણપણે પ્રયાસ કરવામાં આવ્યો છે.આ અભ્યાસમાં આઝાદી પૂર્વે, આઝાદી બાદ દાયકાવાર શરૂ થયેલ કુલ-૪૫૨ આશ્રમશાળાઓ પ્રતિનિધિત્વ કરી શકે એ રીતે ૧૫% પ્રમાણે ૬૮ આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી.

આમ, અભ્યાસમાં આશ્રમશાળામાં બાળકોની શૈક્ષણિક અને આરોગ્યની ગુણવતા ચકાસવા માટે મૂલ્યાંકન કસોટીની રચના તેમજ આચાર્યો શિક્ષકો, વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કેન્દ્રીત જુથચર્ચાનુ આયોજન કરી, આશ્રમશાળાના હોવાથી આદિવાસી સમાજ પર પડેલ અસર તપાસવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે અન્ય અભ્યાસો કરતાં તેનુ અલગતાપણું દર્શાવે છે.

આશ્રમશાળાઓમાં આદિવાસી બાળકોને મળતી શિક્ષણ, રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સંબંધિત ત્રિવિધ સુવિધાઓ



# પ્રકરણ – ૪ આશ્રમશાળાનો ઈતિહાસ અને વિકાસ

## ૧. પ્રસ્તાવના

આઝાદી પૂર્વે પછાત, ઊંડા અને જંગલ વિસ્તારમાં રહેતા લોકોના કલ્યાણ માટે બ્રિટિશ રાજ્ય ચિંતિત ન હતું. ગાંધીજી અને તેમની વિચારસરણીને અનુસરનારા પૂ.ઠક્કરબાપા, પૂ.જુગતરામ દવે વગેરે લોકસેવકોને આવા લોકોના કલ્યાણની વિશેષ ચિંતા હતી. તેથી તેઓએ રચનાત્મક કાર્યક્રમોની સાથે શિક્ષણને સાંકળીને આવા વિસ્તારોમાં કેળવણીના પ્રયોગો શરૂ કર્યા. આ કેળવણીના પ્રયોગોના પરિણામરૂપ ઈ.સ.૧૯૨૨માં પંચમહાલ જિલ્લાના મીરાખેડી ગામમાં સુખદેવભાઈ અને અન્ય રચનાત્મક કાર્યકરોના પ્રયાસથી પ્રથમ આશ્રમશાળાની શરૂઆત થઈ. તેનું ઉદ્‌ઘાટન પૂ.ઠક્કરબાપા હસ્તે થયું. ઈ.સ.૧૯૨૩માં પૂ.જુગતરામ દવે અને શ્રી નરહરિભાઈના પ્રયત્નોથી સુરત જિલ્લાના સરભોણ ગામમાં બીજી આશ્રમશાળાની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ ઈ.સ.૧૯૨૮માં સુરત જિલ્લાના વેડછી ગામમાં પૂ.જુગતરામ દવેના પ્રયાસોથી ત્રીજી આશ્રમશાળા શરૂ થઈ, જેને "આશ્રમ ઉદ્યોગશાળા" એવું નામ આપીને શિક્ષણ સાથે ઉદ્યોગ શીખવવાનું કામ શરૂ કરવામાં આવ્યું. આશ્રમશાળાઓમાં અક્ષરજ્ઞાનની કેળવણી તો અપાતી જ હતી, પરંતુ તેની સાથોસાથ આઝાદીની લડતના કેન્દ્ર તરીકેની ભૂમિકા પણ ભજવતી હતી. તે સમયે આ પ્રકારની આશ્રમશાળા શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓમાંથી પ્રામાણિક નેતાગીરી ઊભી કરવાનો હતો. સ્થાનિક આદિવાસી નેતાગીરી દ્વારા આદિવાસીઓમાં જ શિક્ષણ તથા આર્થિક વિકાસ જેવી કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરીને આદિવાસીઓને ભારતના સમાન નાગરિક બનાવવાનો ઉમદા હેતુ હતો.

દેશને આઝાદ થયા બાદ આદિવાસી વિસ્તારમાં આશ્રમી શિક્ષણ વ્યવસ્થાને આગળ વધારવાના હેતુસર સરકાર દ્વારા ૧૯૫૩-૫૪માં "આશ્રમશાળા યોજના" શરૂ કરવામાં આવી. રાજ્ય સરકાર તરફથી આશ્રમશાળા સંબંધમાં નિશ્ચિત માળખુ બનાવવામાં આવ્યું અને એવું નક્કી કરવામાં આવ્યું કે પ્રતિવર્ષ અમુક આશ્રમશાળાઓને મંજૂરી આપવી. બૃહદ મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારે ગુજરાતમાં કુલ ૪૧ આશ્રમશાળાઓ ચાલતી હતી. આજે ગુજરાત રાજ્યમાં સરકારી દફતરે નોંધાયા અનુસાર આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે કુલ ૫૪૯ આશ્રમશાળાઓ ચાલે છે, જેમાં ૪૫૨ પ્રાથમિક શિક્ષણ આપતી આશ્રમશાળાઓ અને ૯૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી આશ્રમશાળાઓનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યમાં આદિવાસી સમુદાયના લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને દરેક દશકામાં આવશક્યતા અનુસાર આશ્રમશાળાઓમાં વધારો થયો છે. આજે આ આશ્રમશાળાઓ એક વટવૃક્ષ સમાન બની ગઈ છે. આમ, આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે આશ્રમશાળાઓ માત્ર ઉપયોગી જ નહિં, પરંતુ અનિવાર્ય અને આશીર્વાદરૂપ છે.

## ૨. બ્રિટીશયુગમાં આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણનો પ્રારંભ

શિક્ષણના ઈતિહાસમાં અનુસૂચિત જનજાતિના શિક્ષણનો ઉલ્લેખ ૧૮૮૨માં થયેલો જોવા મળે છે. તેમાં જણાવ્યું છે કે ૧૮૮૨ પહેલાં અનુસૂચિત જનજાતિઓના લોકોમાં શિક્ષણ પ્રચાર અંગે કોઈ નોંધપાત્ર કાર્ય થયું નથી. આ સમયે રાજ્યે શિક્ષણને પોતાના કાર્ય તરીકે સ્વીકાર્યું ન હતું. બિનઆદિવાસી વિસ્તારમાં સરકારી શાળાઓ ચાલતી હતી તેવી આદિવાસી વિસ્તારમાં કોઈ શાળાઓ ચાલતી ન હતી. અલબત્ત વ્યક્તિગત ધોરણે ધોડિયા અને ચૌધરી આદિવાસી જાતિના ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થીઓ બ્રાહ્મણો દ્વારા ચાલતી શાળાઓમાં અભ્યાસ કરવા જતા હતા.

ઈ.સ. ૧૮૮૦માં ઈન્ડિયન એજ્યુકેશન કમિશને અનુસૂચિત જનજાતિઓમાંથી શિક્ષકો તૈયાર કરવા માટે પ્રયાસ કરવા ભલામણ કરી હતી. આથી કેન્દ્રિય પ્રાથમિક શાળાઓ રચી તેની સાથે છાત્રાલય શરૂ કરવામાં આવ્યાં. આ શાળાઓનો હેતુ અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને તાલીમ આપવાની હતી. આવી શાળાઓ ગોડસંબા (સુરત), ખેરગામ (વલસાડ), દિવા (ભરૂચ) અને દાહોદ (પંચમહાલ) માં ચાલતી હતી.

### ૨.૧ મહાત્મા ગાંધીજી અને આશ્રમોની સ્થાપના

ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન જે શિક્ષણનો પાયો નખાયો હતો કે રૂઢિગત શિક્ષણ હતું અને તે કેવળ "કારકુની કેળવણી" આપતું હતું. ગાંધીજીને એ વાતની પ્રતીતિ થઈ ગઈ હતી કે આ શિક્ષણ નકામું છે અને આઝાદીની લડતમાં વિઘ્નરૂપ છે. તેઓ રાષ્ટ્રને આવશ્યક અને ઉપયોગી શિક્ષણ આપવાની મથામણમાં હતા. તેમણે એ માટે રાષ્ટ્રીય કેળવણીનો મુસદ્દો પણ તૈયાર કર્યો હતો. એમાં એમણે સ્વાશ્રયી અને સ્વાવલંબી કેળવણીની હિમાયત કરી હતી. ગાંધીજીએ કેળવણીમાં ઉદ્યોગને પણ અક્ષરજ્ઞાન જેટલું જ મહત્વ આપ્યું. એટલું જ નહીં ઉદ્યોગ દ્વારા અક્ષરજ્ઞાન આપવાની વાત રજૂ કરી. એમના મત પ્રમાણે કેળવણી સ્વભાષામાં અપાય અને ઉદ્યોગ દ્વારા અપાય તો શિખનારા અને શીખવનારા હોશે-હોશે એ પ્રક્રિયામાં ભાગીદાર બને અને કાંઈક પામી શકે. ઉદ્યોગ દ્વારા શિક્ષણથી જુદા-જુદા ઉદ્યોગોની જાણકારી મળે. જુદા-જુદા ગ્રામ ઉદ્યોગોનો વિકાસ થાય અને કેળવણી આપતી સંસ્થાઓ સ્વાવલંબી બને તો જ મફત અને ફરજિયાત શિક્ષણ બધાને પહોંચાડી શકાય.

ગાંધીજી ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી હિન્દુસ્તાન આવ્યા ત્યારબાદ અમદાવાદમાં કોચરબ આશ્રમ, હરિજન આશ્રમ અને વર્ધામાં સેવાગ્રામ આશ્રમની સ્થાપના કરી પાયાની કેળવણી આપવાની શરૂઆત કરી. આ રીતે દેશમાં ધીમે-ધીમે આશ્રમી કેળવણી આપવાની શરૂઆત થઈ. આ પ્રકારની કેળવણી આપતી સંસ્થાને "આશ્રમશાળા" તરીકે ઓળખવામાં આવે છે.

આઝાદી પહેલા પછાત, ઊંડા અને જંગલ વિસ્તારમાં રહેતા લોકોના કલ્યાણ માટે રાજ્ય ચિંતિત ન હતું. ગાંધીજી અને તેમના જેવા વિચારવાળા દેશનેતાઓ અને દેશસેવકોને આવા લોકોના કલ્યાણની વિશેષ ચિંતા હતી અને તેથી તેમના તમામ પ્રયત્નો એ દિશામાં હતા.

તેઓએ રચનાત્મક કાર્યક્રમોની સાથે શિક્ષણ સાંકળીને આવા વિસ્તારોમાં આશ્રમી કેળવણીના પ્રયોગો શરૂ કર્યા. આ કાર્યમાં અનેકવિધ સ્વૈચ્છિક સંસ્થાઓએ અને વ્યક્તિઓએ ઝંપલાવ્યું અને એમાં સફળતા હાંસલ કરી. ભારતની આઝાદી એ એનું ઝળહળતું ઉદાહરણ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા આશ્રમી શિક્ષણના જે પ્રયોગો શરૂ થયા તેનો ઈતિહાસ અહીં ટૂંકમાં રજૂ કરવામાં આવ્યો છે.

**૨.૨ ખ્રિસ્તી મિશનરીઓ અને શિક્ષણનો પ્રચાર-પ્રસાર**

ઉંડાણના વિસ્તારોમાં તેમજ જંગલના પહાડી વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ શરૂઆતથી જ શૈક્ષણિક રીતે પછાત હતા. આ લોકોને શિક્ષણ આપવાની આગેવાની ખ્રિસ્તી મિશનરીઓએ ઉપાડી. ખ્રિસ્તી મિશનરીઓ શિક્ષણ આપવાની સાથે આ લોકો પાસે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવવામાં પણ સફળ નીવડ્યા. પરંતુ તેમના દ્વારા થયેલો શિક્ષણનો પ્રચાર વ્યાપક પ્રમાણમાં ન હતો.

૨.૩ પંચમહાલ જિલ્લામાં દુષ્કાળ અને પૂ. ઠક્કરબાપા દુષ્કાળ પીડીતોની સેવામાં (૧૯૧૯)

૧૯૧૯માં પંચમહાલમાં દુષ્કાળની પરિસ્થિતિ હતી. તે સમયે પૂ. ઠક્કરબાપા દુષ્કાળ રાહતકાર્ય માટે પંચમહાલમાં ફર્યા. દાહોદ-ઝાલોદ તાલુકાના ભીલોની દુર્દશા જોઈ. તેમાંથી તેમણે તારવ્યું કે આ વિસ્તારના ભીલો સ્વભાવે બહાદુર અને પ્રામાણિક હોવા છતાં આળસુ અને અજ્ઞાની છે. તેઓ વ્યસનોમાં અને કરજમાં ડૂબેલા રહે છે. વેપારી તેમને પૈસા ધિરે, કલાલ તેમને દારૂ પાય અને બંને તેમને બરબાદ કરી ધીમે ધીમે તેમની પાસે જે માલ-મિલકત હોય તે પડાવી લે છે. વળી પૂ. ઠક્કરબાપાએ એ પણ જોયું અને અનુભવ્યું કે તેને લૂંટવા, ચૂસવા અને દબાવવા માટે સરકાર, અમલદાર, વાણીયા વેપારી, વહોરાઓની આખી ફોજ ઊભી છે. આ ફોજ પોતાના સ્વાર્થ અર્થે ભીલોને દબાવે છે, લલચાવે છે, લૂંટે છે, હેરાન પરેશાન કરે છે, વખત આવ્યે છેતરે છે અને તેમની મહેનત મજૂરીનો મફત ભોગવટો કરે છે.

ભીલોની દુર્દશા દૂર કરવા માટે અને તેમની સેવા કરવા માટે સેવક ફોજની પણ જરૂર છે એવો વિચાર તેમને આવ્યો. અલબત તેમનો આ વિચાર તે વખતે દાહોદ-ઝાલોદ તાલુકાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના ભીલો અને તેમના બાળકોને તત્કાળ પૂરતી રાહત આપવા પૂરતો મર્યાદિત હતો. કોઈ કાયમી યોજના તેમણે વિચારી ન હતી અને તેથી રાહત કામ પૂરું થતા આ વિચાર આગળ વધી શકયો નહીં. પરંતુ ૧૯૨૨માં જ્યારે ફરીથી દુષ્કાળની પરિસ્થિતિ આવી. ત્યારે પૂ.ઠક્કરબાપા ફરીથી પંચમહાલમાં રાહતકાર્ય માટે ગયા. ત્યાં તેમણે મીરાખેડી ગામમાં એક બ્રાહ્મણ દંપતીને ભીલ બાળકોને ભણાવતા અને કથા સંભળાવતા જોઈ, તેમના મનમાં ૧૯૧૯માં ભીલોની સેવા કરવાનો જે વિચાર પડેલો હતો તે ફરીથી જાગૃત થયો અને તે માટે એક કાયમી

સંસ્થા ઊભી કરવાની પ્રેરણા થઈ. આ વિચારને મૂર્ત-સ્વરુપ આપવાનો નિશ્ચય કર્યો. ૧૯૨૨ના ડિસેમ્બરમાં તેમણે આખી યોજના વિચારી કાઢી.

## ૨.૪ સુખદેવભાઈ દ્વારા પ્રથમ આશ્રમશાળાની સ્થાપના (૧૯૨૨)

પૂ. ઠક્કરબાપાની યોજનાનું અમલીકરણ થાય તે પહેલાં ૧૯૨૨માં મીરાખેડી ગામ (જિ.પંચમહાલ)માં સુખદેવભાઈ દ્વારા પ્રથમ આશ્રમશાળાની સ્થાપના કરવામાં આવી. જેની દેખરેખ અને ખર્ચની જવાબદારી શરૂઆતમાં ઈન્દુભાઈ યાજ્ઞિક રાખતા હતા. પાછળથી તેનું સંચાલન અને દેખરેખનું કામ પૂ.ઠક્કરબાપાએ ઉપાડ્યું. સુખદેવભાઈ દ્વારા શરૂ થયેલ આશ્રમશાળાનું ઉદ્ઘાટન પૂ.ઠક્કરબાપાના હસ્તે થયું. તેમના આશ્રમની દૈનિક નોંધપોથીમાં નીચે મુજબ નોંધ લખી.

આજ રોજ ફાગણ વદ સાતમને રવિવારે ભીલ આશ્રમની શરૂઆત કરી નીચે પ્રમાણે ચાર છોકરાઓ દાખલ કર્યા.

| | | |
|---|---|---|
| ૧. | વેરતા કમજી | ઉંમર - ૮ વર્ષ |
| ૨. | ચુનિલાલ કમજી | ઉંમર - ૫ વર્ષ |
| ૩. | નાનજી તેલીયા | ઉંમર - ૧૦ વર્ષ |
| ૪. | જડબિયા ધનજી | ઉંમર - ૧૩ વર્ષ |

આ ચાર છોકરાઓને બે વાગ્યે નવડાવી, ચાંલ્લા કરી, ગોળ ખવડાવ્યો અને નવા કપડા પહેરાવી પ્રાર્થના કરાવી.

કંગાળ અને શોષિત હાલતમાં જીવતાં આદિવાસીઓના કલ્યાણનો સૂરજ ઊગ્યો અને આ રીતે તેમના બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપવાની સુવિધા સ્વૈચ્છિક રીતે ઊભી થઈ.

આ પ્રકારની આશ્રમશાળા શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓમાંથી જ પ્રામાણિક અને નક્કર નેતાગીરી ઊભી કરવાનો હતો કે જેઓ આદિવાસીઓમાં જ શિક્ષણ અને આર્થિક વિકાસ જેવી કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરે. જેને લઈ તેઓ (આદિવાસીઓ) ભારતના સમાન નાગરિક બની શકે.

આ ઉદેશને ધ્યાનમાં રાખી આશ્રમશાળાના બાળકોને સ્થળ ઉપર રાખીને જ સ્વચ્છતા, આરોગ્ય અને સમૂહ જીવનના સંસ્કાર અપાવા લાગ્યા. આ ઉપરાંત સાદગીભર્યું, ખેતી અને ખાદીથી જોડાયેલું શિક્ષણ દાખલ કરવામાં આવ્યું. બાળકો પોતાની સંસ્કૃતિ ભૂલી ન જાય અથવા મોટા થઈ તેનાથી અલિપ્ત ન થાય તે માટે આદિવાસી તહેવારોની ઉજવણી, નૃત્યો, ગીતોને પણ સ્થાન આપવામાં આવ્યું. શિક્ષણ આપવાનું માધ્યમ ભીલી બોલીમાં જ રાખવામાં આવ્યું. આમ, આદિવાસીઓને શિક્ષણ અને સંસ્કાર આપવાનું ભગીરથ કાર્ય આશ્રમશાળાએ ઉપાડી લીધું. આના ફળ સ્વરૂપે થોડા જ વર્ષોમાં આશ્રમશાળામાં તૈયાર થયેલા બાળકો આદિવાસીઓમાં શિક્ષણ અને કલ્યાણના કાર્યો કરવા લાગ્યા.

પૂ.ઠક્કરબાપાની યોજના પ્રમાણે અન્ય સ્થળોએ પણ શાળાઓ શરૂ કરવામાં આવી. આ પછીના અરસામાં મુંબઈ સરકારના શિક્ષણ ખાતાએ ૧૯૨૮માં સ્ટાર્ટ સમિતિની નિમણૂંક કરી.

## ૨.૫ સ્ટાર્ટ સમિતિ - ૧૯૨૮

સ્ટાર્ટ સમિતિ (૧૯૨૮)એ નબળા વર્ગો અને આદિવાસીઓની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સ્થિતિ તપાસીને તેઓના વિકાસ અંગેની ભલામણ કરવાની હતી. આ સમિતિએ દળદાર અહેવાલ લખ્યો. જેમાં આદિવાસીઓમાં શિક્ષણના પ્રચાર અંગે શ્રેષ્ઠ ભલામણો કરી. તેમને આદિવાસીઓના બાળકોના શિક્ષણ અંગે જણાવ્યું કે "ઊંડાણવાળા આદિવાસી ગામડાઓમાં કે જ્યાં નાના બાળકો માટે ચાર ધોરણ સુધીની શાળા શક્ય ન હોય ત્યાં તેમના ઘરથી નજીક છાત્રાલય સાથેની શાળાઓ શરૂ કરવાની જરૂર છે. આની સાથોસાથ જે બાળકો ઉત્તર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેઓ માટે મુખ્ય છાત્રાલય અને તેને જોડાયેલી પ્રાથમિક શાળાની પણ એટલી જ આવશ્યકતા છે. હાલમાં અસ્તિત્વ ધરાવતી આ પ્રકારની શાળાઓએ અભૂતપૂર્વ પરિણામ હાસલ કર્યું. જેનું ઉદાહરણ સુરત જિલ્લાની ગોડસંબા આશ્રમશાળા છે. અમે આવી શાળાઓની સંખ્યા વધારવા માટેની ભલામણ કરીએ છીએ". સ્ટાર્ટ સમિતિએ એવી પણ ભલામણ કરી કે "છાત્રાલય ચલાવવાની જવાબદારી બને ત્યાં સુધી સામાજિક સેવા કરતી સંસ્થાને સોંપવી અને એમને એ કામ માટે જરૂરી નાણાંકીય મદદ કરવી". આ રીતે સમિતિ દ્વારા આશ્રમશાળા પ્રકારની શાળાને વિકસાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું અને તેને ચલાવવાની જવાબદારી સંસ્થાઓને સોંપવાની હિમાયત કરી.

## ૨.૬ સિમિંગ્ટન સમિતિ - ૧૯૩૭

૧૯૩૭માં સિમિંગ્ટન સમિતિની રચના કરવામાં આવી હતી. સિમિંગ્ટન સમિતિએ સુપરત કરેલા અહેવાલમાં એવી ભલામણ કરી છે કે "પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવવું અને આદિવાસી બાળકોને આદિવાસી બોલીમાં જ શિક્ષણ આપવું".

## ૩. સ્વંત્રત ભારતમાં આશ્રમશાળા વ્યવસ્થા અને શિક્ષણનું સ્વરૂપ

સ્વતંત્રતા મળ્યા બાદ મુંબઈ રાજ્યમાં બાબાસાહેબ ખેરનું જે પ્રધાનમંડળ હતું તેમણે પણ આદિવાસીઓના શિક્ષણના પ્રશ્નોમાં રસ લીધો. તેમને તેમના સમય દરમિયાન મુંબઈ સરકારમાં ઠરાવ પસાર કરાવ્યો. જેમાં નોંધ્યું છે કે "અનુસૂચિત જનજાતિ અને પછાત વિસ્તારોમાં રહેનારા લોકોના શૈક્ષણિક પ્રશ્નોનો અસરકારક રીતે ઉકેલ લાવવાના હેતુસર સરકાર આશ્રમશાળાઓ મંજૂર રાખે. જ્યાં અનુસૂચિત જનજાતિના બાળકોને મફત રહેવા-જમવાનું આપીને, સેવા અને સહકારની ભાવનાવાળા શક્તિશાળી શિક્ષકની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તેઓને પાયાની તાલીમ આપી શકાય".

આ રીતે આદિવાસી વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓને આશ્રમશાળા ખોલવા માટે સરકાર તરફથી પ્રોત્સાહન અપાયું. સરકારે અનુદાન માટેના નિયમો સરળ અને કાળજીપૂર્વકના તૈયાર કર્યા. અનાવર્તક ખર્ચ જેવાંકે જમીન, મકાન, સાધનો અને પશુઓ માટે ૧૦૦ ટકા અનુદાન આપવાનું નક્કી કર્યું. આવર્તક ખર્ચ જેવાંકે શિક્ષકો અને અન્ય કર્મચારીઓનો પગાર, બાળકોનું ભોજન ખર્ચ અને અન્ય ખર્ચ માટે ૯૦ ટકા અનુદાન આપવાનું નક્કી કર્યું. આ રીતે આશ્રમશાળા અને સંપૂર્ણ સરકારી અનુદાન મળે તેવી જોગવાઈ થઈ. તદ્ઉપરાંત આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ખોલવા માટેનો સરકાર દ્વારા આગ્રહ રખાયો છે. આશ્રમશાળાના વર્ષવાર ક્રમશઃ વિકાસના તબક્કાઓ વિચારવામાં આવ્યા છે. તે જ વર્ષમાં સરકારી દફતરે ૩ (ત્રણ) આશ્રમશાળાઓ નોંધાઈ. તે પછીના વર્ષમાં તેમાં આઠનો ઉમેરો થયો.

### ૩.૧ અંદાજપત્ર સમિતિ - ૧૯૫૯

અંદાજપત્ર સમિતિ ૧૯૫૯ એ પોતાના ૪૮માં અહેવાલમાં શૈક્ષણિક વિકાસ માટે જણાવ્યું છે કે "આશ્રમશાળાઓમાં બાળકોની નાની ઉંમરથી સંભાળ રખાય છે અને તેથી તેમના ઘડતરમાં આશ્રમશાળાઓનો ઘણો મોટો ફાળો છે. પ્રમાણમાં ઓછી કિંમતે આશ્રમશાળાઓ બાળકોની રહેણીકરણીમાં ફેરફાર લાવે છે અને સંસ્કારી બનાવે છે. આથી આદિવાસીઓ માટે આશ્રમશાળાઓ વધારે સંખ્યામાં શરૂ કરવી જોઈએ અને તેનો વહીવટ બિન સરકારી સંસ્થાઓને સોંપવો જોઈએ. આશ્રમશાળાના વિકાસમાં તેનાથી પ્રોત્સાહન મળ્યું છે".

### ૩.૨ રેણુકા રે સમિતિ - ૧૯૫૯ અને એલ્વિન સમિતિ - ૧૯૬૨

રેણુકા રે સમિતિ અને એલ્વિન સમિતિએ પણ આદિવાસીઓમાં શિક્ષણનો વિકાસ થાય તે અંગેની ભલામણ કરી છે. એલ્વિન સમિતિએ આદિવાસી બાળકોના શિક્ષણ અંગે કરેલી કેટલીક વિશિષ્ટ ભલામણો નીચે મુજબ છે.

૧. ૨૪ કલાકની આશ્રમશાળાઓ વધુ ન રાખવી. વહેલા ઊઠવા બાબત કે પ્રાર્થના કરવા વિશે અતિ કડકાઈ ન રાખવી. શાળાના કલાકો વધારે ન રાખવા.

૨. એવા ગુણનો શીખવવા કે જે આગળ કામ આવે. કપાસ ન થતો હોય ત્યાં કાંતણનો આગ્રહ ન રાખવો.

૩. વિદ્યાર્થીઓમાં જ્ઞાતિના દુષણ ન પેસી જાય કે હરિજનો પ્રત્યે સૂગ ન જાગે તે જોવું.

૪. આશ્રમશાળાના વિદ્યાર્થીઓને માંસાહાર છોડાવવા માટે ધીમે ધીમે કહેવું.

૫. આશ્રમશાળાના આદિવાસી બાળકો સોગિયા ન બની જાય કે બીજા આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં પોતે કંઇક જુદા છે, એવો અહંભાવ સેવતા ન થઈ જાય તેની કાળજી રાખવી.

### ૩.૩ ઢેબર કમિશન - ૧૯૬૧

૧૯૬૧માં ઢેબર કમિશને આદિવાસી બાળકોના શિક્ષણ સંદર્ભે ભલામણ કરતા જણાવ્યું છે કે "આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ વધુ પ્રમાણમાં ખોલવી જોઈએ તેમજ શિક્ષણમાં ગમે તે એક ઉદ્યોગને દાખલ કરવો જોઈએ. લોકવાર્તાઓ, લોકગીતો તથા લોકનૃત્યોને તેમના શિક્ષણમાં યોગ્ય સ્થાન આપવું જોઈએ".

## ૪. આશ્રમશાળા યોજના - ૧૯૫૩-૫૪

### ૪.૧ આશ્રમશાળા મંજૂરીની પૂર્વ શરતો

આશ્રમશાળાની મંજુરી અંગેના ધારાધોરણો પ્રમાણે દર વર્ષે રાજ્યના બજેટમાં કરેલી જોગવાઈ મુજબ વિવિધ જાતિઓની વસતીના ધોરણે આશ્રમશાળાઓ મંજૂર કરી તેના સંચાલન માટેની અરજી જાહેરાત આપી મંગાવવામાં આવે છે. મળેલી અરજીઓમાંથી જે સ્વૈચ્છિક સંસ્થા કે ટ્રસ્ટ નિયત ધારાધોરણો જાળવી શકે તેમ હોય તેને આશ્રમશાળા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે. નીચેની શરતોને આધીન અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. આશ્રમશાળા શરૂ કરવા ઈચ્છતી સ્વૈચ્છિક સંસ્થા કે મંડળ પબ્લિક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ અથવા સોસાયટી રજીસ્ટ્રેશન ૧૯૬૦ હેઠળ નોંધાયેલ હોવું જોઈએ.
૨. આશ્રમશાળાની મંજૂરીનાં સ્થળથી આદિજાતિ પેટા યોજના વિસ્તારમાં પાંચ કિલોમીટર અને બિનઆદિવાસી વિસ્તારમાં દસ કિ.મી.ના અંતરે આશ્રમશાળા હોવી જોઈએ નહીં.
૩. સ્વૈચ્છિક સંસ્થા કે મંડળે આશ્રમશાળામાં ભરતી થવા માંગતા ઓછામાં ઓછા ૩૦ બાળકોની યાદી તૈયાર કરવાની રહેશે.
૪. અરજી કરનાર સંસ્થા કે મંડળે આશ્રમશાળા માંગી હોય તે સ્થળે જમીન, પાણી, વિજળી તથા સંપૂર્ણ સુવિધાવાળા મકાન ઉપલબ્ધ હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
૫. આશ્રમશાળા માટે અરજી કરનાર સંસ્થા કે મંડળ આર્થિક રીતે સદ્ધર હોવું જોઈએ.
૬. આશ્રમશાળામાં શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારીઓને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર પગાર અને ભથ્થાંઓ મળવાપાત્ર થશે.
૭. આશ્રમશાળાના સંચાલકશ્રીએ જે હેતુ માટે ગ્રાન્ટ આપેલ હોય તે હેતુ માટે જ ગ્રાન્ટનો ઉપયોગ કરવો જોઈશે.
૮. આશ્રમશાળામાં મોટી રકમની ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા રાખવી.
૯. આશ્રમશાળાનું સંચાલન અને વહીવટ સરકારશ્રીના ઠરાવો, પરિપત્રો તેમજ તેઓની સૂચના મુજબ કરવાનું રહેશે.
૧૦. આશ્રમશાળાના સંચાલકોએ નાણાંકીય વર્ષ માટે સરકારશ્રીની સૂચનાઓ મુજબ નાણાકીય વ્યવહારોના એકાઉન્ટ નિભાવવાના રહેશે તથા વર્ષના આખરે એકાઉન્ટનું ઓડિટ કરાવી, ઓડિટ રિપોર્ટ જવાબદાર અધિકારીને રજૂ કરવાનું રહેશે.

૧૧.આશ્રમશાળાના સંચાલકોએ તમામ જરૂરી અદ્યતન રેકોર્ડ સ્થળ પર જ રાખવું જોઈશે.

૧૨.આશ્રમશાળાનું સ્થળ સરકારશ્રીની પૂર્વ મંજૂરી વગર બદલી શકાશે નહિં.

૧૩.આશ્રમશાળાના કર્મચારીઓની કોઈપણ સંજોગોમાં સંસ્થા કે મંડળ સ્વૈચ્છાએ બદલી કરી શકાશે નહીં.

૧૪.સરકારશ્રી મારફત અપાતાં સહાયક અનુદાન ખર્ચ સરકારશ્રી દ્વારા માન્ય કરેલા ખર્ચની મર્યાદામાં જ હોવો જોઈશે.

૧૫.આશ્રમશાળાની માન્યતા અંગેની મંજૂરી આદેશોમાં દર્શાવેલ તમામ શરતોનું પાલન સંચાલન સંસ્થાએ કરવાનું રહેશે.

૧૬.આશ્રમશાળા સ્થળની પસંદગી કરતી વખતે તાલુકા-જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે ખાસ જોવું, શિક્ષણનું પ્રમાણ ઓછું હોય ત્યાં આશ્રમશાળા મંજૂર કરવા કાર્યવાહી કરી શકાય.

૧૭.સંચાલક મંડળે કર્મચારીઓના રહેઠાણની વ્યવસ્થા આશ્રમશાળામાં ઊભી કરવાની રહેશે અને તેની સમગ્ર જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૧૮.આશ્રમશાળાની મંજૂરી મળ્યાના ત્રણ વર્ષના સમયગાળામાં સંચાલકશ્રીએ પોતાનું મકાન બાંધવાનું રહેશે.

## ૪.૨ આશ્રમશાળા યોજના અને છાત્રાલયના ઉદ્દેશો

### ૪.૨.૧ આશ્રમશાળાના ઉદ્દેશો

૧. અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં નિવાસી શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી.

૨. માતા-પિતાની નબળી આર્થિક સ્થિતિના કારણે બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટેની વ્યવસ્થા ઊભી કરવી.

૩. આદિવાસી વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણની સાથે સાથે એમનું જીવન ઘડતર થાય અને સ્વાશ્રયી બનવાની તાલીમ મળે કે જેમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેટલું જ બહારની અન્ય પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવું.

૪. આદિવાસી વિદ્યાર્થીઓ અને વ્યવસાયલક્ષી તાલીમ આપીને શિક્ષણની સાથે-સાથે સ્વાવલંબ, સ્વાશ્રય (સક્ષમ) બનાવવાનો ખાસ પ્રયાસ કરવો.

### ૪.૨.૨ છાત્રાલયના ઉદ્દેશો

૧. છાત્રાલય એ આદિવાસી બાળકો માટે ઘરથી દૂર બીજુ એક ઘર છે. તેથી તેમને ઘર જેવું વાતાવરણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી.

૨. છાત્રાલયમાં આદિવાસી બાળકોનું જીવન ઘડતર થાય તે જોવું.

૩. આદિવાસી બાળકોને છાત્રાલયમાં પૂરતી શૈક્ષણિક સુવિધાઓ, રહેઠાણની વ્યવસ્થાઓ તેમજ પૌષ્ટિક ખોરાક મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

૪. આદિવાસી વિદ્યાર્થીઓને પોતાના ગામમાં માધ્યમિક શાળાની સગવડ ન હોય તો વિદ્યાર્થીઓ આગળ ભણવાનું છોડી દેતા હોય છે. આવા સંજોગોમાં તેવા સ્થળોએ સંસ્થાઓને ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે મંજૂરી આપી છાત્રાલય ચલાવવાની વ્યવસ્થા કરવી.

## ૪.૩ છાત્રાલયના નિયમો

૧. બાળકોના વિકાસ માટે યોગ્ય અનુકૂળ વાતાવરણ ઊભું કરવું.

૨. છાત્રાલયમાં જરૂરી તમામ ભૌતિક સગવડો ઊભી કરવી.

૩. આરોગ્યપ્રદ, પોષણયુક્ત આહાર અને નાસ્તો નિયમિત મળે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૪. બાળકો માટે જીવન જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરવી.

૫. બાળકોની સમૂહ પ્રાર્થનામાં જોડાવું.

૬. બાળકોને સ્વાવલંબન, સ્વચ્છતા તથા સફાઈની ખાસ તાલીમ આપી.

૭. શારીરિક કસરતો, યોગ અને રમતગમતની પ્રવૃત્તિઓ વિકસાવવી.

૮. બાળકોમાં નિયમિતતા, સમયપાલન અને શિસ્તના તમામ ગુણો વિકસે તેમ કરવું.

૯. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સાંસ્કૃતિક વિકાસના કામો કરવા.

૧૦.બાળકો માટે પુસ્તકાલયમાં કે અલગ રૂમમાં રાત્રી અભ્યાસનું આયોજન કરવું.

૧૧.રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય તહેવારો તથા ધાર્મિક તહેવારોની ઉજવણી દ્વારા રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ કરવો.

૧૨.બાહ્ય પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનું વ્યક્તિત્વ ઘડતર અને નીતિવિષયક મૂલ્યોના વિકાસ દ્વારા સંસ્કારી નાગરિકો બનાવવાનો પ્રયાસ કરવો.

### ૪.૩.૧ છાત્રાલય પ્રવેશના નિયમો

૧. આદિવાસી બાળકો માટે પ્રવેશ અંગેની નિયત કરેલ વાર્ષિક ઓછી આવકવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.


૨. છાત્રાલયોમાં કુમાર અને કન્યાની જે માન્ય સંખ્યા હોય તેટલાને જ પ્રવેશ આપવામાં આવશે.

૩. છાત્રાલયમાં પ્રવેશ મળ્યા બાદ શૈક્ષણિક અને ભૌતિક તમામ જીવન જરૂરી સગવડો પૂરી પાડવાની રહેશે.

## ૪.૪ આશ્રમશાળાનું વહીવટી માળખું

સ્વૈચ્છિક સંસ્થાઓ કે મંડળો દ્વારા ચાલતી આશ્રમશાળાઓનું વહીવટી માળખું બે પ્રકારે વહેંચાયેલું જોવા મળે છે. એક સરકારી માળખું અને બીજું સંસ્થાગત માળખું છે. આ બંને માળખાઓ નીચે મુજબ છે.

### ૪.૪.૧ સરકારી માળખું




આશ્રમશાળાના વહીવટી માળખામાં સરકારી માળખું મુખ્યત્વે ત્રણ કક્ષાઓમાં વહેંચાયેલું જોવા મળે છે. જેમાં ૧. રાજ્યકક્ષા, ૨. જિલ્લાકક્ષા અને 3. તાલુકાકક્ષા. આ ત્રણેય કક્ષાએ સેવા આપતા હોદ્દેદારોએ વિવિધ પ્રકારની કામગીરી અને ફરજો બજાવવાની હોય છે જે નીચે મુજબ છે.

#### ૪.૪.૧.૧ આશ્રમશાળાઓના સંચાલન સંદર્ભે વિવિધ સ્તરની કામગીરી

- **રાજ્યકક્ષા**

| | |
|---|---|
| સરકાર | આશ્રમશાળાઓને મંજૂરી આપવાની કામગીરી |
| કમિશનર | આશ્રમશાળાઓને આપવામાં આવતા અનુદાનની મંજૂરી આપવાની કામગીરી |
| | નાયબ નિયામકના કામોની દેખરેખ રાખવાની કામગીરી |
| નાયબ નિયામક | નવી આશ્રમશાળા શરૂ કરવા અરજી મંગાવાની કામગીરી |
| | આશ્રમશાળાને મળતાં અનુદાનની વિગતો તપાસવી અને મંજૂરી માટે મુકવાની કામગીરી |
| | આશ્રમશાળા અધિકારીઓની કામગીરીની દેખરેખ રાખવી. |

- **જિલ્લાકક્ષા**

| | |
|---|---|
| આશ્રમશાળા અધિકારી | આશ્રમશાળાનું વાર્ષિક નિરીક્ષણ કરવું |
| | આશ્રમશાળાઓની આકસ્મિક મુલાકાત લેવી |

આશ્રમશાળાઓ સરકારી ધારાધોરણો પ્રમાણે કામ કરે છે કે નહીં તે જોવું અને તેની દેખરેખ રાખવી


આશ્રમશાળાની મુશ્કેલીઓ સમજવી અને દૂર કરવી

શાળા નિરીક્ષકોના કામોની દેખરેખ રાખવી

- **તાલુકાકક્ષા**

| | |
|---|---|
| શાળા નિરીક્ષક | આશ્રમશાળામાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું વાર્ષિક મૂલ્યાંકન કરવું. |

**૪.૪.૨ સંસ્થાગત માળખું**




ગુજરાત રાજ્યમાં આશ્રમશાળાઓ ટ્રસ્ટ અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે. આશ્રમશાળાઓ ટ્રસ્ટ કે સંસ્થાઓ દ્વારા ચાલતી હોવાથી તેને સંચાલક મંડળ તરીકે ઓળખવામાં આવે છે. આશ્રમશાળાકક્ષાએ આચાર્ય એ વહીવટી વડા છે. તેમણે જિલ્લાકક્ષાના આશ્રમશાળા અધિકારી અને સ્વૈચ્છિક સંસ્થા કે સંચાલક મંડળ તરફથી મળતા પરિપત્રો, ઠરાવો, સૂચનો, આદેશો, નિયમો વગેરે અનુસાર આશ્રમશાળાનો વહીવટ કરવાનો હોય છે. આચાર્ય આશ્રમશાળાના વિકાસ માટે એક જવાબદાર વ્યક્તિ અને કર્મચારી છે.

આચાર્યની દેખરેખ હેઠળ આશ્રમશાળામાં શિક્ષણ, રહેઠાણ અને ભોજનની વ્યવસ્થાઓ ગોઠવાયેલી છે. આશ્રમશાળાના આચાર્ય સંચાલક મંડળ દ્વારા અને સરકારના આશ્રમશાળા વિભાગ દ્વારા લેવાતા નિર્ણયોનો સંયુક્ત પણે અમલ કરે છે. તેમજ સમયાંતરે સંચાલક મંડળ અને સરકારને આશ્રમશાળાની કામગીરીનો અહેવાલ મોકલે છે. શાળાકક્ષાએ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બરાબર ચાલે તેમજ શિક્ષકો વ્યવસ્થિત ભણાવે અને રસોઈયાઓ ગુણવત્તાયુક્ત ભોજન બનાવે તેમજ કમાઠી ખેતી-પશુપાલન સંબંધિત કામગીરી બરાબર કરે છે કે નહીં તે જોવાની જવાબદારી આચાર્યના શિરે હોય છે. આચાર્યએ વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલક મંડળના સભ્યો અને સરકારના અધિકારીઓ સાથે સંકળાઈ કામ કરે છે તેમજ તેઓ આચાર્યને મદદરૂપ

પણ બને છે. આશ્રમશાળાના તમામ કર્મચારીઓ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે સતત કાર્યશીલ રહે છે.

### ૪.૫ આશ્રમશાળાના ધારાધોરણો

૧. આશ્રમશાળામાં પ્રથમ વર્ષે ૧૫ કુમાર અને ૧૫ કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. પછીના દરેક વર્ષે નવા ૧૦ કુમાર અને ૧૦ કન્યાઓને દાખલ કરવાના કરવામાં આવે છે. જેથી પહેલા ધોરણમાં ૩૦ કુમાર-કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. કુલ માન્યતાનુસાર ૧૫૦ કે ૧૮૦થી વિદ્યાર્થીઓ વધી ન જાય તેનું ધ્યાન રાખવામાં આવે છે.

૨. આશ્રમશાળામાં નજીકના ગામમાંથી કુમાર અને કન્યાના પ્રમાણમાં દાખલ કરવામાં આવે છે. આશ્રમશાળા જે ગામમાં ચાલે છે તે ગામના કુમાર કે કન્યાને દાખલ કરવામાં આવતા નથી.

૩. આશ્રમશાળામાં કુમાર અને કન્યાના બે અલગ એકમ હોવા આવશ્યક છે. કુમાર એકમમાં પુરુષ શિક્ષકને ગૃહપતિ તરીકે અને કન્યા એકમમાં મહિલા શિક્ષકને ગૃહમાતા તરીકેની જવાબદારી આપવામાં આવે છે. આ ગૃહપતિ કે ગૃહમાતા છાત્રાલય સંબંધી કામગીરી અને ફરજ બજાવે છે.

૪. આશ્રમશાળામાં પાંચથી નવ વર્ષના હોય તેવા બાળકોને પહેલા ધોરણમાં પ્રવેશ આપવાનો હોય છે. જ્યારે દસ વર્ષ સુધીની ઉંમર વાળા બાળકોને આગળના ધોરણમાં પ્રવેશ આપવાનો હોય છે.

૫. ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના વિદ્યાર્થીઓને ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, ભાષા વગેરે વિષયો પાકા કરવા કોચિંગ વર્ગો સંસ્થાએ પોતાના ખર્ચે ચલાવવાના રહે છે.

૬. આશ્રમશાળામાં ૯૦ થી ઓછા વિદ્યાર્થીઓ માટે બે શિક્ષકો ૯૦ થી વધારે અને ૧૨૦ થી ઓછા વિદ્યાર્થીઓ માટે ત્રણ શિક્ષકો અને ૧૨૦ વિદ્યાર્થીઓ કે તેથી વધુ વિદ્યાર્થીઓ માટે ચાર શિક્ષકો નિમી શકાય છે.

### ૪.૬ આશ્રમશાળાના કર્મચારીઓનુ મેહકમ

સરકારશ્રીએ મંજૂર કર્યા પ્રમાણે ધોરણ ૧ થા ૮ની આશ્રમશાળામાં નીચે મુજબ કર્મચારીઓનુ મેહકમ જોવા મળે છે.

| ક્રમ | આશ્રમશાળાનું મહેકમ | સંખ્યા |
|---|---|---|
| ૧ | શિક્ષક | ૬ |
| ૨ | કમાટી | ૧ |
| ૩ | મુખ્ય રસોઈયા | ૨ |
| ૪ | રસોઈયા નોકરી | ૧ |
| | કુલ | ૧૦ |

અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે રહેવા અને જમવાની સંયુક્ત સુવિધાવાળી આશ્રમશાળામાં મહેકમ અનુસાર કે માન્યતા અનુસાર ૧૫૦ કે ૧૮૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આશ્રમશાળાઓને નિભાવ અર્થે જરૂરી ગ્રાન્ટ નિયમ પ્રમાણે રાજ્ય સરકારે આપવાની રહેશે.

**૪.૭ આશ્રમશાળાઓનો નિભાવ ખર્ચ**

૧. સ્ટાફ અંગે સરકારી ધારાધોરણ અનુસાર પગારની ગ્રાન્ટ આપવામાં આવે છે.

૨. આકસ્મિક ખર્ચ રૂપિયા ૩૫૦૦ આપવામાં આવે છે. જેમાં કન્ટીજન્સી ખર્ચ, વૈદકીય સહાય, પુસ્તકાલય, મકાન મરામત, ઓડિટ ફીનો સમાવેશ થાય છે.

3. લાઈબ્રેરી માટે ધોરણ ૧ થી ૪ માટે રૂપિયા ૩૦૦ અને ધોરણ ૫ થી ૮ માટે રૂપિયા ૫૦૦ ગ્રાન્ટ આપવામાં આવે છે.

૪. એક વિદ્યાર્થીદીઠ માસિક રૂપિયા ૧૫૦૦ નિભાવ ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. આ નિભાવ ભથ્થું શિક્ષણ સાથે રહેવા, જમવાની સુવિધાઓને પહોંચી વળવા માટે આપવામાં આવે છે.

૧. સ્થાનિક પ્રવાસ કાર્યક્રમ, શિબિર સંમેલન
૨. કપડા
૩. રસોડા માટે
૪. દિવાબત્તી માટે
૫. પાણી ખર્ચ માટે
૬. છાપાં-મેગેઝીન વગેરે
૭. સાબુ તથા કેશતેલ
૮. સફાઈ માટે
૯. દતમંજન, બ્રશ વગેરે માટે
૧૦.છાત્રાલય લેખન સામગ્રી
૧૧.પાણી ભરવા માટે
૧૨.છાત્રોને ભોજન માટેના સાધન (થાળી-વાટકી પ્યાલો વગેરે)
૧૩.રસોઈ બનાવવા માટેના સાધનોની રિપેર મજૂરી
૧૪.છાત્રાલયમાં છાત્રોને સામાન રાખવા માટે ઘોડો રેંક
૧૫.શૈક્ષણિક સાધનો માટે છાત્રદીઠ અને સંસ્થાકીય

## ૫. ગુજરાતમાં આશ્રમશાળાઓનો વિકાસ

ગુજરાતમાં ઈ.સ. ૧૯૨૨માં મીરાખેડી ગામ (જિ.પંચમહાલ)માં સૌ પ્રથમ આશ્રમશાળાનો પ્રારંભ થયો. ત્યાર બાદ ઈ.સ. ૧૯૨૩માં સરભોણ (જિ.સુરત) અને ઈ.સ. ૧૯૨૮માં વેડછી (જિ.સુરત)માં આશ્રમશાળાની સ્થાપના દ્વારા આદિવાસી બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત થઈ. આ આશ્રમશાળાઓ સ્થાપવા પાછળનો ગાંધી વિચારસરણી ધરાવનાર રચનાત્મક કાર્યકરોનો મુખ્ય ઉદ્દેશ શાળાકીય શિક્ષણ સાથે આદિવાસી બાળકોમાં પ્રામાણિક નેતાગીરી ઊભી થાય, શૈક્ષણિક-આર્થિક કલ્યાણલક્ષી પ્રવૃત્તિમાં સહાયરૂપ બને તેમજ જીવનલક્ષી કેળવણી આપવાનો હતો.

સ્વતંત્રતા બાદ ૧૯૫૩-૫૪માં "આશ્રમશાળા યોજના" શરૂ થઈ, ત્યારે સરકારી દફતરે માત્ર ત્રણ (3) આશ્રમશાળાઓ નોંધાયેલી હતી. ઈ.સ. ૧૯૬૦માં મહારાષ્ટ્રમાંથી ગુજરાત રાજય છૂટું પડ્યું, ત્યારે ગુજરાતમાં ૪૧ આશ્રમશાળાઓ કાર્યરત હતી. આજે રાજ્યમાં ૪૫૨ પ્રાથમિક આશ્રમશાળાઓ ચાલે છે. આ શાળાઓમાં ત્રેસઠ હજારથી વધુ આદિવાસી બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે, આ આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે હકારાત્મક બાબત છે.

ગુજરાત રાજ્યમાં ૧૯૫૩ થી ૨૦૦૪ દરમિયાન દાયકાવાર, જિલ્લાવાર અને તાલુકાવાર આશ્રમશાળાઓની સ્થાપના વત્તા-ઓછા પ્રમાણમાં થઈ છે. ગુજરાતમાં આશ્રમશાળાઓના વિકાસ રૂપરેખા નીચે આપેલ કોષ્ટકોમાં મુકેલ માહિતીને આધારે સમજી શકાય છે.

**કોષ્ટક નં. ૧**

**ગુજરાતમાં સ્થાપાયેલ દાયકાવાર આશ્રમશાળાઓની સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | દાયકાઓ | આશ્રમશાળાની કુલ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૧૯૫૧-૧૯૬૦ | ૩૫ | ૭.૭૪ |
| ૨ | ૧૯૬૧-૧૯૭૦ | ૪૭ | ૧૦.૪૧ |
| ૩ | ૧૯૭૧-૧૯૮૦ | ૭૬ | ૧૬.૮૧ |
| ૪ | ૧૯૮૧-૧૯૯૦ | ૧૨૨ | ૨૬.૯૯ |
| ૫ | ૧૯૯૧-૨૦૦૦ | ૧૪૭ | ૩૨.૫૨ |
| ૬ | ૨૦૦૧-૨૦૧૦ | ૨૫ | ૫.૫૩ |
| ૭ | ૨૦૧૧-૨૦૧૮ | ૦ | ૦ |
| | કુલ | ૪૫૨ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ આશ્રમશાળાઓની સ્થાપના ૧૯૫૧ થી ૧૯૬૦ના દાયકામાં થઈ છે. ત્યારબાદ આશ્રમશાળાઓની સ્થાપનામાં દરેક દાયકાઓમાં વધારો થયો છે. જેમાં ૧૯૯૧ થી ૨૦૦૦ના દાયકામાં સૌથી વધુ ૧૪૭ (૩૨.૫૨%) આશ્રમશાળાઓ સ્થપાઈ છે. જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૦ ના દાયકામાં સૌથી ઓછી ૨૫ (૫.૫૩%) આશ્રમશાળાઓ સ્થપાઈ છે.

૨૦૦૫ થી ૨૦૧૦ દરમિયાનના ૫ (પાંચ) વર્ષોમાં એક પણ આશ્રમશાળાઓ સ્થપાઈ નથી. એટલે કે ૧૯૯૧ થી ૨૦૦૦ ના દાયકાની સરખામણીએ ૨૦૦૧ થી ૨૦૧૦ ના દાયકામાં ૧૨૨ (૨૬.૯૯%) આશ્રમશાળાઓ ઓછી સ્થપાઈ છે. ૧૯૮૧ થી ૨૦૦૦ દરમિયાન બે દાયકાઓમાં ૨૬૯ (૫૯.૫૧%) આશ્રમશાળાઓ સ્થપાઈ છે. એટલે કે અન્ય ચાર દાયકાઓથી સરખામણીએ આ બે દાયકાઓમાં સૌથી વધુ આશ્રમશાળાઓ સ્થપાઈ છે. ૧૯૫૧ થી ૨૦૧૦ સુધીના છ દાયકામાં સ્થપાયેલી આશ્રમશાળાઓની સરેરાશ કાઢી તો ૭૫ આશ્રમશાળાઓ દરેક દાયકાઓમાં સ્થપાવી જોઈતી હતી. તેની સરખામણીએ ૧૯૮૧ થી ૧૯૯૦ ના દાયકામાં ૧૨૨, ૧૯૯૧ થી ૨૦૦૦ ના દાયકામાં ૧૪૭ આશ્રમશાળાઓ સ્થપાઈ છે, જે અનુક્રમે ૪૭ અને ૭૨ આશ્રમશાળાઓ વધુ સ્થપાઈ છે. જ્યારે ૧૯૫૧ થી ૧૯૬૦, ૧૯૬૧ થી ૧૯૭૦ અને ૨૦૦૧ થી ૨૦૧૦ ના દાયકામાં અનુક્રમે ૩૫, ૪૭ અને ૨૫ આશ્રમશાળા સ્થપાઈ છે, જે અનુક્રમે ૪૦, ૨૮ અને ૫૦ આશ્રમશાળાઓ સરેરાશ કરતા ઓછી સ્થપાઈ છે. જ્યારે માત્ર ૧૯૭૧ થી ૧૯૮૦ ના દાયકામાં ૭૬ એટલે કે સપ્રમાણ આશ્રમશાળાઓ સ્થપાઈ છે. જ્યારે ૨૦૧૧ થી ૨૦૨૦ ના દાયકા માં એક પણ આશ્રમશાળાઓ સ્થપાયેલ નથી. ૨૦૦૪ પછી સરકારે આદિવાસી વિસ્તારમાં નવી આશ્રમશાળાઓ સ્થાપવાનું કે શરૂ કરવાનું બંધ કરી દીધું છે.

આમ ઉપરોક્ત વિશ્લેષણને આધારે કહી શકાય કે ૧૯૮૧ થી ૨૦૦૦ દરમિયાનના બે દાયકામાં આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓની ખૂબજ જરૂરિયાત રહી હશે તેમજ આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક વિકાસના કામો ખૂબ જ થયા હોય તેવું જોવા મળે છે. છતાં પણ દરેક દાયકાઓમાં આશ્રમશાળાઓનો સમાન ધોરણે વિકાસ થવો જોઈતો હતો તેની સરખામણી આ છ દાયકાઓમાં આશ્રમશાળાઓની સ્થાપનાની સંખ્યામાં ભારે વધ-ઘટ અને અસમાનતા જોવા મળે છે.

**કોષ્ટક નં. ૨**

**ગુજરાત રાજયની જિલ્લાવાર આશ્રમશાળાઓની સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક'**

| ક્રમ | જિલ્લો | આશ્રમશાળાની કુલ સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૧ | ૪.૬૫ |
| ૨ | સાબરકાંઠા | ૨૭ | ૫.૯૭ |
| ૩ | અરવલ્લી | ૧૯ | ૪.૨૦ |
| ૪ | મહિસાગર | ૧૪ | ૩.૧૦ |
| ૫ | દાહોદ | ૭૦ | ૧૫.૪૯ |
| ૬ | પંચમહાલ | ૨૩ | ૫.૦૯ |
| ૭ | છોટા ઉદેપુર | ૩૭ | ૮.૧૯ |
| ૮ | વડોદરા | ૧ | ૦.૨૨ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ભરૂચ | ૧૦ | ૨.૨૧ |
| ૧૦ | નર્મદા | ૪૫ | ૯.૯૭ |
| ૧૧ | સુરત | ૩૬ | ૭.૯૬ |
| ૧૨ | તાપી | ૫૭ | ૧૨.૬૧ |
| ૧૩ | નવસારી | ૨૨ | ૪.૮૭ |
| ૧૪ | વલસાડ | ૫૦ | ૧૧.૦૬ |
| ૧૫ | ડાંગ | ૧૨ | ૨.૬૫ |
| ૧૬ | પાટણ | ૧ | ૦.૨૨ |
| ૧૭ | અમદાવાદ | ૧ | ૦.૨૨ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧ | ૦.૨૨ |
| ૧૯ | દેવભૂમિ દ્વારકા | ૧ | ૦.૨૨ |
| ૨૦ | પોરબંદર | ૧ | ૦.૨૨ |
| ૨૧ | જુનાગઢ | ૩ | ૦.૬૬ |
| | કુલ | ૪૫૨ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે કહી શકાય કે વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યના ૨૧ જિલ્લાઓમાં આશ્રમશાળાઓ સ્થપાયેલી છે. આ આશ્રમશાળાઓમાંથી સૌથી વધુ ૭૦ આશ્રમશાળાઓ દાહોદ જિલ્લામાં સ્થપાઈ છે. આ ઉપરાંત તાપી જિલ્લામાં ૫૭, વલસાડ જિલ્લામાં ૫૦ અને નર્મદા જિલ્લામાં ૪૫ આશ્રમશાળાઓ સ્થપાયેલી છે. જ્યારે પાટણ, અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં માત્ર એક-એક આશ્રમશાળાઓ તેમજ જૂનાગઢ જિલ્લામાં ત્રણ આશ્રમશાળાઓ સ્થપાયેલ છે, જેની સંખ્યા બહુજ ઓછી છે, જે જિલ્લાઓમાં આદિવાસી લોકોની વસ્તી વધુ છે, જ્યાં સવિશેષ વસવાટ કરે છે તે જિલ્લાઓમાં આશ્રમશાળાઓ વધુ સ્થપાયેલ છે. બિન આદિવાસી વિસ્તાર અને આદિવાસીઓની ઓછી વસ્તીને કારણે કેટલાક જિલ્લાઓમાં આશ્રમશાળાઓની સંખ્યા ઓછી છે કે નહીવત છે. આ ઉપરાંત ગાંધીવિચારમાં માનનારા અને રચનાત્મક કાર્યક્રમો ચલાવનાર કાર્યકરો જે વિસ્તારમાં ગયા અને આદિવાસીઓના શૈક્ષણિક વિકાસની કામગીરી હાથ ધરી તે જિલ્લાઓમાં આશ્રમશાળાઓની સંખ્યા સૌથી વધુ છે તેમ કહી શકાય. જ્યારે કેટલાક જિલ્લાઓમાં તેની સંખ્યા નહીવત છે.

### કોષ્ટક નં. 3


### ગુજરાત રાજયની જિલ્લાવાર અને તાલુકાવાર આશ્રમશાળાઓની સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક



| ક્રમ | જિલ્લો | કુલ સંખ્યા | ટકાવારી | તાલુકાઓ | કુલ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૧ | ૪.૬૫ | પાલનપુર | ૨ | ૦.૪૪ |
| ૨ | | | | અમીરગઢ | ૪ | ૦.૮૮ |
| 3 | | | | દાંતા | ૧૫ | 3.3૨ |
| ૪ | સાબરકાંઠા | ૨૭ | ૫.૯૭ | પોશીના | ૭ | ૧.૫૫ |
| ૫ | | | | વિજયનગર | ૧૦ | ૨.૨૧ |
| ૬ | | | | ખેડબ્રહ્મા | ૮ | ૧.૭૭ |
| ૭ | | | | ઇડર | ૨ | ૦.૪૪ |
| ૮ | અરવલ્લી | ૧૯ | ૪.૨ | મેઘરજ | ૭ | ૧.૫૫ |
| ૯ | | | | ભિલોડા | ૧૨ | ૨.૬૫ |
| ૧૦ | મહિસાગર | ૧૪ | 3.૧ | કડાણા | 3 | ૦.૬૬ |
| ૧૧ | | | | બાલાસિનોર | ૧ | ૦.૨૨ |
| ૧૨ | | | | સંતરામપુર | ૧૦ | ૨.૨૧ |
| ૧3 | દાહોદ | ૭૦ | ૧૫.૪૯ | દાહોદ | ૧3 | ૨.૮૮ |
| ૧૪ | | | | ગરબાડા | ૬ | ૧.33 |
| ૧૫ | | | | ઝાલોદ | ૯ | ૧.૯૯ |
| ૧૬ | | | | ફતેપુરા | ૯ | ૧.૯૯ |
| ૧૭ | | | | ધાનપુર | ૧3 | ૨.૮૮ |
| ૧૮ | | | | દે.બારીયા | ૪ | ૦.૮૮ |
| ૧૯ | | | | લીમખેડા | ૧૨ | ૨.૬૫ |
| ૨૦ | | | | સંજેલી | ૪ | ૦.૮૮ |
| ૨૧ | પંચમહાલ | ૨3 | ૫.૦૯ | ગોધરા | ૫ | ૧.૧૧ |
| ૨૨ | | | | કાલોલ | ૨ | ૦.૪૪ |
| ૨3 | | | | ઘોઘંબા | ૬ | ૧.33 |
| ૨૪ | | | | જાંબુઘોડા | ૨ | ૦.૪૪ |
| ૨૫ | | | | મોરવાહડફ | ૨ | ૦.૪૪ |
| ૨૬ | | | | શહેરા | ૨ | ૦.૪૪ |
| ૨૭ | | | | હાલોલ | ૪ | ૦.૮૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૮ | છોટા ઉદેપુર | ૩૭ | ૮.૧૯ | છોટાઉદેપુર | ૧૧ | ૨.૪૩ |
| ૨૯ | | | | કવાંટ | ૭ | ૧.૫૫ |
| 30 | | | | નસવાડી | ૬ | ૧.33 |
| ૩૧ | | | | જેતપુર પાવી | ૭ | ૧.૫૫ |
| ૩૨ | | | | સંખેડા | ૬ | ૧.33 |
| 33 | વડોદરા | ૧ | 0.૨૨ | વડોદરા | ૧ | 0.૨૨ |
| ૩૪ | ભરૂચ | ૧૦ | ૨.૨૧ | વાગરા | ૧ | 0.૨૨ |
| ૩૫ | | | | હાંસોટ | ૧ | 0.૨૨ |
| ૩૬ | | | | વાલિયા | ૪ | 0.૮૮ |
| ૩૭ | | | | ઝગડીયા | ૪ | 0.૮૮ |
| ૩૮ | નર્મદા | ૪૫ | ૯.૯૭ | નાદોદ | ૧૪ | 3.૧ |
| ૩૯ | | | | ડેડીયાપાડા | ૨૧ | ૪.૬૫ |
| ૪0 | | | | સાગબારા | ૯ | ૧.૯૯ |
| ૪૧ | | | | તિલકવાડા | ૧ | 0.૨૨ |
| ૪૨ | સુરત | ૩૬ | ૭.૯૬ | બારડોલી | ૫ | ૧.૧૧ |
| ૪3 | | | | માંડવી | ૧૧ | ૨.૪3 |
| ૪૪ | | | | માંગરોળ | 3 | 0.૬૬ |
| ૪૫ | | | | મહુવા | ૬ | ૧.33 |
| ૪૬ | | | | ઉમરપાડા | ૪ | 0.૮૮ |
| ૪૭ | | | | પલસાણા | ૨ | 0.૪૪ |
| ૪૮ | | | | ચોર્યાસી | ૨ | 0.૪૪ |
| ૪૯ | | | | કામરેજ | ૨ | 0.૪૪ |
| ૫0 | | | | ઓલપાડ | ૧ | 0.૨૨ |
| ૫૧ | તાપી | ૫૭ | ૧૨.૬૧ | વ્યારા | ૨૮ | ૬.૧૯ |
| ૫૨ | | | | સોનગઢ | ૧૬ | 3.૫૪ |
| ૫3 | | | | વાલોડ | ૪ | 0.૮૮ |
| ૫૪ | | | | કુકરમુંડા | 3 | 0.૬૬ |
| ૫૫ | | | | ઉચ્છલ | ૫ | ૧.૧૧ |
| ૫૬ | | | | નિઝર | ૧ | 0.૨૨ |
| ૫૭ | નવસારી | ૨૨ | ૪.૮૭ | ચીખલી | 3 | 0.૬૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫૮ | | | | વાંસદા | ૧૩ | ૨.૮૮ |
| ૫૯ | | | | નવસારી | ૨ | ૦.૪૪ |
| ૬૦ | | | | ગણદેવી | ૩ | ૦.૬૬ |
| ૬૧ | | | | જલાલપોર | ૧ | ૦.૨૨ |
| ૬૨ | વલસાડ | ૫૦ | ૧૧.૦૬ | ધરમપુર | ૨૧ | ૪.૬૫ |
| ૬૩ | | | | કપરાડા | ૨૦ | ૪.૪૨ |
| ૬૪ | | | | પારડી | ૪ | ૦.૮૮ |
| ૬૫ | | | | વલસાડ | ૨ | ૦.૪૪ |
| ૬૬ | | | | ઉમરગામ | ૩ | ૦.૬૬ |
| ૬૭ | ડાંગ | ૧૨ | ૨.૬૫ | આહવા | ૫ | ૧.૧૧ |
| ૬૮ | | | | વઘઈ | ૬ | ૧.૩૩ |
| ૬૯ | | | | સુબીર | ૧ | ૦.૨૨ |
| ૭૦ | પાટણ | ૧ | ૦.૨૨ | રાધનપુર | ૧ | ૦.૨૨ |
| ૭૧ | અમદાવાદ | ૧ | ૦.૨૨ | બાવળા | ૧ | ૦.૨૨ |
| ૭૨ | સુરેન્દ્રનગર | ૧ | ૦.૨૨ | લીંબડી | ૧ | ૦.૨૨ |
| ૭૩ | દેવભૂમિ દ્વારકા | ૧ | ૦.૨૨ | ભાણવડ | ૧ | ૦.૨૨ |
| ૭૪ | પોરબંદર | ૧ | ૦.૨૨ | રાણાવાવ | ૧ | ૦.૨૨ |
| ૭૫ | જુનાગઢ | ૩ | ૦.૬૬ | તાલાલા | ૨ | ૦.૪૪ |
| ૭૬ | | | | મેંદરડા | ૧ | ૦.૨૨ |
| | કુલ | ૪૫૨ | ૧૦૦ | કુલ | ૪૫૨ | ૧૦૦ |

ગુજરાત રાજ્યમાં સ્થપાયેલ આશ્રમશાળાઓમાં જિલ્લાવાર સાથે તાલુકાવાર આશ્રમશાળાઓની સંખ્યા જોઈએ તો સૌથી વધુ આશ્રમશાળાઓ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ૨૮ (૬.૧૯%) સ્થપાઈ છે. ત્યારબાદ નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના ૨૧ (૪.૬૫%) અને વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ૨૧ (૪.૬૫%) અને કપરાડા તાલુકામાં ૨૦ (૪.૪૨%) આશ્રમશાળાઓ સ્થપાઈ છે. જ્યારે અન્ય તાલુકાઓ જેવાકે બાલાસિનોર, વડોદરા, વાગરા, હાંસોટ, તિલકવાડા, ઓલપાડ, જલાલપોર, સુબીર, રાધનપુર, બાવળા, લીંબડી, ભાણવડ, રાણાવાવ અને મેંદરડા તાલુકામાં માત્ર એક-એક આશ્રમશાળાઓ જ સ્થપાયેલ છે. ગુજરાત રાજ્યમાં ૨૧ જિલ્લાઓના ૭૬ તાલુકામાં આશ્રમશાળાઓ દ્વારા આદિવાસી બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે જે ખૂબ જ પ્રશંસનીય બાબત છે, પરંતુ દરેક તાલુકાઓમાં આશ્રમશાળાઓની સંખ્યામાં વધ-ઘટ અને અસમાનતા જોવા મળે છે.






# પ્રકરણ - ૫ આશ્રમશાળામાં શિક્ષણની સ્થિતિ અને શીખવાની પ્રક્રિયા

## ૧. પ્રસ્તાવના

પુ.મહાત્મા ગાંધીએ આંદોલન અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા માટે જે સંસ્થાઓ સ્થાપી તેને તેઓ 'આશ્રમ' તરીકે ઓળખાવતા હતા. આદિવાસી વિસ્તારના સંદર્ભે આદિજાતિ વિકાસ વિભાગ તરફથી આશ્રમશાળા યોજના હેઠળ અનુદાન મેળવતી નિવાસી શાળા એટલે આશ્રમશાળા.

ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં ચાલતી આશ્રમશાળામાં ધોરણ ૧ થી ૭ માં સુધીના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હતી. હવે આ શાળામાં આઠમાં ધોરણનો સમાવેશ કરવાં આવ્યો છે. આશ્રમી શિક્ષણ એટલે આશ્રમશાળામાં રહીને વિદ્યાર્થીઓને જે પાયાની કેળવણી કે બુનિયાદી શિક્ષણ અથવા નઈ તાલીમનું જ્ઞાન અને કૌશલ્ય શીખવવા સાથે અક્ષરજ્ઞાન આપી જીવનલક્ષી શિક્ષણ આપવામાં આવે છે તે. જેથી તેઓ કહેવાતા ભદ્ર સમાજના વિકાસ સાથે તે કદમ મિલાવી શકે છે. ભારતની ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં ૮૯,૧૭,૮૭૪ જેટલી આદિવાસી વસ્તી વસે છે, જે ગુજરાતની કુલ વસતિના ૧૪.૭૫% છે.

આશ્રમશાળા એ આદિવાસી સમાજના શ્રમિક, સ્થળાંતરિત કુટુંબના સંતાન માટે બીજા ઘરની વ્યવસ્થા છે. વિધવા, ત્યક્તા અન આર્થિક રીતે નબળા વાલીઓ માટે આશીર્વાદ સમાન છે. આશ્રમશાળામાં આદિવાસી બાળકોનો શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક વિકાસ થાય છે.

આશ્રમશાળાની શિક્ષણ પ્રણાલીથી આદિવાસી વિસ્તારના શિક્ષણનુમ સ્તર ઊંચું આવી શક્યું છે. આદિવાસી સમુદાયના બાળકનો સર્વાંગી વિકાસ માટે આશ્રમશાળાએ પાયાની સંસ્થા છે. આદિવાસીઓ વિસ્તારમાં હાલ આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની ૪૫૨ આશ્રમશાળા કાર્યરત છે, જેમાં અંદાજે ૬૩ હજારથી વધુ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. આમ સમાજના હાંસિયામાં રહેલ આદિવાસી સમાજના પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવા માટે સરકાર કક્ષાએથી જે વિશેષ પ્રયાસો થઈ રહયા છે શું તેના કારણે આદિવાસીઓના શિક્ષણના સ્તરમાં સુધારો આવ્યો છે. શૈક્ષણિક ગુણવત્તામાં કોઈ બદલાવ આવ્યો છે. આશ્રમી કેળવણીની સંકલ્પનાઓ અને આશ્રમી શિક્ષણની પધ્ધતિથી શું આદિવાસી બાળક કે તેમના જીવન ધોરણમાં નોંધપાત્ર બદલાવ જોવા મળે છે કે નહી તેનું મૂલ્યાંકન થવું તે જોઈએ. કારણ કે શિક્ષણ માનવીને અંધકારમાંથી પ્રકાશ તરફ, મર્યાદા અને બંધનમાંથી મુક્તિ તરફ અને અપુર્ણતામાંથી પુર્ણતા તરફ ગતિ કરવા પ્રેરે છે. વ્યક્તિના વ્યક્તિત્વને નિખારે છે ને તે પ્રતિભાશાળી બને છે. શિક્ષણ એટલે મન, શરીર અને આત્મા અર્થાત્ મગજ, હૈયુ, હાથ ત્રણેના સમન્વય દ્વારા પાયાની કેળવણી આપે છે અને તેના દ્વારા અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવવાનું છે. શિક્ષણ માનવીને નિસ્વાર્થી, સંસ્કારી, ચારિત્રવાન સુસંવાદી સમાજ ઉપયોગી બનાવે છે.

આમ, શિક્ષણ એ સંસ્કાર ઘડતરની પ્રક્રિયા છે. શિક્ષણ માનવીમાં પ્રકૃતિપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, માનવપ્રેમ, વિશ્વપ્રેમ, આત્મવિશ્વાસ જેવા માનવીય ગુણો વિકસાવે છે. શિક્ષણ એ કોઈ પણ સમાજ જીવનના વિકાસના એકમો અને આયામો સાથે સંકળાયેલું છે. શિક્ષણ જે તે સમાજના વિકાસની પારાશીશી છે એમ કહીએ તો જરાયે અતિશ્યોકિત નથી. આ વાતની પૂર્તિ પશ્ચિમના વિકસિત દેશોએ આપણને કરાવી દીધી છે. શિક્ષણ એ સમાજનો એક હિસ્સો હોવાથી આદિવાસી સમાજ જેટલે અંશે બિન આદિવાસી સમાજથી ભિન્ન અને નિરાળો છે તેટલે અંશે આદિવાસી શિક્ષણ નિરાળું/ભિન્ન હોવાનું આરંભમાં પ્રશ્ન છે. પ્રાથમિક શિક્ષણનો તેમાં ચાર પાસાંઓ ઉપર આપણે ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે.

(૧) નોંધણી

(૨) દુર્વ્યય

(૩) સ્થગિતતા અને

(૪) ગુણવત્તા

અનુસૂચિત જનજાતિનું જીવધોરણ પ્રકૃતિ સાથે સઘન રીતે જોડાયેલું છે. પ્રકૃતિ સાથે રહીને જીવન વ્યતીત કરતાં હોવાના કારણે તેની સીધી કે આડકતરી અસર તેમના શૈક્ષણિક વિકાસ ઉપર પડે છે. આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ જો સમજીએ તો જણાય છે કે આદિવાસી વસતિનો મોટો હિસ્સો જંગલો અને ડુંગરાળ પ્રદેશમાં વસે છે, શહેરી વિસ્તારો કે મેદાની વિસ્તારોમાં શૈક્ષણિક સુવિધાઓ સહજ અને સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે એટલા પ્રમાણમાં જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં થઈ શકતી નથી. બીજું કારણ આદિવાસી સમાજ શિક્ષણ પ્રત્યે સભાનપણે અને સજાગ રીતે શિક્ષણના મહત્વને લેતા ન હોય એવું પણ હજી અંતરિયાળ ભાગોમાં જોવા મળે છે. આ શૈક્ષણિક પછાતપણું તેમના સમગ્ર પછાતપણાનો એક ભાગ છે એમ કહીએ તો જરાયે ખોટું નથી.

આદિવાસી સમાજનું શૈક્ષણિક સ્તર ઉપર આવે એ માટે ૧૯૨૯ થી લઈને આજ પર્યંત વિવિધ સમિતિઓની ભલામણને આધારે વિવિધ યોજના ભારત સરકાર અને ગુજરાત સરકારે મલમાં મુકીને આદિવાસીઓનું શિક્ષણનું સ્તર સુધારવાના પ્રયાસ કર્યા છે.


પંચાયતી રાજની સ્થાપના અગાઉ પ્રાથમિક શાળાઓ સરેરાશ ૮ કિ.મીના અંતરે આવેલ હતી. કેટલાંક સ્થળોએ તો તેનાથી પણ દૂર હતી. બાળક ૩ કિ.મી કરતાં વધુ દૂર ચાલીને દિવસની શાળાએ જઈ શકતાં નથી, તેથી આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓ (નિવાસી શાળાઓ) સ્થાપવામાં આવી હતી. (જોષી, ૧૯૮૯) ગુજરાતનાં જે જીલ્લાઓમાં આશ્રમશાળાઓ આવેલી છે. એ જીલ્લાઓમાં પ્રાથમિક શાળાઓ આવેલી છે. આશ્રમશાળામાં શીખવવામાં આવતું શિક્ષણ એ બુનિયાદી શિક્ષણ આધારીત છે. આ શિક્ષણ ગુણવત્તાયુક્ત છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવાની જરૂરીયાત જણાય છે. બાળકને જે પધ્ધતિથી શીખવવામાં આવે છે તેનાથી બાળક

વિદ્યાર્થી તરીકે વિષયાભિમુખ થાય છે કે વિષયાવિમુખ થાય છે, એનુ મૂલ્યાંકન કરવાનો સમય પાકી ગયો છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં આશ્રમશાળામાં શિક્ષણની ગુણવત્તા અને શીખવવાની પ્રક્રિયાને સમજવાનો પ્રયાસ સંશોધક દ્વારા કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના શિક્ષણની સ્થિતિ તપાસવા માટે આ અભ્યાસમાં વિદ્યાર્થીની ઉંમર અને શૈક્ષણિક કક્ષાને એટલે કે તે જે ધોરણમાં અભ્યાસ કરે છે તે ધોરણના અભ્યાસક્રમ અનુસાર તેને લઘુત્તમ આવડે છે કે નહીં તે તપાસવા ગણનક્ષમતા માટે ગણિતની સ્વરચિત કસોટી જેમાં ધોરણ ૫ થી ૮માં ગણિતનો સમાવેશ થતો હતો. વાંચન-લેખન ક્ષમતા માટે જે તે ધોરણની ભાષાકીયક્ષમતા, ભાષાશુધ્ધિ, સારગ્રહણ જેવા માપદંડોને ખ્યાલમાં લઈ સંશોધકે પોતે કસોટી લઈ શકાય એ રીતે લેખન-ગણનના પ્રશ્નો તૈયાર કરી માહિતી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં આવરી લીધેલ આશ્રમશાળામાં ઉચ્ચ પ્રાથમિક કક્ષા(૫ થી ૮)ના બાળકોની સ્થળે પર કસોટી લેવામાં આવી હતી. જેના આધાર પર વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતાનુ માપન અને તેઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરે છે કે નહીં તે અંગેનું આંકન કરવામાં આવ્યું હતું. આમ, શૈક્ષણિક ગુણવત્તામાપન માટે વિદ્યાર્થીઓ પાસે અભિયોગ્યતા કસોટી તેમજ મુલાકાત અનુસૂચિ દ્વારા આશ્રમશાળાની શિક્ષણ પ્રણાલી, શીખવવાની પ્રક્રિયા, શૈક્ષણિક સંસાધનોની સ્થિતિ અને તેની ઉપલબ્ધતા તેમજ શિક્ષણની સ્થિતિ વિશે માહિતી એકત્રીત કરવામાં આવી.

**૨. આશ્રમશાળામાં બાળકોની પ્રવેશ પ્રક્રિયા**

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૧૪ જીલ્લાઓ અને ૫૨ તાલુકામાં વિશેષ જોવા મળે છે. આ વિસ્તારોનાં જિલ્લાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત અને આદિવાસી વિભાગ સંચાલિત આશ્રમશાળાઓ કાર્યરત છે. જેમાં ૧ થી ૮ ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. આ ધોરણો મળી કુલ ૧૫૦ ની માન્ય સંખ્યામાં કુમાર-કન્યાની ભરતી કરવાની હોય છે. પરંતુ પ્રવેશ માટે કોઈ ચોક્કસ ધોરણો કે નીતિનિયમો બનાવીને આપતી નથી આશ્રમશાળાના સંચાલકો પોતાની રીતે તે વ્યવસ્થા ગોઠવતાં હોય છે. અભ્યાસના નમૂના સંદર્ભે પસંદ કરવામાં આવેલ ૬૮ આશ્રમશાળામાં પ્રવેશ પ્રક્રિયા કેવા પ્રકારની છે એ જાણવાનો પ્રયાસ પ્રસ્તુત આલેખમાં કરવામાં આવ્યો છે તેની વિગત નીચે મુજબ છે.





**નોંધ**- એક કરતાં વધારે જવાબો મળેલ છે.

આશ્રમશાળામાં બાળકના પ્રવેશની પ્રક્રિયા કઈ રીતે કરવામાં આવે છે તે આચાર્યો-ઈ.આચાર્યો પાસેથી જાણવાનો પ્રયાસ કર્યો, તેમાં અલગ અલગ પ્રકારની પ્રવેશ પ્રક્રિયા જાણવા મળી હતી. જેમકે સરકારી પ્રવેશ પ્રક્રિયા મુજબ અને જન્મના દાખલાના આધારે પ્રવેશ અપાય છે. એવું ઉત્તર ગુજરાતમાં ૩ ઉત્તરદાતાએ મધ્યગુજરાતમાં ૭ ઉત્તરદાતાએ દક્ષિણ ગુજરાતમાં ૬ ઉત્તરદાતાએ અને બિન આદિવાસી વિસ્તારમાંથી ૩ ઉત્તરદાતા મળી કુલ ૧૯ ઉત્તરદાતાએ જણાવ્યું. આર્થિક રીતે નબળા બાળકોને, વિકલાંગ કે આસપાસના ૫ કિ.મી. દૂરના ગામના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે એવું ૧૯ ઉત્તરદાતાએ જણાવ્યું. જે જન્મના પ્રમાણપત્રને આધારે, વિકલાંગ, આર્થિક રીતે નબળા બાળકોને પ્રવેશ પહેલાં અપાય છે એવુ આલેખને આધારે સવિશેષ કહી શકીએ. વાલી સંપર્ક દ્વારા, ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા, સ્થાનિક આગેવાન, નેતા, આચાર્ય કે સંચાલકોના કહેવાથી પ્રવેશ મેળવેલ કુલ ૧૧ ઉત્તરદાતાએ જણાવ્યું. પ્રવેશ ફોર્મ ભરાવીને પ્રવેશ આપવામાં આવે છે એવું ૧૧ ઉત્તરદાતાએ જણાવ્યું. જેમાં મધ્ય ગુજરાતમાંથી ૭ ઉત્તરદાતા, દક્ષિણ ગુજરાતમાંથી ૩ ઉત્તરદાતા અને ઉત્તર ગુજરાતમાંથી ૧ ઉત્તરદાતાએ જવાબ આપ્યો. કુલ ૧૦ ઉત્તરદાતાઓએ આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ વહેલાં તે પહેલાંના ધોરણે આપવામાં આવે છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં ૫ ઉત્તરદાતાએ, મધ્ય ગુજરાતમાં ૩ ઉત્તરદાતા, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાંથી ૧-૧ ઉત્તરદાતાએ આ પ્રમાણે જવાબ આપ્યો હતો. ૫ ઉત્તરદાતા પ્રવેશપ્રક્રિયા અંગે નિરુત્તર રહ્યા હતા. મેરીટ પ્રમાણે પ્રવેશ અપાતો હોય એવુ ૨ ઉત્તરદાતાએ જણાવ્યું જે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાનું પ્રતિનિધિત્વ કરતાં હતાં. જાહેરાતના આધારે પ્રવેશ અપાય છે એવું માત્ર મધ્ય ગુજરાતની

આશ્રમશાળામાં ૨ ઉત્તરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત થઈ. મેરીટને આધારે કે જાહેર માધ્યમોને આધારે પ્રવેશ આપવામાં આવે છે એવા ઉત્તરો સૌથી ઓછા જાણવા મળ્યાં.

ઉપરોક્ત આલેખને આધારે તારવી શકાય છે. આશ્રમશાળામાં પ્રવેશ જન્મના દાખલા પ્રમાણે અથવા આર્થિક રીતે નબળા કે વિકલાંગ બાળકોને અપાય છે, એવું ૧૯ આચાર્યો-ઈ.આચાર્યો જણાવ્યું હતું.

### ૩. વિદ્યાર્થીઓનું ગામ અને આશ્રમશાળાનું અંતર





ઉપરોક્ત આલેખને આધારે વિશ્લેષણમાં કહી શકાય કે આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેટલા અંતરેથી શિક્ષણ મેળવવા આવે છે અથવા તેમનું ગામ કેટલુ દૂર આવેલું છે તેની સ્થિતિ અહીં રજૂ કરવામાં આવી છે. આશ્રમશાળામાં શિક્ષણ મેળવવા આવેલ ૫૫.૮૮% વિદ્યાર્થીઓ ૫૦ કિ.મી. વિસ્તારમાંથી આવે છે, જેમાં ૩૨.૩૫% વિદ્યાર્થીઓ ૨૬ થી ૫૦ કિ.મી.ના દૂરના અંતરેથી આવે છે, તેમનું પ્રમાણ સૌથી વધારે છે. જ્યારે ૪૩.૧૨% વિદ્યાર્થીઓ ૫૦ કિ.મી. કે તેથી વધારે દૂરના અંતરેથી આશ્રમશાળામાં ભણવા માટે આવે છે. તેમજ ૧૪.૭૧% વિદ્યાર્થીઓ તો ૧૦૦ કિ.મી. કે તેથી દૂરના અંતરેથી આશ્રમશાળામાં ભણવા માટે આવે છે. આમ, આદિવાસી માતા-પિતા પોતાના બાળકને ઉત્તમ આશ્રમશાળામાં ભણાવવાની અપેક્ષા રાખે છે, જેથી તેઓ આવી આશ્રમશાળા ૧૦૦ કિ.મી. દૂર હોય છતાં પણ તે ત્યાં મૂકવા જાય છે. તેઓ પોતાના બાળકને ઉત્તમ શિક્ષણ મળશે કે નહીં તેમજ આશ્રમશાળામાં પૂરતી સુવિધા છે કે નહીં તે બધું ધ્યાનમાં રાખીને, વિચારીને પોતાના બાળકોને દૂરની આશ્રમશાળામાં ભણવા માટે મૂકે છે. આશ્રમશાળાઓમાં નજીકના વિસ્તારની સરખામણીએ દૂરના ગામડાઓમાંથી વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં આવે છે એમ કહી શકાય.

### ૪. આશ્રમશાળામાં માન્ય ધોરણો અને તેની સ્થિતિ

ગુજરાતમાં આદિવાસી સમાજના વિકાસ માટે ૪૫૨ જેટલી આશ્રમશાળાઓ કાર્યરત છે, જેમાં ધોરણ ૧ થી ૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતું હતું. હાલમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી આશ્રમશાળામાં ૮મું ધોરણ શરૂ કરવામાં આવ્યું છે. એ સંદર્ભે નમૂનાયુક્ત આશ્રમશાળાની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**આશ્રમશાળા કેટલા ધોરણ સુધીની છે તેની વિગત દર્શાવતો આલેખ**





ઉપરોક્ત આલેખની આંકડાકીય બાબતોને વર્ગીકૃત કરતાં ખ્યાલ આવે છે કે આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ વિકાસ વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત કુલ ૪૫૨ આશ્રમશાળાઓમાં ૧ થી ૮ ધોરણો ધરાવતી શાળાઓની સંખ્યા ૫૮ છે એટલે કે ૮૫.૨૯% છે. માત્ર ૧૪.૭૧% એટલે કે ૧૦ આશ્રમશાળાઓ એવી છે જેમાં હજી પણ ૭ ધોરણ સુધીના વર્ગો ચાલે છે. અભ્યાસ દરમિયાન જ્યારે માહિતી મેળવવામાં આવી ત્યારે કેટલીક આશ્રમશાળાઓમાં ધોરણ-૮ આપવામાં આવ્યું ન હતું. આ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૭ જ છે. ધોરણ-૮ આપવામાં આવશે એવું કહેવામાં આવ્યું હતું, પરંતુ હાલ આપવામાં આવેલ નથી. આમ, આઠમું ધોરણ આવવાથી પ્રાથમિક બાદ અભ્યાસ સ્થગિતતાનું પ્રમાણ ઘટાડી શકાય છે.

આમ તારણમાં કહી શકાય કે આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓમાંથી ૮૫.૨૯% આશ્રમશાળાઓ ધોરણ ૧ થી ૮ સુધીની છે, જ્યારે માત્ર ૧૪.૭૧% આશ્રમશાળાઓમાં ધોરણ-૮ આપવાનું બાકી હોવાથી આશ્રમશાળાઓ ૧ થી ૭ ધોરણ સુધીની જ છે.

### ૫. આશ્રમશાળામાં વિષયવાર શિક્ષકોની સ્થિતિ

ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં વિષયવાર શિક્ષકોની સંખ્યા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો એની વિગતો પ્રસ્તુત આલેખમાં દર્શાવવામાં આવી છે.





અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓ કે જે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને બિન આદિવાસી વિસ્તારમાંથી ઉપલબ્ધ ચોક્કસ નિયત સંખ્યા પાસે માહિતી એકત્રીકરણ પ્રવિધિઓ દ્વારા વિગતો મેળવવામાં આવી છે. તેમાં મહેકમ અનુસાર શિક્ષકોની વિષયવાર સંખ્યા માત્ર દક્ષિણ ગુજરાતમાં જોવા મળી હતી. જ્યારે બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં વિષયવાર શિક્ષકો નથી અને મધ્ય ગુજરાતની સ્થિતિ મધ્યમ કહી શકાય કારણ કે ત્યાંની આશ્રમશાળામાં પ્રાપ્ય માહિતી પરથી માલુમ પડ્યુ કે ૪૩.૪૧% આશ્રમશાળામાં વિષયના શિક્ષકો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં શિક્ષકોની સંખ્યા નહીંવત છે. કુલ ૮૨.૩૫% શાળાઓમાં વિષયના શિક્ષકો નથી. કેટલાંક સ્થળોએ ક્ષેત્રકાર્યને આધારે જાણવા મળ્યું કે પૂર્ણ સમયના શિક્ષકોની વ્યવસ્થા ન ગોઠવાતા પ્રવાસી શિક્ષકો રાખવામાં આવે છે. જે તાસ લઈને જતા રહે છે. અથવા સારી/કાયમી નોકરીની તક મળતાં આશ્રમશાળા છોડીને જતાં રહે છે.

આમ, ઉપરોક્ત આલેખને આધારે તારણ કાઢી શકાય છે કે આશ્રમશાળામાં મહેકમ પ્રમાણેના કાયમી ધોરણે વિષયવાર શિક્ષકોનું પ્રમાણ અલ્પ જોવા મળે છે, જે ૧૭.૬૫% છે. જ્યારે ૫૬ (૮૨.૩૫%) આશ્રમશાળાઓમાંથી વિષયવાર શિક્ષકો ન હોવાનું જાણવા મળ્યું છે.

## ૬. આશ્રમશાળામાં શિક્ષણ સંબંધી સુવિધાઓ અને વ્યવસ્થાઓની સ્થિતિ

આશ્રમશાળામાં આદિવાસી બાળકોના સર્વાંગી વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગ તરફથી અનુદાન આપવામાં આવે છે. આ અનુદાન વિદ્યાર્થીઓના છાત્રાવાસ સંદર્ભે તેમજ આશ્રમશાળાના ખર્ચ પેટે હોય છે. આ અનુદાનની રકમમાંથી આશ્રમશાળાઓની ભૌતિક તેમજ શૈક્ષણિક સુવિધાઓ-સગવડો ઊભી કરવામાં આવે છે. બાળકના અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક વાતાવરણના નિર્માણ કરવાનો આધાર વહીવટીતંત્ર ઉપર ઘણો હોય છે. આ તર્કને ધ્યાનમાં રાખીને ઉત્તરદાત્તાને આશ્રમશાળામાં શિક્ષણ સંબંધી સુવિધા અને વ્યવસ્થા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેની વિગત પ્રસ્તુત આલેખમાં જણાવવાનો પ્રયાસ સંશોધકે કર્યો છે.


આશ્રમશાળામાં શિક્ષણ સંબંધી સુવિધાઓ અને વ્યવસ્થાઓની સ્થિતિની વિગતો દર્શાવતો આલેખ
ટકાવારી
100
90
80
70
60
50
40
30
20
10
0
27.94
72.06
47.06
52.94
29.41
70.59
69.12
30.88
64.71
35.29
20.59
79.41
82.35
17.65
91.18
8.82
89.71
10.29
92.65
7.35
82.35
17.65
હા
ના
કમ્પ્યુટર લેબ
કમ્પ્યુટર શિક્ષક
ઓડીયો-વિઝ્યુઅલની સગવડ
બાયોમેટ્રીક સિસ્ટમ
બાયોમેટ્રીક સિસ્ટમનો નિયમિત ઉપયોગ
વિજ્ઞાનની પ્રયોગશાળા
ગ્રંથાલય
શૈક્ષણિક પ્રવાસનું આયોજન
ઉત્સવો કે કાર્યક્રમો
વાલી સંમેલન
જિ.શિ.વિ.ના કાર્યક્રમોમાં ભાગીદારી
શિક્ષણ સંબંધી સુવિધાઓ અને વ્યવસ્થાઓની સ્થિતિ

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં મળતી સુવિધાઓ અને વ્યવસ્થા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં ૪૯ (૭૨.૦૬%) આશ્રમશાળામાં કોમ્પ્યુટર લેબની સુવિધાઓ જોવા મળી નથી. ઝોન પ્રમાણે જોવા જઈએ મધ્ય ગુજરાતની ૨૧ (૩૦.૯૮%) આશ્રમશાળામાં લેબની સુવિધા જોવા મળી ન્હોતી. દક્ષિણ ગુજરાતમાં ૮ (૧૧.૭૮%) આશ્રમશાળામાં જોવા મળી ન્હોતી. ઉત્તર ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારમાં કોમ્પ્યુટરની લેબ જ ન હોય એવું જોવા મળ્યું. છતાં કોમ્પ્યુટર વિષયની જાણકારી ૬૮ આશ્રમશાળામાંથી કુલ ૩૨ (૪૭.૬%) આશ્રમશાળાઓમાં ધરાવે છે. પસંદગીયુક્ત ૬૮ આશ્રમશાળાઓ પૈકી ૪૮ (૭૦.૫૯%) આશ્રમશાળાઓમાં દ્રશ્ય-શ્રાવ્ય સંશાધનો નથી. આ સંશાધનો ન હોવાથી બાળકો-કર્મચારો સરકારી કે ગેરસરકારી માધ્યમો દ્વારા આપવામાં આવતી બાહ્ય શૈક્ષણિક માહિતીથી વાકેફ થઈ શકતા નથી. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની ૯ આશ્રમશાળાઓમાં દ્રશ્ય-શ્રાવ્ય સંશોધનો જોવા મળે છે જ્યારે બિન આદિવાસી વિસ્તારની ૪ આશ્રમશાળાઓમાં બિલકુલ સુવિધા નથી એટલે માત્ર ૬૮ આશ્રમશાળા પૈકી માત્ર ૨૦ (૨૯.૨૧%) દ્રશ્ય-શ્રાવ્ય સંશાધનો ઉપલબ્ધ છે. બાયોમેટ્રીક પદ્ધતિથી બાળકોની હાજરી ફરજીયાતપણે પૂરવાની થતી હોવાને કારણે ૬૮માંથી ૪૭ (૬૯.૧૨%) શાળાઓમાં બાયોમેટ્રીક મશીન છે. જ્યારે ઉત્તર ગુજરાતની ૧ (૧.૪૭%) આશ્રમશાળામાં ન જોવા મળ્યું, જ્યારે બિન આદિવાસી વિસ્તારની ચારેય આશ્રમશાળાઓમાં બાયોમેટ્રિક પદ્ધતિ જોવા મળી ન્હોતી, જે આશ્રમશાળામાં બાયોમેટ્રિક સિસ્ટમ છે ત્યાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

આ ઉપરાંત વિજ્ઞાન વિષય સંદર્ભે બાળકોને સૈદ્ધાંતિક જ્ઞાનની સમજ પ્રાયોગિક જ્ઞાન સાથે મળી શકે એ માટે પ્રયોગશાળા હોવી જોઈએ. નિદર્શન હેઠળની આશ્રમશાળામાંથી ૩૦ (૪૪.૧૨%) આશ્રમશાળા જે મધ્ય ગુજરાતની આશ્રમશાળા છે એમાં જોવા મળ્યું જે સૌથી વધારે છે. જ્યારે ૧ (૧.૪૭%) જે દક્ષિણ ઝોનની આશ્રમશાળામાં જોવા મળી હતી, જે સૌથી ઓછું પ્રમાણ છે. જ્યારે બિન આદિવાસી વિસ્તારની આ આશ્રમશાળાઓ પૈકી એકેય શાળામાં પ્રયોગશાળા જોવા મળી ન્હોતી. શાળામાં ભણતા બાળકો અભ્યાસ સિવાયના પુસ્તકો વાંચી પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે અથવા શિક્ષકો પણ શૈક્ષણિક માહિતી આપવામાં પૂરક સાહિત્યનો ઉપયોગ કરી શકે એ માટે દરેક શાળાને પોતાનુ ગ્રંથાલય હોવું જોઈએ, એ આશયથી પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને આશ્રમશાળામાં ગ્રંથાલય હોવા અંગેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો, જેના ઉત્તરો જોવાં જઈએ તો ૨૫ (૩૬.૭૬%) જેટલી ગ્રંથાલયની સંખ્યા મધ્ય ગુજરાતની આશ્રમશાળામાં જોવા મળી હતી. મધ્ય ગુજરાતની ૩૦ આશ્રમશાળામાંથી ૨ (૨.૯૪%) આશ્રમશાળા કોઈ જ પ્રત્યુત્તર આપ્યો ન્હોતો. દક્ષિણ ગુજરાતની કુલ ૨૪ આશ્રમશાળાઓમાંથી ૨૦ (૨૯.૪૧%) આશ્રમશાળા ગ્રંથાલયની સુવિધા ધરાવે છે. ઉત્તર ગુજરાતની ૧૦ આશ્રમશાળા પૈકી ૯ (૧૩.૨૪%) આશ્રમશાળાઓમાં ગ્રંથાલયની સુવિધા જોવા મળી હતી જે ખૂબ હકારાત્મક બાબત સૂચવે છે. જ્યારે બિન આદિવાસી વિસ્તારની


આશ્રમશાળામાં ગ્રંથાલયની સુવિધા સંદર્ભે જોઈએ તો ૪ આશ્રમશાળાઓમાંથી ૨ (૨.૯૪%)માં સુવિધા છે. જ્યારે ૧ (૧.૪૭%) સુવિધા નથી અને એક આશ્રમશાળાના ઉત્તરદાતાઓ અંગે પોતાનો કોઈ પ્રતિભાવ જણાવ્યો ન્હોતો. આ પસંદગીયુક્ત ૬૮ આશ્રમશાળાઓ પૈકી ૫૬ (૮૨.૩૫%) આશ્રમશાળાઓમાં ગ્રંથાલયની સુવિધાઓ જોવા મળી હતી. જ્યારે ૩ આશ્રમશાળા (૪.૪૧%) માંથી કોઈ જવાબ આ સંદર્ભે મળ્યો ન્હોતો. અને ૯ (૧૩.૨૪) આશ્રમશાળાઓમા ગ્રંથાલય-પુસ્તકાલયની કોઈ સુવિધા જોવા મળી ન્હોતી. આશ્રમશાળા દ્વારા બાળકો બાહ્ય ભૌગોલિક વાતાવરણ, સંશાધનોની માહિતી મેળવી શકે એવા આશયથી આશ્રમશાળામાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય છે કે નહી એવો પ્રશ્ન પૂછતા જાણવા મળ્યું કે ૬૮ આશ્રમશાળામાં ૬૨ (૯૧.૧૮%) આશ્રમશાળામાં પ્રવાસનું આયોજન થાય છે, જે ખૂબ જ સારી બાબત છે. તેથી બાળકના શૈક્ષણિક અને સામાજિક વિકાસમાં હકારાત્મક બાબતોનું ઉમેરણ થાય છે. બાળકોના સામાજિક વિકાસ અને શૈક્ષણિક ઉત્સાહમાં વધારો થઈ શકે એ માટે અભ્યાસના વિષયોની સાથે બાળકોને મનોરંજન મળે એ માટે વાર્ષિક ઉત્સવ કે તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. ૮૯.૭૧% આશ્રમશાળાઓમાં વિવિધ ઉત્સવો અને તહેવારોની ઉજવણી કરવામાં આવે છે, જેમેક ગણેશ ચતુર્થી, નવરાત્રી, હોળી-ધૂળેટી, દશેરા, ઉત્તરાયણ, જન્માષ્ટમી વગેરે તહેવારોને ઉત્સવોરૂપે ઉજવવામાં આવે છે. ૫ (૭.૩૫%) આશ્રમશાળામાં કોઈ પ્રકારના ઉત્સવોની ઉજવણી કરવામાં આવતી નથી જ્યારે ઉત્તર ગુજરાતની ૨ આશ્રમશાળામાંથી આ પ્રશ્ન અંગે કોઈ પ્રત્યુત્તર આપ્યો ન્હોતો જ્યારે ૧ આશ્રમશાળામાં કોઈ પ્રકારના તહેવારોની ઉજવણી કરવામાં આવતી નથી. જ્યારે મધ્ય ગુજરાતમાં ૩૦માંથી ૨૯ (૪૨.૬૫%) શાળામાં અને દક્ષિણ ગુજરાતમાં ૨૪માંથી ૨૨ (૩૨.૩૫%) આશ્રમશાળામા તહવારોની ઉજવણી અંગેના કાર્યક્રમો થાય છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકો ૨૪ કલાક શાળામાં જ રહે છે. એના અભ્યાસ અંગે એના વર્તનવ્યવહાર અંગે કેટલાંક માતા-પિતાને જાણકારી હોતી નથી. અહીં અભ્યાસાર્થે આવતા બાળકો શ્રમિક માતા-પિતાના હોય છે અને ઓછું શિક્ષણ ધરાવતાં હોય છે, આથી બાળકની અભ્યાસની પ્રવૃત્તિ અંગે ખાસ કોઈ રૂચિ ધરાવતાં હોતાં નથી. શાળા દ્વારા વાલી સંમેલનનું આયોજન નિયમિત કરવામાં આવે ત્યારે વાલીઓને શાળાઓની પ્રવૃત્તિથી અને શિક્ષકો દ્વારા બાળકની અભ્યાસની પ્રગતિ અંગે તેમને જાણકારી આપવામાં આવે છે. એ પ્રકારના ઉદેશ્ય અને તર્કથી આશ્રમશાળામાં વાલી સંમેલનો થાય છે કે નહી એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો જે અંગે ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. કુલ ૬૮ આશ્રમશાળામાંથી ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળામાં વાલી સંમેલનનું આયોજન કરવામાં આવે છે. ૪ (૫.૮૮%) આશ્રમશાળામાં વાલી સંમેલનનું આયોજન નિયમિત કરવામાં આવતું નથી. જ્યારે ૧ (૪.૪૭%) આશ્રમશાળામાંથી કોઈ પ્રકારનો પ્રત્યુત્તર આપ્યો ન્હોતો. જીલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જીલ્લાની

પ્રાથમિક શાળાઓના બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિ, કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. આવી પ્રવૃત્તિઓમાં જે તે જીલ્લાની આશ્રમશાળાઓ ભાગ લે છે કે નહી એ અંગે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેના પ્રત્યુત્તરમાં જાણવા મળ્યું છે કે ૫૬ (૮૨.૩૫%) આશ્રમશાળાઓ જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કાર્યક્રમોમાં ભાગીદાર થાય છે. ઉત્તર ગુજરાતની નમૂનાયુક્ત ૧૦ આશ્રમશાળાઓ, બિન આદિવાસી વિસ્તારની ચારેય આશ્રમશાળાઓ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કાર્યક્રમોમાં ભાગ લે છે. જ્યારે દક્ષિણ ગુજરાતની ૫ (૭.૩૫%) અને મધ્ય ગજરાતની ૧ (૧.૪૭%) આશ્રમશાળા આ સંદર્ભે કોઈ જ મત આપ્યો ન હતો.

આમ, તારણ કાઢી શકાય કે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં વધતા-ઓછા અંશે પુસ્તકાલય, પ્રયોગશાળા, શૈક્ષણિક પ્રવાસનું આયોજન, વાલી સંમેલન, તહેવારોની ઉજવણી વગેરે શાળામાં થાય છે.


## ૭. સરકાર-સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને અપાતી સગવડો અને તેની સ્થિતિ



ઉપરોક્ત આલેખ ઉપરથી જોઈ શકાય છે કે આશ્રમશાળાઓમાં આદિજાતિ વિકાસ વિભાગ તરફથી મળતી અનુદાન ઉપરાંત ગણવેશ આપવામાં આવતો હોવા છતાં ૩ (૪.૪૧%) ને શાળાઓમાં ગણવેશ આપવામાં આવતો નથી. જે વિશેષ ઉત્તર ગુજરાત અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં જોવા મળ્યું હતું. ૯૭.૦૬% શાળાઓમાં એટલે કે ૬૮ માંથી ૬૬ શાળાઓમાં બાળકોને ધોરણ મુજબ પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની એક-એક આશ્રમશાળાઓમાં બાળકોને પાઠ્યપુસ્તક પૂરતા પ્રમાણમાં મળતા ન હોવાથી આપી શકતા નથી. કપડાં ધોવાનો કે ન્હાવાનો સાબુ, માથામાં નાખવાનું તેલ વગેરે બાળકોને સરકારશ્રી તરફથી આપવામાં આવે છે છતાં તેમાં માથામાં નાંખવાનું તેલ ૩ આશ્રમશાળા એટલે કે ૪.૪૧% શાળામાં આપવામાં આવતું નથી નોટબુક્સ ૬૮માંથી ૪૦ (૬૪.૭૧%) આશ્રમશાળાઓમાં આપવામાં આવે છે. ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૩ (૭૭.૯૪%)માં વિદ્યાર્થીઓને થાળી-વાટકી-ગ્લાસ આપવામાં આવે છે. ૭૦.૫૯% આશ્રમશાળાઓમાંથી ગાદલું અને ૭૫.૦૦% આશ્રમશાળામાં ઓઢવાની ચાદર તેમજ ૪૧.૧૮% આશ્રમશાળામાં બાળકોને ઓશીકું આપવામાં આવે છે. ૬૮ આશ્રમશાળામાંથી ચાદર અને શેતરંજી ૪૭ જેટલી આશ્રમશાળાઓમાં આપવામાં આવે છે. જ્યારે પલંગ, ટેબલ મોટાભાગની શાળાઓમાં આપવામાં આવતું ન્હોતું. મચ્છરદાની કે ગરમ કપડાં પણ આપવામાં આવતા ન્હોતાં.

આ ઉપરથી તારણ કાઢી શકાય કે બાળકોને આશ્રમશાળામાં ભોજન અને પુસ્તકો સિવાયની તમામ સુવિધાઓ નિયમિત રીતે બધી જ શાળામાં પૂરતાં પ્રમાણમાં સમયસર મળતી નથી.

## ૮. આશ્રમશાળાનાં વિદ્યાર્થીઓ અને નાપાસ થવાના કારણો





**નોંધ**- એક કરતાં વધારે જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાના વિદ્યાર્થીઓ અભ્યાસ દરમ્યાન નાપાસ થતાં હોય તો તે પાછળ મુખ્ય ક્યા કારણો જવાબદાર છે એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો તેની વિગત દર્શાવવામાં આવી છે. જે પ્રશ્નોના જવાબો માટે જુદાં જુદાં વિકલ્પો મળ્યા હતા. એનું વિવરણ જોતાં આપણને ખ્યાલ આવે છે. ૬૮ ઉત્તરદાતાઓએ R.T.E. કાયદાને કારણે બાળકો નાપાસ કરવામાં આવતા નથી. R.T.E.ના કાયદા અંતર્ગત બાળકને નાપાસ નથી કરી શકાતાં એવું ૨૫ મધ્ય ગુજરાતના અને ૩૩ દક્ષિણ ગુજરાતના શિક્ષકોએ જવાબો આપ્યા. બાળક જ્યારે સતત ગેરહાજર રહેતું હોય તેવા ઉપલા ધોરણોમાં તે અભ્યાસમાં નબળું પડે છે એવા સંજોગોમાં નાપાસ થતું હોય એવો જવાબ ૩૭ ઉત્તરદાતાઓએ આપ્યો જેમાં મધ્ય ગુજરાતમાંથી ૧૭ ઉત્તરદાતાએ આપ્યો ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાંથી ૧૦-૧૦ ઉત્તરદાતાએ આપ્યો. બાળકના નાપાસ થવા અંગે માતા-પિતાની આર્થિક પછાતપણાની અસરને પણ જવાબદાર ગણી એવું ૨૫ ઉત્તરદાતાઓના જવાબ ઉપરથી દેખાય છે, જેમાં સૌથી વધારે ૧૭ ઉત્તરો દક્ષિણ ગુજરાતમાંથી મળ્યા હતા. બાળક મંદબુદ્ધિ અથવા અભ્યાસોત્તર પ્રવૃત્તિ વિશેષ ધ્યાન કે લક્ષ્ય ન આપતા હોવાને કારણે પણ બાળક નાપાસ થાય છે, તેવું ૨૭ ઉત્તરદાતાઓને આધારે કહી શકાય છે. જેમાં પણ દક્ષિણ ગુજરાતના ૧૭ ઉત્તરદાતાએ જવાબ મળ્યો, મધ્ય ગુજરાતમાંથી ૫ અને ઉત્તર ગુજરાત ૨ અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળામાંથી ૩ ઉત્તરદાતાએ જવાબ આપ્યો. શાળાનાં શિક્ષકોનો સ્ટાફ પૂરતો ન હોય કે સાધનો ન હોય એવા કારણો પણ શિક્ષકો પાસેથી મળ્યા, જેમાં ૯ જવાબો મળ્યા, જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતમાં અને બિન આદિવાસી વિસ્તારના ૧ ઉત્તરદાતાએ જવાબ આપ્યો. આ ઉપરાંત શિક્ષણકાર્ય વ્યવસ્થિત ન ચાલવાના કારણે ૪ ઉત્તરદાતા પ્રાથમિક શાળામાંથી આશ્રમશાળા આવે અને વાતાવરણ અનુકુળ ન આવે ત્યારે બાળકો નાપાસ થાય છે એવું પણ જણાવ્યું હતું. બાળકો અભ્યાસ કરતા હોય તો બાળકોને જવાબદારી પૂર્વક ભણાવ્યુ કે  નહી તેની કાળજી રાખવી એ મા-બાપની ફરજ બને છે, પરંતુ તે ત્યારે જ શક્ય બને જ્યારે માતા-પિતા શિક્ષિત હોય અને શિક્ષણ પ્રત્યે જાગૃત હોય આવા કારણો આપી મા-બાપની બેદરકારીથી પણ બાળક નાપાસ થાય છે. એવું ૨૦ શિક્ષકોએ જણાવ્યુ, જેમાં સૌથી વધારે ઉત્તર ગુજરાતના ૯ ઉત્તરદાતાઓએ જણાવ્યુ. મધ્ય ગુજરાતના ૭ શિક્ષકોએ અને દક્ષિણ ગુજરાતના ૪ શિક્ષકો પાસેથી જાણવા મળ્યું.

આ સાથે જ ઉત્તરદાતાએ માતા-પિતાના સ્થળાંતરને પણ બાળકના આશ્રમશાળામાં નાપાસ થવાના કારણો માટે જવાબદાર પરિબળ ગણાવ્યું હતું. મધ્ય ગુજરાતમાં અભ્યાસ કરનાર બાળકોના વાલીઓ વધુ સ્થળાંતર કરતાં હોય એવું પ્રાપ્ય આંકડાને આધારે કહી શકીએ છીએ, જેમાં ૧૧ ઉત્તરદાતાએ બાળકના નાપાસ થવા માટે આ કારણ ગણાવ્યું અને દક્ષિણ ગુજરાતમાંથી માત્ર ૧ ઉત્તરદાતાએ જણાવ્યુ હતું. કામના બોજથી બાળક નાપાસ થાય એવું મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાના ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું હતું.

ઉપરોક્ત આલેખના વિવરણ ઉપરથી ફલિત થાય છે કે વિદ્યાર્થીઓના વિવિધ ધોરણોમાં નાપાસ થવા માટે મુખ્ય કારણ બાળકનું સતત ગેરહાજર રહેવુ એ કારણ જણાય છે. જ્યારે બાળકના નાપાસ થવા માટે ઓછું જવાબદાર પરિબળ બાળકની બિમારી ગણાવી છે.

## ૯. વિદ્યાર્થીઓના આશ્રમશાળામાંથી અધ્ધ વચ્ચેથી શિક્ષણ છોડવા પાછળના કારણો




**નોંધ**- એક કરતાં વધુ જવાબ મળેલ છે.


શાળામાંથી અધવચ્ચે વિદ્યાર્થીઓ જતાં રહેતાં હોય છે તે અંગે જવાબદાર કારણો જાણવા માટેના પ્રયાસ પ્રયાસ કરવામાં આવ્યો. આ માટે એક કરતાં વધારે જવાબો મળ્યાં હતાં. આલેખને આધારે કહી શકાય કે ૧૧૭ વિદ્યાર્થીઓ આશ્રમશાળામાં ધોરણ-૧ થી ૭ સુધીમાં કુટુંબના સામાજિક કારણોસર વિદ્યાર્થીઓ અધવચ્ચેથી શાળા છોડી દે છે, જેમાં મધ્ય ગુજરાતના ૫૧ ઉત્તરદાતાઓ, દક્ષિણ ગુજરાતના ૪૩ ઉત્તરદાતાઓ, ઉત્તર ગુજરાતના ૧૮ અને બિનઆદિવાસી વિસ્તારના ૪ ઉત્તરદાતાઓ પાસેથી આ પ્રકારનો જવાબ મળેલ છે. એવી જ રીતે ૧૧૯ ઉત્તરદાતાએ શાળામાંથી વિદ્યાર્થીઓના અધવચ્ચેથી અભ્યાસ છોડવા પાછળનું કારણ માતા-પિતાની આર્થિક પરિસ્થિતિને જવાબદાર ગણી હતી. જેમાં મધ્ય ગુજરાતમાં ૪૭ પાસેથી, દક્ષિણ ગુજરાતમાં ૪૯ પાસેથી, ઉત્તર ગુજરાતમાં ૧૯ પાસેથી અને બિન આદિવાસી વિસ્તારમાં ૪ પાસેથી આર્થિક કારણોને જવાબદાર છે એવું જાણવા મળ્યું. માતા-પિતા શ્રમિક હોય મજૂરી કરી કુટુંબનું ભરણપોષણ કરાતાં હોય તેવા સંજોગોમાં બાળકોને પણ સાથે લઈ જાય છે એને

પણ નાની-મોટી મજૂરી સાથે જોડે છે, જેથી આવકમાં વધારો થાય બાળકને ભણવાથી શુ ફાયદો થાય અમારે તો મજૂરી કરીને કુટુંબનું ગુજરાન કરવાનું હોય છે, એવા જવાબો મા-બાપ પાસેથી કુટુંબમાં શિક્ષણનું મહત્વ કે વાતાવરણ ન હોવાને કારણે બાળકો પણ અભ્યાસમાં રૂચિ દાખવતાં નથી એવું ૭૧ ઉત્તરદાતાએ આપ્યો, જેમાં મધ્ય ગુજરાતમાંથી ૨૯ ઉત્તરદાતાએ, દક્ષિણ ગુજરાતમાંથી ૨૪ ઉત્તરદાતાએ, ઉત્તર ગુજરાતમાંથી ૧૪ અને બિન આદિવાસી વિસ્તારના ૪ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું.

આશ્રમશાળામાં બાળકોને ૨૪ કલાક રહેવુ પડે શિક્ષણ સિવાય અન્ય કામગીરી જેમકે જાતે કપડાં ધોવા, રહેવાના ઓરડાની સફાઈ, વર્ગખંડની સફાઈ, સંડાસ-બાથરૂમની સફાઈ વગેરે કામગીરી સાથે કરવી પડતી હોય છે. આ કારણોસર વિદ્યાર્થીઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે એવું પણ ઉત્તરદાતા પાસેથી જાણવા મળ્યું. જેમાં દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાના ૨૫ ઉત્તરદાતા પાસેથી જાણવા મળ્યું. ઉત્તર ગુજરાતમાંથી ૧૩, મધ્ય ગુજરાતમાંથી ૧૨ અને બિનઆદિવાસી વિસ્તારની ૩ આશ્રમશાળાના ઉત્તરદાતા પાસેથી જાણવા મળ્યું. સૌથી ઓછું જવાબદાર પરિબળ એ કૌટુંબિક કારણોસર રહ્યું જેમાં મોટી છોકરી હોય કે મોટો છોકરો હોય તો ઘરમાં નાના ભાઈ બહેન કે બિમાર વડીલોને સાચવવા માટે બાળકે ૬ થી ૮ ધોરણ સુધીમાં અભ્યાસ છોડી દેવો પડે છે એવું ઉત્તરદાતા પાસેથી જાણવા મળ્યું. અન્ય જવાબદાર કારણોમાં માતા-પિતાને છોડવું ન ગમતું હોય, પોતે શારીરિક રીતે સક્ષમ ન હોય, શાળાની ફેરબદલી, શાળામાં સુવિધાનો અભાવ, માતા-પિતાની બાળકના અભ્યાસ પ્રત્યેની બેકાળજી વગેરે જવાબદાર પરિબળો ગણાવ્યા હતા. આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ અને પ્રાથમિક શાળાઓ હોવાથી પ્રાથમિક શિક્ષણ બાળકો મેળવે છે પરંતુ માધ્યમિક શિક્ષણ પ્રાથમિક શાળામાં જેટલા વિદ્યાર્થીઓ હોય તેટલા બાળકો માધ્યમિક શાળામાં દાખલ થતાં નથી એ માટે ઉપરોક્ત એક કે એક કરતા વધુ કારણો જવાબદાર હોઈ શકે છે. આ ઉપરાંત પ્રાદેશિક બોલી/ભાષા પણ બાળકના શાળા છોડવા માટે જવાબદાર પરિબળ છે. એ જવાબ કુલ ૩ ઉત્તરદાતાએ આપ્યો છે.

ઉપરોક્ત આલેખને આધારે તારણ-નિષ્કર્ષ કાઢી શકાય પ્રાથમિક કક્ષામાં અભ્યાસ છોડવા માટે સૌથી વધારે જવાબદાર કારણો પૈકી ૧૧૭ ના મતે સામાજિક અને ૧૧૯ ના મતે આર્થિક કારણસર વિદ્યાર્થીઓ અધવચ્ચેથી શાળા છાડી દે છે. જ્યારે બાળક બિમાર પડે છે અને શાળા છોડી દે તેવું સૌથી ઓછું જાણવા મળ્યું છે.

## ૧૦. આશ્રમશાળામાં વાતાવરણની સ્થિતિ





ઉપરોક્ત આલેખ ઉપરથી જોઈ શકાય છે કે ૬૮ આશ્રમશાળાઓમાંથી ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ બિન આદિવાસી વિસ્તારની મળી ૪૪ આશ્રમશાળા એટલે કે ૬૪.૭૧% આશ્રમશાળાઓનું વાતાવરણ શૈક્ષણિક ઉત્તરદાતાની દ્રષ્ટિએ અનુકૂળ ઉત્તમ જણાય છે. ૩૩.૮૨% એટલે કે ૨૩ આશ્રમશાળાના વાતાવરણ મધ્યમ પ્રકારનું છે તેમજ શૈક્ષણિક છે. જ્યારે બિનઆદિવાસી વિસ્તારમાં ૧ (૧.૪૭%) આશ્રમશાળાનું વાતાવરણ નબળું જણાય છે. મધ્ય ગુજરાતમાંથી ૨૦ (૨૯.૪૧%) અને દક્ષિણ ગુજરાતમાં ૧૬ (૨૩.૫૩%) અને ૬ (૮.૮૩%) ઉત્તર ગુજરાત ઉત્તરદાતાઓને આશ્રમશાળા ખૂબસરસ લાગે છે, જે સૌથી વધારે સંખ્યામાં છે. આશ્રમશાળાનું વાતાવરણ સારૂં લાગતું હોય એવું ઉત્તર ગુજરાતમાં ૪ (૫.૮૮%) ઉત્તરદાતાને, મધ્ય ગુજરાતમાં ૧૦ (૧૪.૭૧%), દક્ષિણ ગુજરાતમાં ૮(૧૧.૭૬%) ને અને બિન આદિવાસી વિસ્તારની ૧ (૧.૪૭%) એ જવાબ આપ્યો છે.

ઉપરોક્ત આલેખને આધારે તારણમાં કહી શકાય છે કે ૬૪.૭૧% આશ્રમશાળોનું વાતાવરણ ઉત્તમ અને ૩૩.૮૨% આશ્રમશાળામનું વાતાવરણ મધ્યમ છે. જ્યારે માત્ર ૧ એટલે કે ૧.૪૭% આશ્રમશાળાનું વાતાવરણ પ્રમાણમાં નબળું જોવા મળ્યું.


## ૧૧. આચાર્ય-શિક્ષકો અને કર્મયોગી તાલીમ

ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતા તરફથી ગુજરાતના શિક્ષણ સંકુલો સાથે સંકળાયેલ શૈક્ષણિક કર્મચારીઓની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા વધે એ માટે કાર્યશિબિરો કે તાલીમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યશિબિરોનો લાભ આશ્રમશાળાઓમાં આચાર્યો અને શિક્ષકો તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને મળ્યો છે કે નહીં એ જાણવાનો પ્રયાસ પ્રસ્તુત આલેખમાં કરવામાં આવ્યો છે.





ઉપરોક્ત આલેખમાં ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા રાજ્યના શિક્ષકોની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા વધે એ માટે તાલીમનું આયોજન થતું હોય છે. આ તાલીમોમાં આશ્રમશાળાના આચાર્ય કે શિક્ષકોને જોડવામાં આવે છે કે નહી એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ પ્રશ્નના ઉત્તરમાં ૨૬૨ આચાર્યોમાંથી કુલ ૬૮ આચાર્યો ૬૯.૦૮% આચાર્યએ તાલીમ લીધી છે. જ્યારે ૨૬૨ શિક્ષકોમાંથી ૧૮૨ (૬૯.૪૭%) શિક્ષકો કર્મયોગી તાલીમમાં જોડાયા છે. તાલીમ મેળવેલ આચાર્યની સંખ્યા ઝોન પ્રમાણે જોઈએ તો મધ્ય ગુજરાતમાં વિશેષ ૮૭ (૩૩.૯૭%) જોવા મળે છે. અને જ્યારે તાલીમમાં સૌથી વધુ સંખ્યા આશ્રમશાળાના શિક્ષકોએ જો જોડાયા હોય તો તે પણ મધ્ય ગુજરાતમાંથી ૮૯ (૩૩.૯૭%) જોવા મળે છે.

આમ, ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કર્મશીલોની તાલીમોમાં આશ્રમશાળાના શિક્ષકો પણ જોડાય છે.
























# પ્રકરણ - ૬ આશ્રમશાળાઓમાં ભોજનની સ્થિતિ, પોષણક્ષમતા અને વિદ્યાર્થીઓનું આરોગ્ય

## ૧. પ્રસ્તાવના

આશ્રમશાળા એ આદિવાસી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વની છે. આશ્રમશાળા શિક્ષણ દ્વારા બૌદ્ધિક વિકાસ, છાત્રાલય જીવન દ્વારા કૌશલ્ય વિકાસ અને ભોજનાલય દ્વારા શારીરિક વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે. આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓએ આદિવાસી બાળકોમાં પાયાનો વિકાસ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ગુજરાત રાજ્યની આશ્રમશાળાઓમાં શાળા અને છાત્રાલય સંયુક્ત અને સ્વતંત્ર એમ બંને રીતે ચાલે છે. આ આશ્રમશાળાઓ શિક્ષણ, નિવાસ અને ભોજન એમ ત્રિવિદ્ધ સુવિધાઓ પૂરી પાડતી વ્યવસ્થા છે. બાળક માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવું જેટલું મહત્વનું છે, એટલું જ તેના માટે તંદુરસ્ત આરોગ્ય પ્રાપ્ત કરવું અગત્યનું છે. એટલે કે શિક્ષણ અને આરોગ્ય એ બાળક માટે પાયાની જરૂરિયાત છે તેમજ ભારતના બંધારણે આપેલ એક અધિકાર પણ છે.


આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થતી પ્રવૃતિઓ જોઈએ તો આશ્રમશાળામાં આચાર્ય-શિક્ષકો દ્વારા વિદ્યાર્થીને અક્ષરજ્ઞાન આપવું, શૈક્ષણિક ગુણોનો વિકાસ, ગૃહ ઉદ્યોગ દ્વારા રોજગારલક્ષી પ્રવૃત્તિઓ શીખવી, કૌશલ્ય વિકાસ, વ્યક્તિત્વ વિકાસ વગેરે સંબંધી કાર્ય કરવામાં આવે છે. જ્યારે છાત્રાલયમાં ગૃહપતિ કે ગૃહમાતા અને રસોઈયાઓ દ્વારા વિદ્યાર્થીઓની સાર-સંભાળ, વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ ખોરાક બનાવવો, શ્રમકાર્ય દ્વારા જીવન કૌશલ્ય વિકાસ, સ્વાસ્થ્ય સંબંધી ટેવોનો વિકાસ, શારીરિક વિકાસ સંબંધી પ્રવૃત્તિઓ, તંદુરસ્ત આરોગ્ય વગેરે સબંધી કાર્ય કરવામાં આવે છે. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે તેના આરોગ્યનો પણ પૂરતો ખ્યાલ રાખવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં આશ્રમશાળાઓના બાળકોને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા ચકાસવા માટે સામાન્ય માપદંડો કે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(FSSAI)ના માપદંડો અનુસાર ટેકનિકલ રીતે તપાસ કરવામાં આવી નથી. આશ્રમશાળાઓના બાળકોને સવારે નાસ્તો તેમજ બપોરે અને સાંજે ભોજન આપવામાં આવે છે. સંશોધક અને સર્વેક્ષકો દ્વારા આ ભોજનની ગુણવત્તા જાણવા માટે ભોજન બનાવવાની પદ્ધતિ, ભોજન બનાવતી વખતે પોષણક્ષમતા જળવાય છે કે નહીં, બાળકોને ભોજન ભાવે છે કે નહીં, ભોજનનો પૂરતો જથ્થો આપવામાં આવે છે કે નહીં, ભોજન સ્વાદિષ્ટ હોઈ છે કે નહીં, કોઠાર રૂમમાં રાખેલ અનાજ, કઠોળ, શાકભાજી, તેલ, મસાલા વગેરેની ગુણવત્તા, જાળવણી અને સાફ-સફાઈની રૂબરૂમાં ચકાસણી કરી છે તેમજ તે ક્યાંથી આવે છે અથવા કઈ કંપનીની છે વગેરે બાબતો જાણવામાં આવી છે.


આશ્રમશાળામાં બાળકોને આપવામાં આવતા ભોજનની ગુણવત્તાને વધુ ઊંડાણથી જાણવા માટે સંશોધક અને સર્વેક્ષકો ત્રણ દિવસ આશ્રમશાળામાં રહ્યા છે અને બાળકો સાથે સવાર-બપોર-સાંજનું ભોજન લીધું છે, તે સ્વાદિષ્ટ છે કે નહીં, તે પોષમક્ષમ છે કે નહીં તે સતત તપાસ્યું છે, નક્કી કરેલ ભોજનમેનુ અનુસાર ભોજન આપવામાં આવે છે કે નહીં તેમજ ભોજનાલય અને રસોડામાં રાખેલી ભોજન સંબંધી તમામ ચીજવસ્તુઓની ચકાસણી કરી છે. આ તમામ પાસાઓની ચકાસણી કરીને આશ્રમશાળાઓમાં બાળકોને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા યોગ્ય છે કે નહીં તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત પ્રકરણમાં વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં આપવામાં આવતા ભોજનની ગુણવત્તા, પોષણક્ષમતા અને તેના આરોગ્યની સ્થિતિને મુકવામાં આવી છે. શાળામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ આવે છે કે નહીં, ભોજનની ગુણવત્તા અને પોષણક્ષમતાની સ્થિતિ કેવી છે, શાળામાં પાણીની શું વ્યવસ્થા છે, વિદ્યાર્થીઓ જે જગ્યાએ જમવા બેસે તે જગ્યા સ્વચ્છ હોઈ છે કે નહીં વગેરે સંબંધી બાબતો ચકાસવામાં આવી છે. જ્યારે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની આરોગ્યની સ્થિતિમાં જોઈએ તો વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સંબંધી ટેવો, વિદ્યાર્થીઓને થયેલ સામાન્ય બીમારી અને ગંભીર રોગો, ચામડીના રોગો, કૃમિના રોગો, વિટામિનની ઊણપ, શ્રવણ અને દ્રષ્ટિની ખામી, શારીરિક મુશ્કેલીઓ, તરુણાવસ્થાના પ્રશ્નો, વિદ્યાર્થી બિમાર પડે ત્યારે દવા લે છે કે નહીં, બિમારીની ગંભીર સ્થિતિમાં દવા લેવા દવાખાને જાય છે કે નહીં, શાળામાં વિદ્યાર્થીઓની નિયમિત આરોગ્ય તપાસ થાય છે કે નહીં, વર્ષમાં કેટલીવાર આરોગ્ય તપાસ થાય છે તેમજ વિદ્યાર્થીઓ ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈ ધરાવે છે કે નહીં વગેરે બાબતો અહીં તપાસવામાં આવી છે.


## ૨. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની ઉંમર અને વજનની સ્થિતિ




## ૩. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની ઉંમર અને ઉંચાઈની સ્થિતિ



## ૪. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની ઉંચાઈ અને વજનની સ્થિતિ




અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૮૧૬ વિદ્યાર્થીઓની ઉંમર, વજન અને ઉંચાઈની સ્થિતિ જોવામાં આવી છે. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ ઉંમર પ્રમાણે યોગ્ય વજન અને ઉંચાઈ ધરાવે છે કે નહીં, આશ્રમશાળાના વિદ્યાર્થીઓ કેટલા તંદુરસ્ત છે અથવા કેટલા કુપોષિત છે કે સ્થૂળતા ધરાવે છે તે બાબત અહીં તપાસવામાં આવી છે. અહીં આરોગ્યની સ્થિતિ તપાસવા માટે ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઉંમર સાથે વજન અને ઉંચાઈ માપવામાં આવી છે. ૩ આશ્રમશાળાઓમાં ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતા પૂરતા વિદ્યાર્થીઓ ન મળતા ધોરણ ૪ ના ૭ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યા છે.

અભ્યાસના ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી સવિશેષ ૨૪૯ (૩૦.૫૧%) વિદ્યાર્થીઓ ૧૨ વર્ષની ઉંમર ધરાવે છે. તેમાંથી ૧૦૦ (૧૨.૨૫%) વિદ્યાર્થીઓ ૨૬ થી ૩૦ કિલોગ્રામનું વજન ધરાવે છે. જ્યારે ૨૨૩ (૨૭.૩૩%) વિધાર્થીઓ ૧૩ વર્ષની ઉંમર, ૨૦૩ (૨૪.૮૮%) વિદ્યાર્થીઓ ૧૧ વર્ષની ઉંમર અને ૭૮ (૯.૫૬%) વિદ્યાર્થીઓ ૯ થી ૧૦ વર્ષની ઉંમર ધરાવે છે. જ્યારે ૬૩ (૭.૭૨%) વિદ્યાર્થીઓ ૧૪ વર્ષની ઉંમર ધરાવે છે.


જ્યારે વિદ્યાર્થીઓની ઉંમર પ્રમાણે ઉંચાઈ જોઈએ તો ૩૧૭ (૩૮.૮૫%) વિદ્યાર્થીઓની ઉંચાઈ ૧૩૧ થી ૧૪૦ સે.મી. વચ્ચેની છે, જેમાં ૧૧૧ (૧૩.૬૦%) વિદ્યાર્થીઓ સવિશેષ ૧૨ વર્ષની ઉંમરના છે. જ્યારે ૨૧૨ (૨૫.૯૮%) વિદ્યાર્થીઓ ૧૪૧ થી ૧૫૦ સે.મી. વચ્ચેની ઊંચાઈ ધરાવે છે, જેમાં ૮૧ (૯.૯૩%) વિદ્યાર્થીઓ ૧૩ વર્ષની ઉંમરના છે. જ્યારે ૧૯૧ (૨૩.૪૧%) વિદ્યાર્થીઓ ૧૨૧ થી ૧૩૦ સે.મી. ઉંચાઈ ધરાવે છે, જેમાં ૬૫ (૭.૯૭%) વિદ્યાર્થીઓ ૧૧ વર્ષની ઉંમરના છે. એટલે

કે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓમાં ઉંમર પ્રમાણે ઉંચાઈ જોવા મળે છે. જ્યારે ૬૭ (૮.૨૨%) વિદ્યાર્થીઓની ઉંચાઈ ૧૫૧ સે.મી. કે તેથી વધુ જોવા મળે છે, જેમાં સવિશેષ ૧૩ અને ૧૪ વર્ષના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે ૨૯ (૩.૫૬%) વિદ્યાર્થીઓની ઉંચાઈ ૧૨૦ સે.મી. કે તેથી ઓછી જોવા મળે છે, જેમાં સવિશેષ ૧૦, ૧૧ અને ૧૨ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ જોવા મળે છે.

અભ્યાસના ૮૧૬ વિદ્યાર્થીઓની ઉંચાઈ અને વજનની સ્થિતિ તપાસીએ તો ખ્યાલ આવે છે કે કુલ વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ ૩૧૭ (૩૮.૮૫%) વિદ્યાર્થીઓ ૧૩૧ થી ૧૪૦ સે.મી.ની ઊચાઈ ધરાવે છે, જેમાં ૧૬૬ (૨૦.૩૪%) વિદ્યાર્થીઓ ૨૬ થી ૩૦ કિ.ગ્રા. વજન ધરાવે છે. જ્યારે ૧૯૧ (૨૩.૪૧%) વિદ્યાર્થીઓ ૧૨૧ થી ૧૩૦ સે.મી. વચ્ચેની ઉંચાઈ ધરાવે છે, જેમાં ૮૭ (૧૦.૬૬%) વિદ્યાર્થીઓ ૨૧ થી ૨૫ કિ.ગ્રા. વચ્ચે વજન ધરાવે છે. જ્યારે ૨૨૧ (૨૫.૯૮%) વિદ્યાર્થીઓ ૧૪૧ થી ૧૫૦ સે.મી. વચ્ચે ઊચાઈ ધરાવે છે, જેમાં ૮૬ (૧૦.૫૪%) વિદ્યાર્થીઓ ૩૧ થી ૩૫ કિ.ગ્રા. વચ્ચે વજન ધરાવે છે.

આમ, આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની વજન અને ઉંમર પ્રમાણે ઉંચાઈ જોવા મળે છે. તેમજ બહુ ઓછા વિદ્યાર્થીઓની ઉંમર પ્રમાણે વજન અને ઊચાઈ ઓછી હોય તેવું જોવા મળે છે. આ વિદ્યાર્થીઓનો ઉંમર પ્રમાણે સંતુલિત શારીરિક વિકાસ થતો હોય તેવું જોવા મળે છે. ઉંમર પ્રમાણે વજન અને ઊચાઈમાં છોકરા અને છોકરીઓ વચ્ચે ખાસ કોઈ તફાવત જોવા મળતો નથી.

### ૫. આશ્રમશાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની સ્થિતિ





અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૭ (૯૮.૫૩%) આશ્રમશાળાઓમાં ભોજન મેનુ બનાવેલ છે અને તેમાંથી ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓમાં ભોજન મેનુ અનુસાર વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવે છે. આશ્રમશાળાઓમાં દરેક

વિદ્યાર્થીઓને પોષણયુક્ત ભોજન અને વિવિધ આહાર મળે એ હેતુથી સરકાર દ્વારા ભોજન મેનુ બનાવેલ છે. તે અનુસાર દરેક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ભોજન બનાવવામાં આવે છે. પરંતુ ૦૫ (૭.૩૫%) આશ્રમશાળાઓ જેમકે વરતોલ, પાંદડી, રંગપુર(સઢલી), અંધારપાડા અને રાણી ધૂળેટા આશ્રમશાળાઓમાં ભોજન મેનુ અનુસાર ભોજન ઓછું આપવામાં આવે છે. આ આશ્રમશાળાઓમાં પ્રાદેશિક ભોજન, સ્થાનિક અનાજ અને શાકભાજીની ઉપલબ્ધતા આધારિત ભોજન બનાવવામાં આવે છે. જ્યારે ૦૧ (૧.૪૭%) આશ્રમશાળા(અંધારપાડા)માં ભોજન મેનુ બનાવેલ જોવા મળેલ નથી.

આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને મહિનામાં કેટલી વાર મિષ્ટાન સાથેનું ભોજન આપવામાં આવે છે તેમાં જોઈએ તો ૨૬ (૩૮.૨૪%) આશ્રમશાળાઓમાં મહિનામાં એકવાર મીઠાઈ સાથેનું ભોજન બનાવવામાં આવે છે. ૨૪ (૩૫.૨૯%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને મહિનામાં બે વાર મીઠાઈ ખવરાવવામાં આવે છે. ૧૪ (૨૦.૫૯%) આશ્રમશાળાઓ ત્રણ કે તેથી વધુ વાર વિદ્યાર્થીઓને મહિનામાં મિષ્ટાન સાથેનું ભોજન આપવામાં આવે છે. એટલે કે ૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને મહિનામાં એક થી ત્રણ વાર મિષ્ટાન સાથેનું ભોજન આપવામાં આવે છે. જ્યારે ૦૪ (૫.૮૮%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને મહિનામાં એક વખત પણ મીઠાઈ સાથેનું ભોજન મળતું નથી. આ આશ્રમશાળાઓમાં વરતોલ, માંડલી, ચિમેર અને અંધારપાડાનો સમાવેશ થાય છે. આ આશ્રમશાળાઓમાં દૈનિક ભોજનનો અનુસાર ભોજન આપવામાં આવે છે તેમજ બે-ત્રણ મહિને એક વખત મીઠાઈ સાથેનું ભોજન આપે છે.

### ૬. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને આપવામાં આવતો નાસ્તો, ભોજન અને દૂધનું પ્રમાણની સ્થિતિ




આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને નાસ્તો, ભોજન અને દૂધનો જથ્થો કેટલો આપવામાં આવે છે તેમજ ભોજન કેટલી વાર આપવામાં આવે છે વગેરે વિગતો બાળકો પાસેથી જાણીને તેની સ્થિતિ અહીં રજૂ કરવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૮૦૩ (૯૮.૪૧%) વિદ્યાર્થીઓને સવારે ૧૦૦ ગ્રામ જેટલો નાસ્તો મળે છે. જ્યારે ૧૩ (૧.૫૯%) વિદ્યાર્થીઓ ૨૦૦ ગ્રામ નાસ્તો મળે છે તેવું જણાવે છે. અહીં આશ્રમશાળાના વિદ્યાર્થીઓને સવારે નાસ્તામાં સુકો અને ભીનો એમ બંને પ્રકારનો નાસ્તો આપવામાં આવે છે, જેમાં બટાકા પૌવા, દૂધ - ભાખરી, વઘારેલા કઠોળ, સેવ - મમરા વગેરે નાસ્તોમાં આપવામાં આવે છે.

જ્યારે ૮૦૫ (૯૮.૬૫%) વિદ્યાર્થીઓને બપોર અને સાંજે ૫૦૦ ગ્રામ જેટલું ભોજન મળે છે તેવું જણાવે છે. જ્યારે ૧૧ (૧.૩૫%) વિદ્યાર્થીઓને ૪૦૦ ગ્રામ ભોજન મળે છે તેવું જણાવે છે. આશ્રમશાળામાં બપોર અને સાંજનું ભોજન સરકારના માન્ય મેનુ અનુસાર અને વિસ્તાર અનુસાર આપવામાં આવે છે, જેમકે દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી વગેરે જિલ્લાઓમાં મકાઈના રોટલા, જુવારના રોટલા, શાક, દાળ-ભાત વગેરે ભોજન વધુ બને છે અને વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. જ્યારે ડાંગ વિસ્તારમાં નાગલીના રોટલા, શાક, દાળ-ભાત વગેરે ભોજન વધુ બને છે. જ્યારે કેટલીક આશ્રમશાળાઓમાં બપોરે ઘઉંની રોટલી અને સાંજે ભાખરી બનાવવામાં આવે છે. વિદ્યાર્થીઓની બપોર અને સાંજનું ભોજન તેમની આવશ્યકતા અનુસારનું જોવા મળે છે.

જ્યારે ૭૫૭ (૯૨.૭૭%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓમાં ૨૦૦ ગ્રામ દૂધ આપવામાં આવે છે. આ દૂધ મોટેભાગે દૂધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવે છે. જે સવારના નાસ્તા સાથે કે નાસ્તા બાદ આપવામાં આવે છે. જે આશ્રમશાળાઓમાં ગૌશાળાઓ ચાલે છે ત્યાં વિદ્યાર્થીઓને સાંજના ભોજન સાથે દૂધ આપવામાં આવે છે. જ્યારે ૫૯ (૭.૨૩%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ ગ્રામ દૂધ આપવામાં આવતું નથી. આમ, અભ્યાસની તમામ આશ્રમશાળાઓમાં સવારમાં એક વખત નાસ્તો તેમજ બપોર અને સાંજે એમ બે વખત ભોજન આપવાની પ્રણાલી જોવા મળે છે.


આશ્રમશાળાઓમાં ભોજનની ગુણવત્તાની વાત કરીએ તો દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, અરવલ્લી, મહીસાગર વગેરે જિલ્લાની કેટલીક આશ્રમશાળાઓમાં ભોજનની ગુણવત્તા નબળી જોવા મળી હતી. જ્યારે નવસારી, વલસાડ, સુરત, તાપી વગેરે જિલ્લાની આશ્રમશાળાઓમાં ભોજનની ગુણવત્તા સરેરાશ કરતા સારી જોવા મળી હતી. આમ, આશ્રમશાળાઓમાં દરેક જિલ્લામાં જે પ્રકારનું અનાજ ઉત્પાદન થાય છે અને લોકો જે પ્રકારનો ખોરાક લે છે, તે પ્રકારનું ભોજન આશ્રમશાળાઓમાં બનતું જોવા મળે છે.


## ૭. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને અપાતા ગરમ અને તાજો નાસ્તો તથા ભોજનની સ્થિતિ




આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને આપવામાં આવતો નાસ્તો અને ભોજન ગરમ અને તાજો હોય છે કે નહી તેની સ્થિતિ અહીં દર્શાવવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાં ૫૭ (૮૩.૮૨%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને દરરોજ ગરમ અને તાજો નાસ્તો આપવામાં આવે છે. આ આશ્રમશાળાઓમાં ગરમ અને તાજા નાસ્તામાં બટેકા પૌવા, ઉપમા, ફણગાવેલા કઠોળ, વઘારેલા કઠોળ વગેરે આપવામાં આવે છે, જે ગરમ અને તાજા હોય છે. જ્યારે ૧૧ (૧૬.૧૮%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને દરરોજ ગરમ અને તાજો નાસ્તો ઓછો મળે છે. એટલે કે આ આશ્રમશાળાઓ આગલા દિવસની સાંજની ભાખરી અને દૂધ, સુકો નાસ્તો વગેરે આપવામાં આવતો હોવાથી તે ગરમ હોતો નથી, પરંતુ તાજો અને ખાવા યોગ્ય છે. જ્યારે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને ૧૦૦% બપોર અને સાંજનું ભોજન ગરમ અને તાજું આપવામાં આવે છે. દરેક આશ્રમશાળાઓમાં રસોઈયાઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે નિયમિત પ્રકારે ગરમ અને તાજું ભોજન બનાવવામાં આવતું હોવાથી આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને દરરોજ ગરમ અને તાજું ભોજન મળે છે.

## ૮. વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની પોષણયુક્તતાની સ્થિતિ





આશ્રમશાળાઓના આચાર્ય અને શિક્ષકોના જણાવ્યા અનુસાર તેમજ સંશોધકના નિરીક્ષણ આધારિત આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન પોષણયુક્ત છે કે નહી તેની સ્થિતિ અહીં તપાસવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૨ (૭૬.૪૭%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને પોષણયુક્ત ભોજન આપવામાં આવે છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં ૯૦% આશ્રમશાળાઓમાં પોષણયુક્ત ભોજન આપવામાં આવે છે. આ ભોજનમાં ગરમ અને ગુણવત્તાયુક્ત નાસ્તો તેમજ ભોજન બાળકોને મળે છે. જ્યારે ૧૬ (૨૩.૫૩%) આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને ઓછું પોષણક્ષમ ભોજન આપવામાં આવે છે. જેમાં ૩૩% આશ્રમશાળાઓ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારની છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર બહુ ઓછી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, પોષણક્ષમતા અને સ્વાદિષ્ટ ભોજન મળે છે. મહત્તમ આશ્રમશાળાઓમાં બપોરે

રોટલી, શાક, દાળ-ભાત અને સાંજે રોટલો/ભાખરી, ખીચડી કઢી આપવામાં આવે છે. આ ભોજન પૂરતું સ્વાદિષ્ટ, ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ હોય તેમ જણાતું નથી. જેથી સંચાલક મંડળ કે સંસ્થાઓ તેમજ સરકારશ્રીએ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને ભોજન મેનુ અનુસાર ભોજન સ્વાદિષ્ટ, ગુણવત્તાયુક્ત, પોષણક્ષમ અને પૂરતો જથ્થો મળે તે ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ અને સતત તેના પર નિરીક્ષણ થતું રહેવું જોઈએ.

### ૯. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન, ખોરાકનો જથ્થો અને દૂધની સ્થિતિ





આશ્રમશાળાઓની છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન, ખોરાકનો જથ્થો, દૂધ વગેરે સબંધી વાલીઓ પાસેથી પ્રતિભાવો મેળવતા જાણવા મળે છે કે અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓના ૩૪૦ વાલીઓમાંથી ૩૩૧ (૯૭.૩૫%) વાલીઓના કહ્યા મુજબ બાળકોને છાત્રાલયમાં ભોજન લેવું ગમે છે. ૩૩૫ (૯૮.૫૩%) વાલીઓના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં ખોરાકનો જથ્થો મળે છે. ૧૮૬ (૫૪.૭૧%) વાલીઓ કહે છે કે તેમના બાળકોને આશ્રમશાળામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ મળે છે. અને ૧૮૧ (૫૩.૫૩%) વાલીઓના જણાવ્યા મુજબ પોતાના ઘરે બાળકોને રોજિંદા ખોરાકમાં દૂધ આપે છે. આશ્રમશાળામાં અભ્યાસ કરતા ઘણાં બાળકોના વાલીઓની આર્થિક સ્થિતિ એટલી બધી નબળી છે કે આ વાલીઓ પોતાના બાળકોને બે વખતનું ગુણવત્તાયુક્ત, પોષણક્ષમ, સ્વાદિષ્ટ અને પૂરતું ભોજન આપી શકે તેમ નથી. ત્યાં રોજિંદા ખોરાકમાં દૂધ આપવાની શું વાત કરવી. જે વાલીઓ ખેતી કરે છે, પશુઓ રાખે છે, તેઓ પોતાના બાળકોને રોજિંદા ખોરાકમાં દૂધ આપે છે, પરંતુ તેવા કુટુંબોની સંખ્યા અડધી જ છે. જે બાળકોના વાલીઓ પોતાના બાળકોને રોજિંદા ખોરાકમાં

દૂધ આપી શકતા નથી તેમજ આદિવાસીઓના બાળકો કુપોષિત ન બને તે ઉદ્દેશથી સરકાર દ્વારા આદિવાસી વિસ્તારની શાળાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને દૂધ આપવામાં આવે છે.

જ્યારે ૦૯ (૨.૬૫%) વાલીઓ કહે છે કે આશ્રમશાળાઓના છાત્રોને ભોજન ભાવતું નથી. ૦૫ (૧.૪૭%) વાલીઓના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પૂરતા પ્રમાણમાં ખોરાકનો જથ્થો મળતો નથી. ૧૪૨ (૪૧.૭૬%) વાલીઓના કહ્યા મુજબ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ મળતું નથી. જ્યારે ૧૨ (૩.૫૩%) વાલીઓને આશ્રમશાળામાં પોતાના બાળકને દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ મળે છે કે નહીં તેનો ખ્યાલ નથી. તેમજ કેટલાંક વાલીઓ દૂધ સંજીવની યોજના અંગે કશું જાણતા નથી. ૧૫૮ (૪૬. ૪૭%) વાલીઓના જણાવ્યા મુજબ તેઓ પોતાના બાળકોને રોજિંદા ખોરાક સાથે દૂધ આપતા નથી, કારણ કે આદિવાસી કુટુંબોમાં રોજિંદા ખોરાક સાથે દૂધ પીવાની આદત ન હોવાથી તેમજ નબળી આર્થિક પરિસ્થિતિના કારણે દૂધાળું પશુ વસાવી શકતા નથી, જેથી તેઓ પોતાના બાળકને રોજિંદા ખોરાકમાં દૂધ આપી શકતા નથી.

આમ, આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓના જણાવ્યા મુજબ મહત્તમ બાળકોને આશ્રમશાળામાં ભોજન લેવું ગમે છે. પૂરતા પ્રમાણમાં ભોજનનો જથ્થો મળે છે અને દૂધ સંજીવની યોજના અંતર્ગત નિયમિત દૂધ મળે છે. તેમજ જે વાલીઓ દૂધાળા પશુઓ રાખે છે તેઓ પોતાના બાળકોને રોજિંદા ખોરાકમાં દૂધ આપી શકે છે. જેથી આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનું આરોગ્યનું સ્તર અને સ્વાસ્થ્યની સ્થિતિ ગુણાત્મક જોવા મળે છે.


### ૧૦. છાત્રાલયમાં બાળકોને જમવા બેસવાની જગ્યા અને સ્વચ્છતાની સ્થિતિ



ગુજરાતની આશ્રમશાળાઓમાં છાત્રાલયો સંયુક્ત અને સ્વતંત્ર એમ બંને પ્રકારે ચાલે છે. વિદ્યાર્થીઓના વાલીઓ આવશ્યકતા અનુસાર સમયાંતરે આશ્રમશાળાની મુલાકાત લે છે. વાલીઓની મુલાકાત દરમિયાન આશ્રમશાળા, છાત્રાલય, ભોજન વ્યવસ્થા, ઊંઘવાની વ્યવસ્થા વગેરે સ્થિતિ કેવી છે તે બરાબર જોવે છે. અહીં આ મુલાકાત વખતે વાલીઓ વિદ્યાર્થીઓ જ્યાં જમવા બેસે છે તે જગ્યા જોઈ છે કે નહિ અને જમવાની જગ્યાએ પૂરતી સ્વચ્છતા હોઈ છે કે નહીં તે અંગેના પ્રતિભાવો વાલીઓ પાસેથી લેવામાં આવ્યા છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૩૪૦ વાલીઓમાંથી ૩૦૪ (૮૯.૪૧%) વાલીઓએ આશ્રમશાળા કે છાત્રાલયમાં પોતાનું બાળક જ્યાં જમવા બેસે છે તે જગ્યા તેમણે જોઈ છે. સામાન્ય રીતે વાલીઓ પોતાના બાળકને આશ્રમશાળામાં મળવા આવે છે, ત્યારે તેઓ આશ્રમશાળા-છાત્રાલયના ઓરડાઓ, સૂવાની જગ્યા, રસોડું, ભોજનાલય, જમવાની જગ્યા, સ્વચ્છતા વગેરે અંગે પૂરતી તપાસ કરે છે. તેમજ બે-ત્રણ કલાક કે તેથી વધુ સમય બાળક સાથે રહે છે. ઘણા વાલીઓ બાળકો જમતા હોય તે સમય દરમ્યાન પણ મુલાકાતે આવતા હોય છે અથવા શાળામાં હાજર હોય છે. જેથી બાળકો ક્યાં જમવા બેસે છે તેનો ખ્યાલ હોય છે. જ્યારે ૩૬ (૧૦.૫૯%) વાલીઓ આશ્રમશાળાઓની મુલાકાતે બહુ જ ઓછા આવતાં હોવાથી પોતાનું બાળક ક્યાં જમવા બેસે છે તેનો ખ્યાલ નથી અને તે જગ્યા પણ તેમણે જોઈ નથી.


આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને સામાન્ય રીતે ભોજનાલય, લોબી કે પટાંગણમાં જમવા બેસે છે. વિદ્યાર્થીઓ જે જગ્યાએ જમવા બેસે છે તે જગ્યા પૂરતી સ્વચ્છ હોય છે કે નહીં તે સંદર્ભે વાલીઓ પ્રતિભાવ આપતા જણાવ્યું છે કે ૩૧૪ (૯૨.૩૫%) આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ જે જગ્યાએ જમવા બેસે છે તે જગ્યા વાલીઓના કહ્યા મુજબ પૂરતી સ્વચ્છ હોય છે. સામાન્ય રીતે આશ્રમશાળાઓમાં બાળકોની ટુકડી પાડીને સવાર-સાંજ દરેક જગ્યાઓની સ્વચ્છતા કરાવવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ જ્યાં જમવા બેસે છે ત્યાં મહત્તમ સ્વચ્છતા જોવા મળે છે. જ્યારે ૨૬ (૭.૩૫%) વાલીઓના જણાવ્યા અનુસાર આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ જ્યાં જમવા બેસે છે તે જગ્યાએ ઓછી સ્વચ્છ જોવા મળે છે. કારણ કે આશ્રમશાળાઓમાં સ્વચ્છતા માટે જે ટુકડીઓ કાર્ય કરે છે, તે ટુકડીઓની આળસ કે આચાર્ય-શિક્ષકો દ્વારા સ્વચ્છતા સંબંધી કાર્યમાં પૂરતું ધ્યાન ન આપે ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા તે જગ્યાઓની બરાબર સ્વચ્છતા થતી નથી, જેથી જમવાની જગ્યાએ ઓછી સ્વચ્છતા જોવા મળે છે.

## ૧૧. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થાની સ્થિતિ




આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પાણીની શું વ્યવસ્થા કરવામાં આવી છે. એટલે કે વિદ્યાર્થીઓ પીવાના પાણી અને વપરાશના પાણી માટે કયા સ્ત્રોતનો ઉપયોગ કરે છે તેની સ્થિતિ અહીં રજૂ કરવામાં આવી કરવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૬૩૯ (૬૩%) વિદ્યાર્થીઓ જણાવે છે કે તેમના પીવા અને વાપરવા માટેનું પાણી બોર અથવા બોરવેલમાંથી આવે છે. જ્યારે ૧૯૭ (૧૯%) વિદ્યાર્થીઓ કહે છે કે તેઓ પીવા અને વાપરવા માટે કૂવાના પાણીનો ઉપયોગ કરે છે અને જ્યારે ૧૩૬ (૧૩%) વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર તેમના પીવાના અને વપરાશના પાણીની વ્યવસ્થા હેડ પંપ દ્વારા ગોઠવાયેલી છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર મોટાભાગની આશ્રમશાળાઓના કેમ્પસમાં બોરવેલ, કૂવો અથવા હેન્ડ પંપ બનાવવામાં આવેલ છે અને તેના પાણીનો ઉપયોગ પીવા અને વપરાશ માટે કરવામાં આવે છે. કેટલીક આશ્રમશાળાઓમાં માત્ર એક જ સ્ત્રોત જોવા મળે છે, જ્યારે કેટલીક આશ્રમશાળાઓ બે કે તેથી વધુ સ્ત્રોત પણ જોવા મળે છે. જ્યારે ૨૪ (૨%) વિદ્યાર્થીઓ નર્મદા ડેમના પાણીનો, ૧૫ (૨%) વિદ્યાર્થીઓ કોર્પોરેશનના પાણીનો અને ૯ (૧%) વિદ્યાર્થીઓ ટેન્કર દ્વારા પીવા અને વપરાશ માટે પાણીની વ્યવસ્થા આશ્રમશાળામાં ગોઠવાયેલી છે એવું જણાવે છે.

૧૨. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની સંતોષકારકતાની સ્થિતિ





આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન અને દૂધની સ્થિતિ સંતોષકારક છે કે નહી તે અહીં દર્શાવવામાં આવ્યું છે. અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓના ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૭૬૫ (૯૩.૭૫%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓમાં આપવામાં આવતું ભોજન ભાવે છે. ૫૦૧ (૬૧.૪૦%) વિદ્યાર્થીઓને આ ભોજન પોતાના ઘર જેવું જ લાગે છે. આશ્રમશાળામાં આપવામાં આવતું ભોજન ઘણા વિદ્યાર્થીઓને પોતાના ઘરે મળતા ભોજન કરતાં પણ વધુ પૌષ્ટિક અને વધુ વિવિધતાવાળું હોવાથી એમને વધુ ભાવે છે તેમજ તેમના ઘર જેવું લાગે છે. ૪૭૦ (૪૫.૩૪%) વિદ્યાર્થીઓને ભોજન સાથે દૂધ આપવામાં આવે છે તેવું કહે છે. પરંતુ સંશોધકના નિરીક્ષણ અનુસાર ત્રણ-ચાર આશ્રમશાળાઓમાં જ ગૌશાળા જોવા મળી છે અને ત્યાં દૂજણી ગાયો રાખવામાં આવે છે. એટલે કે બહુ ઓછી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને સાંજના ભોજનમાં દૂધ આપવામાં આવે છે. સામાન્ય રીતે જે આશ્રમશાળાઓમાં ગૌશાળાઓ ચાલે છે અને પશુઓ દૂધ આપે છે તેમજ જે સંસ્થાઓ કે મંડળો સધ્ધર છે. તેઓ સાંજના ભોજનમાં બાળકોને દૂધ આપે છે જેની સંખ્યા ઘણી ઓછી છે.

૪૯૨ (૬૦.૨૯%) વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ મળે છે. આદિવાસી વિસ્તારોમાં બાળકોમાં રહેલ કુપોષણ દૂર કરવા માટે મોટાભાગની આશ્રમશાળાઓમા દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ આપવામાં આવે છે ૫૦૪ (૬૧.૭૬%) વિદ્યાર્થીઓ દૂધ સંજીવની યોજના અંતર્ગત મળતું દૂધ ખુશીથી પીવે છે અને ૪૮૩ (૫૯.૧૯%) આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધનું પાઉચ નિયમિત મળે છે. સામાન્ય રીતે દૂધ સંજીવની યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારમાં દૂધ પહોંચાડવાનો કોન્ટ્રાક્ટ ધરાવતા માણસો ગાડીઓ લઈ સવારે આશ્રમશાળાઓમાં દૂધ આપી જાય છે. બાળકોને નાસ્તા સમયે કે નાસ્તા બાદ દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ મિલીગ્રામનું દૂધનું પાઉચ આપવામાં આવે છે અને આ પાઉચ તોડી બાળકો ખુશી ખુશી દૂધ પીવે છે. આમ, વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં આપવામાં આવતું ભોજન ભાવે છે અને પોતાના ઘર જેવું જ લાગે છે. તેમજ દૂધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવતું દૂધ તેઓ નિયમિત ખુશી ખુશીથી પીવે છે.

જ્યારે ૫૧ (૬.૨૫%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓનું ભોજન ઓછું ભાવે છે. ૩૧૫ (૩૮.૬૦%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓનું ભોજન પોતાના ઘર કરતા અલગ લાગે છે. જ્યારે ૪૪૬ (૫૪.૬૬%) વિદ્યાર્થીઓને સાંજના ભોજનમાં દૂધ આપવામાં આવતું નથી. આ આશ્રમશાળાઓ પાસે વિદ્યાર્થીઓને સાંજના ભોજનમાં દૂધ આપી શકાય તેવી વ્યવસ્થા ન હોવાથી તેઓ ભોજન સાથે દૂધ આપતા નથી. ૩૨૪ (૩૯.૭૧%) વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ મળતું નથી. ૩૧૨ (૩૮.૨૪%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ આવતું ન હોવાથી તેઓ પી શકતા નથી. ૩૩૩ (૪૦.૮૧%) વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત નિયમિત દૂધનું પાઉચ મળતું નથી.

સરકાર અને સંસ્થાએ કે સંચાલક મંડળે જે આશ્રમશાળાઓમાં ભોજન મેનુ અનુસાર ભોજન બનતું નથી, ભોજનની ગુણવત્તા નબળી છે, ભોજનમાં વૈવિધ્ય જોવા મળતું નથી, ભોજન સાથે દૂધ મળતું નથી કે દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ આપવામાં આવતું નથી કે નિયમિત આશ્રમશાળાઓમાં દૂધના પાઉચ પહોંચતા નથી તે માટે અસરકારક પગલાંઓ લઇ ભોજનની ગુણવત્તા સુધરે, પોષણયુક્ત ભોજન બને અને દૂધ સંજીવની યોજના અંતર્ગત દરેક વિદ્યાર્થીઓને નિયમિત દૂધનું પાઉચ મળે તે માટેની સુવ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૧૩. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય/સ્વચ્છતા સંબંધી ટેવોની સ્થિતિ




ઉપરોક્ત ચાર્ટમાં આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય/સ્વચ્છતા સંબંધી ટેવોની જેમકે જાજરૂ ગયા બાદ પાણી અથવા સાબુથી હાથ ધોવા, શૌચાલયમાં પાણી રેડવું, નિયમિત સ્નાન કરવું, સ્નાન કરતી વખતે સાબુનો ઉપયોગ કરવો, સ્વચ્છ કપડાં પહેરવા, જમતા પહેલા મ્હો-હાથ-પગ ધોવા, નિયમિત નખ કાપવા વગેરે સંબંધિત વિદ્યાર્થીઓની સ્વાસ્થ્યની ટેવોની સ્થિતિ શું છે તે અહીં તપાસવામાં આવ્યું છે. જેમકે ૭૮૨ (૯૫.૮૩%) વિદ્યાર્થીઓ જાજરૂ ગયા બાદ પાણી અથવા સાબુથી હાથ ધોવે છે. ૭૬૬ (૯૩.૮૭%) વિદ્યાર્થીઓ જાજરૂ ગયા બાદ શૌચાલયમાં પાણી રેડે છે. ૭૮૯ (૯૬.૬૯%) વિદ્યાર્થીઓ નિયમિત સ્નાન કરે છે. ૭૯૬ (૯૭.૬૭%) વિદ્યાર્થીઓ સ્નાન કરતી વખતે સાબુનો ઉપયોગ કરે છે. ૭૯૮ (૯૭.૭૯%) વિદ્યાર્થીઓ રોજ ધોયેલા સ્વચ્છ કપડાં પહેરે છે. ૭૯૩ (૯૭.૩૦%) વિદ્યાર્થીઓ ભોજન લેતા પહેલા પાણીથી મ્હો-હાથ-પગ ધોવે છે, સાફ કરે છે. જ્યારે ૭૮૫ (૯૬.૨૦%) વિદ્યાર્થીઓ નિયમિત નખ કાપે છે.


આમ, આશ્રમશાળામાં ૯૫% થી વધુ વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય સંબંધી ટેવો જોવા મળે છે. વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય કે સ્વચ્છતા સંબંધી આ ટેવોનું ઘડતર આશ્રમશાળાઓની કાર્યપધ્ધતિ દ્વારા થયું છે. આ ટેવોના ઘડતર દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્યનું સ્તર સુધર્યું છે અને ઊંચું આવ્યું છે.

જ્યારે ૩૪ (૪.૧૭%) વિદ્યાર્થીઓ જાજરૂ ગયા બાદ પાણી કે સાબુથી હાથ ધોતાં નથી. ૫૦ (૬.૧૩%) વિદ્યાર્થીઓ જાજરૂ ગયા બાદ શૌચાલયમાં પાણી રેડતા નથી. ૨૭ (૩.૩૧%) વિદ્યાર્થીઓ અનિયમિત સ્નાન કરે છે. ૧૯ (૨.૩૩%) વિદ્યાર્થીઓ સ્નાન કરતી વખતે નિયમિત

સાબુનો ઉપયોગ કરતા નથી. ૧૮ (૨.૨૧%) વિદ્યાર્થીઓ નિયમિત સ્વચ્છ કપડાં પહેરતા નથી. ૨૨ (૨.૭૦%) વિદ્યાર્થીઓ ભોજન લેતા પહેલા મ્હો-હાથ-પગ ધોઈને જમવા બેસતા નથી. અને ૩૧ (૩.૮૦%) વિદ્યાર્થીઓ નિયમિત હાથ-પગના નખ કાપતા નથી. એટલે કે ૦૫% કે તેથી ઓછા વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય કે સ્વચ્છતા સંબંધિત ટેવો ઓછી જોવા મળે છે. વિદ્યાર્થીઓમાં આ પ્રકારની ટેવો સંદર્ભે તેમના માતા-પિતા, શિક્ષકો કે અન્ય દ્વારા ખાસ કોઈ ધ્યાન આપવામાં આવતું ન હોવાથી તેમજ વિદ્યાર્થીઓની આળસ, અણસમજણ, અજ્ઞાનતા વગેરેને કારણે આવશ્યક વ્યક્તિગત સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધિત ટેવો યોગ્ય રીતે વિકાસ થયેલો જોવા મળતો નથી.

### ૧૪. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓમાં થતી સામાન્ય બિમારીઓ

વર્તમાન સમયમાં માનવી માટે શિક્ષણ પછી જો કોઈ મહત્વની બાબત હોય તો તે આરોગ્ય છે. શિક્ષણની જેમ આરોગ્ય પણ માનવીની પ્રાથમિક અને મહત્વની જરૂરિયાત છે. બાળકોના સંદર્ભમાં આરોગ્યને જોઈએ તો તે વિશેષ કાળજી અને સંભાળનો મુદ્દો છે. આજે બાળકોમાં અનેક પ્રકારની સામાન્ય બિમારીઓ જોવા મળી રહી છે. બાળકોને થતી સામાન્ય બિમારીઓ જેમકે તાવ, શરદી, ઉધરસ, ઝાડા, ઉલટી, માથું દુખવું, પેટમાં દુખવું, શરીરનો દુખાવો, આંખ-કાન-નાક-ગળાના રોગો વગેરે સવિશેષ થતા જોવા મળે છે. આશ્રમશાળાઓના બાળકો (વિદ્યાર્થીઓ)માં કઈ કઈ પ્રકારની સામાન્ય બિમારી થાય છે તે નીચેનાં ચાર્ટ દર્શાવવામાં આવ્યું છે.




આશ્રમશાળાઓમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને કઈ કઈ પ્રકારની સામાન્ય બિમારીઓ થાય છે તેની સ્થિતિ અહીં દર્શાવવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને ૧૭% તાવ ૧૫% શરદી અને ૧૪% ઉધરસ જેવી સામાન્ય બિમારીઓ સવિશેષ


થતી જોવા મળે છે. સામાન્ય રીતે તાવ, શરદી વગેરે વાઈરલજન્ય બિમારી છે. માનવ સમાજમાં તાવ, શરદી, ઉધરસ વગેરે સામાન્ય બિમારીઓ ઋતુઓ બદલાય, ખાવામાં કે ઊંઘવામાં ફેરફાર થાય, વાતાવરણ બદલાય એટલે વાઈરલજન્ય બિમારીઓ થવાની શક્યતાઓ વધી જાય છે. આશ્રમશાળાના બાળકોમાં પણ તાવ, શરદી, ઉધરસ વગેરે ઋતુ બદલાય કે વાતાવરણ બદલાય એટલે સામાન્ય બિમારીઓ વધુ થતી જોવા મળે છે. પુખ્ત વ્યક્તિઓની સરખામણીએ બાળકોમાં ઈમ્યૂનિટી રજીસ્ટેશન પાવર ઓછો હોવાથી તેમને સામાન્ય બિમારીઓ ઝડપથી થાય છે. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓમાં ૪૬% સામાન્ય બિમારીઓ જેવી કે તાવ, શરદી અને ઉધરસ સૌથી વધુ જોવા મળે છે.

આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને વાઇરલ બિમારી ઉપરાંત ૧૦% ઝાડા, ૯% ઊલટી, ૧૦% માથાનો દુખાવો, ૧૦% ચામડીના રોગો અને ૯% પેટના દુખાવાની સામાન્ય બિમારીઓ પણ વધુ થતી જોવા મળે છે. આ તમામ બિમારીઓ દૂષિત પાણી, વાસી ખોરાક તેમજ અસ્વચ્છતાને કારણે વધુ થાય છે. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને આ બિમારીઓ થવા પાછળ પણ અશુદ્ધ પાણી, નબળો કે વાસી ખોરાક, શાળા-છાત્રાલયના ઓરડાઓમાં સફાઈનો અભાવ, ભોજનાલય અને જાજરૂ-બાથરૂમમાં સ્વચ્છતાનો પ્રશ્ન, બે-ત્રણ દિવસે ન્હાવું, ગંદા કપડા પહેરવા વગેરેને કારણે આ પ્રકારની બિમારીઓ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ કેટલેક અંશે વધુ થતી જોવા મળે છે.

જ્યારે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને થતી અન્ય સામાન્ય બિમારીઓની વાત કરીએ તો ૩% શરીરનો દુખાવો, ૨%આંખ આવવી, ૧% ચક્કર આવવા, નસકોરી ફૂટવી વગેરે સામાન્ય બિમારી થતી જોવા મળે છે. આ બિમારી બાળકની શારીરિક નબળાઈ, ચેપી રોગના ફેલાવા દ્વારા સવિશેષ થાય છે. પરંતુ આશ્રમશાળાના બાળકોમાં આ પ્રકારની સામાન્ય બિમારીઓ થવાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

આમ, માનવ સમાજમાં થતી સામાન્ય બિમારીઓની જેમ આશ્રમશાળાઓના બાળકોને પણ ઋતુગત, વાતાવરણમાં બદલાવ, ખોરાક-પાણીમાં ફેરફાર કે ગંદકીને કારણે સામાન્ય બિમારીઓ સવિશેષ થતી જોવા મળે છે. આ બિમારીઓ આશ્રમશાળાઓના બાળકોને ન થાય તે માટે આશ્રમશાળાના આચાર્ય, શિક્ષકો, રસોઈયાઓ વગેરેએ ઋતુ બદલાય, વાતાવરણ બદલાય, ગંદકી વાળા સ્થળો, દૂષિત ખોરાક અને પાણી વગેરે બાબતમાં જરૂરી કાળજી લેવી આવશ્યક છે. આ પ્રકારની કાળજી લેવામાં આવે તો બાળકોને થતી સામાન્ય બિમારીઓના પ્રમાણમાં ઘટાડો થઈ શકે છે.

## ૧૫. વિદ્યાર્થીઓમાં ચામડીનો રોગ, કૃમિનો રોગ અને વિટામિનની ઉણપની સ્થિતિ





અભ્યાસમાં આવરી લીધેલ ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૧૨૫ (૧૫.૩૨%) વિદ્યાર્થીઓમાં ચામડીનો ચેપી રોગ જોવા મળે છે. છોકરા-છોકરીઓમાં ચામડીનો ચેપી રોગ થવાનું પ્રમાણ એકસરખું જોવા મળે છે. ચામડીના ચેપી રોગમાં ખશ, ધાધર, ખરજવું, ગુમડા થવા, સતત ખંજવાળ આવવી વગેરે જોવા મળે છે. ચામડીનો રોગ થવા પાછળ વિદ્યાર્થીઓનું અનિયમિત સ્નાન, બે-ત્રણ દિવસ સુધી મેલા (ગંદા) કપડા પહેરવા, ગંદી પથારીમાં ઊંઘવું, ઊંઘવા-બેસવાની જગ્યામાં અસ્વચ્છતા વગેરે કારણો વધુ જવાબદાર હોય તેમ લાગે છે. જ્યારે ૬૯૧ (૮૪.૬૮%) વિદ્યાર્થીઓમાં ચામડીનો ચેપી રોગ જોવા મળતો નથી.

અભ્યાસમાં આવરી લીધેલ કુલ વિદ્યાર્થીઓ પૈકી ૨૧૪ (૨૬.૨૩%) વિદ્યાર્થીઓને કૃમિજન્ય રોગો જોવા મળે છે. જેમાં ૧૨૫ (૧૫.૩૨%) છોકરાઓ અને ૮૯ (૧૦.૯૧%) છોકરીઓમાં કૃમિજન્ય રોગો જોવા મળે છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓમાં કૃમિજન્ય રોગો થવા પાછળ વ્યક્તિગત અને સામૂહિક અસરોને કારણે વધુ થતા જોવા મળે છે. જેમાં અહીં છોકરીઓની સરખામણીએ છોકરાઓમાં કૃમિજન્ય રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. જ્યારે ૬૦૨ (૭૩.૭૭%)વિદ્યાર્થીઓમાં કૃમિજન્ય રોગો જોવા મળતા નથી.

અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓ પૈકી કેટલા વિદ્યાર્થીઓ વિટામિનની ઉણપ ધરાવે છે તેની સ્થિતિ અહીં દર્શાવવામાં આવી છે. જેમકે ૧૪૮ (૧૮.૧૪%) વિદ્યાર્થીઓ વિટામિન સંબંધિત મુશ્કેલી અનુભવે છે. જ્યારે ૬૬૮ (૮૧.૮૬%) વિદ્યાર્થીઓમાં વિટામિનની ઉણપ જોવા મળતી નથી. આમ, વિટામિનની ઉણપ ધરાવતા વિદ્યાર્થીઓમાં આંશિક રીતે શારીરિક અશક્તતા જોવા મળે છે. આવા વિદ્યાર્થીઓને શાળામાં આરોગ્ય સંબંધી જરૂરી તપાસ કરીને યોગ્ય સારવાર આપવી જોઈએ.


## ૧૬. આશ્રમશાળાઓના બાળકોને થયેલ ગંભીર રોગ અને સારવાર (દવા)ની સ્થિતિ




અભ્યાસમાં આવરી લીધેલ કુલ વિદ્યાર્થીઓ પૈકી કોઈ વિદ્યાર્થીઓને ગંભીર રોગ છે કે નહીં અને ગંભીર રોગ છે તો તેની દવા લે છે કે નહીં તેની સ્થિતિ અહીં રજૂ કરવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ ૮૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૪ (૧.૭૨%) વિદ્યાર્થીઓમાં ગંભીર પ્રકારના રોગો જોવા મળ્યા છે, જેમાં ૧૨ (૧.૪૭%) વિદ્યાર્થીઓને સિકલસેલ (sickle cell), ૧ (૦.૧૨%) વિદ્યાર્થીને થેલેસેમીયા, ૧ (૦.૧૨%) વિદ્યાર્થીને કમળાનો ગંભીર રોગ થયેલ જાણવા મળેલ છે. જ્યારે ૮૦૨ (૯૮.૨૮%) વિદ્યાર્થીઓને કોઈ ગંભીર રોગ થયેલ નથી.

સિકલસેલ ખાસ તો આદિવાસી સમુદાયમાં અને દક્ષિણ ગુજરાતમાં સવિશેષ રોગ થતો જોવા મળે છે. આ ગંભીર રોગ ધરાવતા વિદ્યાર્થીઓમાંથી ૬ (૦.૭૪%) સિકલસેલના વિદ્યાર્થીઓએ રોગની જરૂરી સારવાર કરાવી છે અને ૬ (૦.૭૪%) વિદ્યાર્થીઓએ ખાસ કોઈ સારવાર કરાવેલ નથી. જ્યારે ૧ (૦.૧૨%) વિદ્યાર્થીએ કમળાની જરૂરી સારવાર અને દવા કરાવેલ છે. પરંતુ ૧ (૦.૧૨%) વિદ્યાર્થીએ થેલેસીમીયાની દવા કે સારવાર કરાવેલ નથી. અહીં જે વિદ્યાર્થીઓએ સિકલસેલ અને થેલેસીમીયા રોગની સારવાર કે દવા કરેલ નથી તેમને ખાસ આ પ્રકારની કોઈ સારવારની કે દવા લેવાની જરૂરિયાત જણાઈ નથી, જેથી સિકલસેલ કે થેલેસીમીયા રોગની તેઓ દવા લેતા નથી.


## ૧૭. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની શ્રવણ અને દ્રષ્ટિની સ્થિતિ




આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષક વર્ગખંડમાં બોલે તે સંભળાય છે કે નહીં અને બ્લેક બોર્ડ ઉપર લખે તે વંચાય છે કે નહીં તેની સ્થિતિ અહીં રજૂ કરવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૮૦૮ (૯૯.૦૨%) વિદ્યાર્થીઓને નજીકથી અને ૭૭૪ (૯૪.૮૫%) વિદ્યાર્થીઓને દૂરથી શિક્ષક વર્ગખંડમાં બોલે તે બધું સંભળાય છે. જ્યારે ૮ (૦.૯૮%) વિદ્યાર્થીઓને નજીકનું અને ૪૨ (૫.૧૫%) વિદ્યાર્થીઓને દૂરનું સંભળાતું નથી. એટલે કે આ વિદ્યાર્થીઓની વર્ગખંડમાં શિક્ષક બોલે છે તે બરાબર સંભળાતું નથી અને આ વિદ્યાર્થીઓ શ્રવણની ખામી ધરાવે છે.

જ્યારે શિક્ષક વર્ગખંડમાં બ્લેક બોર્ડ ઉપર લખે તે વંચાય છે કે નહીં તે જોઈએ તો ૭૯૨ (૯૭.૦૬%) વિદ્યાર્થીઓને શિક્ષક વર્ગખંડમાં બ્લેક બોર્ડ ઉપર લખે છે તે બરાબર વંચાય છે. જ્યારે ૨૪ (૨.૯૪%) વિદ્યાર્થીઓને શિક્ષક વર્ગખંડમાં બ્લેક બોર્ડ ઉપર લખે તે દેખાતું નથી. આમ, આશ્રમશાળાઓમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ શિક્ષક વર્ગખંડમાં બોલે તે સંભળાતું નથી અથવા શિક્ષક બ્લેકબોર્ડ ઉપર લખે તે વંચાતું નથી એટલે કે આ વિદ્યાર્થીઓ શ્રવણ અને દ્રષ્ટિની કેટલાક અંશે ખામી ધરાવે છે તેમજ સાંભળવા અને વાંચવામાં મુશ્કેલી પડે છે. જેથી શ્રવણ અને દ્રષ્ટિની ખામી ધરાવતા વિદ્યાર્થીઓની ડોક્ટર પાસે જરૂરી તપાસ કરાવવી આવશ્યક છે.

## ૧૮. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની શારીરિક મુશ્કેલીઓ સબંધી સ્થિતિ




અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓ પૈકી કેટલા વિદ્યાર્થીઓ શારીરિક મુશ્કેલીઓ ધરાવે છે તેની સ્થિતિ અહીં દર્શાવવામાં આવી છે. જેમકે ૭૯ (૯.૬૮%) વિદ્યાર્થીઓ બોલવામાં મુશ્કેલી અનુભવે છે. બોલવા સંબંધી મુશ્કેલીમાં કેટલાક વિદ્યાર્થીઓ શુદ્ધ અને સ્પષ્ટ ગુજરાતી ભાષા બોલી શકતા નથી. ૨૧૪ (૨૬.૨૩%) વિદ્યાર્થીઓ વધુ ચાલે કે વધુ રમે ત્યારે શારીરિક દુખાવા સંબંધી મુશ્કેલી ધરાવે છે. આ વિદ્યાર્થીઓ શારીરિક રીતે નબળા અને કુપોષિત હોવાથી વધુ ચાલે કે વધુ રમે એટલે શારીરિક દુખાવા સંબંધી મુશ્કેલી અનુભવે છે. ૧૦૪ (૧૨.૭૫%) વિદ્યાર્થીઓને જમ્યા પછી પેટમાં દુખાવા સંબંધી પ્રશ્નો જોવા મળે છે.

જ્યારે ૭૩૭ (૯૦.૩૨%) વિદ્યાર્થીઓને બોલવામાં, ૬૦૨ (૭૩.૧૭%) વિદ્યાર્થીઓ વધુ રમે કે ચાલે ત્યારે શારીરિક દુખાવા સબંધી અને ૭૧૨ (૮૭.૨૫%) વિદ્યાર્થીઓને જમ્યા પછી પેટમાં દુખાવા સંબંધી કોઈ મુશ્કેલીઓ નથી.

આમ, આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ સ્પષ્ટ બોલવામાં, વધુ ચાલે કે રમે ત્યારે શારીરિક દુખાવો અને જમ્યા પછી પેટમાં દુખાવા સબંધી મુશ્કેલીઓ જોવા મળે છે. આ આંશિક મુશ્કેલીઓ ધરાવતા વિદ્યાર્થીઓની શાળા આરોગ્ય તપાસ તેમજ જરૂરી રિપોર્ટ કરાવવા જોઈએ. યોગ્ય નિદાન અને સારવાર થયા બાદ ડૉક્ટરો દ્વારા સૂચવેલ પગલાં લેવા જોઈએ. જો શાળા આરોગ્ય તપાસ થતી ન હોય તો રોગ નિદાન કેમ્પ ગોઠવવો અથવા નજીકના સરકારી દવાખાને લઈ જઈ જરૂરી તપાસ કરાવવી જોઈએ.

### ૧૯. આશ્રમશાળાઓનાં વિદ્યાર્થીઓમાં તરુણાવસ્થાના પ્રશ્નોની સ્થિતિ

અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૧૯ (૨.33%) વિદ્યાર્થીઓ તરુણાવસ્થા સંબંધિત પ્રશ્નો અનુભવે છે, જેમાં તરુણાવસ્થા સંબંધી આ તમામ પ્રશ્નો છોકરીઓમાં જોવા મળે છે. સામાન્ય રીતે ૧૨-૧૩ થી ૧૮ વર્ષ દરમિયાન તરુણ-તરુણીઓમાં શારિરીક-જાતિય ફેરફેરો થવાનું શરૂ થાય છે. છોકરાઓની સરખામણીએ છોકરીઓ તરુણાવસ્થા સંબંધિત પ્રશ્નો વધુ અનુભવે છે. છોકરીઓને તરુણાવસ્થા દરમિયાન માસિક ધર્મમાં આવવાથી તથા કેટલાક શારીરિક ફેરફારો થતા હોવાથી છોકરીઓમાં તરુણાવસ્થા સંબંધિત પ્રશ્નો વધુ જોવા મળે છે. જ્યારે ૭૯૭ (૯૭.૬૭%) વિદ્યાર્થીઓ ખાસ કોઈ તરુણાવસ્થા સંબંધિત પ્રશ્નો ધરાવતા નથી.

### ૨૦. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની નિયમિત આરોગ્ય તપાસ અને સમયગાળાની સ્થિતિ


| ક્રમ | આરોગ્યની તપાસનો સમયગોળો | આરોગ્યની નિયમિત તપાસ થાય છે | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હા | | ના | | કુલ | |
| | | આવૃત્તિ | ટકા | આવૃત્તિ | ટકા | આવૃત્તિ | ટકા |
| ૧ | દર માસે | ૨૨૮ | ૨૭.૯૪ | 0 | 0.00 | ૨૨૮ | ૨૭.૯૪ |
| ૨ | દર ત્રણ માસે | ૧૧૫ | ૧૪.૦૯ | 0 | 0.00 | ૧૧૫ | ૧૪.૦૯ |
| 3 | દર છ માસે | ૨૨૨ | ૨૭.૨૧ | 0 | 0.00 | ૨૨૨ | ૨૭.૨૧ |
| ૪ | દર વર્ષે | ૨૩૯ | ૨૯.૨૯ | 0 | 0.00 | ૨૩૯ | ૨૯.૨૯ |
| ૫ | આરોગ્યની નિયમિત તપાસ થતી નથી | 0 | 0.00 | ૧૨ | ૧.૪૭ | ૧૨ | ૧.૪૭ |
| | કુલ | ૮૦૪ | ૯૮.૫૩ | ૧૨ | ૧.૪૭ | ૮૧૬ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની નિયમિત આરોગ્ય તપાસ અને તેના સમયગાળાની સ્થિતિ દર્શાવવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૮૦૪ (૯૮.૫૩%) વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ થાય છે, જેમાં ૨૩૯ (૨૯.૨૯%) વિદ્યાર્થીઓના કહેવા મુજબ વર્ષમાં એક વખત આરોગ્ય તપાસ થાય છે. જ્યારે ૨૨૮ (૨૭.૯૪%) વિદ્યાર્થીઓ દર માસે અને ૨૨૨ (૨૭.૨૧%) વિદ્યાર્થીઓની દર છ માસે તેમજ ૧૧૫ (૧૪.૦૯%) વિદ્યાર્થીઓની દર ત્રણ માસે આરોગ્ય તપાસ થાય છે તેવું જણાવે છે.

સામાન્ય રીતે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને દર ત્રણ માસે આરોગ્ય તપાસ થવી જરૂરી છે, પરંતુ કેટલાંક વિશિષ્ટ સંજોગોમાં જિલ્લાકક્ષાના આરોગ્ય કેન્દ્રમાંથી ડૉક્ટરોની ટીમ આયોજન અનુસાર અથવા નક્કી કરેલ સમયે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવા માટે આવે છે અને વિદ્યાર્થીઓની જરૂરી એવી તમામ તપાસ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસમાં ડૉક્ટરને ગંભીર બિમારી જાણવા મળે તો તેને જરૂરી રિપોર્ટ

કરાવી આવશ્યક તમામ સારવાર આપવામાં આવે છે. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ અને જરૂરી સારવાર મફતમાં આપવામાં આવે છે. જ્યારે ૧૨ (૦૧.૪૭%) વિધાર્થીઓના જણાવ્યા અનુસાર આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની નિયમિત આરોગ્ય તપાસ થતી નથી.


**૨૧. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ બિમાર પડે ત્યારે દવા ક્યાંથી મેળવે છે તેની સ્થિતિ**




ઉપરોક્ત ચાર્ટમાં આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ બિમાર પડે ત્યારે જે-તે બિમારીની દવા ક્યાંથી મેળવે છે તેની સ્થિતિ દર્શાવવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૬૫% વિદ્યાર્થીઓ બિમાર પડે ત્યારે જે-તે બિમારીની દવા શાળાઓમાં પ્રાથમિક સારવારની પેટી ( FIRST AID BOX) માંથી આપવામાં આવે છે. આશ્રમશાળાઓમાં બાળકોને થતી સામાન્ય બિમારી સંબંધિત દવાઓ અને પ્રાથમિક સારવારની પેટી સરકાર દ્વારા આપવામાં આવે છે, પરંતુ સંશોધકને અભ્યાસ દરમિયાન આશ્રમશાળાઓની મુલાકાત વખતે મહત્તમ આશ્રમશાળાઓમાં પ્રાથમિક સારવારની પેટી અને બાળકોને થતી સામાન્ય બિમારીની જરૂરી દવાઓ ઉપલબ્ધ જોવા મળી ન હતી તેમજ કેટલીક આશ્રમશાળાઓની પ્રાથમિક સારવાર પેટીમાં તારીખ પૂર્ણ થઈ ગયેલી (OUT DATED) દવાઓ જોવા મળી. આ પ્રકારની પરિસ્થિતિમાં આચાર્ય, શિક્ષકો અને સંસ્થા કે મંડળે જરૂરી ચકાસણી કરતા રહેવું જોઈએ.

આ ઉપરાંત આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ બિમાર પડે ત્યારે ૨૫% PHC/CHCમાંથી, ૦૫% શિક્ષકોના ઘરેથી, ૦૪% મેડીકલ સ્ટોર્સમાંથી અને ૦૧% વિદ્યાર્થીઓ બિમારીની દવા પોતાની પાસે રાખે છે. આમ, વિદ્યાર્થીઓને થતી સામાન્ય બિમારીમાં આશ્રમશાળામાંથી કે ગામમાંથી દવા મળી રહે છે, પરંતુ ગંભીર બિમારીમાં વિદ્યાર્થીએ તાલુકા કે જિલ્લાકક્ષાએથી સંબંધિત દવાઓ મેળવવી પડે છે.

૨૨. આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ બિમાર પડે ત્યારે સારવાર કરાવવા શું કરે છે તેની સ્થિતિ





આશ્રમશાળાઓમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને સામાન્ય બિમારીઓ જેમકે તાવ, શરદી, ઉધરસ, ઝાડા, ઉલટી, આંખ-કાન-નાક-ગળાની બિમારી, માથું દુખવું, પેટમાં દુખવું વગેરે સવિશેષ બિમારીઓ થતી જોવા મળે છે. આ બિમારીઓમાં આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ સારવાર કરાવવા શું કરે છે તે અહીં જાણવામાં આવ્યું છે. અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ બિમાર પડે ત્યારે દવા લેવા દવાખાને જાય છે. સામાન્ય બિમારીમાં પ્રથમ વખત આશ્રમશાળાની પ્રાથમિક સારવાર પેટીમાંથી કે શિક્ષકોના ઘરેથી દવા મળી રહે છે. પરંતુ બિમારી બે-ત્રણ દિવસથી વધુ રહે તો આચાર્ય કે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, સરકારી કે ખાનગી દવાખાને લઈ જવામાં આવે છે. તે બિમારીનું ડોક્ટર પાસે યોગ્ય નિદાન અને સારવાર કરાવવામાં આવે છે.


જ્યારે ૦૪ (૫.૮૮%) આશ્રમશાળાઓના બાળકોને બિમારી દરમિયાન દવાખાને જતા નથી, કારણ કે બિમારીની જરૂરી એવી દવા શાળામાંથી મળી રહે છે અને બિમારી દૂર થઈ જાય છે. જેથી આ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને દવાખાને લઈ જવાની ખાસ જરૂરિયાત ઊભી થતી નથી.

આશ્રમશાળામાં ભોજન વ્યવસ્થા સંબંધિત સુવિધાઓ, વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન અને તેની સ્થિતિ, પોષણક્ષમતા અને વિદ્યાર્થીઓનું આરોગ્ય

















# પ્રકરણ – ૭ આશ્રમશાળાની ભૌતિક અને માળખાગત સુવિધાઓ

## ૧. પ્રસ્તાવના

આજે ગુજરાત રાજયમાં કાર્યરત આશ્રમશાળાઓમાં જે માનવીય અને ભૌતિક-માળખાગત સુવિધાઓની વ્યવસ્થાઓ ગોઠવાયેલ છે, તે "આશ્રમશાળા યોજના"ને આભારી છે. આ આશ્રમશાળા યોજના ૧૯૫૩-૫૪માં અમલીકૃત બની. તેનું શ્રેય તે સમયના ભારત સરકારના અનુસૂચિત જાતિ અને જનજાતિના કમિશ્નર શ્રી લક્ષ્મીકાંત શ્રીકાન્ત, મુંબઈના શિક્ષણ પ્રધાન શ્રી દિનકરરાવ દેસાઈ અને તેમણે નિમેલી સમિતિના સભ્યો શ્રી જુગતરામ દવે, શ્રી આચાર્ય ભીસે, ડાહ્યાભાઈ નાયક, શ્રી કલ્યાણજી મહેતા વગેરે અને શ્રી રતનજી પટેલના પ્રયત્નોને આભારી છે. આ સમિતિ દ્વારા નાણાંકીય મદદ, આશ્રમશાળાનું માળખું વગેરેની જે માંગણી મુકવામાં આવી તેમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા. ત્યારબાદ આશ્રમશાળા યોજના અંગેનો મુસદ્દો તૈયાર કરી મુંબઈ વિધાનસભામાં મુક્યો તથા ચર્ચાના અંતે મુસદ્દો પ્રસાર કરી 'આશ્રમશાળા યોજના' શરૂ કરવામાં આવી.

આશ્રમશાળા યોજનાના માળખામાં આશ્રમી શિક્ષણ અને છાત્રાલય વ્યવસ્થાપન માટે માનવીય અને ભૌતિક-માળખાગત સુવિધાઓની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી. માનવીય વ્યવસ્થા એટલે આશ્રમશાળામાં માનવી તરીકે કાર્ય કરતા આચાર્ય, શિક્ષક, રસોયો અને કમાઠીની વ્યવસ્થા. જ્યારે ભૌતિક-માળખાગત વ્યવસ્થા એટલે આશ્રમશાળા-છાત્રાલયનું મકાન, વિજળી, પાણી, જાજરૂ-બાથરૂમ, કેળવણી સાધનો, ઉદ્યોગ શીખવવાના સાધનો વગેરેની સવલત. આશ્રમશાળામાં માનવીય અને ભૌતિક-માળખાગત વ્યવસ્થાઓ ઉત્તમ અને પૂરતી હોવી આવશ્યક છે, તો જ આશ્રમશાળાનું વાતાવરણ શ્રેષ્ઠ બની શકે. તેમજ આશ્રમશાળામાં વિદ્યાર્થીને શિક્ષણ લેવું અને છાત્રાલયમાં રહેવું ગમે. આશ્રમશાળાનું કાર્ય વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે ઉત્તમ ચારિત્ર્યનું નિર્માણ, સ્વાવલંબન, સ્વાશ્રય વગેરેની પાયાની કેળવણી અને સંસ્કાર ઘડતર કરવાનું છે. આ સાથે નેતૃત્વ, નિયમિતતા, પ્રામાણિક્તા, આત્મવિશ્વાસ વગેરે ગુણોનો વિકાસ કરવાનો છે. આશ્રમશાળાની મુલાકાતે આવનાર મુલાકાતીઓ જેમકે બાળકના વાલી, ગ્રામજનો, અધિકારીઓ, અન્ય વ્યક્તિઓ વગેરેને આશ્રમશાળાનું વાતાવરણ ગમવું જોઈએ.

આશ્રમશાળામાં સવિશેષ ગરીબ આદિવાસી પરિવારના બાળકો શિક્ષણ લે છે. આ બાળકોના વાલીઓ આશ્રમશાળાના કર્મચારી અને સંચાલકો પાસે ખૂબ મોટી અપેક્ષા સાથે પોતાના બાળકોને આશ્રમશાળામાં શિક્ષણ લેવા મુકી જાય છે. વાલીઓ એવી પણ અપેક્ષા રાખતા હોય છે કે પોતાના બાળકને ઉત્તમ શિક્ષણ સાથે ઉત્તમ રહેઠાણ, ભોજન, સાર-સંભાળ અને સુરક્ષા મળે. જેથી અહીં આશ્રમશાળાના કર્મચારી અને સંચાલક મંડળોની જવાબદારી વધી જાય છે. આશ્રમશાળામાં ગરીબ પરિવારના બાળકો ઉપરાંત સ્થળાંતરિત પરિવારના બાળકો, ભગ્ન પરિવારના બાળકો, અનાથ બાળકો, દિવ્યાંગ બાળકો વગેરે શિક્ષણ મેળવવા માટે આવે

છે. આ પ્રકારના પરિવારોના વાલીઓ આશ્રમશાળાના કર્મચારી અને સંચાલકો પાસે ઊંચી અપેક્ષા રાખતા હોય ત્યારે સરકાર, સંચાલક મંડળ, આચાર્ય, શિક્ષક અને રસોઈયાઓએ પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક, પ્રામાણિક અને સંતોષકારક રીતે નિભાવવી જરૂરી બને છે. આથી આશ્રમશાળામાં ઉત્તમ શિક્ષણ મેળવવા આવેલા બાળકોને શિક્ષણ, રહેઠાણ, ભોજન, સાર-સંભાળ અને સુરક્ષા સંબંધિત પૂરતી અને શ્રેષ્ઠ સુવિધાઓ મળે તે જરૂરી છે. ભારતીય બંધારણ અને બાળકોના શિક્ષણના સંદર્ભમાં વાત કરીએ તો શિક્ષણ તથા તેને સંબંધિત ગુણાત્મક સેવાઓ મેળવવી એ બાળકોનો પ્રાથમિક અધિકાર છે.

આ પ્રકરણમાં આશ્રમશાળાઓની માનવીય અને ભૌતિક-માળખાગત સુવિધાઓ અને તેની સ્થિતિ કેવી છે તેની અહીં ચર્ચા કરવામાં આવી છે. જેમકે આશ્રમશાળા-છાત્રાલયનું મકાન, વિજળી, પાણી, જાજરૂ-બાથરૂમ, ભોજનાલય, કોઠાર રૂમ, શાળામાં ભણવાની વ્યવસ્થા, છાત્રાલયમાં ઊંઘવાની વ્યવસ્થા, ઓરડાઓની સંખ્યા અને ગીચતા, મેદાન અને રમત-ગમતના સાધનોની સ્થિતિ, શાળામાં વિદ્યાર્થીઓનું મહેકમ અને તેની સંખ્યાની સ્થિતિ, શાળામાં શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ અને તેની ભરેલી જગ્યાઓની સ્થિતિ વગેરે બાબતો તપાસવામાં આવી છે.


૨. આશ્રમશાળા ચલાવનાર સંસ્થાઓ કે મંડળોની પ્રવૃત્તિઓ

આશ્રમશાળાઓ ચલાવનાર સંસ્થાઓ કે મંડળો ગ્રામીણકક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓ જેમકે શિક્ષણ, ગૃહ ઉદ્યોગ, ગૌશાળા, મહિલા બચત મંડળ, સાક્ષરતા કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિઓ ચલાવે છે. અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૧૩ સંસ્થાઓ કે મંડળો બાલવાડીઓ, ૩૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને ૯ પી.ટી.સી. કોલેજો ચલાવે છે. જ્યારે અન્ય સંસ્થાઓ કે મંડળોમાંથી ૧૬ ખેતી, ૭ ગૌશાળા (પશુપાલન), ૬ મહિલા બચત મંડળો, ૧૧ સાક્ષરતા અભિયાન અને ૨૨ વિવિધ ગૃહ ઉદ્યોગોની પ્રવૃત્તિઓ કરે છે. આ સંસ્થાઓ કે મંડળો મુખ્યત્વે આદિવાસી સમુદાયમાં શિક્ષણ સુધારણા તેમજ ગૃહ ઉદ્યોગ (શ્રમકાર્ય) દ્વારા આદિવાસી બાળકોના કૌશલ્ય વિકાસના હેતુથી સ્થપાયેલી હોવાથી તે સવિશેષ બાલવાડી થી પી.ટી.સી. કોલેજ સુધીનું શિક્ષણ આપે છે. વિવિધ ગૃહ ઉદ્યોગો દ્વારા કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ કરે છે. આ સંસ્થાઓ કે મંડળો આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ સાથે ખેતીમાંથી ઉત્પાદિત થતું અનાજ અને ગૌશાળાની ગાયો દ્વારા મળતા દૂધનો ઉપયોગ બાળકોના ભોજનમાં કરે છે. તેઓ ગૌણ પ્રવૃતિમાં ગ્રામીણ લોકોને સાક્ષર બનાવવા માટે સાક્ષરતા અભિયાન તથા મહિલાઓને સ્વનિર્ભર બનાવવા અને બચતનો અભિગમ વિકસાવવા માટે મહિલા બચત મંડળ ચલાવે છે. સંસ્થાઓ કે મંડળો બહુ ઓછી આશ્રમશાળાઓમાં બાળકોને ઉદ્યોગ દ્વારા કૌશલ્ય વિકાસની તાલીમ આપે છે. આમ, આશ્રમશાળાઓ ચલાવનાર સંસ્થાઓ કે મંડળો આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક વિકાસ

માટેની સવિશેષ પ્રવૃત્તિઓ કરે છે, પરંતુ કૌશલ્ય વિકાસ, સ્વનિર્ભરતા, સાક્ષરતા, લોકજાગૃતિ વગેરે માટેની પ્રવૃતિઓ પ્રમાણમાં ઓછી કરે છે.

૩. જમીનની માલિકીનો પ્રકાર


આશ્રમશાળા સ્થાપવાના ધારાધોરણ અનુસાર કોઈપણ સંસ્થા, મંડળ કે ટ્રસ્ટે આશ્રમશાળા શરૂ કરવા માટે પોતાની માલિકીની જમીન હોવી આવશ્યક છે. અભ્યાસમાં આવરી લીધેલ આશ્રમશાળાઓની જમીનની માલિકી કોની છે તેની વિગત નીચેના આલેખમાં દર્શાવેલ છે.




આલેખમાં જોતા ખ્યાલ આવશે કે અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૯ (૮૬.૭૭%) આશ્રમશાળાઓની જમીનની માલિકી સંસ્થાઓ કે મંડળોની છે. સામાન્ય રીતે આશ્રમશાળાઓની મંજૂરી અંગેના ધારાધોરણોમાં જણાવ્યા મુજબ આશ્રમશાળા શરૂ કરવા માટે કોઈપણ સંસ્થા કે મંડળ પાસે માલિકી જમીન (૧૦ એકર) હોવી આવશ્યક ગણવામાં આવી છે, જેથી મોટાભાગની આશ્રમશાળાઓની જમીનની માલિકી સંસ્થા કે મંડળની છે. જયારે ૦૭ (૧૦.૨૯%) આશ્રમશાળાઓની જમીનની માલિકી સરકારની છે. ૦૨ (૨.૯૪%) આશ્રમશાળાઓની જમીનની માલિકી ખાનગી વ્યક્તિઓની છે, જેની સંખ્યા બહુ ઓછી છે. સરકાર અને ખાનગી વ્યક્તિ પાસે જોવા મળતી આશ્રમશાળાની જમીનની માલિકી માત્ર આશ્રમશાળાઓના મકાનના વિસ્તાર પૂરતી જ છે. એટલે કે આશ્રમશાળા સ્થાપવા સરકાર દ્વારા નિયત કરેલ ૧૦ એકર જમીન તેઓ ધરાવતા નથી.

૪. માલિકીની જમીનનું પ્રમાણ


ગુજરાત સરકારના આશ્રમશાળા સ્થાપવાના ધારાધોરણ અનુસાર જે સંસ્થા, મંડળ કે ટ્રસ્ટ આશ્રમશાળા ચલાવે છે તેની પોતાની માલિકીની ૧૦ એકર જમીન ધરાવે છે કે નહીં અથવા કેટલા એકર જમીનની માલિકી ધરાવે છે તેની વિગત આલેખમાં દર્શાવવામાં આવી છે.




ઉપરોક્ત આલેખને સમજતા સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૪૦ (૫૮.૮૨%) આશ્રમશાળાઓ ૧૦ એકરથી ઓછી જમીનની માલિકી ધરાવે છે, જેમાંથી ૩૪ આશ્રમશાળાઓ ૦૫ એકર કે તેથી ઓછી જમીન ધરાવે છે. જ્યારે ૦૬ આશ્રમશાળાઓ પાસે ૬ થી ૯ એકર વચ્ચે જમીન છે, એટલે કે સરકારના ધારાધોરણ અનુસાર ઓછામાં ઓછી ૧૦ એકર જમીન હોય તો જ આશ્રમશાળા સ્થાપવાની મંજૂરી મળી શકે. પરંતુ અભ્યાસની ઘણી મોટી સંખ્યામાં આશ્રમશાળાઓ પાસે પૂરતી જમીન નથી. અહી એક સવાલ જરૂરથી થાય છે કે જમીન ઓછી હોવા છતાં શા માટે આશ્રમશાળાઓને મંજૂરી આપી છે તે એક તપાસનો મુદ્દો છે. જ્યારે ૧૯ (૨૭.૯૪%) આશ્રમશાળાઓ પાસે ૧૦ એકર કે તેથી વધુ જમીન ધરાવે છે, જેમાંથી ૦૪ (૫.૮૮%) આશ્રમશાળાઓ પાસે ૨૧ એકર કે તેથી વધુ માલિકીની જમીન ધરાવે છે. જયારે ૦૯ (૧૩.૨૪%) આશ્રમશાળાઓ ચલાવતી સરકારી કચેરી કે ખાનગી વ્યક્તિ પાસે પોતાની માલિકીની જમીન નથી અને જયાં આ ૯ આશ્રમશાળાઓ ચાલે છે તે માત્ર શાળાના મકાનના વિસ્તાર પૂરતી જ જમીન ધરાવે છે.

૫. આશ્રમશાળામાં ખેતી અને પશુપાલનની સ્થિતિ

જમીન એ આશ્રમશાળા ચલાવવા માટે એક મહત્વનું સાધન છે. દરેક આશ્રમશાળાઓ પાસે વતા-ઓછા પ્રમાણમાં જમીન જોવા મળે છે. મોટાભાગની આશ્રમશાળાઓ આ જમીનનો ઉપયોગ ખેતી કરવા માટે કરે છે. તેઓ ખેતીમાં સ્થાનિક અનાજ, કઠોળ, શાકભાજી, બાગાયતી પાકો વગેરે વાવે છે અને તેનો ઉપયોગ બાળકોના ભોજનમાં અને પૂરક આવક મેળવવામાં કરે છે. આ પૂરક આવકનો ઉપયોગ આશ્રમશાળાઓના ખર્ચાઓને પહોંચી વળવા કરે છે. જમીનને ખેડવા અને બાળકો માટે દૂધની જરૂરિયાતને લઈને આશ્રમશાળામાં ખેતી સાથે પશુપાલન કરવામાં આવે છે. અહીં કેટલી આશ્રમશાળાઓ પોતાની માલિકીની જમીનમાં ખેતી અને તેને સંલગ્ન પશુપાલનનો વ્યવસાય કરે છે કે નહીં તે નીચેના આલેખમાં બતાવવામાં આવ્યું છે.




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાની જમીનમાં ખેતી અને પશુપાલનની સ્થિતિની વિગતો રજૂ કરવામાં આવી છે. અહીં અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૯ (૮૬.૭૬%) આશ્રમશાળા પાસે જમીન છે, જેમાંથી ૪૬ (૬૭.૬૫%) આશ્રમશાળાઓની જમીનમાં ખેતી કરવામાં આવે છે. આ જમીનોમાં પોતાના વિસ્તારમાં થતું અનાજ, કઠોળ, શાકભાજી અને બાગાયતી પાકોની ખેતી કરવામાં આવે છે. જ્યારે ૨૨ (૩૨.૩૫%) આશ્રમશાળાઓમાંથી ૧૩ (૧૯.૧૧%) આશ્રમશાળાઓ પાસે બહુ ઓછી જમીન હોવાથી તેઓ ખેતી કરતા નથી અને ૦૯ (૧૩.૨૪%) આશ્રમશાળાઓ પાસે પોતાની માલિકીની જમીન નથી.


સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે પશુપાલન એ ખેતી સાથે સંલગ્ન વ્યવસાય છે. આદિવાસી વિસ્તારની કેટલીકની આશ્રમશાળાઓમાં ખેતી અને પશુપાલનનું કામ કરવામાં આવે

છે. અભ્યાસમાં આવરેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી માત્ર ૮ (૧૧.૭૬%) આશ્રમશાળાઓ ખેતી સાથે પશુપાલન કરે છે. અહીં આશ્રમશાળાઓની જમીન સાથે ખેતીના આંકડાઓને પશુપાલનના આંકડા સાથે સંરખાવીએ તો ખ્યાલ આવે છે કે ૫૧ (૭૫.૦૦%) જમીન ધરાવતી અને ૩૮ (૫૫.૮૯%) ખેતી કરતી આશ્રમશાળાઓ પશુપાલન કરતી નથી. પશુપાલનનું કામ કરતી ૮ (૧૧.૭૬%) આશ્રમશાળાઓમાંથી કાટકોઈ અને આમકુટી આશ્રમશાળાઓ ખેતી માટે બળદ રાખે છે તથા ઈશરી, પાંડવા, રૂઆબારી, હરિપુરા, પુના અને ગોપાલપુરા આશ્રમશાળાઓમાં ગાયો રાખીને ગૌશાળા ચલાવવામાં આવે છે. આ આશ્રમશાળાઓમાં ગાયનું દૂધ બાળકોને ખોરાકમાં આપે છે.

આશ્રમશાળાઓમાં ખેતી અને પશુપાલનના વિકાસ માટે સરકારશ્રી દ્વારા ખેતીના સાધનો, બળદ, બળદ ગાડું, ગાય, ગૌશાળા બનાવવા જરૂરી સાધનો વગેરેની ખરીદી માટે લાભ આપવામાં આવતો હોવા છતાં આશ્રમશાળાઓ પૂરતા પ્રમાણમાં લાભ મેળવતી હોય તેવું જોવા મળતું નથી.

૬. આશ્રમશાળાનું મકાન

ગુજરાત રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં ચાલતી આશ્રમશાળાઓના મકાનો ભૌગોલિક વિસ્તાર, આબોહવા, સ્થાનિક લોકોના રહેઠાણ અને આસપાસની સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થા અને લોકજીવન પદ્ધતિને અનુરૂપ બનેલા જોવા મળે છે. હાલમાં આશ્રમશાળાઓના મકાનો કેવા પ્રકારના છે તે નીચેના આલેખમાં જણાવવામાં આવ્યું છે.





અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૩૬ (૫૨.૯૪%) આશ્રમશાળાઓના મકાનો સંપૂર્ણ રીતે પાકા છે તથા સિમેન્ટના ધાબાવાળા છે. ૧૯૯૦ કે પછી સ્થપાયેલી આશ્રમશાળાઓના મકાનો મોટેભાગે પાકા જોવા મળે છે. એટલે કે આ સમયગાળા દરમિયાન

આદિવાસી વિસ્તારમાં મકાનો ધીમે-ધીમે પાકા બનવાની શરૂઆત થઈ હશે તેવું કહી શકાય. જ્યારે ૩૦ (૪૪.૧૨%) આશ્રમશાળાઓના મકાનો કાચા-પાકા એવા મિશ્ર સ્વરૂપના બનાવેલા જોવા મળે છે. આ મકાનોમાં દિવાલો ઈંટ અને માટીના ચણતરવાળી તથા છત દેશી કે વિલાયતી નળીયાવાળી જોવા મળે છે. જ્યારે ૦૨ (૨.૯૪%) આશ્રમશાળાઓના મકાનો સંપૂર્ણ રીતે કાચા જોવા મળ્યા. આ આશ્રમશાળાઓ દક્ષિણ ગુજરાતમાં આવેલી છે, જે ચીમેર અને મોરંબા આશ્રમશાળાઓ છે. કાચા મકાનો અને મિશ્ર સ્વરૂપના મકાનોવાળી આશ્રમશાળાઓ ઓછા હવા-ઊજાસવાળી, અંધકારમય, ભોંય તળિયામાં ખાડાખરબચડાવાળી અને ચોમાસામાં સતત પાણી ટપકતુ રહેતું જોવા મળે છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર આ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ખંડોમાં બેસવામાં અને છાત્રાલયોમાં ઊંઘવામાં અગવડતાઓ પડે છે. જે આશ્રમશાળાઓ કાચા મકાનો અને મિશ્ર સ્વરૂપના મકાનો ધરાવે છે, તે મોટેભાગે જર્જરિત હાલતમાં જોવા મળે છે, ત્યાં સમારકામની ખૂબ જ આવશ્યકતા જણાય છે.

૭. શાળા-છાત્રાલય યુનિટ

આશ્રમશાળા યોજનામાં પ્રારંભથી શાળા-છાત્રાલય સંયુક્ત યુનિટના સ્વરૂપમાં ચાલતી હતી. પરંતુ વર્તમાન સમયમાં આશ્રમશાળાઓની જરૂરિયાત અનુસાર શાળા અને છાત્રાલયના યુનિટો અલગ અલગ બનવા લાગ્યા છે. અભ્યાસમાં આવરી લીધેલ આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલયના યુનિટ સ્વંતત્ર ચાલે છે કે સંયુક્ત તેની વિગત નીચેના આલેખમાં દર્શાવવામાં આવી છે.





આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય સંયુક્ત ચાલે છે કે સ્વતંત્ર છે તે આલેખમાં બતાવવામાં આવ્યું છે. જેમાં વર્તમાન સમયમાં ૩૯ (૫૭.૩૫%) આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય સંયુક્ત ચાલે છે. એટલે કે વિદ્યાર્થીઓ જે ઓરડામાં અભ્યાસ કરે છે, એ જ ઓરડામાં

રહે છે અને ઊંઘે છે. આનો એક અર્થ એ થયો કે ૫૭.૩૫% આશ્રમશાળાઓમાં ઓરડાઓની ઘટ છે તથા જગ્યાઓના અભાવે કે છાત્રાલય બનાવવાનું અલગ ભંડોળ ફાળવાતું ન હોવાથી આ આશ્રમશાળાઓમાં શિક્ષણ અને રહેઠાણ સંબંધી વ્યવસ્થાઓ સંયુક્ત જોવા મળે છે. આ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓમાં શાળા અને છાત્રાલય વચ્ચે શું તફાવત છે તેનો ખ્યાલ કે સમજ તેમનામાં જોવા મળતી નથી. જ્યારે ૨૯ (૪૨.૬૫%) આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય વ્યવસ્થા સ્વતંત્ર છે, એટલે કે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ શાળામાં શિક્ષણ મેળવે છે અને છાત્રાલયમાં નિવાસ કરે છે એ મુજબની અલગ અલગ વ્યવસ્થા જોવા મળે છે. આ વિદ્યાર્થીઓમાં શાળા અને છાત્રાલય અંગેની સમજ વધુ સ્પષ્ટ જોવા મળે છે. અર્થાત વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ અને ઉચ્ચ કેળવણી, ઉત્તમ ગુણોનું સિંચન કરવું હોય તો શાળા અને છાત્રાલયના યુનિટો અલગ હોય તે ખૂબ જ જરૂરી છે, કારણ કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં શાળા અને છાત્રાલયની ભૂમિકા અલગ-અલગ છે તે સમજવું જરૂરી છે. તેથી સરકારે જે આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય માટેના અલગ યુનિટો નથી, ત્યાં અલગ અલગ યુનિટો ઊભા કરવા જોઈએ.

૮. વર્ગખંડના ઓરડાઓનું પ્રમાણ


સામાન્ય રીતે દરેક શાળામાં ધોરણ મુજબ વર્ગખંડના ઓરડાઓ હોવા આવશ્યક છે. આશ્રમશાળાઓમાં ધોરણ અનુસાર વર્ગખંડના ઓરડાઓ છે કે નહીં તેમજ અભ્યાસમાં આવરેલ આશ્રમશાળાઓ ધોરણ મુજબ વર્ગખંડના કેટલા ઓરડાઓ ધરાવે છે તે નીચેના આલેખના આધારે સમજીએ.



ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓમાં વર્ગખંડના ઓરડાઓની સ્થિતિ રજૂ કરવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી માત્ર ૮ (૧૧.૭૬%) આશ્રમશાળાઓ પાસે ધોરણ અનુસાર વર્ગખંડોના ઓરડાઓ છે. જ્યારે ૬૦ (૮૮.૨૫%) આશ્રમશાળાઓ પાસે ધોરણ અનુસાર વર્ગખંડો નથી. તેમાંથી ૭ (૧૦.૨૯%) આશ્રમશાળાઓ પાસે માત્ર એક જ ઓરડો છે. એટલે કે આ આશ્રમશાળાઓ વિદ્યાર્થીઓને મોટા હોલમાં કે પ્રાર્થના ખંડમાં બેથી ત્રણ ધોરણને એક સાથે બેસાડીને ભણાવે છે. જ્યારે બાકીના ધોરણોને લોબીમાં, શાળાના આંગણમાં વગેરે જગ્યાઓમાં બેસાડીને અભ્યાસ કરાવે છે. જ્યારે ૪૫ (૬૬.૧૭%) આશ્રમશાળાઓ પાસે ૪ થી ૭ ની સંખ્યામાં ઓરડાઓ છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર આ આશ્રમશાળાઓમાં બે-બે ધોરણો સાથે બેસીને અભ્યાસ કરે છે. જ્યાં ઓરડાઓ સાથે શિક્ષકોની ઘટ છે ત્યાં તે આશ્રમશાળાઓમાં શિક્ષકો વારાફરતી બંને ધોરણોને ભણાવતા જોવા મળે છે. આવા વર્ગખંડોમાં વિદ્યાર્થીઓનો અવાજ સતત થતો રહેતો હોવાથી અભ્યાસ કરવામાં મુશ્કેલીઓ પડે છે અને બંને ધોરણના વિદ્યાર્થીઓને ભણવામાં પૂરતો ન્યાય મળતો નથી. શિક્ષકોને ભણાવવામાં અને વિદ્યાર્થીઓને બેસવામાં પણ મુશ્કેલી પડે છે. અહીં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું અને શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવું અશક્ય સમાન છે.


અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાં વર્ગખંડો માટેના ઓરડાઓની સંખ્યા ૩૪૫ છે. એટલે કે એક આશ્રમશાળા દીઠ સરેરાશ ૦૫ વર્ગખંડો છે. જે ધોરણ મુજબ ૦૩ વર્ગખંડોની ઘટ બતાવે છે. જેને કારણે ઓછામાં ઓછા ત્રણથી ચાર ધોરણોને એક સાથે બેસવું ફરજિયાત બને છે. સરકારે જે આશ્રમશાળાઓમાં ઓરડાઓની ઘટ જોવા મળે છે, તે આશ્રમશાળાઓમાં ધોરણ અનુસારના પૂરતા વર્ગખંડો તાત્કાલિક ધોરણે ઊભા કરવા જોઈએ.

૯. વર્ગખંડના કાચા ઓરડાઓનું પ્રમાણ



આલેખમાં અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૧૪ (૨૦.૫૯%) આશ્રમશાળાઓમાં ૧ થી ૭ ઓરડાઓ કાચા જોવા મળે છે. જેમાં ૦૨ આશ્રમશાળાઓ સંપૂર્ણ કાચા મકાનવાળી અને કાચા ઓરડાવાળી છે. જ્યારે બાકીની ૧૨ આશ્રમશાળામાં કાચા-પાકા (મિશ્ર સ્વરૂપના) મકાનવાળી હોવાથી તેના કેટલાક જૂના ઓરડાઓ કાચા જોવા મળે છે. આ ૧૪ આશ્રમશાળાઓ કાચા ઓરડાઓ ધરાવતી હોવાથી ત્યાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં, રહેવામાં અને ઊંઘવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ પડે છે. જેમકે ચોમાસામાં સતત પાણી ટપકે, શિયાળામાં વધુ ઠંડી લાગે અને ઉનાળામાં સખત ગરમીનો સામનો કરવો પડે છે. જ્યારે ૫૪ (૭૯.૪૧%) આશ્રમશાળાઓ પાકા ઓરડાવાળી હોવાથી વિદ્યાર્થી સુખ-શાંતિથી ભણી શકે છે તથા રહી અને ઊંઘી શકે છે. અહીં જે આશ્રમશાળા અને તેના ઓરડાઓ કાચા છે ત્યાં પાકા મકાનો કે પાકા ઓરડાઓ બનાવવાની આવશ્યકતા છે.

### ૧૦. આચાર્ય માટે ઓફિસ રૂમની વ્યવસ્થા





આલેખમાં આશ્રમશાળાઓમાં આચાર્યની ઓફિસ રૂમ કેવા પ્રકારની છે એ સમજાવવામાં આવ્યું છે. અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૫૬ (૮૨.૩૫%) આશ્રમશાળાઓમાં આચાર્યની ઓફિસ અલાયદી જોવા મળે છે. અહીં જે આશ્રમશાળાઓના મકાન નવા બનાવવામાં આવ્યા છે, ઓરડાઓની સંખ્યા વધુ છે ત્યાં આચાર્યની ઓફિસ અલાયદી જોવા મળે છે. જ્યારે ૭ (૧૦.૨૯%) આશ્રમશાળાઓમાં આચાર્યની ઓફિસ વર્ગખંડ કમ ઓફીસ અને રહેઠાણ કમ ઓફીસ જોવા મળે છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર વર્ગખંડ કમ ઓફિસમાં આચાર્ય પોતાના વહીવટી કાર્યો યોગ્ય રીતે કરી શકતા નથી અથવા વહીવટી કામો સાથે તેને બાળકોનું શિક્ષણ કાર્ય કરવું પડે છે અને વિદ્યાર્થીઓને બેસવામાં-ભણવામાં એકાગ્રતા અને સાતત્યતા જળવાતી નથી. જ્યારે રહેઠાણ કમ ઓફિસમાં આચાર્યએ કુટુંબ જીવન સાથે શિક્ષણ કાર્ય કરવું પડે છે, એટલે કે આચાર્ય

પોતાનું કુટુંબ જીવન સ્વતંત્ર રીતે જીવી શકતા નથી. આચાર્યના કુટુંબના સભ્યો જેમકે તેની પત્નિ અને બાળકોને કુટુંબ જીવન જીવવામાં મુશ્કેલી અનુભવે છે.

જ્યારે ૦૫ (૭.૩૫%) આશ્રમશાળાઓમાં આચાર્યની ઓફિસ જ નથી. તેથી આચાર્યને પોતાના વહીવટી કામો વર્ગખંડમાં અથવા પોતાના ઘરે કરવા પડે છે, જેથી આચાર્ય અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ અનુભવે છે. સરકારે અને સંચાલક મંડળે આચાર્યના વહીવટી તથા શૈક્ષણિક કામો માટે અલાયદી ઓફિસ બનાવવી ખૂબ જ જરૂરી છે. અલાયદી ઓફિસ એ આચાર્યને સ્વમાન, સ્વતંત્ર અને ગૌરવભેર કામ કરવાની વ્યવસ્થા પૂરી પાડે છે. તેમજ વહીવટી કામોને સમયસર અને ગુણાત્મક રીતે કરી શકે એવી તક પૂરી પાડે છે. આમ, જે આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ નથી, તે તમામ આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ બનાવવી જોઈએ.

૧૧. વિદ્યાર્થીઓની હાજર સંખ્યાની સ્થિતિ




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજર સંખ્યાની સ્થિતિ બતાવવામાં આવી છે. અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૪૩ (૬૩.૨૪%) આશ્રમશાળાઓમાં ૧૨૧ થી ૧૫૦ વચ્ચે વિદ્યાર્થીઓની હાજર સંખ્યા જોવા મળી. આશ્રમશાળાઓમાં ધોરણ-૧ થી ૭ નું મહેકમ ૧૨૦ હતું, પરંતુ ધોરણ-૮ નો પ્રાથમિક આશ્રમશાળામાં સમાવેશ થતા ૩૦ વિદ્યાર્થીઓ (૧૫ છોકરાઓ અને ૧૫ છોકરીઓ)ની સંખ્યામાં ઉમેરો થયો. જેથી મહત્તમ આશ્રમશાળાઓમાં ૧૫૦ ની સંખ્યા જોવા મળે છે. તેથી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ૧૨૧ થી ૧૫૦ વચ્ચે સૌથી વધુ જોવા મળી છે. જ્યારે ૧૪ (૨૦.૫૯%) આશ્રમશાળાઓમાં ૧૫૧ કે તેથી વધુ વિદ્યાર્થીઓ હાજર હતા. કેટલીક આશ્રમશાળાઓમાં ૧૮૦ કે ૧૯૦ સુધીનું મહેકમ હોવાથી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ૧૫૧ થી વધુ જોવા મળી.


જ્યારે ૧૧ (૧૬.૧૭%) આશ્રમશાળાઓમાં ૧૨૦ કે તેથી ઓછા વિદ્યાર્થીઓ જોવા મળ્યા. આ ૧૧ આશ્રમશાળાઓ ધોરણ-૮ આપવામાં આવેલ નથી અથવા ઓરડાઓની વ્યવસ્થા ન હોવાથી ધોરણ-૮ લીધેલ નથી. જેથી આ ૧૧ આશ્રમશાળાઓ ધોરણ-૧ થી ૭ સુધીની છે અને ત્યાં ૧૨૦ વિદ્યાર્થીઓનું મહેકમ છે. બે આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની નોંધણી જ ઓછી હોવાથી ત્યાં વિદ્યાર્થીઓની હાજરી ઓછી જોવા મળી. સંશોધકના નિરીક્ષણમાં જોવા મળ્યું કે પાંદડી (જિ.દાહોદ), ગરાડીયા (જિ.મહીસાગર), દિધીયા (જિ.સાબરકાંઠા), પોશીના (જિ.સાબરકાંઠા), મોરંબા (જિ.તાપી), રાણી વાવનેશ (જિ.દેવભૂમિ દ્વારકા) વગેરે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના મહેકમની સરખામણીએ વિદ્યાર્થીઓ વધુ ગેરહાજર જોવા મળ્યા હતા. કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહેતા હોય તેવું પણ જોવા મળ્યું. શિક્ષકોને વિદ્યાર્થીઓની ગેરહાજરીનું કારણ પૂછતા જાણવા મળ્યુ કે સામાજિક પ્રસંગ, બિમારીને કારણે ઘરે ગયા છે, તેથી વિદ્યાર્થીઓની હાજરી ઓછી છે. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ કોઈ કારણસર ગેરહાજર રહે તો તે અંગેની રજા ચિઠ્ઠી ખાસ લેવામાં આવતી નથી.

### ૧૨. આશ્રમશાળામાં બી.પી.એલ. વિદ્યાર્થીઓનું પ્રમાણ

અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓના મહેકમ મુજબ આશ્રમશાળાઓમાં ૧૦,૧૮૦ વિદ્યાર્થીઓ આશ્રમશાળાઓમાં અભ્યાસ કરે છે. જેમાંથી ૧૩ (૧૯.૧૨%) આશ્રમશાળાઓએ બી.પી.એલ. વિદ્યાર્થીઓ અંગેની માહિતી આપી નથી. જ્યારે ૫૫ (૮૦.૮૮%) આશ્રમશાળાઓના ૮,૨૬૦ વિદ્યાર્થીઓમાંથી ૭,૨૭૭ (૮૮.૧૦%) વિદ્યાર્થીઓ બી.પી.એલ. છે. જેમાં ૩,૭૩૫ (૫૧.૩૩%) કુમાર અને ૩,૫૪૨ (૪૮.૬૭%) કન્યાઓ બી.પી.એલ. છે. આમ, આશ્રમશાળાઓ ગરીબ, સ્થળાંતરિત, અનાથ વગેરે આદિવાસી કુટુંબોના બાળકોના શૈક્ષણિક અને સર્વાંગી વિકાસ માટે સ્થાપાય છે તે હેતુ મહત્તમ અંશે સાર્થક થતો જણાય છે.

### ૧૩. આશ્રમશાળામાં આદિમજૂથ જાતિના વિદ્યાર્થીઓનું પ્રમાણ

ગુજરાત રાજ્યમાં ૨૫ આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. આ આદિવાસી જાતિઓમાં પાંચ જાતિઓ જેમકે કોટવાલીયા, કોલઘા, કાથોડી, પઢાર અને સીદ્દી જાતિઓનો આદિમજૂથ જાતિમાં સમાવેશ થાય છે. આ આદિમજૂથ જાતિના કેટલા બાળકો આશ્રમશાળાઓમાં અભ્યાસ કરે છે તેની વિગત નીચેના આલેખમાં બતાવવામાં આવી છે.




ઉપરોકત આલેખમાં આશ્રમશાળાઓમાં આદિમજૂથના વિદ્યાર્થીનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૧૮ આશ્રમશાળાઓમાં ૧૮૯ આદિમજૂથ જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કુલ વિદ્યાર્થીઓમાંથી સવિશેષ ૮૮ (૪૬.૫૬%) વિદ્યાર્થીઓ પઢાર આદિમજૂથ જાતિના છે અને તે ધરજી (જિ. અમદાવાદ) અને રાણાગઢ (જિ.સુરેન્દ્રનગર) આશ્રમશાળાઓમાં શિક્ષણ મેળવે છે. જ્યારે ૪૧ (૨૧.૬૯%) કાથોડી, ૩૮ (૨૦.૧૧%) કોલઘા અને ૨૨ (૧૧.૬૪%) કોટવાળીયા આદિમજૂથ જાતિના વિદ્યાર્થીઓ આશ્રમશાળાઓમાં ભણે છે. જ્યારે સીદી આદિમજૂથ જાતિ જે વિસ્તારમાં વસવાટ કરે છે, તે વિસ્તારની સાસણ (ગીર) આશ્રમશાળામાં એકપણ વિદ્યાર્થી સીદી આદિમજૂથ જાતિનું અભ્યાસ કરતું ન હતું.


૧૪. દિવ્યાંગ વિદ્યાર્થીઓનું પ્રમાણ

અહીં આશ્રમશાળાઓમાં કેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તે જોઈએ તો અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૧૨ (૧૭.૬૫%) આશ્રમશાળાઓમાં ૧૪ વિદ્યાર્થીઓ હાથ-પગની વિકલાંગતા તથા બહેરા-મુંગા પ્રકારની દિવ્યાંગતા ધરાવે છે. ૧૦ આશ્રમશાળાઓમાં એક-એક વિદ્યાર્થીઓ અને ૦૨ આશ્રમશાળાઓમાં બે-બે દિવ્યાંગ વિદ્યાર્થીઓ આશ્રમશાળાઓમાં અભ્યાસ કરે છે. આશ્રમશાળામાં સહપાઠીઓ તથા શિક્ષકો દ્વારા જરૂરી મદદ મળી રહેતી હોવાથી આ વિદ્યાર્થીઓને પોતે દિવ્યાંગ છે તેવું લાગતું નથી.

૧૫. શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ તેમજ ભરેલ જગ્યાઓની સ્થિતિ

આશ્રમશાળાઓના ધારાધોરણ મુજબ શાળાઓમાં ૧૦ કર્મચારીઓનું મહેકમ જોવા મળે છે, જેમાં ૦૬ શૈક્ષણિક કર્મચારીઓ અને ૦૪ બિનશૈક્ષણિક કર્મચારીઓનો સમાવેશ થાય છે.

શૈક્ષણિક કર્મચારીઓના મહેકમમાં ૦૧ આચાર્ય અને ૦૫ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓમાં ૦૧ મુખ્ય રસોયો, ૦૧ મદદનીશ રસોયો, ૦૧ રસોઈયા નોકર અને ૦૧ કમાઠીનો સમાવેશ થાય છે. શૈક્ષણિક કર્મચારીઓ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું, શાળા-છાત્રાલય વ્યવસ્થાપન, વહીવટી કાર્ય અને છોકરા-છોકરીઓની સાર-સંભાળ વગેરે પ્રકારનું કામ કરે છે. જ્યારે બિનશૈક્ષણિક કર્મચારીઓ ભોજન બનાવવું તથા ભોજન કરાવવું, ભોજનાલય વ્યવસ્થા અને ખેતી-પશુપાલન સંબંધી કામગીરી કરે છે. આશ્રમશાળામાં મહેકમ અનુસાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની કેટલી જગ્યા ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની સ્થિતિ નીચેના આલેખમાં દર્શાવવામાં આવી છે.





અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી એકપણ આશ્રમશાળાઓ એવી નથી કે જે આશ્રમશાળાઓમાં શૈક્ષણિક મહેકમ (૦૬ શિક્ષકો) અનુસાર તમામ જગ્યાઓ કાયમી ધોરણે ભરેલી હોય. ૪૮ (૭૦.૫૯%) આશ્રમશાળાઓમાં મહત્તમ ૦૪ થી ૦૫ શિક્ષકોની જગ્યાઓ કાયમી ધોરણે ભરાયેલ છે. એટલે કે ૨૨ (૩૨.૩૫%) આશ્રમશાળાઓમાં મહત્તમ ૦૫ અને ૨૬ (૩૮.૨૪%) આશ્રમશાળાઓમાં ૦૪ શિક્ષકોની જગ્યાઓ કાયમી ધોરણે ભરાયેલ છે. આમ, સરેરાશ ૦૪ થી ૦૫ શિક્ષકો જ આશ્રમશાળાઓમાં છે, તેમાં આચાર્યનો પણ સમાવેશ થઈ જાઈ છે. અહીં વિદ્યાર્થીઓને એકંદરે સારું શિક્ષણ મળી રહ્યું છે. પરંતુ ૧૯ (૨૭.૯૪%) આશ્રમશાળાઓમાં કાયમી શિક્ષકોની સંખ્યા ૧ થી ૩ ની છે. જે આશ્રમશાળાના મહેકમ અનુસાર અડધા કે તેથી ઓછી સંખ્યા છે. આ શિક્ષકોને ભણાવવામાં, રાત્રી વાંચન કરાવવામાં, ગૃહકાર્ય કરાવવામાં અને વિદ્યાર્થીઓની સાર-સંભાળ રાખવામાં રોજબરોજ અનેક મુશ્કેલીઓ અનુભવાય છે. જયારે ૦૧ (૦૧.૪૭%) આશ્રમશાળાઓમાં એકપણ કાયમી શિક્ષક નથી. આ આશ્રમશાળાઓમાં પ્રવાસી શિક્ષક અને રસોઈયાઓ દ્વારા શૈક્ષણિક કાર્ય અને બાળકોની સાર-

સંભાળ રાખવામાં આવે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે આશ્રમશાળાઓમાં એકપણ શિક્ષક ન હોય કે અડધાથી પણ ઓછા શિક્ષક હોય ત્યારે ગુણવત્તાયુક્ત શિક્ષણ કેવી રીતે આપી શકાય?, વિદ્યાર્થીઓને કંઈ થાય તો તેની જવાબદારી કોની? વગેરે મૂંઝવણ આ આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અનુભવે છે.

આશ્રમશાળાઓમાં ૦૬ના શૈક્ષણિક મહેકમ અનુસાર ૬૮ આશ્રમશાળાઓમાં ૪૦૮ કાયમી શિક્ષકોની જગ્યાઓ ભરેલી હોવી જોઈએ. તેની સામે ૨૬૫ (૬૨.૭૫%) કાયમી શિક્ષકોની જગ્યાઓ ભરેલી છે. એટલે કે અભ્યાસની આશ્રમશાળાઓમાં સરેરાશ ૦૪ શિક્ષકોની જ કાયમી જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૧૪૩ (૩૭.૨૫%) કાયમી શિક્ષકોની ઘટ છે. એટલે કે આશ્રમશાળાઓમાં સરેરાશ ૦૨ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે.

આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે અને કામચલાવ ધોરણે શિક્ષકોની ઘટ નિવારવા સરકારે કાયમી શિક્ષકોની જગ્યાએ દરેક આશ્રમશાળાઓમાં સરેરાશ એકથી બે પ્રવાસી શિક્ષકોની ભરતી કરી છે જે સારી બાબત છે. પરંતુ હાલ આ પ્રવાસી શિક્ષકોને આશ્રમશાળાની કાર્યપદ્ધતિ અનુકૂળ ન આવવાથી, પ્રાથમિક શાળાઓમાં કાયમી નોકરી મળવાથી કે ખાનગી શાળાઓમાં વધુ પગાર મળવાથી આશ્રમશાળા છોડીને જતા રહે છે. આ પ્રકારના પ્રવાસી શિક્ષકો આશ્રમશાળાની શૈક્ષણિક જરૂરિયાત અનુસાર ઉપયોગી થતા નથી. આ પ્રવાસી શિક્ષકો અધ્ધ વચ્ચેથી શાળા છોડીને જતા રહે છે, ત્યારે બાળકોનું શિક્ષણ બગડે છે, શૈક્ષણિક વ્યવસ્થા સંબંધી મુશ્કેલીઓ ઊભી થાય છે જે સરકારે ધ્યાનમાં લેવું આવશ્યક છે. આશ્રમશાળાઓમાં હંગામી ધોરણે ભરવામાં આવેલા પ્રવાસી શિક્ષકો એ તેનો કાયમી ઉકેલ નથી.

આશ્રમશાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરેલી જગ્યાઓની સ્થિતિ દર્શાવતો આલેખ (આલેખ -૨)




અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી માત્ર ૧૭ (૨૫.૦૦%) આશ્રમશાળાઓમાં જ બિનશૈક્ષણિક કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં છે. જ્યારે ૪૯ (૭૨.૦૫%) આશ્રમશાળાઓમાં ૩ કે તેથી ઓછી સંખ્યામાં બિનશૈક્ષણિક કર્મચારીઓની કાયમી જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૦૫

(૭.૩૫%) આશ્રમશાળાઓ જેમકે ખલતા, પાંદડી, ખંડુપુરા, મોરંબા અને ધગડમાળ આશ્રમશાળાઓમાં કાયમી ધોરણે એક-એક રસોયો જોવા મળે છે. આશ્રમશાળાઓમાં માત્ર એક રસોઈયાએ ૧૫૦ કે તેથી વધુ વિધાર્થીઓની રસોઈ બનાવવી ઘણી મુશ્કેલ છે. રસોઈયાઓની સંરખામણીએ કમાઠીની કાયમી જગ્યાઓની સ્થિતિ વધુ દયનીય છે. જ્યારે ૦૨ (૨.૯૪%) આશ્રમશાળાઓ એટલે કે રાયપુર અને હરીપુરા આશ્રમશાળાઓમાં તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓની કાયમી જગ્યાઓ ખાલી છે. આ આશ્રમશાળાઓમાં સંસ્થાએ કે મંડળે પોતાના ખર્ચે ભોજન બનાવવા રસોઈયા રાખ્યા છે. તેઓ વિદ્યાર્થીઓ માટે ભોજન બનાવે છે અને બાળકોને ખવડાવે છે. કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ, રસોઈયાના પરિવારના સભ્યો અને શિક્ષકોની મદદ લઈને ભોજન બનાવવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓને ભોજન મળે છે. આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ કુપોષણનો ભોગ ન બને એટલા માટે સરકારે જે-તે આશ્રમશાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારી એટલે કે રસોઈયા અને કમાઠીની જ્યાં કાયમી જગ્યાઓ ખાલી છે ત્યાં સત્વરે કાયમી જગ્યાઓ ભરવી જરૂરી બને છે.


આશ્રમશાળાઓમાં ૦૪ બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમ અનુસાર ૬૮ આશ્રમશાળાઓમાં કુલ ૨૭૨ મહેકમ હોવું જરૂરી છે. તેની સામે અભ્યાસની આશ્રમશાળાઓમાં ૧૮૬ (૬૮.૬૩%) બિનશૈક્ષણિક કર્મચારીઓની કાયમી જગ્યાઓ ભરેલી છે. એટલે કે આશ્રમશાળાઓમાં સરેરાશ ૦૩ (ત્રણ) જ રસોઈયા-કમાઠીઓની કાયમી જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૮૬ (૩૧.૬૨%) આશ્રમશાળાઓમાં કાયમી બિનશૈક્ષણિક કર્મચારીઓની ઘટ છે. એટલે કે આશ્રમશાળામાં સરેરાશ ૦૧ (એક) રસોઈયા-કમાઠીની કાયમી જગ્યાઓ ખાલી છે, પરંતુ કેટલાક આશ્રમશાળાઓમાં ૦૧ જ કાયમી રચોઈયો છે કે કેઈ કાયમી રસોઈયા નથી તેવી આશ્રમશાળાઓમાં સરકાર દ્વારા બિનશૈક્ષણિક કર્મચારીઓની ઘટને નિવારવા ખાસ કોઈ પગલા લીધા હોય તેવું જાણવા મળતું નથી. પરંતુ સંચાલક મંડળ કે સંસ્થાઓએ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે, આદિવાસી વિદ્યાર્થીઓ કુપોષણનો ભોગ ન બને તથા આરોગ્યના પ્રશ્નો ઊભા ન થાય તે માટે ખાનગી રસોઈયા રાખી વિદ્યાર્થીઓને ભોજનની વ્યવસ્થા પૂરી પાડે છે.

સંશોધકના નિરીક્ષણમાં જોવા મળ્યું છે કે પ્રવાસી શિક્ષકો અને ખાનગી રસોઈયાઓ હંગામી ધોરણે કામ કરતા હોવાથી તેમને વિદ્યાર્થીઓ પ્રત્યે ખાસ કોઈ લગાવ જોવા મળતો નથી. પ્રવાસી શિક્ષકો અને ખાનગી રસોઈયાઓ અનુક્રમે વિદ્યાર્થીઓને શિક્ષણ આપીને અને ભોજન બનાવીને પોતાના ઘરે ચાલ્યા જાય છે. જેથી તેમનામાં આશ્રમશાળા કે આદિવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાનાપણાની ભાવના જોવા મળતી નથી. આ પ્રવાસી શિક્ષકો કે ખાનગી રસોઈયાઓ અનુક્રમે શિક્ષણ આપવા પૂરતા કે ભોજન બનાવવા પૂરતા જોડાતા હોવાથી તેમની કામગીરીમાં ગુણાત્મકતા, અસરકારકતા કે સંતોષકારકતા ઓછી જણાય છે, જે વિદ્યાર્થીઓને

શૈક્ષણિક અને શારીરિક-માનસિક વિકાસ માટે નુકસાનકારક છે. આમ, આ પ્રશ્નોના નિવારણ માટે આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને કાયમી ધોરણે ભરતી કરવી આવશ્યક છે.

૧૬. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક સુવિધાઓ

આશ્રમશાળાઓને સરકારશ્રીની શૈક્ષણિક અને ભૌતિક-માળખાગત વિકાસની વિવિધ યોજનાઓ દ્વારા અનુદાન આપવામાં આવે છે. આ અનુદાન થકી આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો, રમત-ગમત અને કસરતના સાધનો, છાત્રાલય, મફત ભોજન વ્યવસ્થા, જીવન જરૂરી ચીજવસ્તુઓ સંબંધિત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ તમામ સુવિધાઓની સ્થિતિ કેવી છે તે નીચે દર્શાવવામાં આવ્યું છે.




ઉપરોક્ત આલેખને જોતા ખ્યાલ આવે છે કે અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી મોટાભાગની આશ્રમશાળાઓ પાસે શિક્ષણ સંબંધિત આવશ્યક સાધનો જોવા મળે છે. ૬૨ (૯૧.૧૮%) આશ્રમશાળાઓ પાસે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટેના સાધનો જેવાંકે પૃથ્વીનો ગોળો, નકશાઓ, ચાર્ટ્સ, વિજ્ઞાનના પ્રયોગ કરવાના સાધનો, ગણિત શીખવાના સાધનો, ટેલિવિઝન, કમ્પ્યુટર વગેરે જોવા મળે છે. ૬૬ (૯૭.૦૬%) શાળાઓ પાસે અભ્યાસના પુસ્તકો છે, પરંતુ આ પુસ્તકો અપૂર્તા તથા ૩-૪ મહિના મોડા મળે છે તેમજ મોટાભાગની આશ્રમશાળાઓના શિક્ષકની એવી ફરિયાદ છે કે તેમને શિક્ષક આવૃત્તિ મળતી નથી, જેથી આશ્રમશાળાઓના શિક્ષકોને ભણાવવામાં મુશ્કેલીઓ પડે છે.


૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓમાં વિશ્વ, ભારત, ગુજરાત અને સ્થાનિક જિલ્લાઓના નકશાઓ, ૬૫ (૮૨.૩૫%) આશ્રમશાળાઓમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા શીખવાના આલેખ, શરીરના અવયવોની સમજનો આલેખ, અંક ગણિતના આલેખ, પશુ, પક્ષી અને પ્રાણીઓના આલેખ તેમજ ૬૧ (૮૯.૭૧%) આશ્રમશાળાઓ પાસે પૃથ્વીનો ગોળો વગેરે શિક્ષણ આપવાના સાધનો ઉપલબ્ધ જોવા મળે છે.

૫૧ (૭૫.૦૦%) આશ્રમશાળાઓ પાસે પ્રાથમિક વિજ્ઞાનના સાધનો છે, પરંતુ ૫૯ (૮૬.૭૬%) આશ્રમશાળાઓમાં વિજ્ઞાનના પ્રયોગો કરવા માટેની પ્રયોગશાળા નથી, જેથી આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં આવશ્યક પ્રયોગો કરી શકતા નથી, વિજ્ઞાન વિષયમાં પ્રયોગો કેવી રીતે કરાઈ તેનું જ્ઞાન અને માહિતી મળતી ન હોવાથી તાલુકા-જિલ્લા સ્તરના વિજ્ઞાન મેળાઓમાં પ્રાથમિક શાળાઓની સંરખામણીએ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનું પર્ફોમન્સ નબળું રહે છે. આમ, ધોરણ – ૫ થી ૮ દરમિયાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય શીખવાનો આવતો હોવાથી દરેક આશ્રમશાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળા અને આવશ્યક પ્રયોગના સાધનો હોવા જરૂરી છે. જ્યારે ૫૪ (૭૯.૪૧%) આશ્રમશાળાઓ પાસે વિદ્યાર્થીઓને ગણિત શીખવવાના સાધનો આલેખ સ્વરૂપે વિશેષ જોવા મળે છે. આ સાધનો અપૂરતા તથા પ્રયોગશીલ ન હોવાથી વિદ્યાર્થીઓને ધોરણની કક્ષા મુજબનું પણ ગણિત આવડતું નથી, જે એક ચિંતાનો વિષય છે. આશ્રમશાળાઓમાં વિજ્ઞાનની જેમ ગણિત વિષયની પણ એક નાની પ્રયોગશાળા બનાવવી જોઈએ તેમજ વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષય રસપ્રદ રીતે શીખવવા માટે વધુને વધુ ટી.એલ.એમ. બનાવવા જોઈએ તથા ભણાવવામાં તેનો ઉપયોગ કરવો જોઈએ.

૬૬ (૯૭.૦૬%) આશ્રમશાળાઓમાં સંગીતના સાધનો જેમકે ઢોલક, તબલા, મંજીરા, ખંજરી, હાર્મોનીયમ વગેરે સંગીતના સાધનોની સ્થિતિ સંતોષકારક જોવા મળે છે. જ્યારે ૬૦ (૮૮.૨૪%) આશ્રમશાળાઓ પાસે નાના બાળકો અને છોકરીઓ રમી શકે તેવી રમત-ગમતની ચીજવસ્તુઓ અને ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓ પાસે ક્રિકેટ, હોલીબોલ, ફૂટબોલ વગેરે મોટા છોકરાઓ રમી શકે તેવા રમત-ગમતના સાધનો ઠીક-ઠીક પ્રમાણમાં જોવા મળે છે.

૫૭ (૮૩.૮૨%) આશ્રમશાળાઓમાં પુસ્તકાલય છે. આ પુસ્તકાલયો મોટાભાગે આચાર્યની ઓફિસમાં કે વર્ગખંડમાં જ ચાલે છે. તેમાં બાળ વાર્તાઓ, બાળ ગીતો, નવલકથાઓ, નવલિકાઓ વગેરે પ્રકારના એક – બે કબાટમાં થોડા પુસ્તકો જોવા મળે છે. તેની સામે ૪૦ (૫૮.૮૨%) આશ્રમશાળાઓના પુસ્તકાલયમાં જ પુસ્તકોને સાચવવાની તથા વિદ્યાર્થીઓને પુસ્તકો લેવા - વાંચવાની સામાન્ય વ્યવસ્થા છે. આમ, વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે જે ખૂબ જ આવશ્યક છે તેવી વિજ્ઞાનની પ્રયોગશાળા, વિજ્ઞાન-ગણિતના સાધનો, પુસ્તકાલય અને પુસ્તકો લેવા-વાંચવાની વ્યવસ્થાઓ નબળી જોવા મળે છે તે સુધારવાની જરૂરિયાત છે.


૧૭. અન્ય શૈક્ષણિક સુવિધાઓ




અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૬ (૯૭.૦૬%) આશ્રમશાળાઓ પાસે વાપરી શકાય તેવા બ્લેક બોર્ડની વ્યવસ્થાઓ છે. તેમજ ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓ પાસે બ્લેક બોર્ડ ઉપર લખી શકાય તે માટેની ચોક અને ડસ્ટરની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં છે. જયારે વિદ્યાર્થીઓને ભણાવવા માટે ૦૨ આશ્રમશાળામાં બ્લેક બોર્ડની યોગ્ય વ્યવસ્થા નથી તેમજ ૦૫ આશ્રમશાળાઓને બ્લેક બોર્ડ પર લખી શકાય તે માટે પૂરતા પ્રમાણમાં ચોક અને ડસ્ટર ઉપલબ્ધ નથી. ૫૭ (૮૩.૮૨%) આશ્રમશાળાઓમાં નોટિસ બોર્ડ જોવા મળે છે. આ નોટિસ બોર્ડમાં શિક્ષણ સંબંધિત પરિપત્રો, સૂચનાઓ, કાર્યક્રમો વગેરેના પત્રો મુકેલા જોવા મળે છે.

કુલ આશ્રમશાળાઓમાંથી ૩૫ (૫૧.૪૭%) આશ્રમશાળાઓમાં બાળકોને બેસવા માટે ચટાઈ અથવા બેન્ચીસની સુવિધાઓ જોવા મળે છે. જ્યારે ૩૩ (૪૮.૫૩%) આશ્રમશાળાઓના બાળકો ભોય તળિયા પર બેસીને ભણે છે તથા નીચે કોઈપણ વસ્તુ પાથરવામાં આવતી નથી. જ્યારે ૬૨ (૯૧.૧૮%) આશ્રમશાળાઓ પાસે શિક્ષકને બેસવા માટે વર્ગખંડમાં ટેબલની વ્યવસ્થા જોવા મળે છે. તેની સામે ૬૭ (૯૭.૫૩%) આશ્રમશાળાઓમાં શિક્ષકો માટે ખુરશીઓ જોવા મળે છે. શિક્ષકોને વર્ગખંડમાં ભણવા માટે પૂરતા પ્રમાણમાં ટેબલ અને ખુરશી ઉપલબ્ધ નથી તેમજ ટેબલની સરખામણીએ ખુરશીઓ વધુ છે. આથી એમ કહી શકાય કે મોટેભાગે શિક્ષકો ખુડશીમાં બેસીને ભણાવતા હશે. આમ, આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સંબંધિત શૈક્ષણિક-ભૌતિક સુવિધાઓની જરૂરિયાત કરતા ઓછી છે અને કેટલાક અંશે તે નબળી ગુણવત્તાવાળી જોવા મળે છે.

૧૮. આશ્રમશાળાઓમાં ભૌતિક-માળખાગત સુવિધાઓ





અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી ભૌતિક-માળખાગત સુવિધાઓ કેવા પ્રકારની છે તે અહીં દર્શાવવામાં આવી છે. આશ્રમશાળાઓમાં વિવિધ પ્રકારના ઓરડાઓની સુવિધાઓની સ્થિતિ જોઈએ તો ૫૪ (૭૯.૪૧%) આશ્રમશાળાઓમાં આચાર્યની અલગથી ઓફિસ, ૩૯ (૫૭.૩૫%) આશ્રમશાળાઓમાં સ્ટાફ રૂમ, ૪૭ (૬૯.૧૨%) આશ્રમશાળાઓમાં પ્રાર્થનાખંડ, ૨૬ (૩૮.૨૪%) આશ્રમશાળાઓમાં સભાગૃહ અને ૩૦ (૪૪.૧૨%) આશ્રમશાળાઓમાં અભ્યાસ (વાંચન) ખંડ જોવા મળે છે. આમ, આશ્રમશાળાઓમાં ઓરડાઓની ઘટ હોવાથી આચાર્યની અલગથી ઓફિસ, સ્ટાફ રૂમ, પ્રાર્થનાખંડ, સભાગૃહ અને અભ્યાસ (વાંચન) ખંડ સંખ્યાના પ્રમાણ મુજબ તથા આવશ્યક્તા અનુસાર જોવા મળતા નથી, જેથી આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક કામગીરી સંતોષકારક કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સાધનોની વ્યવસ્થા કેવી છે, તેમાં ૬૬ (૯૭.૦૬%) આશ્રમશાળાઓમાં જાજરૂનો ઉપયોગ કરી શકાય તેવી સુવિધાઓ છે. તેની સામે ૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓમાં જ છોકરીઓ માટે અલાયદી જાજરૂ સુવિધાઓ જોવા મળે છે. અહી ૦૨ આશ્રમશાળાઓની જાજરૂની વ્યવસ્થા અને ૦૪ આશ્રમશાળાઓમાં છોકરીઓ માટે અલાયદી જાજરૂ વ્યવસ્થા ન હોવાથી તેઓ સવારે વહેલા ઊઠીને ખેતરમાં, જંગલોમાં, નદી કિનારે કે નિર્જન વિસ્તારમાં જાજરૂ માટે જાય છે. આ આશ્રમશાળાઓમાં જાજરૂ-બાથરૂમના યુનિટો બનાવવામાં આવ્યા છે, પરંતુ તેની સ્થિતિ કફોડી હોવાથી તેનો ઉપયોગ થઈ શકતો નથી. જ્યારે ૫૫ (૮૦.૮૮%) આશ્રમશાળાઓમાં અને ૬૧ (૮૯.૭૧%) આશ્રમશાળાઓના છાત્રાલયમાં

પૂરતા પ્રમાણમાં ઈલેક્ટ્રિસિટીની સુવિધા છે. પણ આશ્રમશાળા અને છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં પંખા, ટ્યુબ લાઈટ અથવા બલ્બ જોવા મળતા નથી. કેટલીક આશ્રમશાળાઓમાં જે ઓરડાઓમાં વિદ્યાર્થીઓ રહે છે તે ઓરડાઓ અંધારીયા ખંડ જેવા લાગે છે. આ સંદર્ભમાં સંશોધકનું સૂચન છે કે આશ્રમશાળા અને છાત્રાલયમાં ૦૫ વિદ્યાર્થી દીઠ એક પંખો અને એક ટ્યુબ લાઈટ/બલ્બ હોવા આવશ્યક છે. જ્યારે ૩૪ (૫૦.૦૦%) આશ્રમશાળાઓમાં નાના ઓજાર સરંજામ રાખવાનો કોથળો (Mini Tools) જોવા મળે છે. અને ૬૫ (૯૫.૫૯%) આશ્રમશાળાઓમાં રમત ગમતનું મેદાન છે. વિદ્યાર્થીઓ સ્કૂલના આંગણને પોતાના રમત-ગમતનું મેદાન ગણે છે. વિદ્યાર્થીઓ ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ વગેરે રમતો મોટેભાગે શાળાના આંગણમાં જ રમે છે, તેને જ રમત-ગમતનું મેદાન ગણે છે. આશ્રમશાળાઓમાં રમત ગમત માટે અલગથી મેદાન હોય તેવું ક્યાંય જોવા મળતું નથી.

આમ, આશ્રમશાળાઓમાં ભૌતિક-માળખાગત સુવિધાઓની સ્થિતિમાં આચાર્યની અલાયદી ઓફિસ, સ્ટાફ રૂમ, પ્રાર્થનાખંડ, સભાગૃહ, અભ્યાસ (વાંચન) ખંડ વગેરે સંખ્યા તથા આવશ્યકતાના પ્રમાણમાં સુવિધાઓની સ્થિતિ નબળી જોવા મળે છે. જ્યારે જાજરૂની વ્યવસ્થા, ઈલેક્ટ્રિસિટીની વ્યવસ્થા, રમત-ગમતનું મેદાન વગેરેની સુવિધા ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. સરકારશ્રીએ આશ્રમશાળાઓમાં આચાર્યનો અલગથી ખંડ, સ્ટાફ રૂમ, પ્રાર્થનાખંડ, સભાગૃહ, અભ્યાસ (વાંચન) ખંડ વગેરે આવશ્યકતા અનુસાર બનાવવા જોઈએ. જે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે જાજરૂની વ્યવસ્થા નથી ત્યાં નવા યુનિટો બનાવવા અને જરૂરિયાત મુજબ ઇલેક્ટ્રિસિટીની વ્યવસ્થા સુધારવી જોઈએ.


૧૯. આશ્રમશાળાઓમાં સ્વાસ્થ્ય સંબંધિ સુવિધાઓ



અભ્યાસની આશ્રમશાળાઓમાં સ્વાસ્થ્ય સંબંધી સુવિધાઓની સ્થિતિ કેવી છે તે અહીં બતાવવામાં આવ્યું છે. ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને ચોખ્ખું પીવાનું પાણી પ્રાપ્ત થાય છે. જ્યારે ૬૦ (૮૮.૨૪%) આશ્રમશાળાઓમાં પાણી પીવા માટે કુંજો અથવા માટલાઓની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવેલ છે. જે આશ્રમશાળાઓમાં આ વ્યવસ્થા નથી ત્યાં વિદ્યાર્થીઓ પાણી પીવા માટે હેડપંપ, પાણીની ટાંકી અને નળનો ઉપયોગ કરે છે. ૦૪ આશ્રમશાળાઓમાં પીવા માટે ચોખ્ખું પાણી ઉપલબ્ધ થતું નથી, ત્યાં આ બાળકોને સામાન્ય રીતે પાણી જન્ય રોગો વધુ થતાં જોવા મળે છે. જ્યારે ૬૧ (૮૯.૭૧%) આશ્રમશાળાઓમાં કચરા ટોપલીઓ મૂકવામાં આવી છે અને વિદ્યાર્થીઓ આ કચરા ટોપલી કચરો નાખે છે.


૬૭ (૯૮.૫૩%) આશ્રમશાળાઓમાં પ્રાથમિક સારવારની પેટી છે, પરંતુ પ્રાથમિક સારવારની પેટીમાં તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, માથુ દુખવું વગેરેની દવાઓ જરૂરિયાત કરતા પણ ઓછી જોવા મળે છે. કેટલીક આશ્રમશાળાઓમાં પ્રાથમિક સારવારની પેટી માત્ર નામની જ હોય એવું પણ જોવા મળ્યું છે. જ્યારે ૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓ વાર્ષિક દાક્તરી તપાસમાં બાળકોને થતા સામાન્ય રોગો અને ગંભીર રોગોની તપાસ કરવામાં આવે છે. વાર્ષિક દાક્તરી તપાસમાં નિદાન થયેલા રોગોમાં જરૂરી સારવાર આપવામાં આવે છે. આમ, આશ્રમશાળાઓ વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય સંબંધી સુવિધાઓની સ્થિતિ પ્રમાણમાં ગુણાત્મક જોવા મળે છે.

૨૦. આશ્રમશાળામાં શિક્ષકો માટેના નિવાસની સ્થિતિ



ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓમાં નિવાસ કરતા શિક્ષકોની સ્થિતિ રજૂ કરવામાં આવી છે. અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૨ (૭૬.૪૭%) આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકો આશ્રમશાળામાં જ નિવાસ કરે છે. આ આશ્રમશાળાઓમાં નિયમ અનુસાર શિક્ષકોની સંખ્યા અનુસાર નિવાસના યુનિટ બનેલા હોવાથી શિક્ષકો શાળામાં સ્થાનિક નિવાસ કરે છે. જ્યારે ૧૬ (૨૩.૫૩%) આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકો શાળામાં નિવાસ કરતા નથી. કારણ કે આશ્રમશાળાઓમાં શિક્ષકો માટેના નિવાસ સ્થાનની ઘટ હોવાથી, મકાનો જર્જરીત હાલતમાં હોવાથી, આશ્રમશાળાઓમાં જમીન (જગ્યા)ના અભાવે પુરતા નિવાસ બનેલા નથી, જેને કારણે આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકો નિવાસ કરતા નથી. આ શાળાઓમાં જેટલા શિક્ષકો માટે નિવાસ છે, એટલા શિક્ષકો ત્યાં નિવાસ કરે છે. જ્યારે બાકીના શિક્ષકો આશ્રમશાળા જે ગામમાં ચાલે છે તે ગામમાં કે નજીકના તાલુકા સ્થળે રહે છે અને ત્યાંથી અપડાઉન કરે છે. સંશોધકના નિરીક્ષણમાં જોવા મળ્યું કે કેટલાંક શિક્ષકોને આશ્રમશાળામાં જ નિવાસ કરવો છે, પરંતુ પૂરતા નિવાસ નથી કે આવાસ જર્જરિત હાલતમાં હોવાથી તેઓ શાળામાં નિવાસ કરી શકતા નથી, જેથી તેઓને આશ્રમશાળાની બહાર રહેવું પડે છે.

૨૧. આશ્રમશાળામાં આવાસોનું પ્રમાણ અને શિક્ષકોની ઉપલબ્ધતા




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં શિક્ષકો માટેના નિવાસનું પ્રમાણ અર્થાત્ કેટલા શિક્ષકો નિવાસ કરે છે અને કેટલા શિક્ષકો નિવાસ કરતા નથી તેનું પ્રમાણ અહીં દર્શાવવામાં આવ્યું છે. ૫૨ (૭૬.૪૭%) આશ્રમશાળાઓમાં શિક્ષકો માટે પૂરતા પ્રમાણમાં નિવાસ સ્થાન

હોવાથી તમામ શિક્ષકો આશ્રમશાળામાં નિવાસ કરે છે, જેમાં ૨૦ (૨૯.૪૧%) આશ્રમશાળાઓમાં ૦૪ શિક્ષકો અને ૧૯ (૨૭.૯૪%) આશ્રમશાળાઓ ૦૫ શિક્ષકો માટે પૂરતા પ્રમાણમાં નિવાસ સ્થાન છે. જ્યારે ૨૯ (૪૨.૬૫%) માંથી ૧૬ (૨૪.૫૩%) આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકો આશ્રમશાળામાં નિવાસ કરતા નથી અથવા આવાસો જર્જરિત હાલતમાં હોવાથી કે આવશ્યક સુવિધાઓ ન હોવાથી તેઓ શાળામાં નિવાસ કરતા નથી ૦૬ (૮.૮૨%) શાળામાં એક શિક્ષક, ૦૬ (૮.૮૨%) શાળામાં બે શિક્ષકો અને ૦૪ (૫.૮૮%) શાળામાં ત્રણ શિક્ષકો માટે નિવાસોની સંખ્યા પૂરતી ન હોવાથી આશ્રમશાળામાં નિવાસ કરતા નથી અને અપડાઉન કરે છે.

ઉપરોક્ત આંકડાઓને ઊંડાણથી સમજતા ખ્યાલ આવે છે કે આશ્રમશાળાના ધારાધોરણ અનુસાર આશ્રમશાળાઓમાં મહેકમ મુજબ પૂરતા નિવાસ સ્થાન બનાવવા ફરજિયાત છે. પરંતુ કેટલીક સંસ્થા કે મંડળો દ્વારા શિક્ષકો માટે પૂરતા પ્રમાણમાં નિવાસ સ્થાન બનાવેલ નથી. તેમજ આશ્રમશાળાઓમાં આવાસ જર્જરિત હાલતમાં હોવાથી કે સુવિધાઓના અભાવે શિક્ષકો આશ્રમશાળાઓમાં નિવાસ કરી શકે તેમ નથી. તેથી શિક્ષકો શાળા જે ગામમાં ચાલે છે તે ગામમાં અથવા નજીકના તાલુકા સ્થળે નિવાસ રહે છે અને અપડાઉન કરે છે. આ શિક્ષકો આશ્રમશાળાઓથી દૂર રહેતા હોવાથી શાળામાં નિવાસ કરતા બીજા શિક્ષક ઉપર વિદ્યાર્થીઓ, શાળા, છાત્રાલય, ભોજન વ્યવસ્થા વગેરે સંભાળવાની વધુ જવાબદારી આવે છે અને તે દરેક કામમાં પહોંચી શકતા નથી. વિશેષમાં મહિલા શિક્ષકો તેમાં વધુ મુશ્કેલીઓ અનુભવે છે. આમ, જે આશ્રમશાળાઓમાં પૂરતા નિવાસ સ્થાન નથી, ત્યાં નવા નિવાસ સ્થાન બનાવવા જોઈએ. જર્જરીત નિવાસ સ્થાનમાં જરૂરી રીપેરીંગ કામ કરવું જોઈએ અને આવશ્યક સુવિધાઓ ન હોય ત્યાં જરૂરી સુવિધા ઊભી કરી આ આવાસો શિક્ષકો માટે રહેવા લાયક બનાવવા જોઈએ.


અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૧૬ (૨૩.૫૩%) આશ્રમશાળાઓમાં શિક્ષકો નિવાસ કરતા નથી તેવું જાણવા મળે છે, જેમાં ૧૩ (૧૯.૧૨%) આશ્રમશાળાઓમાં શિક્ષકોની સંખ્યા મુજબ આવાસો નથી તથા કેટલીક શાળાઓ પાસે પૂરતી જગ્યા નથી, જેથી આવાસ બનાવેલ નથી. જ્યારે ૦૧ (૧.૪૭%) શાળામાં શિક્ષકોના આવાસો જર્જરિત હાલતમાં હોવાથી પડી જવાના ભયથી આવાસમાં રહેતા નથી. તેમજ ૦૨ (૨.૯૪%) આશ્રમશાળા શિક્ષકોના વતનથી નજીક હોવાથી શાળામાં નિવાસ કરતા નથી. આમ, ૩૦ શિક્ષકો આવાસો પૂરતા પ્રમાણમાં ન હોવાથી, ૦૨ શિક્ષકો આવાસ જર્જરિત તથા યોગ્ય સુવિધા ન હોવાથી અને ૦૩ શિક્ષકો વતન નજીક હોવાથી આશ્રમશાળાઓમાં નિવાસ કરતા નથી.

અભ્યાસમાં આવરી લીધેલ કુલ આશ્રમશાળાઓમાંથી ૬૦ આશ્રમશાળાઓમાં શિક્ષકોના રહેઠાણ માટે પૂરતા ઓરડાઓ (ક્વાટર્સ) જોવા મળે છે. જ્યારે ૦૮ આશ્રમશાળાઓમાં શિક્ષકોના રહેઠાણ માટે પૂરતા ઓરડાઓ (ક્વાટર્સ) નથી. આ શિક્ષકો રહેઠાણ માટે શાળાના કે છાત્રાલયના ઓરડાઓનો ઉપયોગ કરે છે. ૨૩ આશ્રમશાળાઓમાં ત્રણ કે તેથી ઓછા અને ૧૮

આશ્રમશાળાઓમાં ચાર કે પાંચ ઓરડાઓ (ક્વાટર્સ) શિક્ષકોના રહેઠાણ માટે જોવા મળે છે. ઉપરાંત ૦૯ આશ્રમશાળાઓમાં શિક્ષકોના રહેઠાણ માટે ૦૬ કે તેથી વધુ ઓરડાઓ (ક્વાટર્સ)ની વ્યવસ્થાઓ જોવા મળે છે. ૨૩ આશ્રમશાળાઓમાં શિક્ષકોની સંખ્યા કરતા ઓછા ઓરડાઓ (ક્વાટર્સ) છે. જે જે આશ્રમશાળાઓમાં શિક્ષકો માટે પૂરતી રહેઠાણની વ્યવસ્થા નથી, ત્યાં સરકારે, મંડળ કે સંસ્થાએ શિક્ષકોની સંખ્યાના પ્રમાણમાં સુવિધાજનક ઓરડાઓ (ક્વાટર્સ) બનાવવા જોઈએ.

આશ્રમશાળાઓમાં શિક્ષકોને મળતી સુવિધાઓમાં જોઈએ તો શિક્ષકોને રહેઠાણની સુવિધા સાથે વીજળી, પાણી, ભોજન અને ભૌતિક-માળખાગત સંસાધનોની સુવિધા આપવામાં આવે છે. ભોજનની સુવિધામાં જે શિક્ષકો એકલા રહે છે, તે શિક્ષકો છાત્રાલયના ભોજનાલયમાં જમે છે. કેટલીક સંસ્થા કે મંડળ રહેઠાણ અને વીજળીનું ભાડું લે છે. જ્યારે કેટલીક સંસ્થા કે મંડળ તેનું ભાડું લેતી નથી. આશ્રમશાળાઓમાં શિક્ષકોની જરૂરિયાત અનુસાર તેમના રહેઠાણોમાં આવશ્યક સુવિધાઓ જોવા મળે છે, પરંતુ મોટાભાગના શિક્ષકો ભૌતિક અને માળખાગત સુવિધાઓની વધુ અપેક્ષા રાખે છે.

૨૨. આશ્રમશાળાઓમાં કર્મચારીઓની પર્યાપ્તતા





ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની પર્યાપ્તતાની સ્થિતિ બતાવવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૨૫ (૩૬.૭૬%) આશ્રમશાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની પર્યાપ્તતા જોવા મળે છે. આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અનુસાર ૬ની સંખ્યા હોવી આવશ્યક છે, પરંતુ અહીં જે પર્યાપ્તતા બતાવવામાં આવી છે તે ૦૫ શૈક્ષણિક કર્મચારીઓની જ છે. એકપણ આશ્રમશાળાઓમાં ૦૬ શૈક્ષણિક કર્મચારીઓની પર્યાપ્તતા જોવા મળતી નથી. વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણમાં શૈક્ષણિક કર્મચારીઓ પર્યાપ્તતા ૩૬.૭૬% છે. જ્યારે ૪૩

(૬૩.૨૪%) આશ્રમશાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા પર્યાપ્ત નથી, એટલે કે ઘટ જોવા મળે છે. જેથી આશ્રમશાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાનો અભાવ, બે-બે ધોરણ સાથે બેસાડવા અને ભણાવવા, એક કે બે શિક્ષક ગેરહાજર હોય ત્યારે શિક્ષણ આપવામાં મુશ્કેલી, શિક્ષકો ઓછા હોવાથી અભ્યાસક્રમો અધુરા રહે કે વિદ્યાર્થીઓને પૂરતું શીખવી ન શકાય તેવા પ્રશ્નો સતત શૈક્ષણિક કર્મચારીઓની અપર્યાપ્તતાને કારણે અનુભવાય છે.

૧૬ (૨૩.૫૩%) આશ્રમશાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની પર્યાપ્તતા જોવા મળે છે. જ્યારે ૫૨ (૭૬.૪૭%) આશ્રમશાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની પર્યાપ્તતા જોવા મળતી નથી. આશ્રમશાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમ અનુસાર ૪ની સંખ્યા હોવી આવશ્યક છે. એટલે કે આ બિનશૈક્ષણિક કર્મચારીઓ રસોયા અને કમાઠી અનુક્રમે ભોજન અને ખેતી-પશુપાલનનું કામ કરે છે. આશ્રમશાળાઓમાં આ કર્મચારીઓનું પ્રમાણ ઓછું હોવાથી તેઓ ભોજન બનાવવામાં, ખેતી-પશુપાલન, છાત્રાલય વ્યવસ્થાપન વગેરેમાં મુશ્કેલી અનુભવે છે. જેથી શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓનુ ઓછું પ્રમાણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવરોધરૂપ બને છે.


૨૩. આશ્રમશાળાનું વાતાવરણ




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાના વાતાવરણની ગુણાત્મક સ્થિતિ રજૂ કરવામાં આવી છે. અહી અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૪૪ (૬૪.૭૧%) આશ્રમશાળાઓનું વાતાવરણ ઉત્તમ છે. આશ્રમશાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, જીવનલક્ષી ઉચ્ચ કેળવણી, શાળા-છાત્રાલયમાં આવશ્યક તમામ ભૌતિક-માળખાગત સુવિધાઓ, પોષણયુક્ત ભોજન, રમત-ગમત માટેના સાધનો, બાગ-બગીચા વગેરે સંબંધિત વ્યવસ્થાઓ હોવાથી ત્યાં વાતાવરણ

ઉત્તમ લાગે છે. ગુજરાતની ૬૫ % આશ્રમશાળાઓનું વાતાવરણ ઉત્તમ છે. જ્યારે ૨૩ (૩૩.૮૩%) આશ્રમશાળાઓનું વાતાવરણ મધ્યમ પ્રકારનું છે. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વાતાવરણ છે. પરંતુ શાળા-છાત્રાલયમાં માળખાગત સુવિધાઓ નબળી હોવાથી ત્યાંનું વાતાવરણ ઉત્તમ લાગતું નથી. જ્યારે ૦૧ (૧.૪૭%) આશ્રમશાળાનું વાતાવરણ મકાનોની નબળી સ્થિતિ, પાયાની સુવિધાઓનો અભાવ, શાળામાં વૃક્ષોનો અભાવ વગેરેને કારણે રાણાગઢ આશ્રમશાળાનું વાતાવરણ ઉત્તમ લાગતું નથી. એટલે કે ગુજરાતની ૩૫% આશ્રમશાળાઓનું વાતાવરણ મધ્યમ અને નબળું જોવા મળે છે.

૨૪. છાત્રાલયમાં ઓરડાઓનું પ્રમાણ





ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓના છાત્રાલયમાં ઓરડાઓની સંખ્યાની સ્થિતિ બતાવવામાં આવી છે. અભ્યાસમાં આવરેલ કુલ આશ્રમશાળાઓમાંથી ૬૨ (૯૧.૧૮%) આશ્રમશાળાઓના છાત્રાલયમાં છોકરા-છોકરીઓને રહેવા માટે અલગ ઓરડાઓની વ્યવસ્થાઓ છે. ૨૧ (૩૦.૮૮%) આશ્રમશાળાઓમાં સવિશેષ ૪ ઓરડાઓ છે. તેમજ ૨૧ (૩૦.૮૯%) આશ્રમશાળાઓમાં ૫ થી ૭ ઓરડાઓ છે, જેમાં વિદ્યાર્થીઓ ઠીક ઠીક પ્રમાણમાં રહી શકે તેવી વ્યવસ્થાઓ છે. જ્યારે ૦૮ (૧૧.૭૬%) આશ્રમશાળાઓમાં ૮ કે તેથી વધુ ઓરડાઓ છે. આ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના રહેઠાણ અને ઊંઘવા માટે પૂરતી જગ્યા અને વ્યવસ્થા છે. અહીં વિદ્યાર્થીઓ સુખ શાંતિથી રહે છે.

જ્યારે ૦૬ (૮.૮૨%) આશ્રમશાળાઓમાં છોકરા-છોકરીઓને રહેવા માટે અલગ-અલગ મોટા હોલ કે ઓરડાઓ છે અને ૧૨ (૧૭.૬૪%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના રહેઠાણ માટે

ત્રણ કે તેથી ઓછા ઓરડાઓ છે. જે આશ્રમશાળાઓમાં ઓછા ઓરડાઓ કે માત્ર મોટા હોલ છે, તે આશ્રમશાળાના છાત્રાલયમાં વિદ્યાર્થીઓ ઘણી ગીચતા વચ્ચે રહે છે, ઊંઘે છે અને તેઓ રહેઠાણ સંબંધિત પ્રશ્નો અનુભવે છે. જેથી સરકારશ્રીએ કે સંસ્થાઓએ જે આશ્રમશાળાના છાત્રાલયમાં ઓરડાની ઘટ છે અને માત્ર મોટા હોલમાં છાત્રો રહે છે, તે છાત્રાલયોમાં વધુ ઓરડાઓ બનાવી કે અલગ ઓરડાઓ બનાવી વિદ્યાર્થીઓને છાત્રાલય સંબંધી આવશ્યક વ્યવસ્થા મળે તે પ્રકારની સુવિધાઓ ઊભી કરવી જોઈએ.


૨૫. છાત્રાલયમાં કુમાર અને કન્યાને ઊંઘવા માટે અલગ ઓરડાઓની સ્થિતિ




ઉપરના આલેખમાં છાત્રાલયમાં કુમાર અને કન્યાને ઊંઘવા માટે અલગ-અલગ ઓરડાઓની વ્યવસ્થા છે કે નહિં તે જોતા ખ્યાલ આવે છે કે અભ્યાસમાં આવરી લીધેલ આશ્રમશાળાઓમાંથી ૬૫ (૯૫.૫૯%) આશ્રમશાળાઓની છાત્રાલયોમાં કુમાર અને કન્યાઓને ઊંઘવા માટેની અલગ-અલગ ઓરડાઓની વ્યવસ્થાઓ છે. આ આશ્રમશાળાઓમાં કુમાર અને કન્યાઓના છાત્રાલયના અલગ-અલગ યુનિટ હોવાથી અલગ વ્યવસ્થા જોવા મળે છે, જેમાં કુમાર અને કન્યા માટે અલગ-અલગ મોટા હોલ કે ઓરડાઓમાં તેઓ નિવાસ કરે છે. જ્યારે ૩ (૪.૪૧%) આશ્રમશાળાઓ છાત્રાલયમાં કુમાર અને કન્યા માટે અલગ અલગ વ્યવસ્થા નથી. આ આશ્રમશાળાઓની છાત્રાલયોમાં નાના વિદ્યાર્થીઓને ધોરણ અનુસાર કે ગામ અનુસાર છોકરા-છોકરીઓને સાથે ઊંઘાડવામાં આવે છે તેમજ ધોરણ ૬, ૭, ૮ના વિદ્યાર્થીઓને (છોકરા-છોકરીઓને) અલગ-અલગ ઓરડાઓમાં ઊંઘાડવામાં આવે છે. ૦૩ આશ્રમશાળાઓમાં ઓરડાની

ઘટ હોવાથી તેમજ અલગ યુનિટવાળી છાત્રાલયની વ્યવસ્થા ન હોવાથી નાના છોકરા-છોકરીઓને એકસાથે ઊંઘાડવામાં આવે છે.


૨૬. આશ્રમશાળામાં બાળકોના રહેઠાણની સ્થિતિ




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓમાં લાઈટ-પંખાની વ્યવસ્થા, ઓરડાઓમાં બારી-બારણાની સ્થિતિ, છાત્રો માટે પલંગ કે બેડશીટની વ્યવસ્થા અને શિક્ષકોના નિવાસથી બાળકોના છાત્રાલયનું અંતરની સ્થિતિ દર્શાવવામાં આવી છે. અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૬ (૯૭.૦૬%) આશ્રમશાળાઓની છાત્રાલયોમાં બાળકોના રહેઠાણ અને વર્ગખંડમાં લાઈફ (બલ્બ, ટુબલાઇટ) અને પંખાની વ્યવસ્થા જોવા મળે છે, પરંતુ લાઈટની વ્યવસ્થા વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં અને ચાલુ સ્થિતિમાં ઓછી જોવા મળે છે. માત્ર ૨ આશ્રમશાળાઓમાં આ પ્રકારની વ્યવસ્થા અપૂરતી માલૂમ પડે છે.

જ્યારે ૬૭ (૯૮.૫૩%) શાળા-છાત્રાલયમાં બારી-બારણાઓની સ્થિતિ ગુણાત્મક છે અને માત્ર ૦૧ (૧.૪૭%) શાળા-છાત્રાલયમાં બારી-બારણાઓની સ્થિતિ નબળી જોવા મળી. તેમજ ૨૮ (૪૧.૧૮%) આશ્રમશાળાઓમાં બાળકોને ઊંઘવા માટે પલંગ કે બેડશીટની વ્યવસ્થા છે. છાત્રોને સંસ્થા અને સરકાર દ્વારા આપવામાં આવેલ પલંગ કે બેડશીટનો પૂરતો ઉપયોગ ઊંઘવા માટે કરે છે. પરંતુ ૪૦ (૫૮.૮૨%) આશ્રમશાળાઓમાં છાત્રોને ઊંઘવા માટે પલંગ કે બેડશીટની ખાસ કોઈ વ્યવસ્થા આપવામાં આવી નથી. તેઓ પોતાના ઘરેથી ગાદલું, ગોદડું, ચાદર, શેતરંજી વગેરે લાવી ઊંઘવાના પાથરણાં તરીકે ઉપયોગ કરે છે, તેઓ મહત્તમ જમીન ઉપર ઊંઘે છે. ત્યાર બાદ ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓમાં શિક્ષકોના નિવાસ બાળકોના રહેઠાણથી નજીક છે. જ્યારે ૦૫ (૭.૩૫%) આશ્રમશાળાઓમાં જ શિક્ષકોના નિવાસો બાળકોના રહેઠાણથી દૂર છે, છતાં પણ શિક્ષકો રાત-દિવસ દરમિયાન સતત બાળકોનું ધ્યાન અને સાર-સંભાળ રાખતા હોય છે.

૨૭. શૌચાલય-બાથરૂમમાં નળ અને વીજ જોડાણ તેમજ તેનો ઉપયોગ




આશ્રમશાળાઓમાં શૌચાલય અને બાથરૂમની સ્થિતિ કેવા પ્રકારની છે તે ઉપરોક્ત આલેખમાં બતાવવામાં આવ્યું છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૫ (૯૫.૫૯%) આશ્રમશાળાઓમાં બાળકોની સંખ્યા મુજબ શૌચાલય અને બાથરૂમ બનાવવામાં આવ્યા છે. સરકારશ્રીના નિયમ અનુસાર દરેક આશ્રમશાળાઓમાં ૬ બાથરૂમ અને ૬ શૌચાલયના યુનિટ કુમાર અને કન્યાઓ માટે અલગ અલગ બનાવવામાં આવ્યા છે. અહીં ૬૫ આશ્રમશાળાઓમાં શૌચાલય અને બાથરૂમના યુનિટો સરકારશ્રીના ધારાધોરણ અનુસાર બનાવવામાં આવ્યા છે. જ્યારે ૩ (૪.૪૧%) આશ્રમશાળાઓમાં સરકારશ્રી દ્વારા તમામ વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર શૌચાલય અને બાથરૂમના યુનિટો બનાવવામાં આવ્યા છે, પરંતુ ઉપયોગ કરી શકાય તેવી હાલતમાં ન હોવાથી હાલ શૌચાલય અને બાથરૂમની સંખ્યા ઓછી છે. આશ્રમશાળાઓમાં ધોરણ-૮ નો સમાવેશ થતાં ૩૦ વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે, તેની સામે શૌચાલયના યુનિટોમાં વધારો થયો નથી.


શૌચાલય અને બાથરૂમમાં નળ કનેક્શનની સ્થિતિ જોતા ખ્યાલ આવે છે કે ૬૪ (૯૪.૧૨%) આશ્રમશાળાઓમાં શૌચાલય અને બાથરૂમમાં નળ કનેક્શન જોવા મળે છે. જ્યારે ૪ (૫.૨૮%) આશ્રમશાળાઓમાં શૌચાલય અને બાથરૂમ સાથે નળ કનેક્શનનું જોડાણ નથી. આ

શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયની બાજુમાં પાણીની ટાંકી કે અવાડો બનાવવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓ શૌચાલય કે બાથરૂમ માટે તેમાંથી પાણીનો ઉપયોગ કરે છે.

જ્યારે શૌચાલય બાથરૂમમાં વીજ કનેક્શનની સ્થિતિ જોઈએ તો ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓમાં શૌચાલય-બાથરૂમ સાથે વીજ કનેક્શન જોવા મળે છે. પરંતુ સંશોધકના નિરીક્ષણ અનુસાર કેટલીક આશ્રમશાળાઓમાં શૌચાલય-બાથરૂમ સાથે વીજ કનેક્શન છે પરંતુ શૌચાલય-બાથરૂમમાં બલ્બ ચાલુ હાલતમાં હોતા નથી કે બલ્બ ઉડી ગયા હોય છે જેને કારણે રાત્રી દરમિયાન છોકરા-છોકરીઓને શૌચાલય જવામાં મુશ્કેલી પડે છે. જ્યારે ૫ (૭.૩૫%) શાળાઓમાં શૌચાલય-બાથરૂમ સાથે વીજ જોડાણ જોવા મળ્યું નથી, જેને કારણે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને રાત્રિ દરમિયાન શૌચાલય જવામાં અનેક પ્રશ્નો ઉદ્દભવે છે.


૪૯ (૭૨.૦૬%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ શૌચાલયનો ઉપયોગ કરે છે. શૌચાલયનો યોગ્ય ઉપયોગ મોટી ઉંમરના વિદ્યાર્થીઓ અને છોકરીઓમાં સવિશેષ જોવા મળે છે. જ્યારે ૧૯ (૨૭.૯૪%) આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ શૌચાલયનો યોગ્ય રીતે ઉપયોગ કરતા નથી. કેટલીક આશ્રમશાળાઓમાં શૌચાલયની સ્થિતિ નબળી હોવાથી કે શૌચાલય બંધ હાલતમાં હોવાથી અથવા શૌચાલયમાં શૌચ કરવાનું વલણ ન હોવાથી તેઓ આશ્રમશાળાની આજુબાજુના ખેતરોમાં, જંગલોમાં, નદી કિનારે કે પહાડી વિસ્તારોમાં વહેલા સવારે શૌચ કરવા માટે જાય છે. ઘણા આદિવાસી કુટુંબના ઘરે શૌચાલય ન હોવાથી કે શૌચાલયમાં શૌચ કરવાનું વલણ ન હોવાથી આ બાળકો ઘરે પણ બહાર શૌચ કરવા જતા હોવાથી શાળામાં પણ આ પ્રકારની ટેવ જોવા મળે છે, જેથી કેટલાંક વિદ્યાર્થીઓ શૌચ કરવા માટે શૌચાલયનો ઉપયોગ કરતા નથી.

૨૮. ભોજનાલય માટેના અલગ ઓરડાઓનું પ્રમાણ




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં ભોજનાલય માટે અલગ ઓરડો છે કે નહીં અહીં તેની સ્થિતિ દર્શાવવામાં આવી છે. અભ્યાસની કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૪૭ (૬૯.૧૨%) આશ્રમશાળાઓમાં બાળકોના ભોજન માટે અલગ ઓરડાઓની વ્યવસ્થા છે. જેમાં સવિશેષ ૩૯ (૫૭.૩૫%) આશ્રમશાળાઓમાં ભોજન માટે એક જ ઓરડો જોવા મળે છે. જ્યારે ૮ આશ્રમશાળાઓમાં ૨ થી ૪ ઓરડાઓમાં છાત્રોને બેસાડીને ભોજન આપવામાં આવે છે. જે જે આશ્રમશાળાઓમાં ભોજનાલય માટે અલગ ઓરડાઓ છે, ત્યાં છોકરાઓ અને છોકરીઓને અલગ-અલગ બેસાડીને વ્યવસ્થિત રીતે ભોજન આપવામાં આવે છે. પરંતુ ૨૧ (૩૦.૮૮%) આશ્રમશાળાઓમાં ભોજનાલય માટે અલગ ઓરડાઓની વ્યવસ્થા નથી. આ આશ્રમશાળાઓમાં છોકરા અને છોકરીઓ આશ્રમશાળાઓની લોબીમાં અથવા આંગણમાં બેસીને ભોજન લે છે. સંશોધકના નિરીક્ષણ અનુસાર મોટાભાગની આશ્રમશાળાઓના ભોજનાલયમાં બાળકોને વ્યવસ્થિત રીતે બેસીને શાંતિથી ભોજન લેવા માટે પૂરતી વ્યવસ્થાઓ નથી. બાળકો લોબીમાં કે આંગણામાં ભોજન લે છે ત્યારે ખાવામાં કાંકરા આવે, ધૂળ ઊડે વગેરે જેવા પ્રશ્નો પણ રહે છે. આશ્રમશાળાના ભોજનલયમાં જગ્યા ઓછી હોવાના કારણે પીરસનાર વિદ્યાર્થીઓને પણ પીરસવામાં ઘણી સંકડાશમાં ખાવાનું આપવું પડે છે તથા છાત્રોને સંકડાશમાં બેસીને જ ભોજન કરવું પડે છે. જે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ ખાવાનું પીરસે છે ત્યાં ખાવાનું ઘણું ઢોળાય છે, જેની શિક્ષકો કે રસોયા દ્વારા ખાસ કોઈ કાળજી લેવામાં આવતી નથી. છોકરાઓ કે છોકરીઓ અલગ-અલગ પંગતમાં બેસીને ભોજન લે છે.

૨૯. આશ્રમશાળામાં કોઠારરૂમ, રસોડું અને ગેસ પ્લાન્ટની સુવિધાની સ્થિતિ



આશ્રમશાળામાં કોઠારરૂમ, રસોડું અને ગેસ પ્લાન્ટની સ્થિતિ જોતા ખ્યાલ આવે છે કે અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૬૭ (૯૮.૫૩%) આશ્રમશાળાઓમાં કોઠારરૂમ અને રસોડુ અલગ અલગ છે. જેને કારણે અનાજ, કઠોળ, શાકભાજી સારી રીતે સચવાઈ છે અને રસોઈયાઓને રસોઈ બનાવવામાં વધુ અનુકૂળતા રહે છે. જ્યારે ૧૯ (૨૭.૯૪%) આશ્રમશાળાઓમાં રસોડામાં ગેસ પ્લાન્ટની સુવિધા જોવા મળે છે. આ આશ્રમશાળાઓમાં ધૂમાડા રહીત રસોઈ બને છે. જ્યારે ૪૯ (૭૨.૬%) આશ્રમશાળાઓમાં ગેસ પ્લાન્ટની સુવિધાઓ નથી. મોટાભાગની આશ્રમશાળાઓમાં ઘરેલું ગેસ રાખવામાં આવેલ છે અને તેના ઉપર રસોઈ કરવામાં આવે છે. પરંતુ કેટલીક આશ્રમશાળાઓમાં રસોઈ કરવા માટે લાકડું જંગલોમાંથી કે વેચાતું લાવે છે અને રસોઈ બનાવે છે. રસોડાઓ કાળા તથા ધુમાડાવાળા વધુ જોવા મળે છે. રસોઈયાઓ ધૂમાડા વચ્ચે રસોઈ કરતા હેવાથી તેમનામાં સ્વાસ્થ્યના પ્રશ્નો સવિશેષ જોવા મળે છે. કેટલીક આશ્રમશાળાઓ રસોઈ માટે લાકડા અને ગેસ એમ બંનેનો ઉપયોગ કરે છે.

૩૦. છાત્રાલય વ્યવસ્થા, સુવિધાઓ અને તેની સ્થિતિ




આશ્રમશાળામાં છાત્રાલય વ્યવસ્થા, સુવિધાઓ અને તેની સ્થિતિ જોતા ખ્યાલ આવે છે કે અભ્યાસની કુલ આશ્રમશાળાઓમાંથી ૫૪ (૭૯.૪૧%) આશ્રમશાળાઓની છાત્રાલયમાં આવશ્યક સુવિધાઓ અને સાધનો જોવા મળે છે. આ સુવિધાઓ અથવા સાધનોમાં રસોડું, ભોજન રૂમ, પાણીની સુવિધાઓ, રસોઈના સાધનો, અનાજનો પુરતો જથ્થો, જાજરૂ-બાથરૂમની વ્યવસ્થા, સફાઈ વગેરે બાબતોની ગુણવત્તાની સ્થિતિ મધ્યમ પ્રકારની જોવા મળે છે. આ સ્થિતિ

કેટલીક આશ્રમશાળાઓના છાત્રાલયમાં ગુણાત્મક પણ જોવા મળે છે. જ્યારે ૧૪ (૨૦.૫૯%) આશ્રમશાળાઓની છાત્રાલયોમાં સુવિધાઓ કે સાધનોની સ્થિતિ નબળી જોવા મળે છે.

જ્યારે ૬૫ (૯૫.૫૯%) આશ્રમશાળાઓમાં ભોજન બનાવવા માટે અલગથી રસોડા બનાવેલા જોવા મળે છે. આ રસોડાઓ રસોઈ બનાવવાની દષ્ટિએ આવશ્યક સુવિધાઓ અને સાધનોવાળા છે, પરંતુ આ રસોડાઓ નાના હોવાથી રસોઈયાઓને રસોઈ બનાવવામાં અગવડતાઓ વધુ પડે છે તેમજ રસોઈયાઓ અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે વધુ નુકશાનકારક લાગે છે. જ્યારે ૩ (૪.૪૧%) આશ્રમશાળાઓમાં રસોઈ બનાવવા માટે અલગથી રસોડું નથી.

જ્યારે ભોજનલય માટે અલગ ઓરડાની વાત કરીએ તો ૩૯ (૫૭.૩૫%) આશ્રમશાળાઓમાં અલગથી ભોજન રૂમ બનાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ આ ભોજન રૂમમાં બેસીને ભોજન કરે છે. કેટલીક આશ્રમશાળાઓમાં ભોજન રૂમ નાના બનાવવામાં આવ્યા છે અને એક અથવા બે નાના ઓરડાઓ છે. જ્યારે ૨૯ (૪૨.૬૫%) આશ્રમશાળાઓમાં અલગંથી ભોજન રૂમ બનાવેલા જોવા મળતા નથી કે જ્યાં વિદ્યાર્થીઓ બેસીને જમી શકે. આ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ લોબીમાં બેસીને કે આંગણમાં બેસીને ભોજન લે છે.

છાત્રાલયમાં પાણીની સુવિધા જોઈએ તો ૬૭ (૯૮.૫૩%) આશ્રમશાળાઓમાં પાણીની પૂરતી સુવિધાઓ જોવા મળે છે. પાણી માટે શાળામાં બનાવેલ હેડપંપ અથવા કૂવાનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે ૧ (૧.૪૭%) આશ્રમશાળાઓમાં પાણીની જરૂરી સુવિધા જોવા મળતી નથી. તેઓ ગામમાં બનાવેલ હેડપંપ અથવા નજીકના ખેતરના કૂવાના પાણીનો ઉપયોગ કરે છે.

છાત્રાલયમાં સફાઈ (Sanitation)ની વ્યવસ્થા જોઈએ તો ૬૧ (૮૯.૭૧%) આશ્રમશાળાઓની છાત્રાલયમાં સફાઈની ગુણાત્મક અને ઉચ્ચ વ્યવસ્થા જોવા મળે છે. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની વિવિધ ટૂકડીઓ પાડીને શાળા-છાત્રાલયના ઓરડાઓની સફાઈ, લોબીની સફાઈ, આંગણાની સફાઇ, શૌચાલય-બાથરૂમની સફાઈ, બાગ-બગીચાની સફાઇ વગેરે પ્રકારની સ્વચ્છતા સંબંધિત કામગીરી આશ્રમશાળાઓમાં થતી જોવા મળે છે. જ્યારે ૭ (૧૦.૨૯%) આશ્રમશાળાઓની છાત્રાલયમાં સફાઈની કામગીરી નબળી જોવા મળે છે.

છાત્રાલયમાં જાજરૂ-બાથરૂમની સ્થિતિ જોઈએ તો ૬૫ (૯૫.૫૯%) આશ્રમશાળાઓના છાત્રાલયમાં જાજરૂ-બાથરૂમની વ્યવસ્થાઓ છે. વિદ્યાર્થીઓ તેનો યોગ્ય ઉપયોગ કરે છે અને તેની સ્વચ્છતા રાખે છે. તેમજ ૩ (૪.૪૧%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે જાજરૂ-બાથરૂમની વ્યવસ્થાઓ છે. પરંતુ તમામ જાજરૂ-બાથરૂમનો યોગ્ય ઉપયોગ થતો નથી. કેટલાક જાજરૂ-બાથરૂમના દરવાજાઓ તૂટેલી હાલતમાં હોવાથી ત્રણ આશ્રમશાળાઓમાં જાજરૂ-બાથરૂમનો યોગ્ય ઉપયોગ થતો ન હોય તેમ જોવા મળ્યું.


આશ્રમશાળાઓમાં બાગ-બગીચાની સ્થિતિ જોઈએ તો ૧૫ (૨૨.૦૬%) આશ્રમશાળાઓમાં બાગ-બગીચાઓ બનાવવામાં આવ્યા છે. આ બાગ-બગીચાનો ઉપયોગ બાળકો રમત-ગમત અને બેસવા માટે થાય છે. જ્યારે ૫૩ (૭૭.૯૪%) આશ્રમશાળાઓમાં ખાસ કોઈ બાગ-બગીચાઓ બનાવવામાં આવ્યા હોય તેવું જોવા મળતું નથી. આ આશ્રમશાળાઓમાં ફૂલ છોડ અને ઝાડ વાવેલા છે, પરંતુ અલગથી બાળકો રમત-ગમત અને બેસવા માટે બાગ-બગીચાઓ બનાવેલા હોય તેવું ખાસ કાંઈ જોવા મળતું નથી.

છાત્રાલયમાં અનાજના જથ્થા (Buffer Stocks)ની સ્થિતિ જોઈએ તો ૨૧ (૩૦.૮૮%) આશ્રમશાળાઓમાં બાળકોને ભોજન આપવા માટે અનાજનો પૂરતો જથ્થો જોવા મળે છે. એટલે કે આ આશ્રમશાળાઓમાં ૬ મહિનાથી ૧ વર્ષ દરમિયાન અનાજનો જથ્થો ચાલે તેટલો પૂરતો જથ્થો ઉપલબ્ધ જોવા મળે છે. જેમકે અનાજ, કઠોળ, શાકભાજી, તેલ વગેરેને સાચવવા માટેની સુવ્યવસ્થિત સગવડતાઓ પણ છે. આશ્રમશાળાઓમાં સરકાર માન્ય ભોજન મેનુ અનુસાર ભોજન બને છે, આ ભોજનમાં વિવિધતાસભર હોય છે. અહીં બાળકોને મહત્તમ પોષણયુક્ત ભોજન મળે છે. જ્યારે ૪૭ (૭૦.૧૨%) આશ્રમશાળાઓની છાત્રાલયમાં કોઠાર રૂમમાં અનાજનો પુરતો જથ્થો જોવા મળતો નથી. આ આશ્રમશાળાઓમાં ૧ થી ૩ માસ સુધી ચાલે એટલો જ અનાજનો જથ્થો જોવા મળે છે. મોટાભાગની સંસ્થાઓ કે મંડળી આશ્રમશાળાઓની જરૂરિયાત અનુસાર અનાજનો જથ્થો મહિને બે મહિને ખરીદે છે અને આશ્રમશાળાઓમાં મોકલે છે, જેથી જેમ જેમ અનાજનો જથ્થો ખૂટે, તેમ તેમ સંસ્થા કે મંડળી દ્વારા અનાજનો જથ્થો ખરીદી મોકલવામાં આવે છે, પરંતુ છ મહિના કે વર્ષનો પૂરતો જથ્થો ઉપલબ્ધ જોવા મળતો નથી.


અભ્યાસની આશ્રમશાળાઓમાં જે અનાજના જથ્થો (Buffer Stocks) આપવામાં આવે છે તે વપરાશ યોગ્ય (Consumables) છે કે નહિ તેને જોઈએ તો ૧૫ (૨૨.૦૬%) આશ્રમશાળાઓમાં આપવામાં આવેલ અનાજના જથ્થો વપરાશ યોગ્ય જણાયો હતો. એટલે કે આ આશ્રમશાળાઓની છાત્રાલયમાં આપવામાં આવતું અનાજ અને કઠોળ ગુણવત્તાની દૃષ્ટિએ ઉચ્ચકક્ષાનું જોવા મળ્યું. અહીં અનાજ અને કઠોળને સાચવવા માટેની સુવ્યવસ્થિત સગવડતાઓ પણ જોવા મળે છે. જ્યારે ૫૩ (૭૭.૯૪%) આશ્રમશાળાઓમાં આપવામાં આવેલ અનાજનો જથ્થો ગુણવત્તાની દૃષ્ટિએ વપરાશ યોગ્ય જણાયો હતો. સંશોધકના નિરીક્ષણ અનુસાર મોટાભાગની આશ્રમશાળાઓની છાત્રાલયમાં આપવામાં આવેલ અનાજ અને કઠોળની ગુણવત્તા મધ્યમકક્ષાની જોવા મળી, પરંતુ કેટલીક આશ્રમશાળાઓમાં અનાજ અને કઠોળની ગુણવત્તા નબળીકક્ષાની હતી. આ આશ્રમશાળાઓના કોઠાર રૂમમાં અનાજ-કઠોળની તપાસ કરતા જોવા મળ્યું કે ઘઉંમાં જીવાતો, સડેલા ચણા-મગ, મસાલાઓનું નહિવત પ્રમાણ વગેરે પણ જોવા મળ્યું હતું. તેમજ અનાજ-કઠોળને સાચવવા માટેની ખાસ કોઈ વ્યવસ્થાઓ જોવા ન મળી.

જે આશ્રમશાળાઓની છાત્રાલયમાં અલગથી રસોડું, ભોજન રૂમ, પાણીની વ્યવસ્થા, આવશ્યક સફાઈ, જાજરૂ-બાથરૂમ, બાગ-બાગચાઓ વગેરેની વ્યવસ્થા નથી તેમજ જે આશ્રમશાળાઓમાં અનાજના જથ્થો (Buffer Stocks) ઓછો છે અને વપરાશ યોગ્ય (Consumables) અનાજના જથ્થો નથી તે આશ્રમશાળાઓમાં જે તે મંડળ કે સંસ્થાઓએ ખાસ ધ્યાન આપી તાત્કાલિક ધોરણે આ સ્થિતિ સુધારવી જોઈએ.

## ૩૧. આશ્રમશાળામાં રાખવામાં આવતા રજીસ્ટરો અને તેની સ્થિતિ



### આશ્રમશાળા વ્યવસ્થાપન માટે રાખવામાં આવતા રજીસ્ટરો અને તેની સ્થિતિ દર્શાવતો આલેખ (આલેખ-૨)





ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં રાખવામાં આવતા રજીસ્ટરો અને તેની સ્થિતિ દર્શાવવામાં આવી છે. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અને વહીવટી કામો માટે ૩૦ થી વધુ રજીસ્ટરોની નિભાવણી કરવામાં આવે છે. અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી તમામ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું હાજરીપત્રક, મુલાકાતીઓની વિઝીટ બુક અને કર્મચારીઓના પગારનું રજીસ્ટર જોવા મળે છે. જ્યારે અન્ય રજીસ્ટરો મહત્વના હોવા છતાં તમામ આશ્રમશાળાઓમાં વધતા-ઓછા પ્રમાણમાં જોવા મળે છે અથવા આવશ્યકતા અનુસાર બનાવવામાં આવે છે. જેમકે ૬૧ (૮૯.૭૧%) આશ્રમશાળાઓમાં બાળકોનું પ્રવેશ રજીસ્ટર, ૩૮ (૫૫.૮૮%) નોંધણીપત્રક (રેકોર્ડ બુક), ૫૮ (૮૫.૨૯%) સર્ટીફિકેટ ટ્રાન્સફર રજીસ્ટર, ૫૯ (૮૬.૭૬%) કેજયુલ રજાનું રજીસ્ટર, ૫૬ (૮૨.૩૫%) કામોનું પ્રગતિ રજીસ્ટર, ૪૬ (૬૭.૬૫%) શિષ્યવૃતિ રજીસ્ટર, ૬૩ (૯૨.૬૫%) લાઈબ્રેરીના પુસ્તકોનું સ્ટોક રજીસ્ટર, ૩૬ (૫૨.૯૪%) વિજ્ઞાનના સાધનોનું સ્ટોક રજીસ્ટર, ૪૭ (૬૯.૧૨%) રમત-ગમતના સાધનોનું રજીસ્ટર, ૫૦ (૭૩.૫૩%) સ્ટોક રજીસ્ટ (સરકારી ચીજવસ્તુ ખરીદે છે તે), ૩૮ (૫૫.૮૮%) સ્ટેશનરી રજીસ્ટર, ૪૫ (૬૬.૧૮%) ફર્નિચર રજીસ્ટર, ૬૪ (૯૪.૧૨%) પરિણામ રજીસ્ટર અને ૪૮ (૭૦.૫૯%) વિદ્યાર્થીઓનું કમિટી રજીસ્ટર વગેરે આશ્રમશાળાઓમાં ઉપલબ્ધ જોવા મળે છે. પરંતુ આ તમામ રજીસ્ટરો છેલ્લી તારીખ સુધીના ઓછા અપડેટ જોવા મળે છે. સરકાર દ્વારા આશ્રમશાળાઓ પાસે જે પ્રકારની માહિતી માંગવામાં આવે તે પ્રકારના રજીસ્ટરો છેલ્લી તારીખ સુધીના અપડેટ જોવા મળે છે. જ્યારે અન્ય રજીસ્ટરો અપડેટ જોવા મળતા નથી.

આશ્રમશાળાઓમાં નિભાવવાના મહત્વના રજીસ્ટરો જે આશ્રમશાળાઓમાં ખાસ જોવા મળતા નથી તેની વાત કરીએ તો ૩૮ (૫૫.૮૫%) આશ્રમશાળાઓમાં પગાર કપાત રજીસ્ટર, ૩૮ (૫૫.૮૮%) કાર્યક્રમ રજીસ્ટર, ૫૬ (૮૨.૩૫%) બજેટ રજીસ્ટર, ૫૮ (૮૫.૨૯%) સ્પેશ્યલ ફી રીસીપ્ટ બુક, ૪૧ (૬૦.૨૯%) કેસ રજીસ્ટર, ૩૬ (૫૨.૯૪%) કેશ બુક, ૫૧ (૭૫.૦૦%) નાની રકમનું રજીસ્ટર, ૬૧ (૮૯.૭૧%) સ્ટાફ દેવા મુક્તિ રજીસ્ટર, ૪૦ (૫૮.૮૨%) બાગ બગીચાના સાધનોનું રજીસ્ટર, ૫૧ (૭૫.૦૦%) ઓડિયો-વિઝ્યુઅલ સાધનોનું રજીસ્ટર, ૬૪ (૯૪.૧૨%) મોટર વાહનની નોંધણી રજીસ્ટર (log book), ૪૫ (૬૬.૧૮%) વાર્ષિક સેન્સસ રજીસ્ટર અને ૫૬ (૮૨.૩૫%) કલબની પ્રવૃતિનું રજીસ્ટર વગેરે રજીસ્ટરો આશ્રમશાળાઓમાં ઉપલબ્ધ જોવા મળ્યા નથી. આ તમામ રજીસ્ટરો આશ્રમશાળાના શૈક્ષણિક અને વહીવટી કામગીરી માટે ખૂબ જ મહત્વના હોવા છતાં આશ્રમશાળાઓની આચાર્ય-શિક્ષકોને આ રજીસ્ટર બનાવા જરૂરી લાગતા નથી, જેને કારણે ઉપરોક્ત પ્રકારની માહિતી પણ તેમની પાસે ઉપલબ્ધ નથી. બહુ ઓછી આશ્રમશાળાઓ પાસે આ પ્રકારના તમામ રજીસ્ટરો ઉપલબ્ધ છે. તેઓ આવશ્યકતા અનુસાર માહિતી ઉપલબ્ધ રાખે છે. આશ્રમશાળાઓ ચલાવતી સંસ્થાઓ કે મંડળોએ આશ્રમશાળાના શૈક્ષણિક અને વહીવટી કામોની સરળતા, સુગમતા, સુવ્યવસ્થા અને ગુણવત્તા માટે આ તમામ

રજીસ્ટરો ઉપલબ્ધ કરાવવા જોઈએ. આ રજીસ્ટરોની નિયમિત અને વ્યવસ્થિત રીતે નિભાવણી થાય તે માટે આશ્રમશાળાઓએ તથા સંચાલક સંસ્થાઓ કે મંડળોએ તેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સરકારશ્રીએ આશ્રમશાળા તપાસ દરમિયાન ઉપરોક્ત રજીસ્ટરો અને તે સંબંધિત તમામ માહિતી અપડેટ છે કે નહિ તેની પૂરતી તપાસ કરવી જોઈએ.

## ૩૨. છાત્રાલય વ્યવસ્થાપન માટે રાખવામાં આવતા રજીસ્ટરો અને તેની સ્થિતિ





છાત્રાલય વ્યવસ્થાપન માટે રાખવામાં આવતા રજીસ્ટરો અને તેની સ્થિતિ દર્શાવતો આલેખ (આલેખ-૨)
ટકાવારી
100.00
90.00
80.00
70.00
60.00
50.00
40.00
30.00
20.00
10.00
0.00
66.18
33.82
79.41
20.59
36.76
63.24
45.59
54.41
5.88
94.12
14.71
85.29
82.35
17.65
16.18
83.82
64.71
35.29
હા
ના
છાત્રોનું મુવમેન્ટ રજીસ્ટર
દૈનિક ભોજન તથા કમિટી રજીસ્ટર
હોસ્ટેલ તપાસ કમિટી રજીસ્ટર
કિચન-ગાર્ડન રજીસ્ટર
દૂષણ, દેવુ, સ્વતંત્ર લેખનનું રજીસ્ટર
સ્કાઉટની વસ્તુઓનું રજીસ્ટર
છાત્રોના દાકતરી તપાસનું રજીસ્ટર
ખોડખાંપણવાળા છાત્રોનું રજીસ્ટર
છાત્રાલયની ડાયરી
રજીસ્ટરોના નામ

આશ્રમશાળાઓમાં છાત્રાલય અને છાત્રોના વ્યવસ્થાપન કે દોરવણી આપવાં માટે રજીસ્ટરો રાખવા જરૂરી છે તેમજ આ રજીસ્ટરોની નિયમિત અને યોગ્ય પદ્ધતિથી નિભાવણી થાય તે પણ ખૂબજ આવશ્યક છે. છાત્રાલયની સુગમતા અને સુવ્યવસ્થાપન માટે ૨૧ થી વધુ રજીસ્ટરો રાખી તેની નિભાવણી કરવામાં આવે છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૬૭ (૯૮.૫૩%) આશ્રમશાળાઓના છાત્રાલયમાં છાત્રોનું હાજરીપત્રક, ૬૬ (૯૭.૦૬%) સ્ટાફની હાજરીપત્રક, ૬૬ (૯૭.૦૬%) ચીજ-વસ્તુઓનું સ્ટોક રજીસ્ટર, ૪૨ (૬૧.૭૬%) દૈનિક વસ્તુઓની ખરીદીનું રજીસ્ટર, ૪૯ (૭૨.૦૬%) છાત્રાલયના કાયમી સાધનોનું રજીસ્ટર, ૫૬ (૮૨.૩૫%) કર્મચારીઓના હલન-ચલનનું રજીસ્ટર, ૪૫ (૬૬.૧૮%) છાત્રોના હલન-ચલનનું રજીસ્ટર, ૫૪ (૭૯.૪૧%) દૈનિક ભોજન રજીસ્ટર, ૫૩ (૭૭.૯૪%) બિલ રજીસ્ટર, ૫૬ (૮૨.૩૫%) છાત્રોના દાક્તરી તપાસનું રજીસ્ટર, ૫૮ (૮૫%) કર્મચારીઓની કેજ્યુલ રજાનું રજીસ્ટર ૪૪ (૬૪.૭૧%) છાત્રાલયની ડાયરી વગેરે રજીસ્ટર છાત્રાલયમાં ઉપલબ્ધ જોવા મળે છે. છાત્રાલયમાં આવશ્યક્તા અનુસાર રજીસ્ટરો અપડેટ કરવામાં આવે છે. આશ્રમશાળાના છાત્રાલયમાં રજીસ્ટરોની નિભાવણી માટે ગૃહપતિ કે ગૃહમાતા ન હોવાથી આ કાર્ય મોટેભાગે આશ્રમશાળાના આચાર્ય અને શિક્ષકો કે રસોઈયા અને કમાઠી દ્વારા જ કરવામાં આવે છે.

આશ્રમશાળાઓની છાત્રાલયોમાં ક્યાં રજીસ્ટ્રરો ઉપલબ્ધ જોવા મળતા નથી તેની વાત કરીએ તો ૩૯ (૫૭.૩%) કેસ રજીસ્ટર, ૫૬ (૮૨.૩૫%) ટ્રેઝરી બિલ રજીસ્ટર, ૬૬ (૯૭.૦૬%) ઋણમુક્તિ રજીસ્ટર, ૪૩ (૬૩.૨૪%) છાત્રાલય તપાસ કમિટી રજીસ્ટર, ૩૭ (૫૪.૪૧%) કિચન ગાર્ડન રજીસ્ટર, ૬૪ (૯૪.૧૨%) દૂષણ, દેવું, સ્વતંત્ર લેખન રજીસ્ટર, ૫૮ (૮૫.૨૯%) સ્કાઉટની વસ્તુઓનું રજીસ્ટર, ૫૭ (૮૩.૮૨%) ખોડખાપણવાળા છાત્રોનું રજીસ્ટર, ૫૫ (૮૦.૮૮%) બજેટ રજીસ્ટર વગેરે સવિશેષ રજીસ્ટરો આશ્રમશાળાની છાત્રાલયમાં ઉપલબ્ધ જોવા મળતા નથી. છાત્રાલયના સુવ્યવસ્થાપન અને ગુણાત્મક કામગીરી માટે આ તમામ રજીસ્ટરો બનાવવા, ઉપલબ્ધ રાખવા, માહિતી અપડેટ રાખવી ખૂબ જરૂરી છે, પરંતુ આશ્રમશાળાઓમાં ગૃહપતિ-ગૃહમાતાની જગ્યા ભરવામાં ન આવતી હોવાથી છાત્રાલય સંબંધિત તમામ કામો આચાર્ય-શિક્ષકો કરે છે. આચાર્ય-શિક્ષકો ઉપર કામનું ભારણ વધે છે. રસોઈયા અને કમાઠી રજીસ્ટ્રરો નિભાવવાની તાલીમ પામેલ ન હોવાથી નિયમિત રજીસ્ટ્રરોની નિભાવણી થતી નથી. સરકાર અને સંસાલક મંડળોએ સાથે મળીને આશ્રમશાળાઓના બાળકોની ઉત્તમ સાર-સંભાળ, છાત્રાલયના યોગ્ય વ્યવસ્થાપન, નિયમિત રજીસ્ટ્રરોની નિભાવણી વગેરે માટે દરેક આશ્રમશાળાઓની છાત્રાલયમાં એક ગૃહપતિ અને એક ગૃહમાતા (કુલ -૦૨) ની જગ્યા ફરજીયાત ઊભી કરવી અને ભરવી જોઈએ. આમ, આશ્રમશાળા અને છાત્રાલયને અસરકારક બનાવવા માટે જરૂરી પગલાં લેવા આવશ્યક છે.

૩૩. આશ્રમશાળામાં શિક્ષણ, રહેઠાણ અને ભોજન વ્યવસ્થાની સંતોષકારકતાની સ્થિતિ




ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓમાં શિક્ષણ, રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા સંતોષકારક છે કે નહીં તે બતાવવામાં આવ્યું છે. સંશોધન અભ્યાસમાં આવરી લીધેલ ૬૮ આશ્રમશાળાઓમાં ૫૫ (૮૦.૮૮%) આશ્રમશાળાઓમાં અભ્યાસની વ્યવસ્થા સંતોષકારક છે. આ આશ્રમશાળાઓમાં શૈક્ષણિક જરૂરિયાત અનુસાર મહત્તમ ઓરડાઓ, અર્ધાથી વધારે શાળાઓમાં મહેકમ અનુસાર શિક્ષકો, મહત્તમ શાળાઓમાં શૈક્ષણિક વિકાસને અનુકૂળ વાતાવરણ, શીખવા માટેના પૂરતા સાધનો, જીવનલક્ષી કેળવણી અને વ્યક્તિત્વ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ, રમત-ગમત અને કસરતના સાધનોની ઉપલબ્ધતા, આદિવાસી બાળકોના રહેઠાણને અનુકૂળ વાતાવરણ વગેરે વ્યવસ્થાઓની ઉપલબ્ધતાને કારણે આશ્રમશાળાઓની શૈક્ષણિક વ્યવસ્થા સંતોષકારક લાગે છે. જ્યારે ૧૩ (૧૯.૧૨%) આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને અનુકૂળ આવશ્યક વ્યવસ્થા ન હોવાથી શિક્ષણની વ્યવસ્થા સંતોષજનક લાગતી નથી.

છાત્રાલય વ્યવસ્થા સંદર્ભે જોઈએ તો ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓના છાત્રાલયમાં રહેઠાણ અને ઊંઘવાની વ્યવસ્થા સંતોષકારક છે. કેટલીક શાળામાં છાત્રાલય સ્વતંત્ર છે, મંડળ કે સરકાર તરફથી ઓઢવા-પાથરવાનું મળે છે, કેટલીક જગ્યાએ સુવા માટે પલંગ આપેલ છે, પૂરતી લાઈટ-પંખાની વ્યવસ્થાઓ વગેરેને કારણે આ છાત્રાલયમાં રહેઠાણની વ્યવસ્થા સંતોષકારક છે. આ છાત્રાલયમાં વિદ્યાર્થીઓના વાલીઓના રહેઠાણને અનુકૂળ અને તેનાથી વધુ સારી રહેઠાણની વ્યવસ્થા હોવાથી સંતોષકારક લાગે છે. જ્યારે ૦૫ (૭.૩૫%) છાત્રાલયોના મકાન કાચા અને અર્ધ કાચા-પાકા પ્રકારના છે, બાળકો જમીન પર સૂવે છે તથા સામાન રાખવાની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી આ છાત્રાલયમાં રહેવાની અને ઊંઘવાની વ્યવસ્થા સંતોષકારક લાગતી નથી.

ભોજન વ્યવસ્થા સંદર્ભે જોઈએ તો ૬૩ (૯૨.૬૫%) આશ્રમશાળાઓમાં ભોજનાલયની વ્યવસ્થા સંતોષકારક છે. આશ્રમશાળાઓમાં સરકારશ્રીના માન્ય ભોજન મેનુ અનુસાર ભોજન આપવામાં આવે છે. મંડળ કે સંસ્થા દ્વારા કોઠાર રૂમ, રસોડું અને ભોજનાલય આવશ્યકતા અનુસાર બનાવેલ છે. ભોજન બનાવવા જરૂરી સાધનો, અનાજ-કઠોળ-શાકભાજીની ઉપલબ્ધતા, જરૂરી રસોઈયાઓની વ્યવસ્થા, ભોજનાલયની સ્વચ્છતા વગેરે વ્યવસ્થા ઉત્તમ હોવાથી આ આશ્રમશાળાઓમાં ભોજનાલય વ્યવસ્થા સંતોષકારક જોવા મળે છે.

જ્યારે ૨૯ (૪૨.૬૫%) આશ્રમશાળાઓમાં ભોજનખંડ, ૦૬ (૦૮.૬૨%) આશ્રમશાળાઓમાં પોષણયુક્ત ભોજન અને ૦૫ (૭.૩૫%) આશ્રમશાળાઓ ભોજનાલયની વ્યવસ્થાઓ નબળી છે. આ આશ્રમશાળાઓમાં રસોઈના અપૂરતા સાધનો, અંધકારમય રસોડાઓ, રસોડામાં ધુમાડાના નિકાલની ઓછી વ્યવસ્થા, ગેસ પ્લાન્ટની સુવિધાનો અભાવ, ભોજનની નબળી ગુણવત્તા, ભોજનખંડનો અભાવ, સ્વચ્છતાના પ્રશ્નો, રસોઇયાઓનો અભાવ, રસોઈયાઓમાં દમના રોગો અને આંખોમાં ઓછું દેખાવા (મોતિયો)ના પ્રશ્નો વગેરે પરિસ્થિતિને કારણે આશ્રમશાળાઓમાં વિવિધ પ્રકારની વ્યવસ્થા સંતોષકારક જણાતી નથી.

**આશ્રમશાળાઓની ભૌતિક-માળખાગત સુવિધાઓ સંદર્ભે શાળા-છાત્રાલયના મકાનો, રસોડું, કોઠારરૂમ, જાજરૂ-બાથરૂમ, વિદ્યાર્થીઓને બેસવા અને ઊંઘવાની વ્યવસ્થા તેમજ પીવાનું અને વાપરવાના પાણીની સ્થિતિ**



# પ્રકરણ – ૮ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકોની સમસ્યાઓ

૧. પ્રસ્તાવના

આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે આશ્રમશાળાએ બહુ મોટું સાધન છે. આ સાધન સાધ્ય ત્યારે જ થઈ શકે, જ્યારે એની સંકળાયેલ તમામ એકમો વ્યવસ્થિત, પુરતી માત્રામાં અને કામ કરવાની સુસંગતતાવાળા હોય. આશ્રમશાળાનું એક અંગ તે શિક્ષકો અને આચાર્ય છે. આશ્રમશાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવનાર વ્યક્તિ શૈક્ષણિક કાર્ય કરાવવાની સાથોસાથ બાળકો માટે માર્ગદર્શક, બાળકના વાલી તરીકે, એક પેરા મેડીકલ સ્ટાફ તરીકેની પણ ફરજ અદા કરે છે. આ ઉપરાંત એક મનોવૈજ્ઞાનિક તરીકે પણ ધીરજ ગુમાવ્યા વિના સતત કાર્ય કરવું પડતું હોય છે. આશ્રમશાળામાં બાળકો ૨૪ X ૭ એટલે કે ૨૪ કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ બાળકો સાથે રહેતા હોય છે.


આશ્રમશાળામાં કાર્યરત શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ સંચાલક મંડળ વચ્ચે સંવાદિતતા, સુમેળ હોય તો શૈક્ષણિક સંકુલનું વાતાવરણ ખૂબ ઉત્સાહપ્રેરક, આનંદીત, રસપ્રદ અને માહિતીપ્રદ બને છે, કારણ કે બાળકોના ઉછેરમાં તેને મળતો વારસો જેટલો જવાબદાર છે એટલો જ તેને મળતું વાતાવરણ. આથી જ પ્રસ્તુત પ્રકરણમાં આશ્રમશાળા વ્યવસ્થામાં શિક્ષકો, સંચાલકો અને વિદ્યાર્થીઓને નડતી મુશ્કેલીઓ અને તેના સંભવિત ઉકેલો વગેરે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકો, સંચાલકો અને વિદ્યાર્થીઓ પાસે પત્રકો ભરાવવામાં આવ્યા હતા. જે અંતર્ગત ૬૮ આશ્રમશાળાના ૨૬૨ આચાર્યો-શિક્ષકો અને ૬૮ સંચાલકો અને ૮૧૬ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી.

આશ્રમશાળામાં ફરજ બજાવતાં શિક્ષકો ઘડિયાળના કાંટે કામ નથી કરતાં, તે બાળકોની જરૂરિયાત અનુસાર ૨૪ કલાક કામ કરતાં હોય છે. સંચાલકોને પણ સરકારી રાહે, સરકારી ધોરણે અને સરકારી અનુદાનથી આશ્રમશાળાનો વહીવટ કરવાનો હોવાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. શિક્ષકોનો પોતાનો પરિવાર, ઘરથી દૂર અંતરિયાળ વિસ્તારમાં રહેવું, કેટલાંક શિક્ષકોને ભાષાના પ્રશ્નો, ભૌતિક સુવિધાનો અભાવ વગેરે જેવી અનેક વિટંબણાનો સામનો કરવો પડે છે.

આ ઉપરાંત પુરતો સ્ટાફ ન હોવો, અનિયમિત પગાર, પેન્શન ન મળવું, લિયાન કે બદલીનો લાભ ન મળવો, ગૃહપતિ કે ગૃહમાતાનું ભથ્થુ, ઘરભાડું ન મળવું વગેરે જેવા અનેક પ્રશ્નોની વચ્ચે તેઓ બાળકો સાથે કામ કરવું પડે છે જે કારણે તેમના માનસ ઉપર એક પ્રકારનો અસંતોષ પણ વર્તાય છે જેની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર બાળકોના શિક્ષણ અને વિકાસ ઉપર પડી શકે છે.

પ્રસ્તુત પ્રકરણમાં શિક્ષકો, સંચાલકો ઉપરાંત વિદ્યાર્થીઓને પણ આશ્રમશાળા-છાત્રાલયમાં અનુભવાતાં પ્રશ્નો અંગે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને ૨૪ કલાક ઘરથી દૂર રહેવું પડે છે. પોતાની બોલી સિવાયના માહોલમાં રહેવું પડે, પોતે રોજ ઘરે જે પ્રકારનું ભોજન લેવા ટેવાયા હોય તેનાથી જુદું લેવું પડતું હોય જેવી અનેક બાબતો તેમને સમસ્યારૂપ લગતી હોય એ અંગે રૂબરૂ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નો જાણવાનો પ્રયાસ સંશોધક દ્વારા કરવામાં આવ્યો છે.

૨. આશ્રમશાળાની જરૂરિયાત (શિક્ષકોના મતે)




નોંધ - એક કરતાં વધારે જવાબ પ્રાપ્ત થયાં છે.

ઉપરોક્ત આલેખનું વર્ગીકરણ કરતાં ખ્યાલ આવે છે કે ચારેય ઝોનમાં શિક્ષકો દ્વારા આશ્રમશાળા હોવા અંગેના જુદાજુદા મંતવ્યો જાણવા મળ્યા છે. કુલ ૬૮ આશ્રમશાળામાં હાલમાં કાર્યરત ૪૮ આશ્રમશાળાના શિક્ષકોએ જણાવ્યુ કે શ્રમિક અને સ્થળાંતર કરતાં હોય એવા આદિવાસી કુટુંબના બાળકો શિક્ષણ મેળવી શકે તે માટે આશ્રમશાળા હોવી જોઈએ. એમાં પણ મધ્ય ગુજરાતના ૨૫ શિક્ષકોએ દક્ષિણ ગુજરાતના ૧૨ શિક્ષકો ઉત્તર ગુજરાતના ૯ શિક્ષકો અને બિનઆદિવાસી વિસ્તારના ૪ શિક્ષકોએ જવાબ આપ્યો છે. આવો જ બીજો જવાબ આપ્યો જેમાં ૪૮ આશ્રમશાળાના શિક્ષકોએ જણાવ્યું કે આર્થિક રીતે નબળાં કુટુંબોના બાળકો શિક્ષણ મેળવી શકે છે, જેમાં મધ્ય ગુજરાતના ૨૩ શિક્ષકો દક્ષિણ ગુજરાતમાં ૧૪ શિક્ષકોએ ઉત્તર ગુજરાતના ૮ શિક્ષકો અને બિનઆદિવાસી વિસ્તારના ૩ શિક્ષકોએ જવાબ આપ્યો છે. એટલે કે આશ્રમશાળા આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળા એ આશીર્વાદરૂપ છે.

ત્યારબાદ ૩૨ આશ્રમશાળાના શિક્ષકો ઉત્તરદાતાએ જે બાળકો આશ્રમશાળામાં અભ્યાસ કરે છે તેમનું જીવનનુ ઘડતર સારું થાય છે એમ જણાવ્યું. અહીં આવનાર બાળકોના કુટુંબમાં શૈક્ષણિક વાતાવરણ જોવા મળતું નથી. માતા-પિતા શ્રમિક હોવાના કારણે બાળકોના અભ્યાસ પ્રત્યે વધુ ધ્યાન આપી શકતા નથી. છાત્રાવાસ હોવાથી અને સરકારશ્રી તરફથી આવશ્યક સગવડ મળતી હોવાથી બાળકોને માતા-પિતા ખર્ચ વિના કે ભારણ વિના ભણાવી શકે છે. દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાના ૧૫ શિક્ષકોએ, મધ્ય ગુજરાતના ૧૧ શિક્ષકોએ, ઉત્તર ગુજરાતના ૬ શિક્ષકોએ આ પ્રકારનો જવાબ આપ્યો.


આદિવાસી વસ્તી મોટેભાગે ગુજરાતના અંતરિયાળ ગામોમાં વધુ વસવાટ કરે છે. અહીં દરેક ગામમાં કે ગામની નજીક શાળાઓ હોય પણ ખરી અને ન પણ હોય. બાળક શાળામાંથી ઘરે આવીને અભ્યાસ કરી શકતો નથી. આથી અંતરિયાળ વિસ્તારનાં ગામોમાં વસવાટ કરતાં કુટુંબના બાળકો આશ્રમશાળામાં આવી શિક્ષણ મેળવી શકે એવો મત ૩૧ શિક્ષકોએ આપ્યો હતો, જેમાં મધ્ય ગુજરાતના ૧૫ શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતના ૮ શિક્ષકોએ, ઉત્તર ગુજરાતના ૬ શિક્ષકોએ અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળામાંથી ૨ શિક્ષકોએ જવાબ આપ્યો હતો. આ ઉપરાંત આદિવાસી સમાજના શિક્ષણ સ્તર વધે કે ઉચું આવે છે તેવો મત ૨૫ આશ્રમશાળાના શિક્ષકોએ પાસેથી જાણવા મળ્યો, જેમાં મધ્ય ગુજરાતના ૧૨ શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતના ૧૦ શિક્ષકોએ અને ઉત્તર ગુજરાતના ૩ શિક્ષકોએ આ મુજબનો જવાબ આપ્યો હતો. આ મત પ્રમાણે આશ્રમશાળાએ આદિવાસી સમાજ માટે આશીર્વાદરૂપ છે.

ભારત આઝાદ થયો તે પહેલાં એટલે કે ૧૯૨૨માં પ્રથમ આશ્રમશાળાની શરૂઆત દાહોદ જિલ્લામાં થઈ, ત્યારથી લઈ પ્રવર્તમાન સમયગાળામાં આદિવાસીઓની વસતિ ધરાવતા વિસ્તારો અને બિનઆદિવાસી વિસ્તારો મળીને કુલ ૪૫૨ જેટલી આશ્રમશાળા કાર્યરત છે. જેથી દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતાં આદિવાસી કુટુંબોના બાળકો આશ્રમશાળામાં છાત્રાલય સાથેનું શિક્ષણ મળતું હોવાથી આશ્રમશાળા હોવી જોઈએ તેવું જણાવે છે તેમજ આશ્રમશાળા ભણીને આજે સરકારે કર્મચારીઓ, સુરક્ષાકર્મી તરીકે ફરજ બજાવતા થયા આટલા માટે જ આશ્રમશાળાઓએ આદિવાસી સમાજમાં શિક્ષણનું સ્તર વધારવા માટે મોટો ભાગ ભજવ્યો છે એવું શિક્ષકો માને છે.

આશ્રમશાળામાં શિક્ષણ મેળવવાથી નિરાધાર, અનાથ બાળકોને શિક્ષણ સાથે ઘરની સગવડ મળે છે એવું ૬ શિક્ષકોએ જણાવ્યું, જેમાં બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાના શિક્ષકો સિવાય ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાના શિક્ષકોએ મત આપ્યો. આશ્રમશાળામાં બાળકોનું આરોગ્ય સુધરે છે એમ માત્ર દક્ષિણ ગુજરાતના પાંચ શિક્ષકોએ જણાવ્યું.

આ આલેખના આધારે તારણ કાઢી શકાય કે શિક્ષકોના મતે આદિવાસી શ્રમિક કુટુંબોના માટે તેમજ આર્થિક રીતે જે નબળા હોય એવા કુટુંબોના બાળકો માટે આશ્રમશાળા ઉત્તમ વ્યવસ્થા છે. કારણકે બંન્ને માટે કુલ ૪૮-૪૮ શિક્ષકોએ પોતાના મત આપ્યા હતા. આશ્રમશાળાના કારણે બાળકોનું આરોગ્ય સુધરે છે એવું શિક્ષકોને ઓછું લાગે છે એ સંદર્ભે સૌથી ઓછા એટલે ૦૫ શિક્ષકોએ જવાબ આપ્યા હતા.

૩. આશ્રમશાળાની જરૂરિયાત (વાલીઓના મતે)




નોંધઃ એક કરતા વધારે ઉત્તરો મળેલ છે.


ઉપરોક્ત આલેખને જોતાં ખ્યાલ આવે છે કે ૬૮ આશ્રમશાળાઓમાંથી કુલ ૪૪ ઉત્તરદાતાએ સમગ્ર ઝોનમાંથી એવું જણાવ્યુ છે કે નબળી આર્થિક સ્થિતિના બાળકો માટે શિક્ષણ મેળવવાનું ઉત્તમ સ્થાન એ આશ્રમશાળા છે. આથી આશ્રમશાળા હોવી જોઈએ. વળી ૩૪ ઉત્તરદાતાઓએ એવો જવાબ આપ્યો કે આશ્રમશાળાને કારણે બાળકને સતત અને સઘન શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થાય છે જે તેમાં શૈક્ષણિક વિકાસ માટે સારી બાબત છે. વળી ૨૦ ઉત્તરદાતાઓએ આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળા હોવા અંગે એવું જણાવ્યુ કે આશ્રમશાળામાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે

છે. આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે આશ્રમશાળા એ પ્રવર્તમાન સમયમાં ઉપયોગી છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓમાંથી સૌથી વધારે જાણવા મળ્યું હતું, જેમાં આર્થિક નબળા વર્ગના કુટુંબોના બાળકો માટે આશ્રમશાળા ઉત્તમ છે. મધ્ય ગુજરાતની ૨૦ આશ્રમશાળાના ઉત્તરદાતાએ જણાવ્યુ હતું કે જ્યારે ૧૮ ઉત્તરદાતાઓએ સ્થળાંતર કરતાં આદિવાસી કુટુંબના બાળકો માટે આશ્રમશાળા ઉત્તમ વ્યવસ્થા છે અને તેના કારણે આદિવાસી બાળકોના શિક્ષણનું અપવ્યય અટકે છે એવું જણાવેલ છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાંથી ૧૦ ઉત્તરદાતાએ આશ્રમશાળાએ આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ સાથે રહેવાની સુવિધા મળે છે એ ઉત્તમ વિકલ્પ છે. આ ઉપરાંત ૧૭ ઉત્તરદાતાઓએ તમામ પ્રકારની સુવિધા બાળકને એક જ સ્થળે મળી રહે છે, જે આદિવાસી સમાજનાં સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. તેમાં ખાસ કરીને શ્રમિક કુટુંબોના બાળકોનું જીવન ઘડતર આશ્રમશાળામાં યોગ્ય રીતે થાય છે એવું ૧૬ ઉત્તરદાતાએ જણાવ્યું છે. ૫ ઉત્તરદાતાએ એવું જણાવ્યુ છે કે આશ્રમશાળાને કારણે અભ્યાસાર્થે નાની વયના બાળકો કે તરૂણોને મુસાફરી ન કરવુ પડે, તેથી આશ્રમશાળા હોવી જોઈએ. બિનઆદિવાસી વિસ્તારોમાં આવેલી આશ્રમશાળાઓમાંથી પણ આદિવાસી બાળકો માટે આશ્રમશાળા હોવી જોઈએ તે અંગે સંમતિ દર્શાવી છે, જેમાં સ્થળાંતર કરતાં કુટુંબો માટે અને નબળી આર્થિક સ્થિતિવાળા કુટુંબો માટે પણ આશ્રમશાળા ઉત્તમ વ્યવસ્થા છે એવું જણાવેલ છે.

આ ઉપરથી તારણ કાઢી શકાય છે કે ૪૪ ઉત્તરદાતાઓએ આશ્રમશાળામાં નબળી આર્થિક સ્થિતિવાળા કુટુંબોના બાળકોના શૈક્ષણિક વિકાસ સાથે જ રહેવા માટેની સગવડ પણ મળી રહે છે. જે મધ્ય ગુજરાતમાં ૨૦ અને દક્ષિણ ગુજરાતમાં ૧૪ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. જ્યારે ૫ ઉત્તરદાતાઓએ સ્થળાંતર ન કરવું પડે તેથી આશ્રમશાળા હોવી જોઈએ એવું જણાવ્યુ, જેનું પ્રમાણ સૌથી ઓછું છે.

૪. આશ્રમશાળાની સ્થાપનાનો હેતુ અને સંચાલનની સ્થિતિ


આશ્રમશાળાઓ જે હેતુ માટે સ્થપાઈ છે તે પ્રમાણે જ ચાલી રહી છે કે નહીં
તેની વિગત દર્શાવતો આલેખ




આશ્રમશાળા યોજના ૧૯૫૪માં બનાવવામાં આવી, ત્યાર બાદ અત્યાર સુધીમાં લગભગ ૪૫૨ જેટલી આશ્રમશાળાઓ વિવિધ સંચાલક મંડળો દ્વારા ચલાવવા આવી રહી છે. દરેક આશ્રમશાળાઓ આદિવાસી સમાજના બાળકોના શૈક્ષણિક વિકાસ માટે કટિબદ્ધ થઈને કાર્ય કરે છે, એવું ૬૧ (૯૦%) ઉત્તરદાતાઓ જણાવે છે, જેમાં ઉત્તર ગુજરાતમાં ૯ ઉત્તરદાતાઓએ, મધ્ય ગુજરાત ૨૭ ઉત્તરદાતાઓએ, દક્ષિણ ગુજરાત ૨૨ ઉત્તરદાતાઓએ અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી ૩ ઉત્તરદાતાઓએ 'હા' માં જવાબ આપેલ છે. જ્યારે ઉત્તર ગુજરાતમાંથી સવિસેષ ઉત્તરદાતાએ નકાકાત્મક પ્રત્યુત્તર આપ્યો હતો. જ્યારે ૦૭ (૧૦%) આશ્રમશાળાઓ જે હેતુ માટે સ્થાપાઈ હતી, તેમાં પોતાની અનુકૂળતા અનુસાર બાંધછોડ કરીને વર્તમાન સમયમાં ચાલે છે તેવું જણાવે છે.

આમ તારણમાં કહી શકાય કે આશ્રમશાળાઓ જે હેતુ માટે સ્થપાઈ હતી તે પ્રમાણે ૬૮ માંથી ૬૧ (૯૦%) આશ્રમશાળાઓ ચાલે છે તેવું આચાર્યો જણાવે છે, જ્યારે ૭ (૧૦%) આશ્રમશાળાઓ પોતાની આવશ્યકતા અનુસાર હેતુઓમાં જરૂરી ફેરફાર કરીને આશ્રમશાળાઓ ચાલે છે તેવું આચાર્યો કહે છે.


૫. સરકારી નિયમો અને આશ્રમશાળા સંચાલનની સ્થિતિ




આપણે જાણીએ છીએ કે મોટાભાગની આશ્રમશાળાઓ જે જૂની છે તે નઈ તાલીમ કે બુનિયાદી શિક્ષણની વિચારધારાને લઈને સંચાલક મંડળ દ્વારા ચલાવવામાં આવે છે. આ તમામ આશ્રમશાળાને આદિજાતિ વિકાસ વિભાગ તરફથી અનુદાન આપવામાં આવે છે. તેના સુચારુ સંચાલન માટે ચોક્કસ પ્રકારના નિયમો બનાવવામાં આવ્યા છે. આ નિયમોનું પાલન જો દરેક આશ્રમશાળા દ્વારા કરવામાં આવે તો આશ્રમશાળાનો વહીવટ બરાબર ચાલી જ શકે એ બાબતને ધ્યાનમાં રાખી આચાર્યોને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જેના જવાબમાં જાણવા મળ્યું કે ૫૯ (૯૧%) ઉત્તરદાતાઓએ 'હા' એટલે કે આશ્રમશાળાઓ નિયમો પ્રમાણે ચાલે છે એવું જણાવ્યું. જ્યારે ૬ (૦૯%) ઉત્તરદાતાઓએ નિયમો મુજબ આશ્રમશાળાનું સંચાલન થતું નથી એવું જણાવ્યું, કારણ કે આ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જે તમામ સુવિધાઓ આપવી જોઈએ તે મળતી નથી અથવા ઊભી કરવામાં આવી નથી, જેથી તેઓ એવું માને છે કે આશ્રમશાળાઓ નિયમાનુસાર ચાલતી નથી, જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધારે 'ના' માં જવાબો મળ્યા હતા.

ઉપરોક્ત આલેખનાં તારણમાં કહી શકાય કે આશ્રમશાળાનું સંચાલન ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના નિયત કરેલ ધારાધોરણો તેમજ સંચાલક મંડળે નિયત કરેલ નિયમો મુજબ કાર્યરત છે, એવું કુલ ૬૮ માંથી ૫૯ (૯૧%) આશ્રમશાળાઓના આચાર્યોએ હકારાત્મક જવાબ આપ્યો છે.

૬. આશ્રમશાળાના પ્રશ્નો




નોંધ- એક કરતા વધુ જવાબ મળેલ છે.


પ્રસ્તુત અભ્યાસમાં ૬૮ આશ્રમશાળાઓમાંથી પ્રતિનિધિત્વરૂપે પાંચમા ધોરણથી લઈ આઠમાં ધોરણમાં અભ્યાસ કરતાં ૮૧૬ વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત –મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્રીત કરવામાં આવી. વિદ્યાર્થીઓ પાસેથી શાળામાં જોવા મળતા પ્રશ્નો અંગે માહિતી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ઉત્તર ગુજરાત અને બિનઆદિવાસી ક્ષેત્રેની આશ્રમશાળા કરતાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓમાં વધુ પ્રશ્નો જોવા મળ્યાં હતા. શાળાના પ્રશ્નો અંતર્ગત છાત્રાલયમાં સુવિધાના સંબંધી પ્રશ્નો વધુ છે એવું કુલ ૩૬ ઉત્તરદાતાઓએ જણાવ્યું જેમાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાંથી ૧૫-૧૫ તેમજ ઉત્તર ગુજરાતમાંથી ૪ ઉત્તરદાતાઓને છાત્રાલય સંબંધી પ્રશ્નો વધારે જણાયા. એ જ રીતે શાળામાં ભૌતિક સુવિધાનો અભાવ છે એવું કુલ ૩૫ આશ્રમશાળામાંથી વિદ્યાર્થીઓએ જણાવ્યુ હતુ. ભૌતિક સુવિધાના અભાવ હોય એવું મધ્ય ગુજરાતમાંથી ૧૨ અને દક્ષિણ ગુજરાતમાંથી ૧૫, ઉત્તર ગુજરાત ૪ અને બિનઆદિવાસી વિસ્તારમાંથી ૪ ઉત્તરદાત્તાએ જણાવ્યું.

આશ્રમશાળાઓમાં બાળકોના શારીરિક સૌષ્ઠવ વધે, માનસિક કસરત સાથોસાથ મનોરંજન મળી રહે તેમજ રમતગમતના સાધનો ખરીદવા દરેક આશ્રમશાળામાં અનુદાન સંચાલક મંડળને આપવામાં આવે છે. કેટલીક વખત દાતાઓ પાસેથી પણ આ સંશાધનો આશ્રમશાળાને પ્રાપ્ત થતા હોય છે. પ્રાપ્ય પ્રત્યુત્તર ઉપર આશ્રમશાળામાં આ સુવિધા ઘણી ઓછી હોય થી તેમ જણાય છે. જે અંગે મધ્ય ગુજરાતમાં ૭ અને દક્ષિણ ગુજરાતની ૬ આશ્રમશાળાઓમાં વધુ જોવા મળ્યુ હતું.

આ ઉપરાંત વાપરવાના પાણીના પ્રશ્નો કે પીવાના પાણીના પ્રશ્નો સંદર્ભે ઉત્તર ગુજરાતમાંથી ૧ ઉત્તરદાત્તા પાસેથી, મધ્ય ગુજરાતમાંથી ૬, દક્ષિણ ગુજરાતમાંથી ૪ અને બિનઆદિવાસી વિસ્તારમાંથી ૩ ઉત્તરદાત્તા પાસેથી એટલે કે ૧૪ ઉત્તરદાત્તાએ પીવાના અને વાપરવાના પાણીની તકલીફ છે એવું જાણાવ્યું હતુ. શાળા કે છાત્રાલયનું મકાન જર્જરિત છે એવું ૧ ઉત્તરદાત્તા એટલે કે મધ્ય ગુજરાતની આશ્રમશાળામાંથી જાણવા મળ્યુ હતું. બીજા ઝોનમાંથી જેમ કે ઉત્તર ગુજરાતમાંથી દક્ષિણ કે બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળામાં મકાનની હાલત ખરાબ છે અને તેનો ગંભીર પ્રશ્ન છે એવું જણાવ્યું નહોતું. પરંતુ શૈક્ષણિક સાધનો અને દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો અભાવ છે એવું દરેક ઝોનમાંથી જાણવા મળ્યું હતું. બંન્નેમાં કુલ સાત-સાત આશ્રમશાળામાં આ અંગેનો પ્રશ્ન જાણવા મળ્યો હતો.

આ ઉપરથી કહી શકાય કે વિદ્યાર્થીઓના મત મુજબ શાળામાં છાત્રાલયમાં ભૌતિક સુવિધાનો વિશેષ અભાવ છે.

૭. આશ્રમશાળા શિક્ષણ સબંધી પ્રશ્નો




નોંધ- એક કરતાં વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખ જોતાં જણાય છે કે આશ્રમશાળામાં બાળકોને અભ્યાસક્રમ સંદર્ભે જે જરૂરી શૈક્ષણિક સંશાધન શાળામાં ઉપલબ્ધ થવાં જોઈએ તે તેઓને મળતાં નથી. અભ્યાસક્રમને ભણાવવા માટે શિક્ષક માર્ગદર્શિકાઓ, વિજ્ઞાનના પ્રયોગો બતાવવા માટેના સાધનો કે ભૂગોળ જેવા વિષયો સમજાવવા માટે ભૌગોલિક વિસ્તારના ચાર્ટસ, નક્શાઓ વગેરે મળતા નથી. બાળકોને

આપવા માટેના પુસ્તકો પણ સમયસર બાળકોને મળતા નથી. અભ્યાસની ૬૮ આશ્રમશાળાના શિક્ષકો સાથે સંશાધનના હેતુ સંદર્ભે ચર્ચા કરતાં ૩૯ શિક્ષકોએ શાળામાં શૈક્ષણિક સંશાધનો નથી, અપૂરતા છે, તૂટી ગયા છે કે બહુ જુના છે એવું જણાવ્યું હતું. સંશાધનના પ્રશ્નો વધુ લાગતા હોય એવું મધ્ય ગુજરાતની આશ્રમશાળાના શિક્ષકોએ જણાવ્યું હતુ. કુલ ૩૮ શિક્ષકોએ જૂથમાં ચર્ચા દરમ્યાન એવું જણાવ્યું હતુ કે આશ્રમશાળામાં ૧ થી ૭ અને હવે આઠમુ ધોરણ પણ શરૂ થયું છે, છતાં એ પૂરતા પ્રમાણમાં ધોરણ મુજબ શિક્ષકો નથી. સૌથી વધારે મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓમાં શિક્ષકોની સંખ્યા અપૂરતી છે એવું જાણવા મળ્યું.


ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારોની આશ્રમશાળાઓમાં કેન્દ્રીત જૂથ ચર્ચા પધ્ધતિ દ્વારા શિક્ષકો પાસેથી શાળાના શિક્ષણ સંબંધી પ્રશ્નો જાણવાનો પ્રયાસ કર્યો, જેમાં શિક્ષકોએ જુદાં-જુદાં પ્રશ્નો જણાવ્યા હતા. શાળામાં ભૌતિક સંશાધનોના પ્રશ્નો એવું ૨૪ શિક્ષકોએ જૂથચર્ચા દરમિયાન કહ્યું. ભૌતિક સંશાધનોમાં પુરતા પ્રમાણમાં લાઈટ, પંખા, સુવાના કે અભ્યાસ માટેના પુરતા ઓરડા નથી, કોમ્પ્યુટર લેબ નથી, અલગ ભોજન શાળા નથી, બાળકોને રમવા માટે મેદાન નથી, શાળાનું સારૂ મકાન નથી વગેરે જેવા ઘણાં ભૌતિક સંશાધન સંદર્ભે પ્રશ્નો જણાવ્યા હતાં. દક્ષિણ ગુજરાતની આશ્રમશાળામાં આ પ્રશ્નો વધુ જોવા મળ્યો હતો.

આ ઉપરાંત શિક્ષણ સંબંધી પ્રશ્નો સંદર્ભે કુલ ૩ શિક્ષકોએ જૂથચર્ચામાં બાળકોના વાલીઓનું શિક્ષણ પ્રત્યે ઉદાસીન વલણ છે એવું જણાવ્યું જે અંગે મધ્ય ગુજરાતમાં બે અને દક્ષિણ ગુજરાતમાંથી ૧ ઉત્તરદાતાએ આ પ્રકારના પ્રશ્નોની જાણકારી આપી. અભ્યાસમાં નબળા હોય એવા બાળકોની સંખ્યા ઉપલા ધોરણમાં વધુ છે, જેથી મહેનતના પ્રમાણમાં ધાર્યું પરિણામ નથી આવતું એવું શિક્ષકોને લાગે છે. ધોરણ ૫માં પછી હોંશિયાર બાળકોને મોડેલ શાળામાં પ્રવેશ લે છે કે ચાલ્યા જાય છે એટલે નબળા બાળકો અમારી પાસે રહે છે એવું શિક્ષકો પાસેથી જાણવા મળ્યું.

આથી તારણ કાઢી શકાય કે શિક્ષકોનો અપૂરતી સંખ્યા, શૈક્ષણિક સંશાધનો ઓછા છે એ સૌથી મોટો પ્રશ્ન આશ્રમશાળામાં શિક્ષકોને લાગે છે. જ્યારે શિક્ષક તરીકે અને ગૃહમાતા કે ગૃહમતિ એમ બંન્ને પ્રકારની કામગીરી કરવી પડતી હોય એ પ્રશ્ન શિક્ષકોને સૌથી ઓછો લાગે છે.

## ૮. બાળકોના રહેઠાણ-ભોજન (છાત્રાલય) સંબંધી પ્રશ્નો

બાળકોના રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સંબંધી જોવા મળતાં પ્રશ્નોની વિગત
દર્શાવતો આલેખ




નોંધઃ એક કરતા વધારે જવાબ મળેલ છે.


ઉપરોક્ત આલેખમાં વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવા-જમવા સંબંધી કેવા પ્રશ્નો નડે છે, તેના ઉત્તરમાં વિદ્યાર્થી તરીકે ઉત્તરદાતાએ જુદા જુદા જવાબો આપ્યા હતા. જેમાં બિનઆદિવાસી, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓ પૈકી ૭૦ (૨૦.૬%) ઉત્તરદાતાએ સુવા માટેના પલંગ કે ગાદલા નથી એવું જણાવ્યુ. જ્યારે ૫૭ ઉત્તરદાતાઓએ છાત્રાલય અને શાળાનું મકાન અલગ હોવું જોઈએ એવા પ્રત્યુત્તર આપેલ છે, જેમાં દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓમાંથી ૨૫ ઉત્તરદાતાઓએ અને મધ્ય ગુજરાતના ૨૫ ઉત્તરદાતાઓએ આ પ્રશ્નને મુખ્ય ગણાવ્યો હતો. ૩૨ ઉત્તરદાતાએ છાત્રાલયમાં જમવા માટે અલગ ભોજન શાળા નથી આ પ્રશ્ન દરેક ઝોનમાં જોવા મળ્યો હતો. દૈનિક ભોજનમાં વિવિધતાસભર પૌષ્ટિક ભોજન મળતુ નથી એવું જણાવ્યું, જેમાં મધ્ય ઝોનમાંથી ૧૮, દક્ષિણ ઝોનમાંથી ૦૭ અને ઉત્તર ઝોનમાંથી ૦૭ એ જણાવ્યું હતું. જ્યારે બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી આ સંદર્ભે કોઈ જ પ્રત્યુત્તર આપ્યો ન્હોતો.

છાત્રાલયમાં ઓરડાની સંખ્યા કરતાં બાળકોની સંખ્યા વધુ છે, એવું બિનઆદિવાસી વિસ્તારોમાં ૦૩, ઉત્તર ગુજરાતમાં ૦૫, મધ્ય ગુજરાતમાં ૦૩ અને દક્ષિણ ગુજરાતમાં ૦૬ ઉત્તરદાતાએ આ સંદર્ભે પ્રશ્ન છે એવું જણાવ્યું હતું. બાળકોને જરૂરી ચીજવસ્તુઓ રાખવા લોકરની સુવિધા નથી એવુ દક્ષિણ ઝોનની આશ્રમશાળામાંથી ૦૪ ઉત્તરદાતાએ જવાબ આપ્યો હતો. ઉત્તર ઝોન, મધ્ય ઝોન કે બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી કોઈ પ્રકારનો પ્રત્યુત્તર મળ્યો

ન્હોતો. આશ્રમશાળાના રસોઈ ઘરમાં ગેસના સગડા ન હોવાનું ૦૪ મધ્ય ગુજરાતની અને ૦૨ દક્ષિણ ગુજરાતની આશ્રમશાળામાંથી જાણવા મળેલ છે. ઉત્તર ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી આ અંગે કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી.

ઉપરોક્ત આલેખને આધારે તારણ નીકળી શકે છે કે ૭૦ વિદ્યાર્થીઓએ કહ્યું કે આશ્રમશાળાઓમાં ગાદલાં ગોદળાની સુવિધા સવિશેષ જોવા મળી છે, જ્યારે ૪ વિદ્યાર્થીઓએ આશ્રમશાળામાં ગેસના સગડાઓ નથી તેવું જણાવે છે. બાળકોને માટે સુવા માટે પલંગ ગાદલા, અલગ છાત્રાલય, વિવિધ સભર પૌષ્ટિકતા આહાર આશ્રમશાળાના વિદ્યાર્થીઓને ઓછો મળે છે.

૯. આશ્રમશાળામાં ભૌતિક સુવિધા સંદર્ભેના પ્રશ્નો (વાલીઓના મતે)





નોંધઃ એક કરતા વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાઓની ભૌતિક સુવિધાની દ્રષ્ટિએ જોવા જઈએ તો ખ્યાલ આવે છે કે જેમાં કુલ ૯૭ (૨૮.૫%) ઉત્તરદાતાઓએ જણાવ્યુ કે શાળા અને છાત્રાલય બંન્નેનું મકાન એક જ છે. જેમાં ૬૮ આશ્રમશાળા પૈકી દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓમાંથી ૩૭ ઉત્તરદાતાઓએ, મધ્ય ગુજરાતની આશ્રમશાળામાંથી ૪૦ ઉત્તરદાતાઓએ, ઉત્તર ગુજરાતમાંથી ૧૫ ઉત્તરદાતાઓએ છાત્રાલય અને શાળાનું મકાન એક જ છે એવું જણાવ્યુ હતું. જુદી જુદી ભૌતિક સુવિધાઓની ઊણપમાં સુવા માટેના પુરતા સાધનો ન હોવા અંગે પણ કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૭૧ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું, જેમાં મધ્ય ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારમાં આ પ્રશ્ન વધુ હોય એવું જોવા મળ્યું હતું. ૬૮ આશ્રમશાળાઓના ૬૯ ઉત્તરદાતાઓની આશ્રમશાળામાં શૌચાલય અને બાથરૂમના પ્રશ્નો છે. શૌચાલયના પ્રશ્ન દક્ષિણ ગુજરાત, મધ્ય

ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં વધુ જોવા મળ્યા હતા. બાળકના વાલીઓને ઉત્તરદાતા તરીકે બાળકને શાળામાં મળતી ભૌતિક સુવિધા ઘણી ઓછી લાગે છે. શાળા અને છાત્રાલયનું મકાન એક હોય ત્યારે બાળકનું ધ્યાન કેન્દ્રીત રહેતું નથી એવું ઉત્તરદાતાને લાગે છે. જ્યાં છાત્રાલય સાથેની શાળા ચાલે છે, ત્યાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેના ઓરડા અને સુવા અંગેના ઓરડાઓ અલગ હોવા જોઈએ.

આ ઉપરાંત આશ્રમશાળામાં ભૌતિક પ્રશ્નો તરીકે ન્હાવા માટે ગરમ પાણી, પીવા માટે શુદ્ધ પાણી, બેન્ચીસ કે પાટલી અભાવ, ભોજનાલયનો અભાવ, રમત-ગમતના મેદાનનો પ્રશ્ન જર્જરિત મકાનનો પ્રશ્ન અને ન્હાવા-કપડાં ધોવાના પાણીનો પ્રશ્ન પણ જોવા મળે છે, પરંતુ આ પ્રશ્નો ઓછી આશ્રમશાળાઓમાં જોવા મળે છે.

૧૦. આશ્રમશાળામાં ભૌતિક સુવિધા સંબંધી પ્રશ્નો (શિક્ષકોના મતે)





નોંધ- એક કરતાં વધુ જવાબ મળેલ છે.

આશ્રમશાળામાં ભૌતિક સુવિધા સંદર્ભે શિક્ષકોને શું પ્રશ્નો જોવા મળે તે જોતા ૩૨ શિક્ષકોએ ઓરડાની સ્થિતિ બિસ્માર છે એવું જણાવ્યું. ૨૩ ઉત્તરદાતાઓએ કન્યા અને કુમાર માટેના શૌચાલય, બાથરૂમ, વપરાશનું પાણી, તેમજ નળ કનેક્શન, ગટર વગેરેના પ્રશ્નો જણાવ્યા. આ અંગેના પ્રશ્નો બધા જ ઝોનની આશ્રમશાળામાં જોવા મળ્યા. ૧૨ ઉત્તરદાતાઓએ શિક્ષકો માટેના આવાસના પ્રશ્નો અને ૧૨ ઉત્તરદાતાઓએ શાળામાં સુરક્ષા સંબંધી પ્રશ્નો જણાવ્યા. ૧૧ છાત્રાલયમાં અપૂરતા ઓરડાઓ, ૦૯ ભોજન બનાવવા માટે રસોડામાં અપૂરતા આધુનિક સાધન અને ૦૬ ઉત્તરદાતાએ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં બેસવા-લખવા માટે બેન્સીસ કે ઢાળીયા નથી તેવું જણાવ્યું.

આમ, ઉપરોક્ત આલેખને આધારે કહી શકાય કે આશ્રમશાળામાં ભૌતિક પ્રશ્નો છે જેમાં સૌથી વધુ પ્રશ્ન ઓરડા ન હોવા કે બિસ્માર હોય એવા છે. સૌથી ઓછા પ્રશ્નો ભોજનાલય સંદર્ભે જાણવા મળ્યાં.

૧૧. આશ્રમશાળામાં સુવિધા સંબંધી પ્રશ્નો (આચાર્ય-શિક્ષકોના મતે)





નોંધઃ એક કરતા વધારે ઉત્તરો મળેલ છે.

આલેખમાં ઉત્તરદાતાઓ પાસેથી શાળાઓમાં મળવા યોગ્ય સુવિધાઓ અંગે અભિપ્રાય જાણવાનો પ્રયાસ કર્યો જેમાં જોવા મળ્યું કે સૌથી વધારે એટલે કે કુલ ૨૯ ઉત્તરદાતાને તેમને આશ્રમશાળાઓમાં ધોરણ પ્રમાણે વર્ગખંડ અને શિક્ષકોનો અભાવ જોવા મળ્યો હતો. ૧૭ ઉત્તરદાતાએ છાત્રાલયમાં પૂરતી સગવડો નથી એવું જણાવ્યું હતું. જ્યારે ૨૦ ઉત્તરદાતાએ શાળા કે છાત્રાલયમાં સંડાસ બાથરૂમની સુવિધા નથી એવો ઉત્તર આપ્યો હતો. ત્યારબાદ શાળામાં સુવિધા સંબંધી પ્રશ્નોમાં ન્હાવા માટેનું ગરમ પાણી કે પીવાના શુદ્ધ પાણીનો પ્રશ્ન છે એવુ ૧૩ ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતું. રમત-ગમતના સાધનો નથી, વીજળીની પૂરતી સુવિધા તેમજ તે

સંદર્ભમાં માળખાગત ઉપકરણો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી એવું ૧૩ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતુ, જેમાં મધ્ય ગુજરાતમાં ૭ અને દક્ષિણ ગુજરાતમાં ૪ ઉત્તરદાતાએ એક પ્રશ્ન તરીકે ગણાવ્યો હતો. આશ્રમશાળા ફરતે દિવાલ એટલે કે સુરક્ષા સંબંધી પ્રશ્નો ૮ ઉત્તરદાતાઓએ જણાવ્યા હતા.

આ આલેખ જોતા એવું લાગે છે કે વિદ્યાર્થીઓને સૌથી વધારે ભૌતિક સુવિધા સંદર્ભે પૂરતા ઓરડા, સંડાસ-બાથરૂમ પૂરતા ન હોય, પીવાના પાણીનો અભાવ વગેરે પ્રશ્ન સવિશેષ લાગે છે જ્યારે આરોગ્ય સંબંધી પ્રશ્નો અને નાના બાળકના દેખરેખના પ્રશ્નો ખૂબ ઓછા જોવા મળે છે.

૧૨. બાળકો દ્વારા વિવિધ પ્રશ્નોની શિક્ષકો પાસે રજૂઆત




નોંધઃ એક કરતા વધારે ઉત્તરો મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં વિદ્યાર્થીઓ આશ્રમશાળામાં શિક્ષણ દરમિયાન કેવાં કેવાં પ્રશ્નો શિક્ષકોને પૂછે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં ૪૨ આશ્રમશાળાઓમાં બાળકો શિક્ષકો પાસે પોતાની શારિરીક તકલીફ (આરોગ્ય અને સ્વાસ્થ્ય સબંધી) સંદર્ભે રજુઆત વધુ કરે છે એવું જાણવા મળ્યું. મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓમાંથી ૨૦ શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતમાંથી ૧૩ શિક્ષકો, ઉત્તર ગુજરાતમાંથી ૦૬ શિક્ષકોએ અને બિનઆદિવાસી વિસ્તારમાંથી ૦૩ શિક્ષકો આરોગ્ય પ્રશ્નોને લઈને બાળકો વધું પ્રશ્નોના સ્વરૂપે ફરિયાદ કરતાં હોય છે તેવું જણાવ્યું. ત્યારબાદ કુલ ૪૧

શિક્ષકોએ કેન્દ્રિત જૂથચર્ચા દ્વારા જણાવ્યું હતુ કે બાળકોને અભ્યાસ સંદર્ભે જોઈએ તો, પાઠોમાં સમજણ ન પડી હોય, ગણિત કે વિજ્ઞાનમાં દાખલા કે સિદ્ધાંતોની વ્યાખ્યામાં ખ્યાલ ન આવતો હોય અંગ્રેજી અને હિન્દીમાં શબ્દોનો અર્થ ન ખબર પડતો હોય તો બાળક મુંઝાય છે અને શિક્ષકને રજૂઆત કરે છે. વિષય સંદર્ભે જ્ઞાન મેળવવા બાળક શિક્ષકો પાસે જતા હોય એવું મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓમાંથી ૨૦ શિક્ષકોએ દક્ષિણ ગુજરાતનાં ૧૭ શિક્ષકોએ જણાવ્યુ હતું.

વિદ્યાર્થીઓના અન્ય મિત્રો સાથે ઝઘડા, જ્ઞાતિગત ભિન્નતાને કારણે મિત્રોને અંદરો અંદર ફાવતુ ન હોય, શારિરીક તંદુરસ્ત વિદ્યાર્થી શરીરે નબળા બાળકના દ્વારા હેરાનગતિ થતી હોય એવા કિસ્સાઓ પણ વિદ્યાર્થીઓ પોતાના પ્રશ્નો શિક્ષકોને જણાવે છે, જેમાં ૬૮ આશ્રમશાળાના શિક્ષકોની કેન્દ્રિત જૂથચર્ચામાં મધ્ય ગુજરાતના ૧૪ શિક્ષકો, દક્ષિણ ગુજરાતના ૦૯ શિક્ષકો, ઉત્તર ગુજરાતના ૦૬ શિક્ષકો અને બિનઆદિવાસી વિસ્તારના ૦૨ શિક્ષકો મળી કુલ ૩૧ શિક્ષકોને બાળકોએ તેમનાં વિવિધ સામાજિક પ્રશ્નોની પણ રજૂઆત કરતાં હોય છે.


ત્યારબાદ જોઈએ તો છાત્રાલય અને શાળા સંદર્ભના પ્રશ્નોની રજુઆત વિદ્યાર્થીઓ શિક્ષકો પાસે કરતાં હોય છે, જેમાં છાત્રાલયમાં પાણી ન આવતુ હોય, લાઈટ ન હોય, ચોમાસામાં પાણી પડતુ હોય, અમુક બાળકો નિયમિત ટુકડી મુજબનું કાર્ય ન કરતાં હોય, છાત્રાલયના સંડાસ-બાથરૂમમાં પુરતા સંસાધનો ન હોય જેવા પ્રશ્નો જણાવ્યાં. આમાં સૌથી વધારે પ્રશ્નો મધ્ય ગુજરાતના ૧૭ શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતના ૦૬ શિક્ષકોએ, ઉત્તર ગુજરાતના ૦૩ શિક્ષકોએ અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળા પૈકી ૦૨ શિક્ષકોએ જણાવ્યાં હતા.

ભોજન અંગેના પ્રશ્નો પણ આશ્રમશાળાના બાળકોના હોય છે એવું શિક્ષકોએ કેન્દ્રિત જૂથચર્ચા દરમ્યાન જણાવ્યું હતું, જેમાં ૦૭ મધ્ય ગુજરાતના, ૦૮ દક્ષિણ ગુજરાતના મળી કુલ ૧૫ શિક્ષકોએ આ પ્રશ્ન જણાવ્યો હતો. બાળકોને આશ્રમશાળામાં આપવામાં આવતાં દાળ-શાકનો સ્વાદ, રોટલીઓ તેમજ ભોજનમાં વિવિધતા નથી હોતી એવી રજુઆત પ્રશ્નોના સ્વરૂપે બાળકો શિક્ષકોને કરતાં હોય છે.

આ સાથે જ શિક્ષકોની સાથે બાળકો પોતાના માતા-પિતા કે વાલીઓના સંબંધોની કે ઘરની સ્થિતિ વગેરે બાબતો જે તેમને મુંઝવતાં હોય તેવા પ્રશ્નોની રજુઆત કરે છે, પરંતુ આવી રજૂઆત ઘણી ઓછી થાય છે એવું આલેખ સૂચવે છે. આ અંગે કુલ પાંચ શિક્ષકોએ જ જણાવ્યું. આ બાબતમાં સૌથી વધારે વાત મધ્ય ગુજરાતના આશ્રમશાળાના ૦૪ શિક્ષકો પાસેથી જાણવા મળી, બાકી બધા ઝોનમાં એક એક શિક્ષકોએ રજૂઆત કરી. બાળક પોતાના કુટંબની આર્થિક પરિસ્થિતિ અંગે પણ શિક્ષકો સાથે ચર્ચા કરે છે એવુ ઉત્તર ગુજરાતના ૦૨ શિક્ષકોએ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતા એક એક શિક્ષકોએ જુથચર્ચામાં વાત મુકી હતી.

આ આલેખ ઉપરથી તારવી શકાય કે શિક્ષકો સાથે વિદ્યાર્થીઓ સૌથી વધુ વાતો પ્રશ્નોના રૂપે પોતાના તેમજ અન્યના સ્વાસ્થય સંબંધી બાબતોની ચર્ચા કરે છે. અને સૌથી ઓછી ચર્ચા પોતાના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સંદર્ભે કરે છે.


૧૩. બાળકોને અભ્યાસ કરવામાં (શિક્ષણ મેળવવા) પડતી મુશ્કેલીઓ (વાલીઓના મતે)




નોંધઃ એક કરતા વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે વાલી તરીકે તમે હાલમાં તમારા બાળકની અભ્યાસ અંગેની કઈ કઈ મુશ્કેલીઓ જણાય છે આ પ્રશ્નના જવાબમાં ૪૨ (૧૨.૪%) વાલીઓને શાળામાં પૂરતાં શિક્ષકો નથી એવું જણાવ્યું, જેમાં બીન આદિવાસી વિસ્તારમાં ૮ વાલીઓએ, મધ્ય ગુજરાત ૨૦ વાલીઓએ અને ઉત્તર ગુજરાતમાં ૬ વાલીઓએ અપૂરતા પ્રમાણમાં શિક્ષકોએ મોટી મુશ્કેલી છે. શૈક્ષણિક સાધનો શાળામાં નથી એવું ૨૧ ઉત્તરદાતાઓ જણાવે છે. આ બાબતની મુશ્કેલી દરેક ઝોનની આશ્રમશાળામાં વ્યાપ્ત છે એવું પ્રાપ્ય ઉત્તરને આધારે જોવા મળ્યુ છે, જેમાં મધ્ય ગુજરાતના ૬, દક્ષિણ ગુજરાતના ૭ અને બિનઆદિવાસી વિસ્તારના ૫ વાલીઓ પાસેથી જાણવા મળ્યું. જ્યારે ૧૧ ઉત્તરદાતાઓએ પૂરતાં છાત્રાલય નથી અને ૬ ઉત્તરદાતાઓએ પૂરતાં વર્ગખંડ નથી એવું જણાવ્યુ હતું. આ પ્રશ્ન બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં પણ જોવા મળેલ છે.

## ૧૪. આશ્રમશાળામાં આચાર્ય-શિક્ષકોને પડતી મુશ્કેલીઓ




નોંધઃ એક કરતા વધુ જવાબ મળેલ છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકોના સર્વાંગી વિકાસ માટે તેઓને અભ્યાસ કરાવતા શિક્ષકોને સંતોષ હોવો એ ખૂબ જરૂરી છે. અહીં કાર્ય કરતાં શિક્ષકો પણ બાળકો સાથ ૨૪ કલાક માટે રહે છે આ આશયથી શિક્ષકોને આશ્રમશાળામાં રહેવા સંદર્ભે પડતી મુશ્કેલીઓ અને તેને નિવારવા માટે તેઓ શું વિચારી રહ્યા છે તે જાણવાનો પ્રયાસ પ્રસ્તુત આલેખમાં કરવામાં આવ્યો છે. તેમાં જણાય છે કે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત કે બિનઆદિવાસી વિસ્તારની પસંદગી યુક્ત આશ્રમશાળાઓમાં તમામ ઉત્તરદાતા તરીકે પસંદગી પામેલ શિક્ષકો શિક્ષક ઉપરાંત નિવાસી શાળા હોવાથી છાત્રાલયના ગૃહપતિ તરીકેની પણ ફરજ બજાવે છે. ૨૪ કલાકની નોકરી કરે છે. ૧ થી ૮ ધોરણ અભ્યાસ કરતાં નાના-મોટા તમામ ઉંમરના બાળકોની સંભાળ રાખવી પડે છે. એ સૌથી મહત્વ સમસ્યા છે એવું આશ્રમશાળાના ૬૦ શિક્ષકોને લાગે છે.


આશ્રમશાળામાં બાળકોને ગુજરાત રાજ્ય પુસ્તક મંડળ દ્વારા માન્ય અભ્યાસક્રમ ચાલે છે અને તે ગુજરાતીમાં હોવાથી શીખવવામાં તકલીફ પડે છે. દરેક વિષયના શિક્ષકો પણ ત્યાં જોવા મળતાં નથી. આ બધા જ કારણો પણ બાળકોની શિક્ષણની ગુણવત્તા સંદર્ભે ખૂબ પ્રયત્ન કરતાં હોવા છતાં નડતર સમાન લાગે છે. આશ્રમશાળામાં દરેક બાળક દીઠ રૂ.૧૫૦૦/- અનુદાન મળે છે પરંતુ મકાન મરામત કે સરકારી આવાસ બનાવવા માટે આશ્રમશાળાને જરૂરી ગ્રાંન્ટ મળતી નથી આથી ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાના ૮-૮ ઉત્તરદાતા, મધ્ય ગુજરાતના ૧૨ ઉત્તરદાતાઓ મળી કુલ ૨૮ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યુ કે શિક્ષકોને રહેવા પૂરતા પણ ક્વાટર્સ ઉપલબ્ધ નથી તેમજ ૨૬ ઉત્તરદાતાઓ જણાવે છે કે મકાનો જે આપવામાં આવ્યા છે જે ખૂબ જ જૂના થઈ ગયા છે, આથી ચોમાસાની ઋતુમાં ખૂબ પાણી ટપકે છે. બિનઆદિવાસી વિસ્તારના ૪ ઉત્તરદાતાએ વિષય શિક્ષકનો અભાવ, ગૃહપતિ તરીકેનું ભથ્થુ માત્ર ૩૦ મળે છે વગેરે પ્રશ્નો જણાવ્યા છે. નાની વયના બાળકો ભણતાં હોવાથી બિમારી કે અકસ્માત જેવા સંજોગોમાં મુશ્કેલી અનુભવાય છે એમ ૨૧ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું છે. આશ્રમશાળામાં નોકરી કરતાં હોવાને કારણે પોતાના સંતાનો કે સામાજિક પ્રસંગોમાં હાજરી આપી શકતા નથી એવું ૨૮ ઉત્તરદાતાઓ જણાવે છે.

આ ઉપરાંત આશ્રમશાળામાં ગૃહપતિ, ગૃહમાતા, ચોકીદાર કે રસોઈયા નથી એવું ઉત્તર ગુજરાતમાં ૮ ઉત્તરદાતાએ, મધ્ય ગુજરાતમાં ૩ ઉત્તરદાતાએ, દક્ષિણ ગુજરાતમાં ૫ ઉત્તરદાતાએ તેમજ ૧૬ ઉત્તરદાતાએ જવાબ આપ્યો છે. ઉત્તર ગુજરાતમાંથી ૧, દક્ષિણ ગુજરાતમાંથી ૨, મધ્ય ગુજરાત મળી કુલ ૬ આશ્રમશાળા મળી કુલ ૯ શિક્ષક ઉત્તરદાતાઓએ વિષયવાર શિક્ષકોનો અભાવ છે એવું જાણવા મળ્યુ હતું. નિવાસીશાળા હોવાથી વેકેશન દરમ્યાન પણ શિક્ષકોને અહીં

રોકાવુ પડે છે. એવો ઉત્તર ગુજરાતની કુલ ૨૧ આશ્રમશાળામાંથી પ્રાપ્ત થયો હતો એવું જેમાં સૌથી વધારે મધ્ય ગુજરાતની આશ્રમશાળામાંથી જાણવા મળ્યુ હતું.

આ ઉપરથી તારણ કાઢી શકાય છે કે શિક્ષકોને શૈક્ષણિક કામગીરી સાથે ૨૪ કલાક અને ૭ દિવસની છાત્રાલયની જવાબદારી સવિશેષ છે. આ ઉપરાંત ગૃહપતિ, ગૃહમાતાનું ભથ્થુ, આવાસની તકલીફો, સ્ત્રી શિક્ષક, અપૂરતા ઓરડા, શૈક્ષણિક સાધનોનો અભાવ, ૨૪ કલાકની નોકરી, શૈક્ષણિક કાર્ય કરતાં વધારેની કામગીરી, રજાઓમાં હાજર રહેવું પડે વગેરે બાબત ઉત્તરદાતાએ ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રશ્નો ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળામાં વધુ જોવા મળે છે.

૧૫. વિદ્યાર્થીઓને રાત્રે શૌચાલય જવામાં અનુભવાતી મુશ્કેલીઓ





નોંધઃ એક કરતા વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખનું વર્ગીકરણ કરતાં જણાય છે કે ૬૮ આશ્રમશાળાઓના પાંચમા ધોરણ લઈ આઠમાં ધોરણના અભ્યાસ કરતાં ૮૧૬ વિદ્યાર્થીઓને છાત્રાલયમાંથી રાત્રિ દરમ્યાન શૌચાલયમાં સંડાસ-બાથરૂમ માટે જવામાં કોઈને કોઈ તકલીફ પડે છે. દરેક ઝોનની આશ્રમશાળાઓમાંથી જુદા જુદા જવાબો મળ્યા હતા. ઝેરી જીવજંતુ કરડવાની બીક લાગે છે એવું દરેક ઝોનની મળી કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી નિદર્શન હેઠળ પસંદ કરેલ ઉત્તરદાતાઓ પૈકી ૧૭ એ જણાવ્યુ હતુ. જ્યારે સંડાસ-બાથરૂમમાં વીજળીનું કનેક્શન ન હોવાથી ડર લાગે છે એવું કુલ ૧૬ વિદ્યાર્થીઓએ જણાવ્યુ, જેમાં મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓ પૈકી ૭ આશ્રમશાળાઓમાં સવિશેષ વિદ્યાર્થીઓ પાસે તે જણાવા મળ્યુ હતું. બિનઆદિવાસી વિસ્તારની ૦૧ આશ્રમશાળાએ આ પ્રકારની મુશ્કેલી જણાવી હતી. પીવાના પાણીની સુવિધાનો પ્રશ્ન બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળામાં

જોવા મળતો નથી પરંતુ મધ્ય ગુજરાતની ૦૨ અને ઉત્તર ગુજરાતની ૦૧ આશ્રમશાળામાં વિદ્યાર્થીને આ પ્રશ્ન અનુભવાય છે.

આ ઉપરથી તારણ કાઢી શકાય છે કે છાત્રાલયમાં જીવજંતુનો બાળકોને ડર લાગે છે, જેમાં દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓના છાત્રાલયની આસપાસ વધુ ઝાડીઝાંખરા અથવા ઝાડ હોય અને અંધારૂં હોવાથી બાળકને રાત્રી દરમ્યાન ડર અનુભવે છે. પીવાના પાણીનો પ્રશ્ન ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વધુ જોવા મળે છે. જ્યારે વીજળી ન હોવાને કારણે બાળકોને ડર લાગતો હોય એવું મધ્ય ગુજરાતમાં વધુ જોવા મળે છે. આથી આશ્રમશાળામાં શાળાના મકાનમાં અને છાત્રાલયની આસપાસની જગ્યાની સફાઈ, લાઈટની સુવિધા હોવી જોઈએ જેથી બાળક ડરે નહી.

૧૬. આશ્રમશાળાના ઓરડાઓ, શૌચાલય અને બાથરૂમની સ્થિતિ





પ્રસ્તુત આલેખમાં વિદ્યાર્થીઓને ઉત્તરદાતા તરીકે પૂછવામાં આવ્યું કે તમે શાળામાં ભણો છો એ ઓરડાની અને છાત્રાલયના જે ઓરડામાં ઊંઘો છો એ ઓરડાની સ્થિતિ કેવી છે તેમજ શૌચાલય અને બાથરૂમના બારણાઓની સ્થિતિ કેવી છે તે જાણવાનો પ્રત્ન કર્યો છે. ધાબામાંથી ચોમાસા દરમ્યાન પાણી ટપકે છે તો તેના ઉત્તરમાં વિદ્યાર્થીઓએ ઝોન પ્રમાણે અલગ અલગ જવાબ આપ્યા હતા, જેમાં ૨૮ (૮.૪%) ઉત્તરદાતાએ હા પાડી હતી અને ૪૦ ઉત્તરદાતાએ ના પાડી હતી. જ્યારે બીજા પ્રશ્નમાં શૌચાલયને બારણાં નથી એવું ૫૯ ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતું.

બિનઆદિવાસી વિસ્તારની બધી આશ્રમશાળામાં ભણવાના ઓરડામાં કે સૂવાના ઓરડામાં પાણી ટપકતું નથી, પરંતુ શૌચાલય અને નાવણીયાને બારણાં છે એમાં માત્ર ૩ ઉત્તરદાતાએ હા પાડી. જ્યારે એક એક ઉત્તરદાતાઓએ ના પ્રત્યુત્તર મળ્યો. પ્રત્યેક ઝોન મુજબની ૬૮ આશ્રમશાળામાંથી ૨૮ આશ્રમશાળામાં પાણી ટપકે છે. જ્યારે શૌચાલયને અને નાવણીયાને બારણાં છે એવું ૧૦ આશ્રમશાળામાંથી હા પાડી હતી.

આ ઉપર તારણ કાઢી શકાય કે ૬૮ આશ્રમશાળાના સૂવાના ઓરડા કે ભણવાના ઓરડાની છતની સ્થિતિ સારી નથી જ્યારે ૪૦ આશ્રમશાળામાં મકાનોની છતની સ્થિતિ સારી છે. જ્યારે સહશિક્ષણવાળી શાળા અને છાત્રાલયનાં શૌચાલયમાં બારણાં હોવા એ આવશ્યક બાબત છે. ૬૮ માંથી ૫૯ આશ્રમશાળાના શૌચાલયને બારણાં છે અને ૯ આશ્રમશાળાના શૌચાલયમાં બારણાં નથી એટલે આ ૯ આશ્રમશાળાના શૌચાલયને દરવાજાનો તૂટેલા બારણાં છે અથવા નથી તેવી સ્થિતિ છે. જ્યારે ૬૮ માંથી ૧૦ આશ્રમશાળાના નાવણીયાને બારણાં નથી. આમ, સહશિક્ષણવાળી આશ્રમશાળાઓમાં જ્યાં તરુણાવસ્થામાં પહોંચેલા વિદ્યાર્થીઓ હોય ત્યાં શૌચાલયને કે નાવણીયાને બારણાં ન હોય એ ખૂબ ગંભીર બાબત ગણી શકાય.

૧૭. બાળકોની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટેના શિક્ષકોના પ્રયત્નો





નોંધઃ એક કરતા વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત આલેખની સંખ્યાકીય બાબતોનું વર્ગીકરણ કરતાં જણાય છે કે બાળકોના શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષકો જુદાં જુદાં પ્રયાસો કરતાં હોય છે. દરેક ઝોનની આશ્રમશાળાના

શિક્ષકો સાથે કરવામાં આવેલ કેન્દ્રિત જૂથચર્ચામાં મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓ પૈકી ૨૬ આશ્રમશાળામાં શિક્ષકો પોતે શાળા સિવાયના સમયે કે વધારાના સમયે નબળા બાળકોને પોતાની પાસે બેસાડીને અભ્યાસ કરાવે છે. આવો જ પ્રત્યુત્તર દક્ષિણ ગુજરાતના ૧૫ આશ્રમશાળામાં શિક્ષકોએ કેન્દ્રીત જૂથચર્ચા દરમ્યાન આપ્યો. ઉત્તર ગુજરાતના ૦૬ આશ્રમશાળામાં શિક્ષકો અને બિનઆદિવાસી વિસ્તારના ૦૩ આશ્રમશાળામાં શિક્ષકો મળી કુલ ૫૦ શિક્ષકોએ આ પ્રકારનો જવાબ આપ્યો, જે સૌથી વધારે સંખ્યામાં જાણવા મળ્યો. બાળકોને ભણાવતી વખતે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરતા હોય અથવા કરવા માટેની સગવડ કરી શકતા હોય એવું કુલ ૦૭ આશ્રમશાળામાં શિક્ષકો જવાબ આપ્યો, જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતના ૦૫ આશ્રમશાળામાં શિક્ષકોએ જવાબ આપ્યો કે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા અમે બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં સુધારણા લાવવાનો પ્રયાસ કરીએ છીએ. બાળકોની શૈક્ષણિક સુધારણા માટે ૦૭ આશ્રમશાળામાં શિક્ષકો દ્વારા હોંશિયાર વિદ્યાર્થીઓના સહયોગથી નબળા બાળકોને અભ્યાસમાં મહાવરો થાય એવા પ્રયાસો કરે છે અને સૌથી ઓછા એટલે કે ૨ આશ્રમશાળામાં શિક્ષકો સ્વૈચ્છીક સંસ્થાનો સહયોગ કે અન્ય શાળાના શિક્ષકોની મદદ લઈને બાળકોની શૈક્ષણિક ગુણવત્તા સુધારવાના પ્રયત્નો કરે છે.

ઉપરોક્ત આલેખના વર્ગીકરણ ઉપરથી તારણમાં કહી શકાય કે ચારેય ઝોનમાં સૌથી વધારે એટલે કે ૫૦ આશ્રમશાળામાં શિક્ષકો નવરાશના સમયમાં બાળકોને ભણાવે છે.

૧૮. શૈક્ષણિક પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટેના શિક્ષકોના પ્રયત્નો




નોંધઃ એક કરતાં વધુ ઉત્તરો મળેલ છે.

આશ્રમશાળા યથાસ્થિતિ મૂલ્યાંકન અભ્યાસ અંતર્ગત ગુજરાતની ૪૫૨ આશ્રમશાળાઓનું પ્રતિનિધિત્વ કરી શકે એવી ૬૮ આશ્રમશાળાઓ ૧૫% પ્રમાણે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને બિનઆદિવાસીમાંથી લેવામાં આવી હતી. ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં કાર્યરત શિક્ષકો સાથે કેન્દ્રિત જૂથ ચર્ચા કરવામાં આવી. આ કેન્દ્રિત જૂથમાં મુલાકાત માર્ગદર્શિકા દ્વારા પ્રશ્નો પુછવામાં આવ્યા. શિક્ષકોને આશ્રમશાળામાં શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કરવામાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કઈ રીતે લાવે છે. આ બાબતે ઉત્તરદાતા તરીકે શિક્ષકોના જુદાં જુદાં પ્રતિભાવો સાંભળવા મળ્યાં હતાં, જેમકે આશ્રમશાળામાં જે બાળકો અભ્યાસમાં નબળાં હોય, ભણવામાં ધ્યાન ન રાખતાં હોય તેવા બાળકોને શાળામાં તેમજ શાળા છૂટ્યા બાદ છાત્રાવાસના કલાકોમાં અમે સાથે બેસીને અભ્યાસક્રમનુ પુનરાવર્તન કરાવીએ છીએ એવું ૩૭ શિક્ષકોએ જણાવ્યું. ૧૧ શિક્ષકોએ જૂથમાં પ્રશ્નોના ઉકેલ માટે એવું પણ જણાવ્યું હતું કે બાળકો અભ્યાસમાં નબળા હોય એ મુશ્કેલી અમને ખૂબ નડે છે, આનો ઉકેલ અમે અમારી રીતે લાવીએ છીએ, જેમાં હોંશિયાર છોકરાઓ સાથે થોડા નબળા બાળકોને અભ્યાસ કરવા બેસાડીને અભ્યાસમાં પાછળ રહી જતાં હોય એને મદદ કરીએ છીએ. સ્થાનિક ગામમાંથી કોઈ શિક્ષિત યુવાન હોય અથવા વૃદ્ધ નિવૃત્ત શિક્ષક હોય તો તેને શાળામાં બોલાવી એમની સાથે બાળકોને અભ્યાસક્રમના કઠિન લાગતા એકમોને હલ કરવા માટે બેસાડીએ છીએ.


આશ્રમશાળામાં શિક્ષકોની પણ ઊણપ વર્તાય છે, તેથી બહારથી શિક્ષકોને બોલાવીએ છીએ એવા જવાબ સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૦૫ શાળાના શિક્ષકો અને સૌથી ઓછાં ઉત્તર ગુજરાતની આશ્રમશાળામાં શિક્ષકો પાસેથી સાંભળવા મળ્યા. શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલમાં શિક્ષકો અંદરો અંદર મળીને આંતરિક રીતે ઉકેલ લાવે છે એવું મધ્ય ગુજરાતના ૧૩, દક્ષિણ ગુજરાતના ૦૯, ઉત્તર ગુજરાતના ૦૨ અને બિનઆદિવાસી વિસ્તારના ૦૧ ઉત્તરદાતાઓએ મળી કુલ ૨૫ શિક્ષકોએ શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલો આંતરિક રીતે લાવીએ છીએ તેમ જણાવે છે.

શૈક્ષણિક પ્રશ્નોના નિરાકરણ માટે શિક્ષકોએ એવી પણ એક રજૂઆત કરી હતી કે અમે આશ્રમશાળામાં શિક્ષકોની હંગામી ધોરણે ભરતી કરવા સંચાલક મંડળને રજૂઆત કરીએ છીએ, આ પ્રત્યુત્તર ૧૫ શિક્ષકોએ આપ્યો, જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતના ૦૭ શિક્ષકોએ જૂથમાં જણાવ્યું. પ્રશ્નોના નિરાકરણ માટે સંચાલક મંડળ સિવાય ઉચ્ચ કક્ષાએ પણ મૌખિક કે લેખિતમાં રજૂઆત કરીએ છીએ. આ પ્રકારનો પ્રત્યુત્તર મધ્ય ગુજરાતના ૦૫ ઉત્તરદાતાઓએ અને દક્ષિણ ગુજરાતના ૦૧ ઉત્તરદાતાએ જવાબ જણાવ્યો હતો.

આમ, આશ્રમશાળામાં નબળા બાળકોના શૈક્ષણિક પ્રશ્નોના નિવારણમાં શિક્ષકો જાતે જ વિદ્યાર્થીઓને વધારાના સમયમાં ભણાવીને વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી પ્રશ્ન હલ કરવામાં મદદ કરે

એવું મોટી સંખ્યામાં ૩૭ ઉત્તરદાતાએ જણાવ્યું. જ્યારે સંચાલક મંડળ કે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરીને પ્રશ્નોના ઉકેલ લાવે છે એવું ૦૬ શિક્ષકોએ જણાવ્યું જેનું પ્રમાણ સૌથી ઓછું છે.

૧૯. ભોજનની ગુણવત્તા અને પોષણક્ષમતા સુધારવા માટે શિક્ષકો દ્વારા દેખરેખ (પ્રયત્નો)




નોંધઃ એક કરતા વધુ જવાબ મળેલ છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરનાર તમામ બાળકો છાત્રાવાસમાં રહે છે ત્યાં જ તેમને ભોજન આપવામાં આવે છે. આ બાળકો માટે છાત્રાવાસમાં પોષણક્ષમ ખોરાક અને ભોજનની ગુણવત્તા જાળવવામાં શિક્ષક તરીકે પોતે શું કરે છે એ પ્રશ્ન પુછવામાં આવ્યો. આશ્રમશાળામાં જે શિક્ષકો નોકરી કરે છે. તે તમામને ૨૪ કલાક ફરજ ઉપર હાજર રહેવાનું હોય છે. આથી છાત્રાવાસમાં ગૃહપતિ કે ગૃહમાતાની જવાબદારી પણ તેઓએ વહન કરવાની થાય છે, જેમાં શિક્ષકોએ સૌથી વધારે અનાજ, કરિયાણું, કઠોળ, ધન-ધાન્ય વગેરેને નિયમિત સફાઈ કરાવવાની કામગીરી વિશેષ કરતા હોય એવું જોવા મળે છે. ઝોન પ્રમાણે જોઈએ તો મધ્ય ગુજરાતમાં ૧૯, દક્ષિણ ગુજરાતમાં ૧૩, ઉત્તર ગુજરાતમાં ૪ આશ્રમશાળા અને બિનઆદિવાસી વિસ્તારની ૪ આશ્રમશાળાઓના શિક્ષકો પાસેથી આ બાબત જાણવા મળી હતી. કુલ ૩૮ શિક્ષકોએ અનાજની સાફસફાઈ કરાવી પોષણયુક્ત ખોરાક મળે એવી દેખરેખ રાખે છે તેમ જણાવ્યું.


આશ્રમશાળાની આસપાસ થતાં લીલા શાકભાજી, દૂધ, ફળો બાળકોને ખવરાવતાં હોય એવું ૩૦ શિક્ષકોએ જવાબ આપ્યો. જ્યારે ૨૯ શિક્ષકોએ જણાવ્યું હતું કે છાત્રાવાસમાં જ્યારે રસોઈ

બનતી હોય ત્યારે તેઓ પોતે હાજર રહે છે. તેઓ માને છે કે રસોઈ બનતી હોય ત્યારે જાતે જઈને શિક્ષકો ઊભા રહે ત્યારે તેમની હાજરીને કારણે રસોડાની સ્વચ્છતા અને ભોજનની ગુણવત્તા જળવાઈ શકે છે. ભોજનની ગુણવત્તા જાળવવા માટે ૧૯ જેટલા શિક્ષકો રસોઈઘર અને રસોઈ વપરાતાં સાધનો ધોયેલાં, લૂછેલાં ચોખ્ખા છે કે નહી તે પોતે જુએ છે, જો તેમ ન હોય તો સાફ કરાવે છે એવું પણ જણાવ્યું.

આ ઉપરાંત રસોયાની સ્વચ્છતા, જે બાળકો પીરસતાં હોય તેની વ્યક્તિગત સ્વચ્છતાનું ધ્યાન રાખે છે જે કુલ ૧૨ શિક્ષકોએ જણાવ્યું. આદિજાતિ વિકાસ વિભાગ તરફથી દૂધ સંજીવની યોજના અંતર્ગત આશ્રમશાળાના બાળકોને ૨૦૦ એમ.એલ. દૂધ મળી રહે અને બાળકની સમતોલ આહારની ઊણપ સારે એ હેતુથી દૂધ સંજીવની યોજનામાં મળતું દૂધ બાળકને પીવરાવતાં હોય અને એ અંગે પોતે દેખરેખ રાખતાં હોય એવું શિક્ષકોએ કેન્દ્રીત જૂથચર્ચા દરમ્યાન જણાવ્યું હતુ.

આમ ઉપરોક્ત આલેખના વિવરણના અંતે તારણ કાઢી શકાય ભોજનની ગુણવત્તા જાળવવા તેમજ બાળકને પોષણયુક્ત આહાર મળી રહે એ માટે સૌથી વધારે પ્રયાસ અનાજની સ્વચ્છતા અને જાળવણી માટે કરવામાં આવે છે, કારણ કે સૌથી વધારે જવાબ આ સંદર્ભે મળ્યા છે જ્યારે દૂધ સંજીવની દ્વારા મળતું દૂધ બાળક નિયમિત રીતે પીવે એવું માત્ર મધ્ય ગુજરાતના એક શિક્ષકે જણાવ્યું, જેની સંખ્યા સૌથી ઓછી છે.

૨૦. આશ્રમશાળાની ભૌતિક-માળખાગત સુવિધાઓ સુધારવા માટે શિક્ષકો દ્વારા કરવામાં આવતા પ્રયત્નો





નોંધ – એક કરતા વધુ જવાબ મળેલ છે.

અભ્યાસની ૬૮ આશ્રમશાળાના શિક્ષકો સાથે કરવામાં આવેલ કેન્દ્રિત જૂથચર્ચાની અનુસૂચિમાં શાળામાં ભૌતિક અને માળખાગત સુવિધાઓ સુધારવા માટે તેઓ શું પ્રયત્નો કરે છે એવો પ્રશ્ન પૂછ્યો તેના જવાબમાં શિક્ષકોએ એક કરતાં વધારે જવાબો આપ્યા હતા. આ સંદર્ભે આશ્રમશાળાની ભૌતિક માળખાગત સુવિધાઓ સુધારવા અંગેની જાણ સૌથી વધારે એટલે કે ૪૪ શિક્ષકો સંચાલક મંડળને કરે છે, જેમાં મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓમાંથી ૨૫ શિક્ષકો, દક્ષિણ ગુજરાત આશ્રમશાળામાંથી ૦૮ શિક્ષકો, દક્ષિણ ગુજરાતની આશ્રમશાળામાંથી ૦૭ શિક્ષકો અને બિનઆદિવાસી ક્ષેત્રની આશ્રમશઆળામાંથી ૦૪ શિક્ષકોનો સમાવેશ થાય છે. ત્યારે મધ્ય ગુજરાતના ૦૭ શિક્ષકો અને દક્ષિણ ગુજરાતના ૦૬ શિક્ષકો મળી, કુલ ૧૩ શિક્ષકોએ જણાવ્યુ કે અમે સુવિધાઓ સંદર્ભે જ્યારે સંચાલક મંડળને રજૂઆત કરીએ પરંતુ જો કોઈ પગલાં ન લેવાય તો અમે જે ગામમાં આશ્રમશાળા હોય તે ગામના સ્થાનિક આગેવાનોને, ગ્રામ પંચાયતના સભ્યો કે આશ્રમશાળા શાખાના ઉચ્ચ અધિકારી કે આદિજાતિ વિભાગ, ગાંધીનગરને જાણ કરીએ છીએ.

શાળાની ભૌતિક અને માળખાગત સુવિધાઓ સુધારવા માટે ઉત્તર ગુજરાતના ૦૨ શિક્ષકો, દક્ષિણ ગુજરાતના ૦૩ શિક્ષકો અને બિનઆદિવાસી વિસ્તારના ૦૧ શિક્ષકોએ કેન્દ્રિત જૂથચર્ચા દરમ્યાન એક એવો પણ જવાબ આપ્યો કે અમારી પાસે કોઈ વિકલ્પ ન હોય તેવા સંજોગોમાં અમે શિક્ષકો પોતાના અંગત નાણાં ખર્ચીને એટલે કે ફાળો કરીને શાળાની કે છાત્રાલય જરૂરી સગવડ ઊભી કરીએ છીએ કે સુધારીએ છીએ. આ મત આપનાર ૦૬ શિક્ષકો હતા. શાળાની સગવડ ઊભી કરવા માટે શિક્ષકો ગામના કે અન્ય તાલુકા શહેરના પોતાની વગ દ્વારા દાતાઓ પાસેથી દાન પેટે નાણાં લાવી સગવડ કરનાર ૦૮ શિક્ષકોએ કેન્દ્રિત જૂથચર્ચા દરમ્યાન જણાવ્યુ. જેમાં સૌથી વધારે મત દક્ષિણ ગુજરાત ૦૬ શિક્ષકો, ઉત્તર અને દક્ષિણ ઝોનની આશ્રમશાળામાંથી એક-એક શિક્ષકે આ જવાબ આપ્યો હતો.

ઉપરોક્ત આલેખના વિવરણને આધારે તારણ કાઢી શકીએ આશ્રમશાળાની ભૌતિક અને માળખાગત સુવિધાઓ સુધારવા ૪૪ શિક્ષકો સંચાલક મંડળને જ જાણ કરે છે, જેની સંખ્યા સૌથી વધારે છે. શિક્ષકો આદિજાતિ વિકાસ તરફથી મળતા અનુદાનના આધારે જ સંચાલકો આશ્રમશાળા છાત્રાલયોની સુવિધા પૂરી પાડે એવું સ્વીકારે છે. જ્યારે ૦૬ શિક્ષકો જ જણાવે છે કે અમે ફાળો ઉઘરાવીને સગવડ કરીએ છીએ જે સૌથી ઓછી સંખ્યા છે. આમ જોવા જઈએ માનવીય અભિગમની દ્રષ્ટિએ આ સારી બાબત છે, પરંતુ આ સગવડ ચોક્કસ માળખાગત વ્યવસ્થામાં જ ઊભી થવી જોઈએ એવું શિક્ષકોએ વારંવાર કેન્દ્રિત જૂથચર્ચા જણાવ્યું હતું.

૨૧. આશ્રમશાળા અંગેના સૂચનો




નોંધ – એક કરતા વધુ ઉત્તરો મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં ઉત્તરદાત્તાઓ આશ્રમશાળા વ્યવસ્થાપન અંગે સૂચનો કર્યા હતા જેમાં સૌથી વધારે ૨૯૬ (૪૭.૯%) ઉત્તરદાતાઓએ જણાવ્યું કે આશ્રમશાળા અને છાત્રાલયમાં માળખાગત ભૌતિક-માળખાગત સુવિધાઓ વધારવી જોઈએ. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા દરેક આશ્રમશાળા તરફથી શૈક્ષણિક નિભાવ ખર્ચ તેમજ વહીવટી ખર્ચ પેટે નાણાકીય સહાય કરે છે. શાળામાં માન્ય સંખ્યા માટે એક બાળક દીઠ રૂ.૧૫૦૦/- આપવામાં આવે છે. સંચાલક મંડળ દ્વારા આ નાણાં સદ્ઉપયોગ થાય એ જરૂરી છે. જો એમ કરવામાં આવે તો દરેક આશ્રમશાળામાં ભણનાર

વિદ્યાર્થીઓ લઘુત્તમ સુવિધાઓથી વંચિત ન રહે. આ આલેખ દ્વારા જાણી શકાય છે કે ૮૧ ઉત્તરદાતાએ આશ્રમશાળામાં શિક્ષણની ગુણવત્તા અંગે સુધારવી જોઈએ એમ જણાવ્યું.

આશ્રમશાળામાં પ્રયોગશાળા/ગ્રંથાલય અને કોમ્પ્યુટર લેબ હોવી જોઈએ એવું ૪૬ ઉત્તરદાતાએ જણાવ્યું આજના પ્રવર્તમાન યુગમાં ઈ-માહિતી વિસ્ફોટના જમાનામાં કોમ્પ્યુટર વીથ ઈન્ટરનેટ કનેક્શન દરેક શાળામાં હોવું જોઈએ. આ સૂચન ખૂબજ ઉપયોગી સાબિત થઈ શકે એમ છે. આ અંગેના ઉત્તર ગુજરાતમાંથી ૦૧, મધ્ય ગુજરાતમાંથી ૨૨ અને દક્ષિણ ગુજરાતમાંથી ૧૭ એ જણાવ્યું હતું. શાળા છાત્રાલયના મકાનોનું નવીનિકરણની વાત ૩૪ ઉત્તરદાતાઓએ સૂચન રૂપે જણાવી હતી જેમાં ૧૮ દક્ષિણ ગુજરાતમાંથી, ૧૪ મધ્ય ગુજરાતામાંથી ૨ ઉત્તર ગુજરાતમાંથી જણાવી. શાળા અંગે સૂચનો કરવામાં બિનઆદિવાસી વિસ્તારના ઉત્તરદાતાઓએ પ્રયોગશાળા, કોમ્પ્યુટર લેબ, શાળામાં સ્ટાફની ભરતી કરવા સિવાય કોઈ સૂચન કર્યું નહોતું.


શાળામાં મહેકમ અનુસાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી વિભાગ તરફથી અને સંચાલક મંડળ દ્વારા કરવી જોઈએ એવું પણ સૂચન કરવામાં આવ્યુ હતું. જેમાં ઉત્તર ગુજરાતમાંથી ૧૨, દક્ષિણ ગુજરાતમાંથી ૧૫, બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાના પ્રતિનિધિરૂપ ૮ ઉત્તરદાતાઓએ અને મધ્ય ગુજરાતમાંથી ૪ એ જણાવ્યુ. શિક્ષકો દ્વારા આશ્રમશાળામાં બાળકોની સંખ્યા પ્રમાણે તેમજ નિવાસીશાળા હોવાને કારણે પૂરતા પ્રમાણ સ્ટાફની નિમણૂક થવી જ જોઈએ, જે સૂચન વ્યવસ્થાતંત્રની દ્રષ્ટિએ આવકાર્ય છે.

આદિવાસી સમુદાયની સામાજિક-સાંસ્કૃતિક બાબતો અન્ય સમાજ કરતાં જુદી જોવા મળે છે બાળક અંતરમુખી વિશેષ જોવા મળે છે. બાળકના મનોવૈજ્ઞાનિક કે બૌધ્ધીક વિકાસ અન્ય બાળકો કરતાં જુદો જોવા મળે છે. આવી જ માન્યતા સાથે ઉત્તરદાતાએ બાળકોને શિક્ષણ સાથે તેમના વ્યક્તિત્વ વિકાસ અને કૌશલ્યવર્ધન પ્રવૃત્તિઓ કરાવવા પર ભાર મૂક્યો. જેમાં દક્ષિણ ગુજરાતની આશ્રમશાળામાંથી ૧૩, મધ્ય ગુજરાતમાંથી ૧૬ અને ઉત્તર ગુજરાતમાંથી ૬ એ જણાવ્યુ, એટલે કે ૩૫ ઉત્તરદાતાઓ આ પ્રકારનો પ્રત્યુત્તર આપ્યો હતો.

ભારતના આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ વધે એ માટે સરકારશ્રી દ્વારા વિવિધ યોજના અંતર્ગત નાણાંકીય સહાય અને સંકલન કરવામાં આવે છે. આદિજાતિ વિભાગની નાણાંકીય સહાય દ્વારા અને સ્વૈચ્છિક સંસ્થા કે મંડળના સંચાલનથી ચાલતી બુનિયાદી શિક્ષણ કે નઈ તાલીમ આધારિત આશ્રમશાળા વહીવટી કામકાજ કે શૈક્ષણિક કાર્યના મૂલ્યાંકન માટે ચોક્કસ નીતિનિયમો બનાવવામાં આવ્યા છે. એ મુજબ શાળાઓ ચાલવી જોઈએ એવું પણ કેટલાંક ઉત્તરદાતાઓને લાગે છે. કુલ ૩૦ એ આ પ્રકારનું સૂચન કર્યું જેમાં દક્ષિણ ગુજરાતમાં ૧૮ પાસેથી જાણવા મળ્યું. મધ્ય ગુજરાતમાં ૯ પાસેથી અને ઉત્તર ગુજરાતમાંથી ૩ પાસેથી જાણવા મળ્યું છે.

આશ્રમશાળામાં બાળકોના આનંદ પ્રમોદની વ્યવસ્થા હોવી જોઈએ એવું પણ ૨૭ જણાવા મળ્યું છે. શૈક્ષણિક લોકભાગીદારી હોવી એવું ૨૯ જણાયું. જેમાં સૌથી વધારે મધ્ય ગુજરાતમાંથી ૧૮ જણાયુ. આ ઉપરાંત શાળામાં અને છાત્રાલયમાં સ્વચ્છતા હોવી એવું ૨૬ જણાવ્યું. આસાથે ગુણવત્તાયુક્ત ભોજન અને ટેક્નિકલ શિક્ષણ આપવું જોઈએ એવું પણ સૂચન જણાવ્યું છે.

૨૨. શાળાકીય પ્રવૃત્તિ સંબંધી શિક્ષકોના સૂચનો




નોંધ - એક કરતા વધારે જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં ૬૮ આશ્રમશાળાના શિક્ષકો સાથે કેન્દ્રીત જૂથચર્ચા દ્વારા શાળાકીય પ્રવૃત્તિ અંગે સૂચનોમાં કુલ ૪૯ શિક્ષકો જણાવ્યું કે બાળકોની શારીરિક ક્ષમતા અને માનસિક સજ્જતા વધે એ માટે સ્પર્ધા, હરિફાઈ, શાળા રમતોત્સવ, નાના સ્થાનિક શૈક્ષણિક પ્રવાસ પર્યટનનું આયોજન કરવું જોઈએ. તેવું સૌથી વધારે ૩૯ શિક્ષકોએ જણાવ્યું, જેમાં મધ્ય ગુજરાતના ૨૪


શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતના ૧૯ શિક્ષકોએ, ઉત્તર ગુજરાતના ૦૪ શિક્ષકોએ અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાના ૦૨ શિક્ષકોએ જણાવ્યું.

૧૭ શિક્ષકોએ અસરકારક શિક્ષણ અંગે જણાવ્યું કે માત્ર બોલવાથી જ નહી, પરંતુ બાળકોને ટી.વી. પ્રોગ્રામ દ્વારા, શૈક્ષણિક કોમ્પેક્ટ ડીશ દ્વારા વિષય સંદર્ભે જ્ઞાન આપવામાં આવે તો તે જલ્દીથી શીખી શકે છે, જેમાં મધ્ય ગુજરાતના ૦૭ શિક્ષકોએ અને દક્ષિણ ગુજરાતના ૦૮ શિક્ષકોએ તેમજ ઉત્તર ગુજરાતના ૦૨ શિક્ષકોએ પણ આ પ્રકારે જવાબ આપ્યા હતા. અહીં ૦૩ શિક્ષકો એ પોષણક્ષમ આહારની વાત પણ મૂકી, શાળામાં શ્રમકાર્ય ન કરાવવું જોઈએ એવું ૦૨ શિક્ષકો જે ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી જણાવ્યું હતું.

જીલ્લા પંચાયતની શાળાના શિક્ષકો સાથે શૈક્ષણિક આદાન પ્રદાન થવુ જોઈએ એવું ૦૬ શિક્ષકોએ સૂચન કર્યું હતું. ૦૪ શિક્ષકોએ કહ્યું કે શિક્ષકોની ક્ષમતા વર્ધન માટે તાલીમોનું પણ આયોજન થવું જોઈએ એવું જણાવ્યું. તાલીમ મેળવવાથી શિક્ષકો નવા આયામોથી માહિતગાર થાય છે. ઉપરોક્ત આલેખ જોતાં જણાય છે કે શિક્ષકોએ ઉચ્ચસ્તરીય સ્વમૂલ્યાંકનનું સૂચન માત્ર ૦૧ શિક્ષકે જ કર્યું હતું. અહીં પાંચ શિક્ષકો જે આશ્રમશાળામાં શિક્ષકો ખૂટે છે ત્યાં શિક્ષકોની ભરતી થવી જોઈએ એવા પણ સૂચનો થયા છે.

ઉપરોક્ત આલેખને આધારે કહી શકાય છે કે આશ્રમશાળાના સુચારુ શાળાકીય પ્રવૃત્તિ સંબંધે ચારેય ઝોનમાં શિક્ષકોએ અલગ-અલગ સૂચનો કર્યા. એમાં સૌથી વધારે બાળકોની શારીરિક ક્ષમતા અને માનસિક વિકાસ થાય એ માટે ૪૯ શિક્ષકોએ સૂચન કર્યું છે. જ્યારે માત્ર ૦૧ શિક્ષકે સતત મૂલ્યાંકન થવું જોઈએ તેમ જણાવ્યું.

## ૨૩. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય શિક્ષણમાં સુધારા માટેના સૂચનો





નોંધઃ એક કરતા વધારે જવાબ મળેલ છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકોના શૈક્ષણિક સ્તર બિનઆદિવાસી વિસ્તારના બાળકો કરતાં નબળુ જોવા મળે છે. જે ખાસ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના છેલ્લા ૫ થી ૬ વર્ષના પરિણામો ઉપરથી અંદાજ મેળવી શકાય છે. આ પરિણામ નબળું આવવા પાછળનું એક કારણ પ્રાથમિક અને માધ્યમિકકક્ષાએ તેમના શૈક્ષણિક વિકાસનો પાયો મુખ્યત્વે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયમાં નબળો જોવા મળ્યો છે. આ ખ્યાલને લક્ષ્યમાં રાખીને શાળાના શિક્ષકોને ગણિત, વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષયમાં બાળકોના શૈક્ષણિક સ્તરમાં સુધારો લાવવા માટે શું કરી શકાય એવો પ્રશ્ન પૂછ્યો હતો તેના જવાબમાં ઉત્તરદાતાએ એક કરતાં વધારે ઉત્તરો આપ્યાં હતાં જેના આધારે જાણવા મળ્યું કે કુલ ૨૬૨ શિક્ષકોમાંથી ૧૮૫ જેટલાં શિક્ષકોએ વિષયવાર શિક્ષકોની ભરતી થવી જોઈએ એમ જણાવ્યું તેમજ ૧૬૮ શિક્ષકોના મતે બાળકોને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયમાં બાળકને રસ પડે એવું આયોજન કરવું જોઈએ. ૧૫૨ શિક્ષકોએ બાળકોને શિક્ષણ આપતી વખતે પૂરતા પ્રમાણમાં ભૌતિક સંશાધનો અને વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ, અને ૧૫૩ શિક્ષકો સ્પષ્ટપણે એવું માને છે કે બાળકોને પુસ્તકોનું ગોખણિયું જ્ઞાન નહી પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું જોઈએ. ૧૬૪ શિક્ષકોના મતે ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોનું જ્ઞાન આવશ્યક્તા અનુસાર વિષય તજજ્ઞો દ્વારા બાળકોને આપવું જોઈએ, ૨૮ શિક્ષકોએ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવું જોઈએ એમ જણાવ્યું છે. સેમીનારનું આયોજન વિષયલક્ષી, તાલીમ દ્વારા બાળકના જ્ઞાનમાં વધારો કરવા વગેરે જવાબ આપ્યા હતા.

આમ તારણમાં સ્પષ્ટ થાય છે કે આદિવાસી વિસ્તારમાં ૧૮૧ ઉત્તરદાતાઓના મતે આદિવાસી બાળકોના ઉત્તમ જીવન ઘડતર, ૧૬૮ ના મતે બાળક ભારત દેશનું ભાવિ નાગરિક છે તેથી શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ, ૧૫૪ ના મતે અતિ ઊંડાણવાળો વિસ્તાર હોવાથી અને ૧૪૧ ના મતે નબળી આર્થિક સ્થિતિ અને ગરીબ પરિવારના બાળકોને શિક્ષણ રહેઠાણ અને ભોજનની મફત સુવિધા મળી રહે તે માટે આશ્રમશાળા હોવી જોઈએ તેવું સવિશેષ ઉત્તરદાતાઓ જણાવે છે. તેમજ સ્થળાંતરિત પરિવારના બાળકો શિક્ષણથી વંચિત ન બને, આદિવાસી બાળકો અન્ય સમાજના બાળકો સાથે તાલમેલ જાળવી શકે અને અધવચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ ઘટાડવા માટે આશ્રમશાળાઓ હોવી જોઈએ તેવું ઉત્તરદાતાઓ કહે છે.

## ૨૪. આશ્રમશાળા વ્યવસ્થાને સુધારવા માટેના સૂચનો




નોંધઃ એક કરતા વધારે જવાબ મળેલ છે.


૪૫૨ આશ્રમશાળામાંથી ૧૫% પ્રમાણે કુલ ૬૮ આશ્રમશાળાઓને આ અભ્યાસના નિદર્શ તરીકે લેવામાં આવી હતી. ગુજરાતના ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતના આદિવાસી વસ્તી ધરાવતા જીલ્લાઓ અને સૌરાષ્ટ્રના ગીર, બરડા અને આલેચ વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓને લેવામાં આવી હતી. આશ્રમશાળામાં કામ કરતાં શિક્ષકોએ તેમને અનુભવવી પડતી મુશ્કેલીઓ જણાવી હતી. આ સાથે જ આ તમામ મુશ્કેલીઓના નિવારણ માટે દરેક શિક્ષકો પાસેથી સુચનો લેવાનો પ્રયાસ કર્યો હતો.

૬૦ શિક્ષકોનુ એવું સૂચન હતું કે ગૃહપતિ-ગૃહમાતાની કાયમી ધોરણે નિમણૂંક કરવી જોઈએ. જેમાં ઉત્તર ગુજરાત ૯ શિક્ષકો, મધ્ય ગુજરાતના ૧૯ શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતના ૨૭ શિક્ષકો અને બિનઆદિવાસી વિસ્તારના ૫ શિક્ષકોએ ગૃહમાતા-ગૃહપતિ હોવાં જોઈએ એવું જણાવ્યું હતું. દરેક ઝોનના મળી ૪૦ શિક્ષકો એમ માને છે કે વિષયવાર શિક્ષકોની નિમણુંક થવી જોઈએ, જેમાં ખાસ કરીને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષયમાં તેમજ શારીરિક શિક્ષણ એમ વિષયવાર શિક્ષકો હોવાં જોઈએ. પુસ્તકાલયમાં વધુ પુસ્તકોની જરૂરિયાત હોય એવું મધ્ય ગુજરાતની એક આશ્રમશાળામાંથી જાણવા મળ્યું હતું.

આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળા બન્ને એક મકાનમાં ચાલતી હોય તો મોટા બાળકના વર્તન-વ્યવહાર, આચાર-વિચારની અસર નાના બાળકો પર પડે એવી વિચારસરણીને કારણે અલગ હોવી જોઈએ તેવું મધ્ય ગુજરાતના ૦૪ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. પરંતુ જ્યાં વહીવટી બાબતોની ચર્ચા કરવાની હોય તેવા પ્રશ્નોના કોઈ વિશેષ રસ દાખવ્યો નહોતો. આ ઉપરાંત કુલ ૯૯ ઉત્તરદાતાઓએ કોઈપણ પ્રકારના સૂચનો કર્યા નહોતા.

આમ તારણમાં કહી શકાય કે આશ્રમશાળા વ્યવસ્થા સુધારવા માટેના સૂચનોમાં ૬૦ આચાર્ય-શિક્ષકોએ ગૃહપતિ-ગૃહમાતાઓની નિમણૂક કરવી અને ૪૦ આચાર્ય-શિક્ષકોએ ધોરણવાર અને વિષયવાર શિક્ષકોની નિમણૂક કરવી જોઈએ તેવું સવિશેષ સૂચન કરેલ છે. આ ઉપરાંત બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવી, જિલ્લા પંચાયતના શિક્ષકોને મળતા તમામ લાભો આપવા, પૂરતા શૈક્ષણિક અને પ્રયોગશાળાના સાધનો આપવા, પૂરતા અને અદ્યતન સ્ટાફ ક્વાર્ટર, અલગ છાત્રાલય અને પૂરતા વર્ગખંડો, પૂરતા સંડાશ-બાથરૂમ વગેરે વ્યવસ્થાઓમાં સૌથી વધુ સુધારા કરવા અંગે આચાર્ય શિક્ષકોએ સૂચનો કર્યા છે.

## ૨૫. આશ્રમશાળાની સમસ્યાઓના સંભવિત ઉકેલો-સૂચનો (આચાર્ય-શિક્ષકોના મતે)




નોંધ: એક કરતા વધારે જવાબો મળેલ છે.


ઉપરોક્ત આલેખમાં દર્શાવેલ આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરતાં ખ્યાલ આવેલ છે કે આશ્રમશાળાની સમસ્યાઓના ઉકેલમાં ૨૬૨ આચાર્ય-શિક્ષકોએ ઉત્તરદાતા તરીકે એક કરતાં વધારે જવાબ આપેલ છે, જેમાં ૮૫ ઉત્તરદાતાઓના મતે આશ્રમશાળામાં ગૃહમાતા-ગૃહપતિની નિમણુંક કરવી જોઈએ. આમ થવાથી શિક્ષકો ઉપર શૈક્ષણિક કાર્ય સિવાય વધારેની જવાબદારી ન રહેવાથી બાળકોના શૈક્ષણિક વિકાસમાં પૂરતું ધ્યાન આપી શકાશે.

આશ્રમશાળામાં નડતી સમસ્યાઓના ઉકેલ સંદર્ભે ૪૯ ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું હતું કે વર્ગખંડ અને છાત્રાવાસ બંન્ને અલગ-અલગ હોવાં જોઈએ. આમ થવાથી રોજ બાળકોને પોતાનો સામાન ખસેડીને ન બેસવું પડે. ઓરડાનું શૈક્ષણિક વાતાવરણ પણ જળવાયેલું રહે. છાત્રાવાસમાં બાળક પોતાનો સામાન વ્યવસ્થિત રીતે ગોઠવી શકે. ઓરડાની સુઘડતા અને સ્વચ્છતા પણ જળવાયેલી રહી શકે. આથી જ વર્ગખંડ અને બાળકોના સુવા-બેસવાની વ્યવસ્થા માટે અલગ ઓરડાની વ્યવસ્થા હોવી જોઈએ. બાળકો દરેક વર્ગમાં અભ્યાસક્રમ અનુસાર વ્યવસ્થિત ભણી શકે એ માટે વર્ગદીઠ શિક્ષકો હોવાં જોઈએ એવું ૪૮ આચાર્યો-શિક્ષકોએ પ્રત્યુત્તર આપ્યો હતો. ૩૪ ઉત્તરદાતાઓએ અન્ય જીલ્લા પંચાયત હસ્તકની સરકારી શાળાઓમાં મળતાં તમામ પ્રકારના લાભો મળવાં જોઈએ.

આ ઉપરાંત આશ્રમશાળાઓને અનુદાન સમયસર અને પૂરતા પ્રમાણમાં મળવું જોઈએ. અભ્યાસક્રમ હેઠળ આવરી લેવાયેલ વિષયોને બાળક સારી રીતે ગ્રહણ કરી શકે એ માટેના પ્રયોગો કરવા માટે વિવિધ શૈક્ષણિક ટુલ્સ હોવાં જોઈએ. શિક્ષકોને રહેવા માટેના સગવડતાવાળા આવાસો, શાળામાં અને છાત્રાલયમાં સુરક્ષિત રીતે રહી શકે એ માટે ચારે બાજુ દિવાલ હોવી જોઈએ.

અન્ય ઉકેલમાં ૩૬ ઉત્તરદાતાએ એમ પણ જણાવ્યું હતું કે સંચાલક મંડળ દ્વારા આશ્રમશાળામાં જરૂરી સુવિધાઓની પૂર્તતા થવી જોઈએ અને તેની વખતો વખત ચકાસણી કરવી જોઈએ. શાળામાં સુવિધાવાળી કોમ્પ્યુટર લેબ કે શાળામાં પૂરતાં ઈલેક્ટ્રિક સાધનો હોય તો બાળકોને પ્રવર્તમાન પ્રવાહો સાથે સાંકળી શકીએ એવું ૩૩ આચાર્યો-શિક્ષકો માને છે. આચાર્ય-શિક્ષકો આશ્રમશાળા વિશેના તાત્કાલિક ધોરણે કરવા યોગ્ય સગવડ તેમજ વ્યવસ્થાપન અંગેના નિર્ણયો લઈ શકે એવી સ્વતંત્રતા પણ હોવી જોઈએ એવું રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું.

## ૨૬. છાત્રાલય વ્યવસ્થા અને સુધારણાની જરૂરિયાત




નોંધઃ એક કરતા વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં અભ્યાસ કરી ગયા હોય એવા ૩૪૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે આશ્રમશાળા અને છાત્રાલયની વ્યવસ્થા/સુવિધાઓની જરૂરિયાત જાણવાનો પ્રયાસ કર્યો, જેમાં તમામ ઉત્તરદાતાઓ પાસેથી અલગ અલગ પ્રતિભાવો જરૂરિયાતના સંદર્ભમાં જાણવા મળ્યા. સૌથી વધારે છાત્રાલયમાં બાળકોને સુવા માટે પલંગ અને મચ્છરદાનીની વ્યવસ્થા હોવી જોઈએ એવું ૮૭ (૨૫.૫%) ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતું, જેમાં સૌથી વધુ મધ્ય ગુજરાતના ૪૧ ઉત્તરદાતાઓને આ જરૂરિયાત જણાય છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં તેનાથી ઓછી જરૂરિયાત લાગી છે.


પલંગની જરૂરિયાત બાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ છાત્રાલયનું મકાન જર્જરિત હોય તો તેને તોડી પાડી નવુ કરવું જોઈએ, જેમાં સૌથી મધ્ય ગુજરાત ૩૪ અને દક્ષિણ ગુજરાત ૩૪ ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતું. કુલ ૭૮ (૨૨.૯%) ઉત્તરદાતાઓએ જણાવ્યુ કે છાત્રાલયનું મકાન નવું હોવું જોઈએ. છાત્રાલયનાં મકાનની મરામતને છાત્રાલયના વ્યવસ્થાના સંદર્ભે જોતાં ઉત્તર ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળામાંથી કોઈ પ્રતિભાવ જણાવ્યો નહોતો ત્યારબાદ છાત્રાલયની મરામત નિયમિત કરાવવી એવુ જણાવ્યું. છાત્રાલયમાં ઓરડામાં જરૂરી હોય એવા

ઈલેક્ટ્રિક પંખા, લાઈટ વગેરે જેવા ઉપકરણો પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ એવું કુલ ૪૨ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું, જેમાં બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી ૦૭, દક્ષિણ ગુજરાતમાંથી ૧૩, મધ્ય ગુજરાતમાંથી ૧૬ અને ઉત્તર ગુજરાતમાંથી ૦૬ ઉત્તરદાતાઓએ સુધારવાની જરૂરિયાત છે એવો પ્રત્યુત્તર જાણવ્યો.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મુલાકાત દરમ્યાન આશ્રમશાળા અને છાત્રાલયમાં શૌચાલય-બાથરૂમની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ એવું ૩૮ ઉત્તરદાતાઓએ જણાવ્યું, જેમાં બિનઆદિવાસી વિસ્તારના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સિવાય ઉત્તર ગુજરાતના ૧૧, મધ્ય ગુજરાત ૧૯ અને દક્ષિણ ગુજરાતના ૦૮ વિદ્યાર્થી ઉત્તરદાતાઓએ આ અંગે સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. આ સિવાય ચારેય ઝોનમાંથી પીવાના શુદ્ધ પાણી અંગે આર.ઓ. પ્લાન્ટ કે અન્ય સુવિધા હોવી જોઈએ એવું જણાયુ, જેમાં બિનઆદિવાસી વિસ્તારમાંથી ૦૪, ઉત્તર ઝોનમાંથી ૧૧, મધ્ય ઝોનમાંથી ૧૧ અને દક્ષિણ ઝોનમાંથી ૦૮ આ અંગે રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવ્યું. વિદ્યાર્થીઓને ન્હાવા માટેના ગરમ પાણીની સગવડ અંગે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાંથી રજૂઆત કુલ ૦૬ એ કરી. કન્યાઓ માટે અલગ છાત્રાલય, શૌચાલય-બાથરૂમની સુવિધા અંગે ઉત્તર અને મધ્ય ગુજરાતમાંથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વાત કરી હતી. આ ઉપરાંત ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત વપરાશના પાણી અંગેની યોગ્ય વ્યવસ્થા પણ આશ્રમશાળામાં હોવી જોઈએ. એવું ૦૩ ઉત્તરદાતાઓએ સમગ્ર ઉત્તરદાતા પૈકી પ્રત્યુત્તર આપ્યા હતા.

આ આલેખને આધારે તારણમાં કહી શકાય કે ૩૪૦ ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધારે આશ્રમશાળાની સુવિધા કરવાની જરૂરિયાતમાં છાત્રાલયમાં પલંગ અને મચ્છરદાની હોય એવું જણાય છે, જેમાં કુલ ૮૭ (૨૫.૬%) ઉત્તરદાતાઓએ રજુઆત કરી છે. જ્યારે ન્હાવા માટે ગરમ પાણીની સગવડ, શાળાથી છાત્રાલય જુદું મકાન હોવી જોઈએ. એવું ૧૬ (૪.૭%) ઉત્તરદાતાઓનું કહેવું છે તેમજ નિવાસી શાળા તરીકે આશ્રમશાળામાં બાળક રહે છે ત્યારે પૂરતી સુવિધા તેને પ્રાપ્ત થવી જોઈએ તે થતી નથી.

## ૨૭. આશ્રમશાળામાં સુધારો કરવા માટેની જરૂરિયાતો (વાલીઓના મતે)





**નોંધ- એક કરતા વધુ ઉત્તરો મળેલ છે.**

ઉપરોક્ત આલેખમાં સંશોધનની ૬૮ આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકોના ૩૪૦ વાલીઓ પાસે આશ્રમશાળામાં પ્રાપ્ય સુવિધાઓમાં સુધારો કરવાની જરૂરિયાત છે કે નહી તે જાણવાનો પ્રયાસ કર્યો તે અંગે વિશ્લેષણ કરીએ તો જણાય છે. આ અંગે કુલ ૧૬૩ (૪૭.૯૪%) વાલીઓએ શાળા અને છાત્રાલયમાં ભૌતિક સુવિધાઓ સુધારવી જોઈએ એવું જણાવ્યું હતુ. દક્ષિણ ગુજરાતનાં ૬૭ વાલીઓએ, મધ્ય ગુજરાતના ૫૯, બિનઆદિવાસી વિસ્તારના ૧૫ અને ઉત્તર ગુજરાતમાં ૨૨ વાલીઓના મતે આશ્રમશાળામાં ભૌતિક સુવિધાઓ સુધારવી જોઈએ એની વાત જણાવી હતી. છાત્રાલયમાં ભૌતિક સુવિધાની સાથોસાથ બાળકોને સૂવા માટે સારા પલંગ, ગાદલા, ગોદળાં આપવા જોઈએ એવી ૪૮ વાલીઓએ જણાવ્યુ, જેમાં દક્ષિણ ગુજરાતની આશ્રમશાળામાં ભણતા બાળકોના વાલીઓ ૨૬, ઉત્તર ગુજરાત વિસ્તારની આશ્રમશાળાના ૦૮ વાલીઓએ જણાવ્યું. ૨૬ ઉત્તરદાતાએ આશ્રમશાળા અને છાત્રાલયની ફરતે દિવાલ હોવી જોઈએ જેથી બાળકોની સુરક્ષા અને સલામતી જળવાયેલી રહે. વાલીઓ દ્વારા બાળકોને ન્હાવા માટે ગરમ પાણી, પીવાનું શુદ્ધ પાણી વગેરે અંગેના પણ પ્રશ્નો છે એવું જણાવ્યુ હતું. ૩૬ ઉત્તરદાતાએ પીવાના પાણીના પ્રશ્ન અંગે જણાવ્યું. ગૃહમાતા કે ગૃહપતિ હોવા જોઈએ એવું ૦૯ ઉત્તરદાતાએ જણાવ્યું. જ્યારે ૪૧ ઉત્તરદાતાએ

શિક્ષકોની બદલી કરવી ન જોઈએ એવું પણ જણાવ્યું હતું. ઉપરોક્ત આલેખ જોતાં ખ્યાલ આવે છે કે આશ્રમશાળામાં અને છાત્રાવાસમાં ભૌતિક સુવિધાઓ અંગેના પ્રશ્ન વધારે દ્રષ્ટિ ગોચર થાય છે.

આમ, તારણમાં કહી શકાય કે આશ્રમશાળામાં ૧૩૬ (૪૭.૯૪%) વાલીઓએ ભૌતિક સુવિધાઓ સુધારવી જોઈએ તેમ જણાવ્યું હતું, જેનું પ્રમાણ સૌથી વધુ છે. જ્યારે ૪૮ (૧૪.૧%) વાલીઓએ સુવા માટે પલંગ-ગાદલુ, ૪૪ (૧૨.૯%) વાલીઓએ શૌચાલય-બાથરૂમની સ્વચ્છતા અને મરામત, ૪૧ (૧૨.૧%) વાલીઓએ શિક્ષકોની બદલી ન કરવી અને ૩૬ (૧૦.૬%) વાલીઓએ પીવાના પાણી માટે બારમાસી વ્યવસ્થા કરવા અંગે સવિશેષ જણાવ્યું છે. વાલીઓએ પોતાને પ્રત્યક્ષ લાગુ પડતી ન હોય, પરંતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાને લાગુ પડે તેવી બાબતો વધુ સુધારવાની જરૂરિયાત જણાવી છે.

૨૮. વિદ્યાર્થીઓમાં ટેક્નિકલ શિક્ષણ શીખવાની અપેક્ષા





નોંધઃ એક કરતા વધુ જવાબ મળેલ છે.

અભ્યાસ હેઠળની ૬૮ આશ્રમશાળાઓ એટલે કે દરેક આશ્રમશાળામાંથી ધોરણ ૬, ૭ અને ૮ પ્રમાણે ૪-૪ વિદ્યાર્થીઓ મુજબ કુલ ૧૨ વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા. દરેક વિદ્યાર્થીઓ પોતાની રસરૂચિ મુજબ શિક્ષણ સિવાયના જુદા જુદા વિષયો શીખવા ગમે છે કે નહી તે અંગે બાળકને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ પ્રશ્નના જવાબમાં વિદ્યાર્થીઓ સૌથી વધારે કોમ્પ્યુટર ૫૦ વિદ્યાર્થીઓને

શીખવું ગમે છે. ૩૫ વિદ્યાર્થીઓએ સિવણ કામ શીખવાની તૈયારી બતાવી હતી, જેમાં છોકરીઓની સંખ્યા સવિશેષ હતી. શીવણકામ શીખવા અંગે મધ્ય ગુજરાતની આશ્રમશાળાની કન્યાઓની પસંદગી વધુ જોવા મળી હતી ત્યારબાદ કુલ ૧૩ ઉત્તરદાતાઓએ ભરતગુંથણ અને બ્યુટીપાર્લર સંલગ્ન કોર્ષ શીખવાની ઈચ્છા વધુ દર્શાવી હતી. આમ, ભરતગૂંથણ, બ્યૂટી પાર્લર, સિવણ શીખવા અંગે છોકરાઓ કરતાં છોકરીઓએ વધુ રૂચિ દાખવી હતી. મોટર રીપેરીંગ, કડિયાકામ, લુહારીકામ, કાંતણ અને ગૃહ ઉદ્યોગો જેવા કૌશલ્યવર્ધન શિક્ષણ મેળવવાની તૈયારી ખૂબ જ ઓછા વિદ્યાર્થીઓએ દર્શાવી હતી.

### ૭.૨૯ વર્તમાન આશ્રમશાળા સંદર્ભે આચાર્ય-શિક્ષકોની અપેક્ષા



આચાર્ય-શિક્ષકોના મતે વર્તમાન આશ્રમશાળા કેવી હોવી જોઈએ તે દર્શાવતો આલેખ

નોંધ- એક કરતા વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોના મતે આધુનિક આશ્રમશાળાની કેવી હોવી જોઈએ, જેમાં ૭૬ ઉત્તરદાતાઓએ શાળાના વર્ગખંડો અને છાત્રાલયના ઓરડાઓ સાધન સંપન્ન તેમજ બાળકની મૂળભુત જરૂરિયાત સંતોષાય તેવા હોવા જોઈએ. બાળક સ્વચ્છ, હવા


ઉજાસવાળા ઓરડાઓમાં અભ્યાસ કરે અથવા રહેવાના ઓરડાઓ પુરતા મોકળાશવાળા તેમજ હવા ઉજાસવાળા હોય તો તેની પ્રત્યક્ષ અને પરોક્ષ અસર તેના શારીરિક-માનસિક વિકાસ ઉપર પડે છે. અભ્યાસના ભાગરૂપે જ્યારે આશ્રમશાળાઓની મુલાકાત લીધી ત્યારે જૂથચર્ચામાં, વ્યક્તિ મુલાકાત કે નિરીક્ષણ દરમ્યાન પણ જોવા મળ્યું છે કે ઘણી આશ્રમશાળાઓમાં શાળા અને છાત્રાલયના મકાનો એક જ હતા, જેની અસર બાળકોના અભ્યાસ ઉપર પડે છે. ૧૧ ઉત્તરદાતાઓએ આશ્રમશાળામાં છાત્રાલય અને શાળા જુદી હોવી જોઈએ, કુમાર-કન્યાના સંડાસ-બાથરૂમ જુદા હોવાં જોઈએ તેમજ આશ્રમશાળાની ફરતે ચારે બાજુ પાકી દિવાલો હોવી જોઈએ એવું જણાવ્યું છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાંથી આ જવાબ મળ્યો હતો. જ્યારે બિનઆદિવાસી વિસ્તારમાં નમૂનાની આશ્રમશાળામાંથી પ્રતિનિધિરૂપ ઉત્તરદાતાએ કોઈ પ્રત્યુતર આપ્યો નહોતો. દક્ષિણ ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળા સિવાય ઉત્તર અને મધ્ય ગુજરાતની આશ્રમશાળાઓમાંથી ૯ ઉત્તરદાતાઓએ જીલ્લા પંચાયતની શાળામાં મળતાં લાભો ઉપરાંત આદિવાસી વિસ્તારમાં કામ કરીએ છીએ તેનુ વિશેષરૂપે વળતર મળવું જોઈએ એવું જણાવ્યું હતું. પાંચ ઉત્તરદાતાએ સમયસર ગ્રાન્ટ મળવી જોઈએ. આશ્રમશાળા નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણ પ્રણાલી મુજબ કાર્ય કરતી હોવાથી ત્યાં કર્મચારી તરીકે જોડાનાર આચાર્ય-શિક્ષકો પણ આ પ્રણાલીમાં જ અભ્યાસ કરીને આવવા જોઈએ એવું ૦૮ ઉત્તરદાતાઓ માને છે. અહીં પણ બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળાના ઉત્તરદાતાઓ પાસેથી કોઈ પ્રત્યુતર મળ્યો નહોતો.

આ ઉપરાંત આદિવાસી સંસ્કૃતિને ટકાવવા આદિવાસી શુરવીરો, શહીદો અને સંતાનોની જીવનકથની વિષે માહિતી આપવી જોઈએ એવું ૦૨ ઉત્તરદાતાઓ જણાવે છે. આશ્રમશાળાના મકાનની મરામત તેમજ બાળકો આશ્રમશાળામાં અચાનક બિમાર પડે ત્યારે એમ્બ્યુલન્સની સુવિધા ન હોય, ખાનગી વાહન કે ખાનગી ડૉક્ટર પાસે બાળકની સારવાર કરાવવાની થાય ત્યારે નાણાં ખર્ચની જોગવાઈ નથી હોતી ત્યારે તકલીફ અનુભવાઈ છે. એવા કિસ્સામાં આરોગ્યની સારવાર માટે અલગ જોગવાઈ હોય તો સારું એવું ૦૮ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું. વહીવટી તેમજ શૈક્ષણિક કામના મૂલ્યાંકન માટે અને કામગીરીમાં સુધારા-વધારા વખતો વખત થતાં રહે એ માટે એક સમિતિનુ ગઠન કરવું જોઈએ એવું ૧૧ ઉત્તરદાતાઓએ જણાવ્યું, જેમાં ૦૭ મધ્ય ગુજરાતમાંથી અને દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓના ૦૩ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું. જ્યારે વૈજ્ઞાનિક કીચન ગાર્ડન, ખેતી-વાવણી અંગે બાળકોને લાઈવ ડેમોસ્ટ્રેશન કરી બતાવવું જોઈએ એવું ૦૨ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું. જ્યારે શૈક્ષણિક પ્રવાસ-મુલાકાતનું આયોજન કરવું જોઈએ એવો પ્રતિભાવ બિનઆદિવાસી વિસ્તારની આશ્રમશાળામાંથી મળ્યો હતો. આ ઉપરાંત વાલી/ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનો કરવા એવું મધ્ય ગુજરાતની ૦૨ આશ્રમશાળાના આચાર્ય શિક્ષકો પાસેથી જાણવા

મળ્યુ હતું. આમ કહી શકાય કે દરેક આશ્રમશાળામાં કાર્યરત કર્મચારી આશ્રમશાળાની સુવિધાઓ, શૈક્ષણિક કાર્યપ્રણાલી, વહીવટી બાબતોમાં બદલાવ ઈચ્છે છે.

આ આલેખને આધારે પ્રાપ્ય આવૃત્તિને આધારે તારણ કાઢી શકીએ છીએ કે હાલના તબક્કામાં આશ્રમશાળામાં કાર્યરત શિક્ષકો આશ્રમશાળાની વહીવટી કામગીરી, શૈક્ષણિક કામગીરી સંદર્ભે બદલાવ ઈચ્છે છે. આશ્રમશાળાઓ સુવિધાવાળી હોવી જોઈએ એવું સૌથી વધુ ૭૬ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું. જ્યારે ૦૧ ઉત્તરદાતાએ શૈક્ષણિક પ્રવાસ કરવો જોઈએ તેવું જણાવ્યું, જેનું પ્રમાણ ઘણું ઓછું છે.

### ૩૦. આદર્શ આશ્રમશાળા માટે આચાર્ય-શિક્ષકોની અપેક્ષાઓ




નોંધઃ એક કરતા વધુ ઉત્તર મળેલ છે.

ઉપરોક્ત આલેખમાં અભ્યાસ હેઠળ કુલ ૪૫૨ આશ્રમશાળામાંથી ૧૫% પ્રમાણે દરેક જિલ્લાનું ઝોન પ્રમાણે પ્રતિનિધિત્વ કરતી હોય. એવી ૬૮ આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી, જેમાં કુલ ૧૨ પ્રકારની મુલાકાત અનુસૂચિ તૈયાર કરવામાં આવી જે મુલાકાત અનુસૂચિની મદદથી શાળાના આચાર્યો અને શિક્ષકોને આશ્રમશાળામાં રહેવા યોગ્ય સુવિધાઓ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યા જેમાં દરેક ઝોનમાંથી શિક્ષકો અને આચાર્યો પાસેથી એક કરતાં વધારે જવાબો આપ્યાં હતાં. ઉત્તર, દક્ષિણ, મધ્ય અને બિનઆદિવાસી ઝોનની કુલ આશ્રમશાળામાંથી ૨૬૨ આચાર્ય-શિક્ષકો પાસેથી જવાબ લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૧૮૨ આચાર્ય અને શિક્ષકોએ ઉત્તરદાતા તરીકે આશ્રમશાળા એકલવ્ય અને આદર્શનિવાસી શાળા જેવી તેમજ અદ્યતન સગવડતાવાળી હોવી જોઈએ એવો જવાબ સૌથી વધારે પ્રાપ્ત થયો હતો. ૬૨ ઉત્તરદાતાઓએ આશ્રમશાળાનું મકાન વધુ હવા ઉજાસવાળુ અને સુંદર હોવું જોઈએ એવો મત આપ્યો છે. શાળામાં કોમ્પ્યુટર લેબ હોવી જોઈએ એવુ દરેક ઝોનમાંથી ૪૬ ઉત્તરદાતાઓએ કહ્યું છે.


શિક્ષણ પ્રણાલી અંગે જણાવતાં ઉત્તરદાતાઓએ જણાવ્યું કે વિજ્ઞાનમાં સૈદ્ધાંતિક જ્ઞાનને વધુ સારી રીતે સમજાવવા જે પ્રયોગ કરવામાં આવે છે તે અંગેના સાધનો તેમજ TEACHERS LEARNING METHOD મુજબના સાધનો પણ શાળામાં હોવા જોઈએ એવું ૩૮ ઉત્તરદાતાઓ માને છે. આજના માહિતી વિસ્ફોટના યુગમાં માહિતી વિનાનો માનવી અજ્ઞાની સમાન છે. કોમ્પ્યુટર શિક્ષણ, ઈ-શિક્ષણ વગેરેથી પણ શિક્ષક વાકેફ હોવો જોઈએ તો જ તે બાળકોને વધુ સારી રીતે સમજાવી શકે એવી તકો આચાર્ય અને શિક્ષકોને પ્રાપ્ત થાય એવું અમારી શાળાની રૂબરૂ મુલાકાત દરમ્યાન તેઓએ જણાવ્યું હતું. આથી જ આપણે આલેખમાં જોઈ શકીએ છીએ કે કુલ ઉત્તરદાતામાંથી ૪૬ ઉત્તરદાતા કોમ્પ્મયુટર લેબોરેટરી હોવા અંગેની રજૂઆત કરી છે.

૨૬૨ શિક્ષકોમાંથી ૩૭ ઉત્તરદાતાઓએ પણ જણાવ્યુ કે શૈક્ષણિક સ્ટાફની સાથોસાથ પટાવાળા, ક્લાર્ક, ગૃહમાતા, ગૃહપતિ, આયાબેન વગેરે પણ આશ્રમશાળામાં હોવાં જોઈએ. આશ્રમશાળામાં પૂરતાં સમયની વીજળી, રમત-ગમતના સાધનો, અંગ કવાયતના સાધનો તેમજ બાળકો માટે ભોજનની/પૌષ્ટિકતાની દ્રષ્ટિએ ગુણવત્તા જળવાવી જોઈએ. બાળકોને પીવા માટે શુદ્ધ પાણી મળી રહે એ માટે દરેક શાળામાં R.O. PLANT હોવા જોઈએ. શાળામાં બાળકો અભ્યાસક્રમ સિવાયના પુસ્તકો વાંચી શકે એ માટે શાળામાં પુસ્તકાલય પણ હોવું જોઈએ એવું ઉત્તરદાતા તરીકે આચાર્ય-શિક્ષકોએ જણાવ્યું હતું. બાળકોને સુવા માટેના ગાદલાં, રજાઈ, તકિયા, ચાદર, શેતરંજી વગેરે પણ પૂરતા પ્રમાણમાં અને સ્વચ્છ હોવાં જોઈએ. આ ઉપરાંત શાળામાં ભૌતિક સંશાધનો, બાગ-બગીચા હોવા જોઈએ વળી, શાળામાં અગ્નિશામક ગેસના સિલિન્ડર્સ પણ હોવા જોઈએ એવું ઉત્તર ગુજરાતની ૩૦ આશ્રમશાળામાંથી ઉત્તરદાતાએ જણાવ્યુ હતું. પ્રવાસ પર્યટનનું આયોજન,

બાળકો રાષ્ટ્રીય કક્ષાની રમતોમાં ભાગ લેતાં થાય અને ઈનામો જીતી લાવે એવા આયોજન થવાં જોઈએ એવું પણ જાણવા મળ્યું છે.

ઉપરોક્ત આલેખના તારણમાં કહી શકાય કે આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકોના સર્વાંગી વિકાસ માટે તેને માનવ સંસાધનથી તેમજ ભૌતિક સંશાધનોથી સૂસજ્જ કરવાની જરૂર જણાય છે.

૩૧. વર્તમાન આશ્રમશાળામાં સુવિધા પ્રત્યે આચાર્ય-શિક્ષકોની અપેક્ષા




નોંધઃ એક કરતાં વધારે જવાબ પ્રાપ્ત થયા છે.

વર્તમાન સમયમાં આશ્રમશાળામાં કેવા પ્રકારની સુવિધાઓ હોવી જોઈએ, જેમાં આચાર્ય-શિક્ષક તરીકે ૬૨ ઉત્તરદાતાએ આશ્રમશાળામાં એકલવ્ય મોડેલ સ્કુલ તથા આદર્શ નિવાસી શાળામાં મળતી તમામ પ્રકારની સુવિધાઓ મળવી જોઈએ. ૬૪ શિક્ષકોએ જણાવ્યું કે જીલ્લા પંચાયત હસ્તકની શાળાનાં તમામ વિષય શિક્ષકોને માસિક વેતન અને જે સ્કેલ મળે છે એ સ્કેલ મળવો જોઈએ. ઉપરાંત આદિવાસી વિસ્તારમાં ૨૪ કલાક અને સાત દિવસ ઓન ડ્યુટી રહીએ છીએ તેનો પણ નાણાંકીય લાભ મળવો જોઈએ. આ અંગે ખાસ જોગવાઈ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે જેવી રજૂઆત રૂબરૂ મુલાકાતમાં ચર્ચા દરમ્યાન તેઓએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અનુરૂપ પાઠ્યપુસ્તક સિવાય અન્ય પુસ્તકોનો મહાવરો મળી રહે, ફાજલ સમયમાં


ઈતર વાંચન કરી શકે એ માટે નાની વાર્તાઓ, નવલિકા, નવલકથા, સામયિકો ધરાવતું ગ્રંથાલય હોય, વિજ્ઞાન-સમાજવિજ્ઞાન વિષયમાં સમાવિષ્ટ સમગ્ર બાબતોનું જ્ઞાન બાળકને પ્રાયોગિક રીતે આપી શકાય એ માટેના પ્રયોગપોથીઓ, વિશ્વ, ભારત અને ગુજરાતના ચાર્ટસ, નકશાઓ પૂરતી સંખ્યામાં હોવાં જોઈએ એવું ૬૪ ઉત્તરદાતાઓ જણાવે છે. જ્યારે ૬૦ ઉત્તરદાતાઓ દરેક આશ્રમશાળામાં કોમ્પ્યુટર હોવા જોઈએ એવું પણ જણાવે છે.


કુલ ૨૧૬ આચાર્ય-શિક્ષકો પાસેથી પુછવામાં આવેલ પ્રશ્ન સંદર્ભે એક કરતાં વધારે જવાબો માળ્યા હતા. તેમાંથી ૫૮ ઉત્તરદાતાઓએ ઉત્તર આપ્યો છે કે દરેક આશ્રમશાળાઓને વધુ સુવિધાજન્ય બનાવવા માટે બાળકો રહેવા માટે, અભ્યાસ કરવા માટે સારા વર્ગખંડો, ભોજન કરવા માટે, ભોજનાલય તેમજ આશ્રમશાળાની આસપાસમાં બાળકો રમી શકે એવું મેદાન હોવું જોઈએ.

આશ્રમશાળાની વહીવટી તેમજ શૈક્ષણિક ગતિવિધિઓનુ નિયમિત પણે મૂલ્યાંકન અને નિરીક્ષણ થાય તો તેની અસર હકારાત્મક રીતે ત્યાં અભ્યાસ કરનાર બાળકોના વિકાસ ઉપર પડી શકે છે, આવો અભિપ્રાય આશ્રમશાળાના ૪૬ આચાર્યો અને શિક્ષકોએ આપ્યો. જ્યારે ૨૭ ઉત્તરદાતાઓએ આશ્રમશાળાને ફાળવવામાં આવતી કુલ અનુદાનમાંથી 30% જેટલું અનુદાનની રકમને વાપરવાની સત્તા આચાર્યશ્રીના હસ્તક હોવી જોઈએ એવી વાત જણાવી છે.

આમ, ઉપરોક્ત આલેખના તારણમાં કહી શકાય કે આશ્રમશાળા સુવિધાજન્ય હોવી જોઈએ તેમજ ત્યાં કાર્યરત શિક્ષક કર્મચારીને સરકારી શાળામાં અન્ય શિક્ષકોને મળતાં લાભો મળવાં જોઈએ એવો મત ૬0 થી ૭0% ઉત્તરદાત્તાઓ ધરાવે છે.

## ૩૨. આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ ખોલવાની આવશ્યકતાઓ




નોંધઃ એક કરતા વધુ ઉત્તર મળેલ છે.


ઉપરોક્ત આલેખ ઉત્તરદાતાઓને આદિવાસી વિસ્તારોમાં હાલમાં કાર્યરત છે તેનાથી વધારે નવી આશ્રમશાળા ખોલવી જોઈએ કે નહી એ પ્રશ્નનાં જવાબમાં ૨૨૯ ઉત્તરદાતાઓએ હા પાડી હતી જેમાં મધ્ય ગુજરાત સ્થિત આશ્રમશાળામાંથી સૌથી વધુ ૧૦૪ ઉત્તરદાતાઓ સાથે હકારાત્મક પ્રતિભાવ મળ્યો. આ પ્રશ્નના જવાબમાં એક કરતાં વધારે ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો હતો. આ પ્રશ્નમાં આશ્રમશાળા ન ખોલવી જોઈએ એમાં કુલ ૩૨ ઉત્તરદાત્તાએ ના પાડી જેમાં સૌથી ઓછો પ્રત્યુત્તર ઉત્તર ગુજરાત એક ઉત્તરદાત્તા કહ્યુ અને હોવી જોઈએ એમાં સૌથી ઓછી આવૃત્તિ ૩૭ ઉત્તર ગુજરાતમાં અને ૪ આવૃત્તિ બિનઆદિવાસી વિસ્તાર માંથી પ્રાપ્ત થઈ.

ઉપરોક્ત આલેખને જોતા જણાય છે કે ૧૮૧ ઉત્તરદાતાઓ માને છે કે આશ્રમશાળામાં બાળકોનું જીવન ઘડતર સારૂં થાય છે. ૧૬૬ ઉત્તરદાતાઓના મતે આદિવાસીઓ દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરે છે. શહેરથી કેટલાંક ગામો ૬૦ થી ૭૦ કિલોમીટર દૂર ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરતાં કુટુંબના બાળકો માટે આશ્રમશાળા એ આશીર્વાદ સમાન છે. અને ભારતનો આદિજાતિ સમુદાયનો કોઈપણ નાગરિક શિક્ષણથી વંચિત ન રહી જાય એ માટે આશ્રમશાળા એ આદિજાતિ કુટુંબના બાળકો માટે એક મહત્વનું એકમ છે એવું માને છે. આદિજાતિ કુટુંબો અંતરિયાળ અને જીલ્લા તથા તાલુકા સ્થળેથી દૂર ડુંગરાળ, ખીણ કે સપાટ પ્રદેશમાં વસવાટ કરતાં હોય છે. આથી આવા બાળકો માટે આશ્રમશાળાઓ હોય તો શિક્ષણની સોથોસાથ રહેવા માટે છાત્રાલયરૂપી ઘરની વ્યવસ્થા પણ હોવી જોઈએ.

૧૪૧ ઉત્તરદાતાઓ માને છે કે જે કુટુંબો આર્થિક રીતે નબળા છે ગરીબ છે, જે કુટુંબના સભ્યો આર્થિક ઉપાર્જન માટે સ્થળાંતર કરતાં હોય ત્યારે તેઓ પોતાના સંતાનને નિવાસી શાળાને ભોજન એમ ત્રણેય સુવિધાઓ કારણે આશ્રમશાળામાં મૂકીને જઈ શકે છે અને બાળક આશ્રમશાળામાં શિક્ષણ, રહેઠાણ અને બંન્ને મેળવે છે. આથી વ્યક્તિ અને સમાજનું શિક્ષણનું સ્તર વધે છે. સંતાનવાળા દંપતિ આર્થિક ઉપાર્જન માટે બાળકોને આશ્રમશાળામાં મૂકીને સ્થળાંતર કરી શકે છે તેવું ૨૯ ઉત્તરદાતાઓ જણાવે છે. શિક્ષણ મેળવવાથી સભ્ય સમાજ સાથે વૈચારિક આપ લે કરી તાલમેલ સાધી શકે એવું ૧૪ ઉત્તરદાતાઓએ પ્રત્યત્તર આપેલ છે. દરેક ઉત્તરદાતાઓએ આશ્રમશાળા નવી શરૂ કરવા અંગે વધારે પ્રત્યુત્તર આપેલ છે જ્યારે ૪૧ ઉત્તરદાતાઓએ કોઈ પણ પ્રકારનો જવાબ આપેલ નથી.

ઉપરોક્ત આલેખના આધારે તારણ કાઢી શકાય છે કે આશ્રમશાળાઓનું આદિવાસી વિસ્તારોમાં હોવુ એ આવશ્યક બાબત છે જે શિક્ષણના સ્તર ઉપર, વ્યક્તિગત કેળવણી ઉપર તેમજ અર્થોપાર્જન માટે સ્થળાંતર કરતાં કુટુંબના બાળક પર હકારાત્મક અસર પડે છે.

**આશ્રમશાળાઓમાં શિક્ષણ, રહેઠાણ, ભોજન વ્યવસ્થા સંદર્ભે શાળા-છાત્રાલયના મકાનો, ઓરડાઓ, રસોડું, પાણી, વિજળી અને ભૌતિક-માળખાગત સુવિધાઓ તેમજ માનવીય સુવિધાઓ અંગેની સ્થિતિ અને પ્રશ્નો**



# પ્રકરણ - ૯ આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસરો

૧. પ્રસ્તાવના

આઝાદ ભારતના બંધારણમાં વ્યક્તિના મૂળભૂત અધિકારોમાં શિક્ષણ પ્રાપ્તિના અધિકારને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારતના બંધારણ આધારે હાલમાં એવો કાયદો અમલમાં છે કે જેમાં પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરવામાં આવ્યું છે. આ કાયદાને કારણે કોઈપણ સમાજના શાળા જવા યોગ્ય બાળક વંચિત રહી ન જાય તેવી ચોક્કસ અને વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતના બંધારણમાં સમાજમાં જે સમુદાયને નબળા વર્ગનો દરજ્જો આપવામાં આવ્યો તેમના શૈક્ષણિક, સામાજિક ઉત્કર્ષ માટે સરકારી વિશિષ્ટ પ્રકારની યોજનાઓ અમલ કરી છે. અનુસૂચિત જનજાતિના સર્વાંગી વિકાસ માટે સરકારે અથાગ પ્રયત્નો કર્યા છે.

૧૯૫૪માં આશ્રમશાળાનો કાયદો અમલમાં આવ્યો, પરંતુ એ પહેલાં પણ આશ્રમશાળા દ્વારા શૈક્ષણિક કાર્યની શરૂઆત થઈ હતી. ગુજરાતમાં ૧૯૨૨માં દાહોદમાં પહેલી આશ્રમશાળાની શરૂઆત થઈ ત્યારબાદ ક્રમશ ગુજરાતના અન્ય જીલ્લાઓમાં તબક્કાવાર આશ્રમશાળાઓ શરૂ થઈ.

આશ્રમી શિક્ષણ બુનિયાદી શિક્ષણ પદ્ધતિ આધારિત શરૂ થયું. આ નિવાસી શાળામાં ભણવા માટે આવનાર બાળકના શિક્ષણના વિકાસની સાથોસાથ તેનો સર્વાંગી વિકાસ થાય એવાં પ્રયાસો કરવામાં આવે છે. આશ્રમી શિક્ષણ પ્રણાલીથી પ્રકૃત્તિ વચ્ચે જીવનારા આદિવાસી સમાજમાં શિક્ષણની શરૂઆત થઈ. આદિવાસી સમાજના આર્થિક, શૈક્ષણિક ઉત્કર્ષ માટે આશ્રમશાળાનો સિંહફાળો છે. આ શાળામાં અભ્યાસ કરવાથી બાળકની શૈક્ષણિક કારકિર્દી તો બને જ છે, સાથોસાથ તેનો શારીરિક, માનસિક, આરોગ્યલક્ષી વિકાસ પણ થાય છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરીને આગળ આવ્યા હોય એવું પરોક્ષ રીતે તો જોઈ શકાય છે. આજે આ વિસ્તારમાં આધુનિકરણની છાપ પણ જોઈ શકાય છે. પ્રસ્તુત પ્રકરણમાં આશ્રમશાળાને કારણે આદિવાસીમાં શું અસર પડી છે તે જોવાનો પ્રયાસ કર્યો છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી આદિવાસીઓના વ્યક્તિગત અને સામુદાયિક જીવનમાં પડેલ અસરો અંગેની માહિતી એકત્રીકરણ કરવા માટે મુલાકાત અનુસૂચિ અને નિરીક્ષણને આધારે જાણવાનો પ્રયાસ સંશોધક દ્વારા કરવામાં આવ્યો, જેની સમગ્ર વિગતો આ પ્રસ્તુત પ્રકરણમાં સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

આશ્રમશાળામાં શિક્ષણ પ્રાપ્ત કરવાના સમયગાળામાં ઘણા બધા ગુણોનું સિંચન બાળકના મનોજગતમાં થતુ હોઈ છે. બાળક આશ્રમશાળાની દિનચર્યા સાથે જોડાયેલો રહે છે. જે દિનચર્યામાં કેળવણી, જીવનઘડતર, વર્તન વ્યવહારના પાઠ શિખવા મળે છે. શિક્ષણ મેળવવાની સાથે-સાથે

બાળક જીવન ઉપયોગી બાબતોને જાણે, સમજે અને પોતાના વ્યક્તિગત જીવનમાં તેને અનુસરવા બધીજ બાબતો અન્ય વાતાવરણ અને બાળકોના અનુકરણથી તેના જીવનમાં સ્વીકારે છે.

નિવાસી શાળામાં અભ્યાસ કરવાથી બાળકમાં નિયમિતતા આવે છે, કારણ કે આશ્રમશાળાઓમાં દિનચર્યાનું ખૂબજ મહત્વ રહેલુ છે. બાળક વહેલા ઉઠીને પોતાના નિયત કાર્ય કર્યા બાદ જ અભ્યાસ કાર્યમાં જોડાય છે. આ ગુણ ધીમે ધીમે વ્યક્તિગત જીવનમાં વણાઈ જાય છે. બાળકે શીખેલ નિયમિતતાનો આ ગુણ ઘર, સમાજ, વ્યવસાયમાં દરેક પાસાઓમાં તેને ઉપયોગી નીવડે છે. આશ્રમશાળાઓમાં સમુહ ભોજન, સમુહ સફાઈ, સમુહ પ્રાર્થના પોતાના અંગત કામો જેમકે કપડા ધોવા, ન્હાવુ, વાસણ ઘસવા, પથારી કરવી જેવા કામો પોતાની જાતે કરવાની સમજ બાળકમાં કેળવાય છે. આમ થવાથી બાળકમાં સહકારની ભાવના કેળવાય છે. જે કામ સહકારથી થાય છે, તે એકલા હાથે જલદી નથી થતા, તેવી સમજ કેળવાતા તે પોતાના ઘરે પણ મદદ કરાવતા થાય છે. શ્રમનું મૂલ્ય પણ બાળક નાનપણથી સમજતું થાય છે અને મોટા થઈને ગૃહકાર્ય કરવામાં શરમ અનુભવતો નથી. વ્યક્તિગત સ્વચ્છતા અને સામુહિક સ્વચ્છતાના પાઠ શીખે છે અને તે મુજબ ઘરે પણ અનુસરે છે. આશ્રમશાળામાં મુખ્યત્વે નેતૃત્વની જવાબદારી દરેક કાર્ય ટુકડીમાં સોંપવામાં આવે છે. જે તે ટુકડીના નાયક બને છે. નાયક બનવાથી કોની પાસે કઈ રીતે કામ લેવું અને કયું કામ જલ્દી કરવું તેનો નિર્ણય લેતાં શીખે છે. તે શીખેલ ગુણથી એક નેતાગીરીની ભૂમિકા અદા કરવાની તક મળે છે. અને તેનામાં જે આવડત કેળવાય છે. તેનો ઉપયોગ વ્યક્તિગત જીવન અને સમુહજીવનમાં ખૂબ જ ઉપયોગી બને છે. ભવિષ્યમાં રાજકીય ક્ષેત્રે સફળતા મેળવવા માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે.

આશ્રમશાળાઓમાં રાત્રિ વાંચન શિક્ષકો શાળા સિવાયના સમયમાં ગૃહકાર્ય કર્યા બાદ કરાવે છે, જેનાથી તેનામાં વાંચનની ટેવ પડે છે, તેનામાં જ્ઞાન કે માહિતીનો સંચાર થાય છે. આથી જ આપણે અગાઉ કહ્યું તે મુજબ વ્યક્તિ અને સમાજના વિકાસનો એક આધાર શિક્ષણ ઉપર પણ રહેલો છે, એ આશ્રમી પ્રણાલીમાં જોવા મળે છે. આદિવાસી સમાજનું શિક્ષણ સ્તર સુધરશે તો વિકાસ સંશાધનો ઉપર તેમની પકડને મજબુતપણે જોઈ શકીશું.

આદિવાસી સમાજના સર્વાંગીણ ઉત્કર્ષ અને ઉન્નતિ માટે નઈ તાલીમ અને બુનિયાદી શિક્ષણની વિચારણસરણીવાળી આશ્રમશાળાએ ઘણો મોટો ભાગ ભજવ્યો એવું હાલનાં તબક્કામાં લાગે છે. નિયત કરેલ નિદર્શન પરથી આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાથી હકારાત્મક કે નકારાત્મક અસરો થઈ છે તે જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એ પહેલાં આપણે મનોવિજ્ઞાની દ્વારા દર્શાવેલ બે પ્રકારની અસરો જોઈએ.

૧ હકારાત્મક

૨ નકારાત્મક

પરંપરાગત રીતે આદિવાસી સમુદાયો શહેરોથી દુર ડુંગરો અને અંતરિયાળ વિસ્તારોમાં વસવાટ કરે છે. શરૂઆતના સમયમાં એ વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ ખૂબ ઓછી અને પૂરતા ધોરણની શાળાઓ ઉપલબ્ધ ન હતી. આશ્રમશાળાઓ શરૂ થવાથી તેઓને શિક્ષણની તક ઉપલબ્ધ થઈ. જે આદિવાસીઓની વિવિધ જાતિઓ માટે આશીર્વાદરૂપ બની. આશ્રમશાળામાં શિક્ષણ પ્રાપ્ત કરવાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસરો પડે છે. આદિવાસી સમાજની દરેક જાતિની આગવી બોલી હોય છે. આશ્રમશાળામાં શિક્ષણ મેળવવાના સમય દરમ્યાન બાળક નવી ભાષા શીખે છે. ગુજરાતી ભાષા સાથે તેનો ઘરોબો વધે છે. આદિવાસીઓમાં કન્યા શિક્ષણ વધ્યું કે કેમ?, મા-બાપ મહદઅંશે કન્યા કેળવણી તરફ જાગૃત થયા છે કે કેમ? તે અંગે અભ્યાસ કરવામાં આવે તો જ ખ્યાલ આવી શકે જેથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આદિવાસી સમાજના લોકોને શિક્ષણ પ્રાપ્ત થવાથી પોતાનો પરંપરાગત ધંધો ખેતી, પશુપાલન, મજૂરી છોડીને નોકરી અને રોજગારી મેળવવા બહાર શહેરોમાં અને જુદા સમાજના સંપર્કમાં આવતાં ધીમે-ધીમે અન્ય સમાજના રીતરિવાજોનું અનુસરણ કરતા થયા છે કે નહી તે પણ આ અભ્યાસમાં જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે શિક્ષણની એક હકારાત્મક અસર ગણાવી શકાય.

શિક્ષણની હકારાત્મક અસર ધર્મ ઉપર પણ પડે છે. નવિન પ્રવાહો, ધર્મગુરુઓના સંપર્કમાં આવ્યા, વિવિધ સત્સંગોમાં જતા થયા એટલે સારી બાબતોને અપનાવી છે. તેથી આદિવાસી સમાજની રહેણીકરણી ઉપર અન્ય ધર્મની અસર વર્તાય છે. સામાજિક-ધાર્મિક રિવાજો પણ શિક્ષણની અસર પડવા પામી હોય એવું સંશોધકને લાગ્યું જેથી નિરીક્ષણ દ્વારા તેમના રિવાજો અને તેમને થતી શારીરિક-માનસિક તકલીફોમાં પણ બદલાવ આવ્યો હોય એવું ઉત્તરદાત્તાઓ સાથે કરેલ વાતચીત પર જાણવા મળ્યું છે. આધુનિક ટેક્નોલોજીના જ્ઞાનથી માહિતગાર થયા, વિજળીનો ઉપયોગ કરતા થયા, ટી.વી., મોબાઈલ, કોમ્પ્યુટરનો ઉપયોગ અને વપરાશ કરતા થયા.

શિક્ષણ થકી વ્યાવસાયિક પરિવર્તનો થતા ગયા. શહેરોમાં ખાનગી, સરકારી નોકરીના વિકલ્પ મળ્યા અને તેના થકી આર્થિક સ્થિતિ સુધરી, જેના કારણે જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું. પહેરવેશ, બોલી, ભૌતિક, ઘર વપરાશના સાધનો અને બાળકો માટે શિક્ષણની તકો જરૂર વિકસી છે. આ સાથે દરેક નબળાં સમુદાયના લોકોમાં સરકારશ્રી દ્વારા મળતા લાભોથી પરિચિત થયા અને મેળવતાં થયાં.


સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે જે રાષ્ટ્રમાં શિક્ષણ આંક વધારે છે. આધુનિકરણ, શહેરીકરણ, ભૌતિક પર લોકોની પહોંચ પડે છે. જે પ્રત્યક્ષ રીતે શિક્ષણની સારી અસર કહી શકાય પરંતુ માનવ વિકાસની દ્રષ્ટિએ વિકાસ નથી એટલે આ શિક્ષણની આડઅસર કહી શકાય. અને

ધીમે-ધીમે આદિવાસી સમાજમાં જૂના જે રીત-રિવાજો ઓછા ખર્ચથી થતા તેમાં પણ સુધારો ન થતાં અન્ય સમાજના રીત-રિવાજો પ્રમાણે ખર્ચ કરતા થયાં છે. દા.ત, સામાજિક પ્રસંગોપાત ભેટ-સોગાત આપવાની પ્રથામાં ચાંદીના અપાતા દાગીના હવે સોનાના દાગીના અપાતા થયા છે. દાહોદ જિલ્લામાં વસતા આદિવાસી ભીલ સમાજમાં ચાંદલો પાડવાની પ્રથા ચાલે છે. જેમાં વ્યક્તિ પોતાની આર્થિક સ્થિતિ મુજબ કરતા હોય છે. નોકરી કરનાર હોય, આર્થિક રીતે સક્ષમ હોય તો ચાંદલામાં વધુને વધુ રકમ નોંધાવતા જોવાં મળે છે. જો કે આ પ્રથામાં પરત પોતાના ઘરે ચાંદલો પાડે ત્યારે ચઢાવો કરીને પરત ચાંદલો મળે છે. પરંતુ આની અસર ગરીબ કુટુંબો પર પડે છે. આ કુટુંબને સમાજની સાથે ચાલવા માટે પ્રયત્નો કરે જેમાં દેવું કરે, જમીન ગીરવે મુકે અથવા વસ્તુ વેચીને પણ ખર્ચને પહોંચવાનો પ્રયાસ થાય છે. જે શિક્ષણને એક નકારાત્મક અસર કહી શકાય છે. એવુ આપણને સમજાય એ એ જોવાનો પ્રયાસ પણ પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવ્યો છે. શિક્ષણથી માહિતીનો વ્યાપ વધે છે. શહેરીકરણ, આધુનિકરણને કારણે પ્રલોભનવાળા વ્યવસાયો કે નોકરી તરફની દોડ વધે છે એવું કેટલેક અંશે આદિવાસી લોકો સાથેની ચર્ચા દરમિયાન જાણવા મળ્યું હતું. આદિવાસી સમાજનો સામાજિક સાંસ્કૃતિક વારસો ઘણો જ અમૂલ્ય છે. આ સમાજના સંસ્કૃતિ વારસાઓમાં પરંપરાગત નૃત્યો, લોકગીતોની એક અલગ ઓળખ છે જે આજની નવી પેઢીમાં ભુલાતી જાય છે. અને આધુનિક જમાના સાથે તાલ મિલાવી અન્ય સમાજની સંસ્કૃતિ અપનાવી રહ્યા હોય તેવુ જોવા મળી રહ્યું છે. કંઠસ્થ લોકગીતોના બદલે આધુનિક ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ વધ્યો છે. આ બધી બાબતો પણ સંશોધનકર્તાને વાલીઓ, શિક્ષકો, આચાર્ય અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી રૂબરૂ મુલાકાત સમયે જાણવા મળી હતી.

ગુજરાતમાં વસતાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી વિવિધ યોજના અમલીકૃત કરી છે. આદિવાસીઓ વૈધિક શિક્ષણ મેળવી વિકાસના હાંસિયામાં જોડાયેલા સમુદાય માટે તાલમેલ સાધી શકે એ માટે અંતરિયાળ વિસ્તારમાં આશ્રમશાળા કાર્યરત છે, જેની ચર્ચા આપણે અગાઉના પ્રકરણોમાં કરી છે. આદિવાસી સમાજ માટે આશ્રમશાળા એ લાભદાયક અને આશીર્વાદ સમાન છે, પરંતુ તેની પાછળ કયા સંદર્ભો છે તે જોવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યો શિક્ષકો પાસેથી અસરો અંગેના હકારાત્મક કે નકારાત્મક મંતવ્યો અને અભિપ્રાયો મેળવવા સ્વરચિત મૂલ્યાંકન કસોટી દ્વારા માહિતી એકત્રિકરણના સાધન તરીકે વિકસાવવામાં આવી હતી. જેમાં તેમના પરંપરાગત વ્યવસાય, હાલના વ્યવસાય, ઘર બનાવટ, પહેરવેશ, રહેણીકરણી, ઘરમાં અગત્યના નિર્ણયો લેવામાં ભાગીદારી, આર્થિક સ્વાવલંબન, વ્યકિતગત કૌશલ્યો વિકાસ વગેરે આશ્રમશાળા શિક્ષણ મેળવવાથી શું શું પરિવર્તન આવ્યું છે તે અંગેની માહિતી લેવામાં આવી છે, જેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

૨. શાળા શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં થયેલ ગુણો/કૌશલ્યોનો વિકાસ

આદિવાસી સમાજ એ પ્રકૃતિ પૂજક સમાજ છે. સૌ પ્રથમ બાળક પ્રકૃતિમાં રહીને અને કુટુંબના સભ્યો પાસેથી વિવિધ ગુણો અને કૌશલ્યો શીખે છે. અહીં તેનું જોડાણ અન્ય સમાજ સાથે કે બાળક સાથે થતુ નથી. તેમના આવાસો પણ છૂટા છવાયા હોય છે. આદિવાસી બાળક જ્યારે શાળામાં દાખલ થાય છે ત્યારે તે પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ ઉપરાંત વિવિધ જીવનોપ્રાયોગી ગુણો અને કૌશલ્યો પણ શીખે છે. પ્રસ્તુત આલેખમાં આદિવાસી વિસ્તાર સ્થિત પ્રાથમિક શાળા અને આશ્રમશાળામાં અભ્યાસ કરી ચૂકેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મતે કયા ગુણોનો વિકાસ થાય છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.





નોધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત આલેખમાં ૬૧૮ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી તેઓના જીવનમાં ક્યાં કૌશલ્યોનો વિકાસ થયો છે. એવું પુછવામાં આવ્યું જેના જવાબમાં ૨૬૦ (૪૨.૦૭%) ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉત્તરદાત્તાએ જણાવ્યું કે વ્યક્તિત્વનો વિકાસ સારો થાય છે. જ્યારે ૨૦૮ (૩૩.૬૬%) વિદ્યાર્થીઓએ જીલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓમાં વ્યક્તિત્વ વિકાસ સારો થાય એમ જણાવ્યુ. આમ ૪૬૮ (૭૫.૭૩%) વિદ્યાર્થીઓએ કહ્યું કે આશ્રમશાળામાં કે પ્રાથમિક શાળામાં અભ્યાસ અને વ્યક્તિત્વ વિકાસ સારો થાય છે. શાળાની સાથોસાથ છાત્રાવાસ પણ હોવાથી આખો દિવસ શૈક્ષણિક વાતાવરણ મળે છે. શિક્ષકરૂપી ગુરુજીનો સહકાર મળે છે. સતત નવું જાણવા મળે

છે. આ પ્રકારનું વાતાવરણ ઘરે રહીને અન્ય શાળામાં ભણવાથી મળતું નથી. જે ખૂબ સારી તેમજ આશ્રમશાળાની આદિવાસી સમાજ ઉપર પડતી અસરોમાં હકારાત્મક પાસાનું ઉમેરણ કરે છે. સૌથી વધારે સંખ્યામાં જવાબ મળ્યો હતો. ત્યારબાદ ૭૧ (૧૧.૪૯%) વિદ્યાર્થીઓના શાળા શિક્ષણથી બૌદ્ધિક વિકાસ થાય છે એવું જણાવ્યું છે. પરંતુ તેમાં ૪૫ (૭.૨૮%) વિદ્યાર્થીઓ એવું માને છે કે પ્રાથમિક શાળામાં બૌદ્ધિક વિકાસ સારો થાય છે. ૨૦૮ (૩૩.૨૬%) વિદ્યાર્થીઓના મતે આશ્રમશાળામાં બૌદ્ધિક વિકાસ સારો થાય છે. ૨૬૦ (૪૨.૦૭%)ના મતે આશ્રમશાળામાં શિક્ષણ સારું થાય છે. ૬૧૮ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શિક્ષણની ગુણવત્તાની દ્રષ્ટિએ એટલે કે ૩૧૨ (૫૦.૪૯%) આશ્રમશાળાના શિક્ષણને જ સારું શિક્ષણ ગણાવ્યું હતું.

૩. શાળાકીય શિક્ષણ, વિદ્યાર્થીઓમાં ગુણોનો વિકાસ અને જીવનમાં ઉપયોગીતા




નોંધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત આલેખમાં ૬૮ આશ્રમશાળામાં અભ્યાસ કરીને ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી ૬૧૮ વિદ્યાર્થીઓ પાસેથી મુલાકાત અનૂસુચિ દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં વિશેષ કરીને આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી તેમના વ્યક્તિગત જીવન અને કૌટુંબિક જીવનમાં શું બદલાવ આવ્યો એ જાણવા માટે તેમને પૂછવામાં આવ્યું કે આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી આપનામાં જે ગુણોનો વિકાસ થયો એ તેમને ક્યાં અને કેવી રીતે ઉપયોગી નીવડ્યા છે. જે પૈકી જુદાં જુદાં પ્રતિસાદો અલગ અલગ ઝોન પ્રમાણે મળ્યાં હતાં. જેમાં ૧૭૫ (૨૮.૩૨%) વિદ્યાર્થીઓએ જણાવ્યું કે આશ્રમશાળામાં અભ્યાસ કરવા જવાથી અમારો વ્યક્તિગત તેમજ અમારા કુટુંબનાં


સભ્યોનો શૈક્ષણિક વિકાસ વધ્યો છે. જ્યારે ૧૦૦ (૧૬.૧૮%) વિદ્યાર્થીઓએ એવું જણાવ્યું કે આશ્રમશાળામાં અભ્યાસ કરવા માટે અમને વાલીઓએ મોકલ્યા એટલે અમારા સમાજની સામાજિક-સાંસ્કૃતિક પાસાઓમાં સારી-નરસી બાબતોથી અમે અવગત થયાં. જે અમને જીવન જીવવામાં તેમજ બીજા અન્ય સમાજના સભ્યો સાથે તાલમેલ સાધવામાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. અન્ય ૧૩૭ (૨૨.૧૭%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી અમારા અલગ-અલગ વ્યવસાયમાં ઝંપલાવવાની કાર્યક્ષમતા વધી છે, જેને કારણે અમારા ઘરની આર્થિક સ્થિતિમાં પણ બદલાવ આવ્યો છે. ૯૭ (૧૬.૬૯%) વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે આશ્રમશાળામાં અભ્યાસની સાથોસાથ શિક્ષકો દ્વારા અન્ય ઈતર પ્રવૃત્તિઓ પણ કરવામાં આવતી હતી, જેમાં પ્રાર્થનામાં ઊભા થઈને બધાની સામે રજૂઆત કરવી, કામકાજમાં અન્ય બાળકોને મદદ કરવું, તેમજ અમારી પોતાની બોલી સિવાય ગુજરાતીમાં નાનપણથી જ ભણવાથી ગુજરાતી ભાષા બોલવા પરનું પ્રભુત્વ વધવા પામ્યું છે. બાકી ૮૫ (૧૩.૭૫%) વિદ્યાર્થીઓના મતે આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી વ્યાવસાયિક કાર્યમાં, ખેતીમાં, વેપારીઓ સાથે આત્મવિશ્વાસથી વાતો કરી શકીએ છીએ. કોઈના દ્વારા ઘરના કામમાં છેતરાવવાનું થતું નથી, અને ૨૪ (૩.૮૮%) વિદ્યાર્થીઓએ એમ પણ જણાવ્યું કે આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી અમારા વ્યક્તિગત જીવનમાં પણ ખૂબ પરિવર્તન/બદલાવ આવ્યો છે.

આમ, તારણમા કહી શકાય કે આશ્રમશાળામાં અભ્યાસ કરવાથી આદિવાસી સમાજના શૈક્ષણિક, સામાજિક, આર્થિક અસર થવા પામી છે, કારણ કે ૬૧૮ માંથી ૧૭૫ (૨૮.૩૨%) વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વિકાસમાં ૧૩૭ (૨૨.૧૭%) વિદ્યાર્થીઓએ આર્થિક કાર્યમાં, ૧૦૦ (૧૬.૧૯%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યમાં આશ્રમશાળામાંથી મેળવેલ શિક્ષણ ઉપયોગી નીવડ્યું છે. પ્રાથમિક શાળાના બાળકોની સંરખામણીએ આશ્રમશાળાઓમાં અભ્યાસ કર્યો હોય તેવા આદિવાસી બાળકો વ્યક્તિગત રીતે સ્વાવલંબી, મહેનતુ તેમજ પોતાના જાહેરજીવનમાં વધુ સફળ બન્યા છે તેવું કહી શકાય.

### ૪. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના હાલના વ્યવસાયની સ્થિતિ

આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ માટેની સુવિધાઓ પૈકી આશ્રમશાળાએ ઉત્તમ પ્રકારની વ્યવસ્થા છે. જે નિવાસીશાળા તરીકે પણ ઓળખાય છે. આ શાળાનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે. આ જ વિસ્તારોમાં જીલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓ પણ કાર્યરત છે. આ બંન્ને શૈક્ષણિક વ્યવસ્થાઓએ આદિવાસી સમાજમાં શિક્ષણનું સ્તર વધારવામાં મહત્વનો ભાગ

ભજવ્યો છે. આ બંન્ને વ્યવસ્થા પ્રાથમિકકક્ષા સુધીની છે. અહીં અભ્યાસ કરીને વિદ્યાર્થી આગળ વધી જીવનમાં કયા ક્ષેત્રમાં પોતાની કારકિર્દીનું ઘડતર કર્યુ તેની વિગત પ્રસ્તુત આલેખમાં દર્શાવી છે.





નોધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત આલેખમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આશ્રમશાળા અને પ્રાથમિક શાળામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ હાલમાં શું કરે છે અથવા તેઓ કયાં કયાં વ્યવસાય સાથે જોડાયેલા છે તેની સ્થિતિ અહીં તપાસવામાં આવી છે. આ બે શાળામાંથી કઈ શાળામાં અભ્યાસ કરવાથી વ્યાવસયિક તકો વધુ પ્રાપ્ત થઈ એ જાણવાનો પ્રયાસ કર્યો છે. આ વિગતોને આલેખને આધારે જોઈ તો ૧૦૪ (૧૬.૮૩%) ઉત્તરદાતાઓ પ્રાથમિક શાળામાં ભણ્યા છે અને તે ખેતી કરે છે, જ્યારે આશ્રમશાળામાં અભ્યાસ કર્યો હોય એવા ૭૨ (૧૧.૬૫%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખેતી કરે છે. આ પ્રત્યુતર ૬૮ આશ્રમશાળામાં અભ્યાસ કરી ચૂકેલ કુલ વિદ્યાર્થીઓમાંથી ૬૧૮ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી મેળવવામાં આવ્યા છે. જ્યારે સરકારી નોકરી મળવા અંગેની ટકાવારી જોઈએ આશ્રમશાળામાં

અભ્યાસ કર્યો હોય એવા ૭૪ (૧૧.૯૮%) છે. જ્યારે પ્રાથમિક શાળામાંથી ૫૯ (૯.૫૫%) ઉત્તરદાત્તાઓને સરકારી નોકરી મળી છે. પ્રાથમિક શાળાની સંરખામણીમાં આશ્રમશાળામાંથી શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓ સરકારી નોકરીમાં વધારે પ્રમાણમાં જોવા મળ્યા. આ ઉપરાંત ખાનગી નોકરી કરતાં હોય એવું ૧૧% ઉત્તરદાત્તા મળ્યાં.

આશ્રમશાળામાં અભ્યાસ પૂર્ણ કરી સરકારી નોકરીમાં વધુ જોડાયા છે. જ્યારે ખેતી કરતાં હોય એની ટકાવારી જોઈએ તો તે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વધારે છે. આ ઉપરાંત છુટક મજુરી, ખાનગી નોકરી, ઘરકામ કરતાં હોય એવું બંન્નેનું પ્રમાણ લગભગ સપ્રમાણ છે એવું આલેખને આધારે કહી શકાય.

૫. આશ્રમી શિક્ષણ અને કૌટુંબિક ફાયદાઓ





નોધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

આશ્રમશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે તમારા બાળકને આશ્રમશાળામાં અભ્યાસ કરાવવાથી તમારા કુટુંબને શું ફાયદો થયો છે એના પ્રત્યુત્તર પૈકી જે માહિતી પ્રાપ્ત થઈ તેનું વિવરણ પ્રસ્તુત આલેખમાં કરવામાં આવ્યું છે. કુલ ૬૮ આશ્રમશાળામાં અભ્યાસ કરતાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વાલીઓની મુલાકાત દરમ્યાન 33 વાલીઓ જણાવ્યું હતું કે ઘરેલું લેખન-વાંચનના કાર્યોમાં પહેલાં ગામના સાક્ષર વ્યક્તિઓની મદદ લેવી

પડતી તે ફાજલ હોય તો આવે અથવા ના પાડી દે પરંતુ હવે ઘરમાં છોકરાઓ ભણેલા છે આથી એ પ્રશ્ન હલ થયો અને અમારું સ્વમાન પણ જળવાઈ રહે છે. ઉપરાંત ૩૨ વાલીઓએ આશ્રમશાળામાં બાળકોને ભણાવવાથી તેમના જીવનનું ઘડતર થયું અને એમની સારી કેળવણી થઈ છે. જે એને પોતાના અંગત જીવનમાં ઉપયોગી બને છે. ઉપરોક્ત બંન્ને બાબતોને લઈને વાલીઓએ સૌથી વધારે જવાબ આપ્યા હતા. ૧૯ વાલીઓએ એવા પણ જવાબો આપ્યા હતા કે આશ્રમશાળામાં બાળકોને અભ્યાસ કરાવવાથી બાળકના ઉછેરની જવાબદારીઓ હળવી થાય છે, જેમાં ચર્ચા દરમ્યાન તેઓએ જણાવ્યું હતું. આશ્રમશાળામાં અભ્યાસની સાથોસાથ રહેવા-જમવાનું મળે છે. આ ઉપરાંત તેને ઉપયોગી સામાન પણ મળે છે.

૬. સંચાલક મંડળની કાર્ય પ્રક્રિયાથી આચાર્ય-શિક્ષકોને પડતી મુશ્કેલીઓ

આશ્રમશાળા યથાસ્થિતિ મૂલ્યાંકન અભ્યાસ અંતર્ગત પસંદ કરવામાં આવેલ કુલ ૬૮ આશ્રમશાળાના આચાર્યો અને શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તર, શિક્ષણ પ્રણાલી, ભૌતિક સુવિધાઓ, વહીવટી પ્રક્રિયા સંદર્ભે ઉદ્દભવત્તા પ્રશ્નો જાણવાનો પ્રયાસ કેન્દ્રીય જૂથ ચર્ચા દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે સંચાલક મંડળ તરફથી આચાર્ય-શિક્ષકને શું મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેની વિગત પ્રસ્તુત આલેખમાં રજૂ કરવામાં આવી છે.




નોધ: એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

આશ્રમશાળા મૂલ્યાંકન અભ્યાસ અંતર્ગત ૪૫૨ આશ્રમશાળાઓમાંથી ૬૮ આશ્રમશાળાઓમાં ચલાવતા સંચાલક મંડળ તરફથી આશ્રમશાળાઓના આચાર્યો અને શિક્ષકોને કાર્ય કરવામાં કેવા કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં મધ્ય ગુજરાતમાં ૨૬ શિક્ષકો-આચાર્યોએ અને દક્ષિણ ગુજરાતનાન ૧૮ આચાર્ય-શિક્ષકોએ શાળામાં ભૌતિક સંસાધનો પૂરતા પ્રમાણમાં નથી એવું જણાવ્યું છે. જ્યારે ઉત્તર ગુજરાતના ૮ આચાર્ય-શિક્ષકોએ અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓના ૪ આચાર્ય-શિક્ષકોએ પણ કેન્દ્રીત જુથચર્ચા દ્વારા આશ્રમશાળાઓમાં ભૌતિક સંશાધનો અંગેનો પ્રશ્ન કહ્યો હતો. એટલે કે ૫૬ આચાર્ય-શિક્ષકોએ ભૌતિક સંસાધનનો વિશેના વિવિધ મુશ્કેલીરૂપ પ્રશ્નો જણાવ્યા હતા.


બીજો પ્રશ્ન તેમને સંચાલકો શાળામાં શૈક્ષણિક સુવિધાઓ જેમકે, બાળકોને બેસવા માટેની બેન્ચ, શૈક્ષણિક પ્રયોગો માટેના સાધનો વગેરે સગવડો મળતી નથી તેમ જણાવ્યું હતું. આ પ્રશ્નો માટે તેઓએ સંચાલકોને જવાબદાર ગણાવ્યા હતા. બિનઆદિવાસી આશ્રમશાળામાંથી કોઈ પ્રત્યુત્તર મળ્યો ન હતો. શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સંચાલકોને રસ ન હોવાથી મધ્ય ગુજરાતમાંથી ૮ શિક્ષકોએ, દક્ષિણ ગુજરાતમાંથી ૭ શિક્ષકોએ અને ઉત્તર ગુજરાતમાંથી ૩ શિક્ષકોએ પ્રત્યુત્તર આપ્યો હતો.

આ ઉપરાંત કુલ ૫ શિક્ષકોએ એવો પ્રત્યુત્તર આપ્યો હતો કે આશ્રમશાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં શિક્ષકો છાત્રાલય હોવાથી ૨૪ કલાકની નોકરી કરે છે પરંતુ ૨૪ કલાક પ્રમાણે મહેનતાણું મળતું નથી, કોઈ એલાઉન્સ મળતાં નથી. તેના બદલામાં જીલ્લા પંચાયતની શાળામાં કાર્યરત શિક્ષકોને ૭ થી ૮ કલાકની નોકરી છતાં સર્વ લાભો મળે છે.

આશ્રમશાળાઓમાં બાળકોના અનેકવિધ પ્રશ્નો ઉદ્દભવતા હોય છે, પરંતુ સંચાલક મંડળો બાળકોના પ્રશ્નો નિવારવામાં રસ-રૂચિ ઓછી ધરાવતાં હોય તેવું જોવા મળે છે. તેમજ શિક્ષકોને ભણાવવા સિવાય શાળા-છાત્રાલયના બાળકો સંદર્ભે વહીવટ પ્રશ્નોના ઉકેલ માટેની પણ કામગીરી કરવી પડે છે, એવું મધ્ય તેમજ દક્ષિણ ગુજરાતના શિક્ષકોએ જણાવ્યું હતું. આ ઉપરાંત અનુદાન સમયસર મળતું નથી કે શાળા સુધી અપૂરતું પહોંચે છે એવું શિક્ષકોએ કેન્દ્રીત જૂથચર્ચા દરમિયાન જણાવ્યું હતું.

આમ, તારણ કાઢી શકાય કે સંચાલક મંડળો દ્વારા અભ્યાસના ૫૬ આચાર્ય-શિક્ષકોને ભૌતિક સંસાધનો સંદર્ભેની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળતી ન હોવાથી તેઓ વર્ગખંડમાં ગીચતા, રહેવા માટેના ક્વાટર્સનો અભાવ, છાત્રાલયનું અલાયદું મકાન, અપૂરતા તથા જર્જરિત સંડાસ-બાથરૂમ વગેરે પ્રકારની સૌથી વધુ મુશ્કેલીઓ અનુભવે છે. જ્યારે સૌથી ઓછો પ્રશ્ન અનુદાન મેળવવા અંગેનો છે.

૭. આશ્રમશાળા શિક્ષણ અને આદિવાસી સમુદાયમાં આવેલ પરિવર્તન (સંચાલકોના દ્રષ્ટિએ)




નોંધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત આલેખમાં ગુજરાત સ્થિત ૪૫૨ આશ્રમશાળાઓમાંથી પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાની ૧૫% આશ્રમશાળા પ્રમાણે ઝોન મુજબ લેવામાં આવી હતી. આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળા દ્વારા શિક્ષણ આપવાથી શિક્ષણ સ્તરમાં બદલાવ પ્રવર્તમાન સમયમાં દેખાઈ રહ્યો છે. આ બદલાવ કઈ બાબતોનો છે તે જાણવાનો પ્રયાસ અહીં કર્યો છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને બિન આદિવાસી વિસ્તારની ૬૮ આશ્રમશાળાના સંચાલકો પાસેથી આશ્રમશાળાની છાત્રાવાસવાળી શૈક્ષણિક વ્યવસ્થાને કારણે જે તે જીલ્લાના આદિવાસી સમાજના લોકોમાં ક્યા પ્રકારનું પરિવર્તન આવ્યું છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આશ્રમશાળાના કારણે આદિવાસી સમાજના શિક્ષણના સ્તરમાં પરિવર્તન આવ્યું છે, એવું સૌથી વધારે ૬૪ સંચાલકોએ જણાવ્યુ હતું, જેમાં મધ્ય ગુજરાતમાંથી ૩૦ સંચાલકો, દક્ષિણ ગુજરાતમાંથી ૨૧ સંચાલકોએ ઉત્તર ગુજરાતમાંથી ૯ અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓના સંચાલકો પૈકી ૪ સંચાલકોએ જવાબ આપ્યો હતો.

આશ્રમશાળાથી આદિવાસી સમાજના સાંસ્કૃતિક અને સામાજિક જે પરંપરાગત રિવાજો હતા એમાં આજે બદલાવ આવ્યો હોય એવું જણાય છે એવું ૬૦ સંચાલકોએ જણાવ્યું હતું. શિક્ષણનું સ્તર વધવાથી આ સમુદાયના લોકોમાં પરંપરાગત જન્મ, લગ્ન, મરણ અંગે જે વિધિઓ છે એમાં પરિવર્તન જોવા મળે છે. પહેરવેશ, આભૂષણો અને ઘરના રાચરચીલામાં પણ બદલાવ જોવા મળે છે. આ પ્રકારનો બદલાવ મધ્ય ગુજરાતની આશ્રમના વિસ્તારોમાં આવ્યો હોય એવું ૨૮ સંચાલકોએ

આપેલ જવાબોની સંખ્યાને આધારે કહી શકીએ છીએ. ત્યારબાદ દક્ષિણ ગુજરાતમાંથી ૨૦ સંચાલકોએ ઉત્તર ગુજરાતમાંથી ૯ સંચાલકોએ અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી ૩ સંચાલકોને સામાજિક, સાંસ્કૃતિક રીતભાતમાં બદલાવ આવ્યો છે તેવું પોતાના અનુભવને આધારે લાગ્યું હતું.

આજ પ્રમાણે ૫૫ સંચાલકોએ આદિવાસી સમાજના કુટુંબોની આર્થિક સ્થિતિમાં પણ પહેલાં કરતાં હાલના સમયમાં બદલાવ આવ્યો છે તેવું કહે છે, જેમાં આર્થિક બદલાવ અંગેના સૌથી વધુ પ્રત્યુત્તર મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના સંચાલકોએ આપ્યા હતા. આ જ પ્રમાણે ધાર્મિક માન્યતાઓમાં બદલાવ આવ્યો હોય એવું ૪૩ સંચાલકોએ મુલાકાત દ્વારા જણાવ્યું હતુ.

આ પ્રકારનો ઉત્તર સૌથી વધારે મધ્ય ગુજરાતના સંચાલકોએ આપ્યો અને સૌથી ઓછાં ઉત્તર ગુજરાતની આશ્રમશાળાઓમાંથી બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી પણ સંચાલકોએ આદિવાસી સમાજમાં ધાર્મિક માન્યતાઓમાં પરિવર્તન આવ્યું એમ જણાવ્યું હતું. આદિવાસી સમાજના લોકોની ખેતી અને પશુપાલન કરવાની પદ્ધતિમાં પણ બદલાવ જોવા મળે છે તેવું ૪૯ સંચાલકોએ જણાવ્યું.


આશ્રમશાળાના સંચાલક તરીકે વર્ષોથી કાર્યરત એવા સંચાલકોને ઉત્તરદાતા તરીકે જવાબો આપ્યા હતા તેને બદલે હવે જે બાળકો આશ્રમશાળામાં ભણવા આવે છે કે તેઓ શહેરમાં જઈને કામ કરતાં થયા છે. તેઓમાં રોજગારીની નવી તકોની જાણકારી વધી છે. આવા જવાબો સૌથી વધારે મધ્ય ગુજરાતના વિસ્તારની આશ્રમશાળાના ૨૪ સંચાલકોએ, દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાના ૧૮ સંચાલકોએ જવાબ આપ્યાં હતા. જ્યારે ઉત્તર ગુજરાત વિસ્તારની આશ્રમશાળાના ૯ સંચાલકો અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાંથી ૪ સંચાલકોએ રોજગારીની નવી તકો વધી છે, એવા પ્રત્યુત્તર ઉત્તરદાત્તા તરીકે આપ્યાં હતા.

આ ઉપરાંત આદિવાસી સમાજમાં વિચારોમાં બદલાવ આવ્યો છે એવું ૫ સંચાલકોએ જણાવ્યું જેનું પ્રમાણ સૌથી ઓછું છે. આદિવાસી યુવક-યવુતીમાં કૌશલ્ય વિકાસ થયો એવું ૧૩ સંચાલકો જણાવ્યું જ્યારે આદિવાસી વિસ્તારમાં કાર્યરત ૧૧ આશ્રમશાળાના સંચાલકોના મતે સમુદાયમાં રાજકીય જાગૃતિ વધી છે એવું પણ જોવા મળે છે.

ઉપરોક્ત આલેખને આધારે તારણ કાઢી શકાય કે આશ્રમશાળાના કારણે આજે આદિવાસી સમાજમાં શિક્ષણ બદલાવ આવ્યો છે. એવો જવાબ ૬૪ સંચાલકોએ આપ્યો જે સૌથી વધારે છે. જ્યારે શિક્ષણ મેળવતા થયાં હોવા છતાં પણ હજુ વિચારોમાં સુધારાવાદી વલણ કે કુટેવો છૂટવી જોઈએ તે છૂટતી નથી. વ્યસનોનું પ્રમાણ માત્ર પ્રૌઢ કે વૃદ્ધોમાં જ છે એવું નથી આજે યુવાનોમાં પણ પાન, બીડી, દારૂ, ગુટખા જેવા વ્યસનો જોવા મળે છે. પહેલાં કરતાં સુધારો વર્તાય રહ્યો પરંતુ

આ પરિવર્તન ઘણું ધીમું જણાય છે. શિક્ષણ મળવાથી વિવિધ વ્યસનો, કુટેવો છુટી હોય એવું બહુ ઓછા (પાંચ) સંચાલકો જણાવે છે.

૮. આશ્રમશાળા શિક્ષણ દ્વારા આદિવાસી સમુદાયમાં આવેલ પરિવર્તન (વાલીઓની દ્રષ્ટિએ)




નોંધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.


ઉપરોક્ત આલેખમાં પ્રાપ્ય આંકડાકીય માહિતી જોતા જણાશે કે ગુજરાતના ઉત્તર ભાગમાં, મધ્ય ભાગમાં, દક્ષિણ ભાગમાં કે બિન આદિવાસી વિસ્તારોમાં વસવાટ કરતા આદિવાસી સમાજમાં પરિવર્તન દેખાય છે. આદિવાસી સમુદાયમાં પરિવર્તન કરતા તમામ પાસાઓમાંથી શૈક્ષણિક સ્તરમાં સૌથી વધુ પરિવર્તન આવ્યું છે તેવું ૫૫% ઉત્તરદાતા માને છે. તેમાં વિશેષ કરીને દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતી ૮૮ (૭૩.૩%) આદિવાસી પ્રજાતિના બાળકોમાં શિક્ષણનું સ્તર સુધારવા પામ્યું છે. ઉત્તર ગુજરાતમાં વિશેષ ફરક નથી, તે સંદર્ભે ઉત્તરદાતાએ કોઈ માહિતી આપેલ નથી. રોજગારીમાં વધારો થયો એવું ૨૫.૩% આશ્રમશાળાના વાલીઓ પાસેથી જાણવા મળ્યું છે. દક્ષિણ

ગુજરાત આદિવાસીઓમાં શિક્ષણ સ્તર સુધારવામાં આશ્રમશાળા શિક્ષણની ભૂમિકા મહત્વની રહી છે. શિક્ષણ વધવાની સાથે સાથે રોજગારીની તકો પણ વધે છે, તેવું ૩૪ (૨૮.૩%) ઉત્તરદાતાઓનું માનવું છે.

આશ્રમશાળામાં શિક્ષણ મેળવવાથી નવીન ભાષા શીખવા મળે છે, એવું દક્ષિણ, મધ્ય, ઉત્તર અને બિન આદિવાસી વિસ્તારની આશ્રમશાળા મળી ૮૦ ઉત્તરદાતાઓ એટલે ૨૩.૫% ઉત્તરદાતાઓ માને છે. લગ્નના રીતિ-રિવાજમાં બદલાવ લાવી શક્યા એવું ૩૬.૨% ઉત્તરદાતાઓ માને છે, તેમાં દક્ષિણ ગુજરાતમાં વધુ બદલાવ આવ્યો છે એવું ઉત્તરદાતા એ જણાવેલ અભિપ્રાય પરથી જોવા મળે છે. ત્યારબાદ મધ્ય ગુજરાત અને છેલ્લે બિન આદિવાસી વિસ્તારમાં સામાજિક રીતિ-રિવાજમાં પરિવર્તન આવ્યું છે એવું કહી શકાય છે. આશ્રમશાળા કે પ્રાથમિક શાળા ઘરથી નજીકના વિસ્તારમાં આવવાથી બાળમજૂરીમાં ફરક પડ્યો નથી. ૨૨.૬% એટલે કે ૭૭ આશ્રમશાળાના વાલીઓ એવું જણાવે છે કે આશ્રમશાળામાં શિક્ષણ મેળવવાથી શિક્ષણનું સ્તર વધ્યુ છે. ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ધાર્મિક પરિવર્તન વિશેષ પ્રમાણમાં થયું હોય એવું જોવા મળે છે, જ્યારે દક્ષિણ ગુજરાત અને બિનઆદિવાસી વિસ્તારમાં આ પરિવર્તન નજીવું છે.

૯. શાળા અંગેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અભિપ્રયો

આશ્રમશાળાઓની આદિવાસી સમાજ પર અસરોને જાણવા માટેનાં જે પ્રયાસો ઉત્તરદાત્તાઓ પાસે કરવામાં આવ્યા, એમાં કેટલાંક પ્રશ્નોમાં ઉત્તરદાત્તા આશ્રમશાળામાંથી મળતું શિક્ષણ અને પ્રાથમિક શાળાઓમાંથી મળતું શિક્ષણ આ બંન્ને વ્યવસ્થા એમના મતે શું તફાવત જોવા મળે છે એ જાણવાનો પ્રયાસ પ્રસ્તુત આલેખમાં કરવામાં આવ્યો છે.




નોંધઃ એક કરતાં વધારે જવાબો પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત આલેખમાં આશ્રમશાળામાં અભ્યાસ કરી ચૂકેલા ૬૧૮ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી પ્રાથમિક શાળામાં અને આશ્રમશાળાના અભ્યાસ અંગે મુલાકાત અનુસૂચિ દ્વારા અભિપ્રાય જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં આશ્રમશાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય છે, એવું ૧૧૧ (૧૭.૯૬%) વિદ્યાર્થીઓએ જણાવ્યુ જ્યારે ૮૪ (૧૩.૫૯%) વિદ્યાર્થીઓએ પ્રાથમિક શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે તેવું કહ્યુ. ૧૯૫ (૩૧.૫૫%) વિદ્યાર્થીઓના મતે બંન્ને શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે, જેનું પ્રમાણ સવિશેષ છે. ૧૧૨ (૧૮.૧૨%) વિદ્યાર્થીઓએ જણાવ્યા મુજબ શાળાઓમાં પૂરતી માળખાગત સુવિધાઓ છે, જેમાં ૫૯ (૯.૫૫%) વિદ્યાર્થીઓના મતે આશ્રમશાળામાં અને ૫૩ (૮.૫૮%) વિદ્યાર્થીઓના મતે પ્રાથમિક શાળામાં પૂરતી માળખાગત સુવિધાઓ છે. ૯૩ (૧૫.૦૫%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમા કહ્યા મુજબ શાળામાં શૈક્ષણિક વાતાવરણ જોવા મળે છે, જેથી બાળકને ભણવામાં રસ ન પણ હોય તો અન્ય બાળકોને ભણવાની ઈચ્છા થાય

તેવું ભણવાનું વાતાવરણ છે, તેમાં ૪૯ (૭.૯૩%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પ્રાથમિક શાળાને પ્રાધાન્ય આપ્યું, જ્યારે ૪૪ (૭.૧૨%) વિદ્યાર્થીઓએ આશ્રમશાળાને પ્રાધાન્ય આપ્યું છે.

શાળામાં માળખાગત સુવિધાઓનો અભાવ છે, એવું ૬૬ (૧૦.૬૮%) વિદ્યાર્થીઓએ જણાવ્યું. પ્રાથમિક શાળામાં અને આશ્રમશાળા બંન્નેમાં સુવિધા પુરતા પ્રમાણમાં અથવા અભાવ છે એવું બંન્ને વિશેના એક સરખા અભિપ્રાય એટલે કે ૩૩ (૫.૩૪%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આશ્રમશાળા વિષે જણાવ્યું અને ૩૩ (૫.૩૪%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પ્રાથમિક શાળા અંગ જણાવ્યું.


આશ્રમશાળાઓ નઈ તાલીમ અને બુનિયાદી શિક્ષણ પર વધુ ભાર મુકતી હોવાથી અભ્યાસક્રમની સાથોસાથ શ્રમ અને ઉદ્યોગ પણ કરાવે છે, કારણ કે બુનિયાદી શિક્ષણમાં ઉદ્યોગો દ્વારા શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. બાળકો શાળામાં અન્ય બાળકો સાથે ભણે છે. સમવયસ્કો સાથે શારીરિક વાતચીત, રમતો દ્વારા આદાન-પ્રદાન કરે છે. જેની અસર તેના વિકાસ ઉપર પડે છે. શિક્ષણ મેળવતાં બાળકોનું સામાજિક ઘડતર પણ થતું હોય છે. આ બાબત સંદર્ભે આશ્રમશાળામાં બાળકો સમૂહજીવન જીવતા હોવાથી જીવનોપયોગી ઘણાં ગુણો શીખે છે એવું ૩૧ (૫.૦૨%) વિદ્યાર્થીઓને લાગે છે, જ્યારે પ્રાથમિક શાળામાં બાળકો સમૂહજીવન દ્વારા જે ગુણો શીખે છે તે એને જીવનમાં ઉપયોગી થાય છે, પરંતુ તેનું પ્રમાણ ખૂબજ ઓછું છે. ૪૫ (૭.૨૮%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મતે બાળકોનાં સામાજીકરણમાં શાળાએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

તારણમાં કહી શકાય કે આશ્રમશાળા અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાય સંદર્ભમાં તેમણે કહ્યુ છે કે શાળામાં શૈક્ષણિક વાતાવરણ સારું છે, શૈક્ષણિક સાધનો પૂરતાં છે, પોષણયુક્ત ભોજન મળે છે. જ્યારે અંતરિયાળ અને ગ્રામ્ય કક્ષાએ જે પ્રાથમિક શાળાઓ ચાલે છે, તેમાં શૈક્ષણિક સ્ટાફ, મકાનો, સાધનો અપૂરતાં હોવાને કારણે બાળકોનું ઘડતર બરાબર થતું નથી. આશ્રમશાળામાં શિક્ષણ મેળવનાર બાળકો જેમ જીવન ઘડતર થતું નથી, તેવું ૭ (૧.૧૩%) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

## આશ્રમશાળા શિક્ષણની આદિવાસી સમાજ અને બાળકોના સર્વાંગી વિકાસ તેમજ હકારાત્મક અસરો


















# પ્રકરણ – ૧૦ અભ્યાસના તારણો અને ભલામણો

૧. પ્રસ્તાવના

પ્રસ્તુત અભ્યાસ "અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ: મૂલ્યાંકન અભ્યાસ" અંતર્ગત આશ્રમશાળાઓની શિક્ષણ પ્રણાલી, શિક્ષણની સ્થિતિ અને તેની ગુણવત્તા, વિદ્યાર્થીઓને અપાતા ભોજનની સ્થિતિ, ગુણવત્તા, પોષણક્ષમતા અને આરોગ્યની સ્થિતિ, ભૌતિક-માળખાગત સુવિધાઓ તથા તેની સ્થિતિ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકોના પ્રશ્નો તેમજ આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસર તપાસવામાં આવી છે. આ અભ્યાસમાં આદિવાસી બાળકો માટે કાર્યરત પ્રાથમિક શિક્ષણ આપતી ૪૫૨ આશ્રમશાળાઓમાંથી ૧૦% મુજબ ૬૮ આશ્રમશાળાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે. આ સંશોધનમાં આશ્રમશાળાનું માળખું, શિક્ષણ, રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સંબંધી તમામ પાસાંઓ તેમજ સરકારશ્રીના ધારાધોરણ અનુસાર આશ્રમશાળાઓ ચાલે છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

આ અભ્યાસના પ્રારંભિકગાળામાં આશ્રમશાળા સબંધિત સાહિત્યના વાંચન દ્વારા સાહિત્ય સમીક્ષા કરવામાં આવી. ત્યારબાદ આશ્રમશાળા સબંધિત માહિતી એકત્રીત કરવા માટે મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલી, કેન્દ્રિત જૂથચર્ચા અને નિરીક્ષણ સૂચિ તૈયાર કરવામાં આવી. પ્રસ્તુત સંશોધનમાં આશ્રમશાળા સાથે સંકળાયેલ સંચાલકો, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીના વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને માહિતીદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ અભ્યાસમાં વિવિધ માહિતીપત્રકો દ્વારા સવિસ્તાર વિગતો મેળવવામાં આવી, જેમકે આશ્રમશાળાની પ્રાથમિક માહિતી પત્રક-૬૮, સંચાલકોની મુલાકાત અનુસૂચિ-૬૮, આચાર્ય-શિક્ષકની મુલાકાત અનુસૂચિ-૨૬૨, વિદ્યાર્થી મુલાકાત પત્રક-૮૧૬, વિદ્યાર્થી આરોગ્ય તપાસ પત્રક-૮૧૬, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા માપન કસોટી પત્રક-૮૧૬, વાલી મુલાકાત અનુસૂચિ-૩૪૦, શિક્ષક-કેન્દ્રીય જૂથચર્ચા-૬૮, વિદ્યાર્થી-કેન્દ્રિત જૂથચર્ચા-૬૮, વાલી-કેન્દ્રિત જૂથચર્ચા-૬૮, પ્રાથમિક શિક્ષણ મેળવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મુલાકાત અનુસૂચિ-૬૧૮ અને નિરીક્ષણ પત્રક-૬૮ દ્વારા આશ્રમશાળા સબંધિત ઊંડાણથી માહિતી મેળવવામાં આવી.

આ અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓ પાસેથી મેળવેલ માહિતીનું સંકેતીકરણ, વર્ગીકરણ, ડેટા એન્ટ્રી, કોષ્ટકીકરણ, અર્થઘટન અને વિશ્લેષણને આધારે અંતમાં અભ્યાસના તારણો તારવવામાં આવ્યા. આ તારણોને આધારે સરકારશ્રીને જરૂરી ભલામણો કરવામાં આવી છે. આ અભ્યાસનો સમયગાળો ઘણો લાંબો રહ્યો છે. આ તારણો અને ભલામણો સંદર્ભે આશ્રમશાળામાં વર્તમાન સમયમાં કેટલાક ફેરફાર કે પરિવર્તન જોવા મળી શકે, પરંતુ મોટાભાગની આશ્રમશાળાઓની સ્થિતિ

આ તારણોમાં જણાવ્યા મુજબની જ છે. આમ, સરકારશ્રીએ, સંચાલક મંડળોએ તેમજ આચાર્ય-શિક્ષકોએ અહીં દર્શાવેલ પ્રસ્તુત સંશોધનના તારણો અને તેને આધારે કરવામાં આવેલ ભલામણોને ગંભીરતાથી લઈ પરિસ્થિતિ સુધારવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

૨. અભ્યાસના તારણો

૨.૧ આશ્રમશાળામાં શિક્ષણની સ્થિતિ, ગુણવત્તા અને શીખવાની પ્રક્રિયા સબંધી તારણો

૨.૧.૧ આશ્રમશાળામાં શિક્ષણની સ્થિતિ કે ગુણવત્તા કક્ષા (ધોરણ) અનુસાર નબળી છે. એટલે કે બહુ ઓછા વિદ્યાર્થીઓ ધોરણ અનુસાર વાંચન-લેખન-ગણન સબંધી પ્રવૃત્તિઓ યોગ્ય રીતે કરી શકે છે. સંચાલક મંડળ અને સરકાર હસ્તકની આશ્રમશાળાઓની સરખામણીએ ખ્રિસ્તી મિશનરીઓની આશ્રમશાળાઓમાં શિક્ષણની સ્થિતિ કે ગુણવત્તા ઊંચી જોવા મળે છે. તેમજ ભણાવવા માટેના ટેકનોલોજીના સાધનો અને અન્ય વ્યવસ્થાઓ ગુણાત્મક છે. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા જાણવા માટે વાંચન-લેખન-ગણન સંબંધી તપાસ કરતાં જાણવા મળ્યું કે ધોરણ ૫ થી ૮ ના મોટાભાગના વિદ્યાર્થીઓને કક્ષા અનુસાર ગુજરાતી ભાષા વાંચવામાં મુશ્કેલી અનુભવે છે. જ્યારે હિન્દી અને અંગ્રેજી ભાષા બહુ ઓછા વિદ્યાર્થીઓ જ વાંચી શકે છે. ગણિત વિષયમાં સામાન્ય રીતે ત્રણ થી ચાર સંખ્યાના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના દાખલા ગણાવવામાં આવ્યા તો અડધાથી વધુ વિદ્યાર્થીઓ આ દાખલાઓ ગણવામાં મુંઝવણ અને ડર અનુભવતા હતા.

૨.૧.૨ અભ્યાસની આશ્રમશાળાઓ પૈકી ૧૭.૬૫% આશ્રમશાળાઓમાં વિષયવાર શિક્ષકો છે અને પોતે જે વિષયો સાથે શિક્ષણ મેળવ્યું છે તે વિષયો આશ્રમશાળામાં ભણાવે છે. જ્યારે ૮૨.૩૫% આશ્રમશાળાઓમાં વિષયવાર શિક્ષકો નથી. શિક્ષકોની મોટા પ્રમાણમાં ઘટ છે, જેથી આશ્રમશાળાઓના શિક્ષકોએ ભાષાના વિષયો સાથે ભણી આવ્યા હોય કે તેની જ પદવી ધરાવતા હોય છતાં પણ ગણિત, વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાનના વિષયો પણ શીખવવા પડે છે, તેનું પ્રમાણ ઘણું વધુ છે.

૨.૧.૩ બાળકો માટે આશ્રમશાળાનું વાતાવરણ ૬૪.૭૧% શૈક્ષણિક અને સંતોષકારક છે, ૩૩.૮૨% મધ્યમ છે અને ૧.૪૭% નબળું છે એવો આચાર્ય-શિક્ષકોનો મત છે, પરંતુ સંશોધકના નિરીક્ષણના આધારે કહીએ તો ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળાઓના વાતાવરણની સ્થિતિ જેમકે શિક્ષણ સ્થિતિ, શીખવવાના સાધનો, ભૌતિક સુવિધાઓ, રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા તેમજ મકાનોની સ્થિતિ મોટેભાગે મધ્યમસરની અને કેટલાંક સ્થળે ખૂબજ નબળી હોવાથી આશ્રમશાળાનું વાતાવરણ સંતોષકારક નથી.

૨.૧.૪ આશ્રમશાળામાં આર્થિક રીતે નબળા અને સ્થળાંતરિત કુટુંબના બાળકોને પ્રવેશ માટે સવિશેષ પ્રાથમિકતા આપવામાં આવે છે, તેમજ શાળા પ્રવેશ અંગેના સરકારી નિયમોનુસાર પ્રવેશ અરજીપત્રક ભરાવીને તથા વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, જ્યારે કસોટી કે રૂબરૂ મુલાકાત દ્વારા અને ટકાવારી (મેરીટ) પ્રમાણે બાળકોને પ્રવેશ આપવાનું પ્રમાણ આશ્રમશાળામાં ઓછું જોવા મળે છે.

૨.૧.૫ આશ્રમશાળામાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ પૈકી ૩૨.૩૫% વિદ્યાર્થીઓ ૨૬ થી ૫૦ કિ.મી. દૂરથી આવે છે, તેમનું પ્રમાણ સૌથી વધુ છે. જ્યારે ૫૦ કિ.મી. કે તેના કરતા વધારે દૂરથી શિક્ષણ મેળવવા માટે આવતા હોય તેવા વિદ્યાર્થીઓનું પ્રમાણ ૬૩.૧૨% છે તેમજ ૧૪.૭૧% વિદ્યાર્થીઓ ૧૦૦ કિ.મી. કે તેથી વધુ અંતરેથી આશ્રમશાળામાં શિક્ષણ મેળવવા આવે છે.

૨.૧.૬ આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને સરકાર અને સંચાલક મંડળ દ્વારા અપાતી સગવડોમાં ન્હાવા-કપડાં ધોવાના સાબુ, માથામાં નાખવાનું તેલ, અભ્યાસનાં પુસ્તકો, ગણવેશ, નોટબુક, થાળી-વાટકી-ગ્લાસ, ગાદલું, ઓશીકું, ચાદર, શેતરંજી, ગરમ કપડા, મચ્છરદાની વગેરે વસ્તુઓ યોગ્ય પ્રમાણમાં આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તેનો યોગ્ય ઉપયોગ કરે છે. જ્યારે પલંગ, સ્ટુલ, ટેબલ, ખુરશી વગેરે સગવડો વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઓછા પ્રમાણમાં મળે છે.

૨.૧.૭ આશ્રમશાળામાં બાળકોના શૈક્ષણિક વિકાસ માટે સુવિધાઓ અને વ્યવસ્થાઓ સંદર્ભે ૮૨.૩૫% ગ્રંથાલય અને ૬૯.૧૨% બાયોમેટ્રિક મશીનની વ્યવસ્થા ઉત્તમ છે. જ્યારે ૭૯.૪૧% વિજ્ઞાનની પ્રયોગશાળા, ૭૦.૫૯% દ્રશ્ય-શ્રાવ્યના સાધનો, ૭૨.૦૬% કોમ્પ્યુટર લેબની વ્યવસ્થા આશ્રમશાળાઓમાં નથી. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન, ઉત્સવો અને કાર્યક્રમો, વાલી સંમેલન, જીલ્લા શિક્ષણ વિભાગના કાર્યક્રમોમાં સહભાગીદારી અને બાયોમેટ્રિક મશીનનો ઉપયોગ વગેરે સુવિધા/વ્યવસ્થાઓ ઉત્તમ પ્રમાણમાં છે, જેનું પ્રમાણ ૮૦% થી ૮૫% વચ્ચે છે.

૨.૧.૮ આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું અધવચ્ચેથી શાળા છોડવાના પ્રમાણમાં સૌથી વધુ આર્થિક અને સામાજિક પરિબળો જવાબદાર છે. આર્થિક પરિબળોમાં કુટુંબની નબળી આર્થિક સ્થિતિ, કુટુંબની ઓછી આવક, નબળા વ્યવસાયો, કુટુંબમાં એક જ કમાનાર વ્યક્તિ, રોજગારી માટે માતા-પિતાનું સ્થળાંતર વગેરે છે. જ્યારે સામાજિક કારણોમાં સામાજિક પ્રસંગો જેમકે લગ્નમાં વધુ ખર્ચ, પ્રસંગોપાત દેવું વગેરે છે. તેમજ અન્ય કારણોમાં બાળકોને ભણવામાં ઓછો રસ, શાળા-શિક્ષકો ગમતા ન હોય, શિક્ષણ પ્રત્યે વાલીની ઉદાસીનતા,

ઓછી અને નબળી સુવિધાઓ, શાળાની ફેરબદલી, કૌટુંબિક બાબતો, ભાષા-બોલી વગેરે પરિબળો વિદ્યાર્થીઓને અધવચ્ચેથી શાળા છોડવા માટે વધુ કારણભૂત રહે છે.

૨.૨ આશ્રમશાળાઓમાં ભોજનની સ્થિતિ, પોષણક્ષમતા અને વિદ્યાર્થીઓના આરોગ્ય સબંધી તારણો

૨.૨.૧ અભ્યાસની ૯૮.૫૩% આશ્રમશાળાઓમાં ભોજન સારણી (મેનુ) બનાવેલ જોવા મળી, તેમાંથી ૯૨.૬૫% આશ્રમશાળાઓમાં ભોજન સારણી અનુસાર વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવે છે.

૨.૨.૨ આશ્રમશાળાઓમાં ૮૩.૮૨% વિદ્યાર્થીઓને દરરોજ ગરમ અને તાજો નાસ્તો તેમજ તમામ વિદ્યાર્થીઓને બપોર અને સાંજે ગરમ અને તાજું ભોજન આપવામાં આવે છે.

૨.૨.૩ અભ્યાસના ૯૪.૧૨% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને મહિનામાં એક થી ત્રણ વાર મિષ્ટાન સાથેનું ભોજન આપવામાં આવે છે. જ્યારે ૫.૮૮% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને મહિનામાં એક વખત મીઠાઈ સાથેનું ભોજન મળતું નથી.

૨.૨.૪ આદિવાસી વિસ્તારોમાં બાળકોમાં રહેલ કુપોષણ દૂર કરવા માટે ૬૦.૨૯% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ ગ્રામ ફ્લેવર્ડ મિલ્કવાળું દૂધ આપવામાં આવે છે. આ દૂધ ૬૧.૭૬% વિદ્યાર્થીઓ ખુશીથી પીવે છે અને ૫૯.૧૯% વિદ્યાર્થીઓને દૂધનું પાઉચ નિયમિત મળે છે.

૨.૨.૫ અભ્યાસના ૯૩.૭૫% વિદ્યાર્થીઓને આશ્રમશાળાઓમાં આપવામાં આવતું ભોજન ભાવે છે અને ૬૧.૪૦% વિદ્યાર્થીઓને આ ભોજન પોતાના ઘર જેવું જ લાગે છે.

૨.૨.૬ આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓના જણાવ્યા મુજબ મહત્તમ બાળકોને આશ્રમશાળામાં ભોજન લેવું ગમે છે. પૂરતા પ્રમાણમાં ભોજનનો જથ્થો મળે છે અને દૂધ સંજીવની યોજના અંતર્ગત નિયમિત દૂધ મળે છે. તેમજ જે વાલીઓ દૂધાળા પશુઓ રાખે છે, તેઓ પોતાના બાળકોને ઘરે પણ રોજિંદા ખોરાકમાં દૂધ આપે છે.

૨.૨.૭ સંશોધનના ૭૬.૪૭% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને પોષણયુક્ત ભોજન આપવામાં આવે છે, જેમાં દક્ષિણ ગુજરાતની આશ્રમશાળાઓનું પ્રમાણ વધુ છે. જેમકે નવસારી, વલસાડ, સુરત, તાપી વગેરે જિલ્લાની મોટાભાગની આશ્રમશાળાઓમાં ભોજનની ગુણવત્તા ઉત્તમ જોવા મળે છે. જ્યારે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારની ૨૩.૫૩% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને પોષણક્ષમતા અને સ્વાદિષ્ટ ભોજન મળતું નથી. જેમકે દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની તેમજ સૌરાષ્ટ વિસ્તારની કેટલીક આશ્રમશાળાઓમાં ભોજનની ગુણવત્તા ઘણી

નબળી છે તેમજ કેટલીક આશ્રમશાળામાં બાળકોને ભોજનનો પૂરતો જથ્થો મળતો હોય તેમ લાગે છે.

૨.૨.૮ આશ્રમશાળાઓમાં ૧૫.૩૨% વિદ્યાર્થીઓમાં ચામડીના રોગો, ૨૬.૨૩% વિદ્યાર્થીઓને કૃમિજન્ય રોગો અને ૧૮.૧૪% વિદ્યાર્થીઓ વિટામિનની ઉણપ સબંધી મુશ્કેલીઓ અનુભવે છે. જ્યારે અન્ય વિદ્યાર્થીઓ શારીરિક રીતે તંદુરસ્તી જોવા મળે છે.

૨.૨.૯ અભ્યાસના ૮૦૨ (૯૮.૨૮%) વિદ્યાર્થીઓને કોઈ ગંભીર રોગ થયેલ નથી. જ્યારે ૧૪ (૧.૭૨%) વિદ્યાર્થીઓમાંથી ૧૨ (૧.૪૭%) વિદ્યાર્થીઓને સિકલસેલ (sickle cell), ૧ (૦.૧૨%) વિદ્યાર્થીને થેલેસેમીયા, ૧ (૦.૧૨%) વિદ્યાર્થીને કમળાનો ગંભીર રોગ થયેલ છે.

૨.૨.૧૦ સંશોધનના ૮ (૦.૯૮%) વિદ્યાર્થીઓ નજીકનું અને ૪૨ (૫.૧૫%) વિદ્યાર્થીઓ દૂરનું સાંભળવામાં મુશ્કેલી અનુભવે છે. જ્યારે ૨૪ (૨.૯૪%) વિદ્યાર્થીઓને શિક્ષક વર્ગખંડમાં બ્લેક બોર્ડ ઉપર લખે તે સ્પષ્ટ દેખાતું નથી. આ વિદ્યાર્થીઓ શ્રવણ અને દ્રષ્ટિની ખામી ધરાવે છે તેવું કહી શકાય. તેની પાછળ ભોજનની નબળી ગુણવતા તથા ભોજનમાં વૈવિધ્યતાનો અભાવ વધુ જવાબદાર જણાઈ છે.

૨.૨.૧૧ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ સામાન્ય બિમારી (તાવ, શરદી, ઉલટી, ઝાડા, ઊધરસ વગેરે)માં ૬૫% વિદ્યાર્થીઓને શાળાની પ્રાથમિક સારવારની પેટી (FIRST AID BOX) માંથી જે-તે બિમારીની દવા આપવામાં આવે છે. આ ઉપરાંત ૨૫% PHC/CHC માંથી, ૦૫% શિક્ષકોના ઘરેથી, ૦૪% મેડીકલ સ્ટોર્સમાંથી અને ૦૧% વિદ્યાર્થીઓ બિમારીની દવા પોતાની પાસે રાખે છે. સંશોધકના નિરીક્ષણ મુજબ આશ્રમશાળાઓમાં બાળકોને થતી સામાન્ય બિમારીમાં જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવારની પેટી ઉપલબ્ધ જોવા મળી ન હતી. કેટલીક આશ્રમશાળાઓમાં પ્રાથમિક સારવારની પેટી માત્ર નામની જ છે અને તેમાં તારીખ પૂર્ણ થઈ ગયેલી (OUT DATED) દવાઓ જોવા મળી હતી.

૨.૨.૧૨ અભ્યાસના ૯૮.૫૩% વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવે છે, જેમાં ૫૬.૫૦% વિદ્યાર્થીઓના મત મુજબ છ માસથી વર્ષ દરમિયાન એક વખત આરોગ્ય તપાસ થાય છે.

૨.૨.૧૩ સંશોધનના ૩૧૪ (૯૨.૩૫%) વાલીઓના કહ્યા મુજબ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ જે જગ્યાએ જમવા બેસે છે તે જગ્યા પૂરતી સ્વચ્છ હોય છે. સામાન્ય રીતે આશ્રમશાળાઓમાં બાળકોની ટુકડી પાડીને સવાર-સાંજ દરેક જગ્યાઓની સ્વચ્છતા કરાવવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ જ્યાં જમવા બેસે છે ત્યાં મહત્તમ સ્વચ્છતા જોવા મળે છે. વિદ્યાર્થીઓની ટૂકડી

પાડી સમુહ સફાઈ કરાવવાની પ્રણાલી ઉત્તમ છે. તેમજ જે-તે કામ કરવાનું કૌશલ્ય અને સમજ વિક્સે છે.

૨.૨.૧૪ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ પીવા અને વાપરવા માટે ૬૩% બોર અથવા બોરવેલના પાણીનો ઉપયોગ કરે છે. જ્યારે ૧૯% કૂવાના પાણીનો, ૧૩% હેડ પંપના પાણીનો, ૨% નર્મદા ડેમના પાણીનો, ૨% કોર્પોરેશનના પાણીનો અને ૧% વિદ્યાર્થીઓ પીવા અને વપરાશ માટે ટેન્કરના પાણીનો ઉપયોગ કરે છે.

૨.૨.૧૫ આશ્રમશાળાઓમાં ૯0% થી વધુ વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય સબંધી ગુણાત્મક ટેવો જોવા મળે છે. આ ટેવોમાં નિયમિત સ્નાન કરવું, ધોયેલા અને સ્વચ્છ કપડાં પહેરવા, ભોજન લેતા પહેલા મ્હો-હાથ-પગ ધોવા, હાથ-પગના નિયમિત નખ કાપવા, જાજરૂ ગયા બાદ પાણી રેડવું અને સાબુથી હાથ સાફ કરવા વગેરે ટેવોનો સમાવેશ થાય છે. જ્યારે ૧0% વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા કે સ્વાસ્થ્ય સબંધિત નબળી ટેવો જોવા મળે છે.

૨.૩ આશ્રમશાળાની ભૌતિક અને માળખાગત સુવિધા સબંધી તારણો

૨.૩.૧ આશ્રમશાળાઓ ચલાવનાર સંસ્થાઓ કે મંડળો આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક વિકાસ માટેની સવિશેષ પ્રવૃત્તિઓ કરે છે, જેમકે બાલવાડીઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને પી.ટી.સી. કોલેજો ચલાવે છે, પરંતુ કૌશલ્ય વિકાસ, સ્વવિર્ભરતા, પ્રૌઢ સાક્ષરતા, જનજાગૃતિ વગેરે માટેની પ્રવૃતિઓ બહુ ઓછી કરે છે.

૨.૩.૨ સંશોધનના ૮૬.૭૭% આશ્રમશાળાઓની જમીનની માલિકી સંસ્થાઓ કે મંડળોની છે. જ્યારે ૧૦.૨૯% સરકારની અને ૨.૯૪% ખાનગી વ્યક્તિઓની છે. અભ્યાસની ૫૮.૮૨% આશ્રમશાળાઓ પાસે ૧૦ એકરથી ઓછી જમીન ધરાવે છે. જ્યારે ૨૭.૯૪% આશ્રમશાળાઓ પાસે ૧૦ એકર કે તેથી વધુ જમીન અને ૫.૮૮% આશ્રમશાળાઓ પાસે ૨૧ એકર કે તેથી વધુ જમીન છે.

૨.૩.૩ સંશોધનની કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૫૯ (૮૬.૭૭%) આશ્રમશાળાઓ ચલાવતી સંસ્થાઓ પાસે જમીન છે, જેમાંથી ૪૬ (૬૭.૬૫%) આશ્રમશાળાઓની જમીનમાં ખેતી કરવામાં આવે છે. આ જમીનો ઉપર આદિવાસી વિસ્તારમાં થતાં અનાજ, કઠોળ, શાકભાજી અને બાગાયતી પાકોની ખેતી કરવામાં આવે છે, તેમજ ૮ (૧૧.૭૬%) આશ્રમશાળાઓ ખેતી સાથે પશુપાલન કરે છે. જ્યારે ૨૨ (૩૨.૩૫%) આશ્રમશાળાઓમાંથી ૧૩ (૧૯.૧૧%) આશ્રમશાળાઓ પાસે બહુ ઓછી જમીન હોવાથી તેઓ ખેતી કરતા નથી.

૨.૩.૪ અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી ૩૦ (૪૪.૧૨%) આશ્રમશાળાઓના મકાનો કાચા-પાકા (મિશ્ર સ્વરૂપ) એટલે કે મકાનોની દિવાલો ઈંટ અને માટીના ચણતરવાળી તથા છત દેશી કે

વિલાયતી નળીયાવાળી જોવા મળે છે. કાચા મકાનો અને મિશ્ર સ્વરૂપના મકાનોવાળી આશ્રમશાળાઓ ઓછા હવા-ઊજાસવાળી, અંધકારમય, ભોંય તળિયામાં ખાડા-ખરબચડાવાળી અને ચોમાસામાં સતત પાણી ટપકતું રહેતું જોવા મળે છે. તેમજ ચીમેર અને મોરંબા આશ્રમશાળાઓના મકાનો સંપૂર્ણ રીતે કાચા જોવા મળ્યા.

૨.૩.૫ સંશોધનની આશ્રમશાળાઓમાંથી ૫૭.૩૫% આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય સંયુક્ત ચાલે છે. એટલે કે વિદ્યાર્થીઓ જે ઓરડામાં અભ્યાસ કરે છે, એ જ ઓરડામાં રહે છે અને ઊંઘે છે. તેનો એક અર્થ એ થયો કે ૫૭.૩૫% આશ્રમશાળાઓમાં ઓરડાઓની ઘટ છે. જ્યારે ૪૨.૬૫% આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલયના મકાનો જુદાં જુદાં જોવા મળે છે.

૨.૩.૬ સંશોધનની કુલ ૬૮ આશ્રમશાળાઓમાંથી ૧૧.૭૬% આશ્રમશાળાઓ પાસે ધોરણ ૧ થી ૮ અનુસાર વર્ગખંડોના ઓરડાઓ છે. જ્યારે ૮૮.૨૫% આશ્રમશાળાઓ પાસે ધોરણ અનુસાર વર્ગખંડો નથી. તેમાંથી ૧૦.૨૯% આશ્રમશાળાઓ પાસે વર્ગખંડના એક થી બે ઓરડાઓ, મોટા હોલ, પ્રાર્થના ખંડ, લોબીમાં, શાળાના આંગણમાં વગેરે જગ્યાઓમાં બે થી ત્રણ ધોરણોને એક સાથે બેસાડીને ભણાવે છે. શિક્ષકોને ભણાવવામાં અને વિદ્યાર્થીઓને બેસવામાં પણ મુશ્કેલીઓ પડે છે. અહીં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું અને શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવું અશક્ય સમાન છે.

૨.૩.૭ અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓ વર્ગખંડો માટેના ૩૪૫ ઓરડાઓ ધરાવે છે. એટલે કે એક આશ્રમશાળા દીઠ સરેરાશ ૦૫ વર્ગખંડો છે તેમ કહી શકાય, પરંતુ ધોરણ મુજબ સરેરાશ ૦૩ વર્ગખંડોની ઘટ છે, તેને કારણે ઓછામાં ઓછા બે અથવા ત્રણ ધોરણોને એક સાથે બેસવું ફરજિયાત બને છે.

૨.૩.૮ જે આશ્રમશાળાઓના મકાન નવા બનાવવામાં આવ્યા છે, ઓરડાઓની સંખ્યા વધુ છે ત્યાં ૮૨.૩૫% આચાર્યની ઓફિસ અલાયદી જોવા મળે છે. જ્યારે ૧૦.૨૯% આશ્રમશાળાઓમાં આચાર્યની વર્ગખંડ કમ ઓફિસ અને રહેઠાણ કમ ઓફિસ જોવા મળે છે. ૭.૩૫% આશ્રમશાળાઓમાં આચાર્યની ઓફિસ જ નથી.

૨.૩.૯ અભ્યાસની ૬૩.૨૪% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ૧૨૧ થી ૧૫૦ વચ્ચે સૌથી વધુ જોવા મળી તથા ૨૦.૫૯% આશ્રમશાળાઓમાં ૧૫૧ કે તેથી વધુ અને ૧૬.૧૭% આશ્રમશાળાઓમાં ૧૨૦ કે તેથી ઓછા વિદ્યાર્થીઓ હાજર જોવા મળ્યા. ૦૨ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની નોંધણી જ ઓછી હોવાથી ત્યાં વિદ્યાર્થીઓની હાજરી બહું ઓછી જોવા મળી. વિદ્યાર્થીઓ કોઈ કારણસર ગેરહાજર રહે તો તે અંગેની રજા ચિઠ્ઠી ખાસ કેટલીક આશ્રમશાળાઓ દ્વારા લેવામાં આવતી નથી.

૨.૩.૧૦ સંશોધનની ૬૮ આશ્રમશાળાઓમાં ૪૦૮ કાયમી શિક્ષકોની જગ્યાઓ સામે ૨૬૫ (૬૨.૭૫%) કાયમી શિક્ષકોની જગ્યાઓ ભરેલી છે. એટલે કે અભ્યાસની આશ્રમશાળાઓમાં સરેરાશ ચાર (૪) શિક્ષકોની કાયમી જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૧૪૩ (૩૭.૨૫%) કાયમી શિક્ષકોની ઘટ છે. એટલે કે આશ્રમશાળાઓમાં સરેરાશ બે (૨) શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આશ્રમશાળામાં માન્ય ૬ ના શૈક્ષણિક મહેકમની સામે ૩૨.૩૫% આશ્રમશાળાઓમાં મહત્તમ ૦૫ અને ૩૮.૨૪% આશ્રમશાળાઓમાં ૦૪ શિક્ષકોની જગ્યાઓ કાયમી ધોરણે ભરાયેલ છે. જ્યારે ૨૭.૯૪% આશ્રમશાળાઓમાં કાયમી શિક્ષકોની સંખ્યા ૩ થી ઓછી છે અને ૦૧.૪૭% આશ્રમશાળાઓમાં એકપણ કાયમી શિક્ષક નથી.

૨.૩.૧૧ સંશોધનની ૬૮ આશ્રમશાળાઓમાં કુલ ૨૭૨ના બિનશૈક્ષણિક મહેકમ સામે ૧૮૬ (૬૮.૩૮%) કર્મચારી (Non Teaching Staff)ઓની કાયમી જગ્યાઓ ભરેલી છે. એટલે કે આશ્રમશાળાઓમાં સરેરાશ ૦૩ કે તેથી ઓછી રસોઈયા-કમાઠીઓની કાયમી જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૮૬ (૩૧.૬૨%) કાયમી બિનશૈક્ષણિક કર્મચારીઓની જગ્યા ખાલી છે. એટલે કે આશ્રમશાળામાં સરેરાશ ૦૧ કે તેથી વધુ રસોઈયા-કમાઠીની કાયમી જગ્યાઓ ખાલી છે. અભ્યાસની માત્ર ૨૫% આશ્રમશાળાઓમાં જ બિનશૈક્ષણિક કર્મચારીઓની પૂરતી (૪) કાયમી જગ્યાઓ ભરેલી છે. જ્યારે ૭૨.૦૫% આશ્રમશાળાઓમાં ૩ કે તેથી ઓછી અને ૭.૩૫% આશ્રમશાળાઓમાં કાયમી ધોરણે એક-એક રસોઈયોની જગ્યાઓ ભરેલી છે. ૨.૯૪% આશ્રમશાળાઓમાં તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓની કાયમી જગ્યાઓ ખાલી છે.

૨.૩.૧૨ સંશોધનની ૯૭.૦૬% આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો (Tax Books) મળ્યા છે, પરંતુ આ પુસ્તકો અપૂરતા તથા ૨-૩ મહિના મોડા મળે છે. મોટાભાગના શિક્ષકની એવી ફરિયાદ છે કે તેમને શિક્ષક આવૃત્તિ મળતી નથી, જેથી વિદ્યાર્થીઓને ભણાવવામાં મુશ્કેલીઓ પડે છે.

૨.૩.૧૩ અભ્યાસની ૯૪.૧૨% આશ્રમશાળાઓમાં વિશ્વ, ભારત, ગુજરાત અને સ્થાનિક જિલ્લાઓના નકશાઓ છે, ૮૨.૩૫% આશ્રમશાળાઓમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા શીખવાના આલેખો, શરીરના અવયવોની સમજ આપવા માટેના આલેખો, અંક ગણિતના આલેખો, પશુ, પક્ષી અને પ્રાણીઓના આલેખો છે તેમજ ૮૯.૭૧% આશ્રમશાળાઓ પાસે પૃથ્વીનો ગોળો વગેરે શિક્ષણ આપવા માટેના સાધનો ઉપલબ્ધ છે, પરંતુ શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવવા દરમિયાન આ સાધન-સામગ્રી (TLM)નો ઉપયોગ ઓછો કરે છે.

૨.૩.૧૪ સંશોધનની ૭૫% આશ્રમશાળાઓ પાસે વિજ્ઞાનના પ્રાથમિક સાધનો છે, પરંતુ ૮૬.૭૬% આશ્રમશાળાઓમાં વિજ્ઞાનના પ્રયોગો કરવા માટેની પ્રયોગશાળા (Science Lab)

નથી, જેથી તાલુકા-જિલ્લા સ્તરના વિજ્ઞાન મેળાઓમાં પ્રાથમિક શાળાઓની સંરખામણીએ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનો દેખાવ (Performance) નબળો રહે છે.

૨.૩.૧૫ અભ્યાસની ૭૯.૪૧% આશ્રમશાળાઓ પાસે વિદ્યાર્થીઓને ગણિત શીખવવાના સાધનો આલેખ સ્વરૂપે વિશેષ જોવા મળે છે. આ સાધનો અપૂરતા છે તથા ઉપયોગમાં લેવાતા ન હોવાથી વિદ્યાર્થીઓને ધોરણની કક્ષા મુજબનું ગણિત આવડતું નથી.

૨.૩.૧૬ સંશોધનની ૯૭.૦૬% આશ્રમશાળાઓમાં સંગીતના સાધનો જેમકે ઢોલક, તબલા, મંજીરા, ખંજરી, હાર્મોનીયમ વગેરે સંગીતના સાધનોની સ્થિતિ સંતોષકારક અને પૂરતા પ્રમાણમાં છે.

૨.૩.૧૭ અભ્યાસની ૮૮.૨૪% આશ્રમશાળાઓ પાસે નાના છોકરા-છોકરીઓ રમી શકે તેવી રમત-ગમતના સાધનો અને ૯૨.૬૫% આશ્રમશાળાઓ પાસે ક્રિકેટ, હોલીબોલ, ફૂટબોલ વગેરે મોટા છોકરા-છોકરીઓ રમી શકે તેવા રમત-ગમતના સાધનો અપૂરતા પ્રમાણમાં અને બિનગુણવત્તાયુક્ત જોવા મળે છે.

૨.૩.૧૮ સંશોધનની ૮૩.૮૨% આશ્રમશાળાઓમાં પુસ્તકાલય (Library) છે, તેમાંથી ૫૮.૮૨% આશ્રમશાળાઓના પુસ્તકાલયમાં જ પુસ્તકોને સાચવવાની તથા વિદ્યાર્થીઓને પુસ્તકો લેવા-વાંચવાની સામાન્ય વ્યવસ્થા છે. જ્યારે કેટલીક આશ્રમશાળાઓ આ પુસ્તકાલયો મોટાભાગે આચાર્યની ઓફિસમાં કે વર્ગખંડમાં જ રાખેલ જોવા મળે છે.

૨.૩.૧૯ અભ્યાસની આશ્રમશાળાઓમાંથી ૯૭.૦૬% બ્લેક બોર્ડ, ૯૨.૬૫% ચોક અને ડસ્ટરની સુવિધાઓ અને ૮૩.૮૨% નોટિસ બોર્ડની યોગ્ય વ્યવસ્થાઓ છે. જ્યારે અન્ય કેટલીક આશ્રમશાળાઓ પાસે બ્લેક બોર્ડ, ચોક-ડસ્ટર અને નોટિસ બોર્ડની સંતોષકારક વ્યવસ્થાઓ નથી.

૨.૩.૨૦ સંશોધનની ૬૮ આશ્રમશાળાઓમાંથી ૪૮.૫૩% આશ્રમશાળાઓના બાળકો ભોય તળિયા પર બેસીને ભણે છે અને નીચે કોઈપણ વસ્તુ પાથરવામાં આવતી નથી.

૨.૩.૨૧ આશ્રમશાળાઓમાં શિક્ષકને બેસવા માટે વર્ગખંડમાં ૯૧.૧૮% ટેબલની વ્યવસ્થા અને ૯૭.૫૩% ખુરશીની વ્યવસ્થા જોવા મળે છે. શિક્ષકોને વર્ગખંડમાં ભણવા માટે પૂરતા પ્રમાણમાં ટેબલ અને ખુરશી ઉપલબ્ધ નથી. કેટલીક આશ્રમશાળાઓના વર્ગખંડમાં ખુરશીઓ રાખેલ છે, પરંતુ ટેબલની વ્યવસ્થા જોવા મળતી નથી.

૨.૩.૨૨ સંશોધનની ૦૨ આશ્રમશાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ માટે જાજરૂની વ્યવસ્થા અને ૦૪ આશ્રમશાળાઓમાં છોકરીઓ માટે અલાયદી જાજરૂ વ્યવસ્થા ન હોવાથી તેઓ સવારે વહેલા ઊઠીને નિર્જન વિસ્તારમાં જાજરૂ માટે જાય છે. આ આશ્રમશાળાઓમાં જાજરૂ-

બાથરૂમના યુનિટો બનાવવામાં આવ્યા છે, પરંતુ તેની સ્થિતિ કફોડી હોવાથી તેનો ઉપયોગ થઈ શકતો નથી.

૨.૩.૨૩ સંશોધનના ૧૯.૧૨% આશ્રમશાળાઓમાં અને ૧૦.૨૯% છાત્રાલયમાં વિજળીની સુવિધા પૂરતા પ્રમાણમાં જોવા મળતી નથી.

૨.૩.૨૪ અભ્યાસની ૬૮ માંથી ૬૫ (૯૫.૫૯%) આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ સ્કૂલના આંગણાને જ પોતાના રમત-ગમતનું મેદાન તરીકે ઉપયોગ કરે છે. આશ્રમશાળાઓમાં રમત-ગમત માટે અલગથી મેદાન હોય તેવું ખાસ ક્યાંય જોવા મળેલ નથી.

૨.૩.૨૫ અભ્યાસની ૯૪.૧૨% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને ચોખ્ખું પીવાનું પાણી પ્રાપ્ત થાય છે, જ્યારે ૮૮.૨૪% આશ્રમશાળાઓમાં પીવાના પાણી માટે કુંજો અથવા માટલાઓ મુકવામાં આવેલ છે, પરંતુ જે આશ્રમશાળાઓમાં આ વ્યવસ્થા નથી ત્યાં વિદ્યાર્થીઓ પાણી પીવા માટે હેડપંપ અને પાણીની ટાંકી કે તેના નળનો સીધ્ધો ઉપયોગ કરે છે.

૨.૩.૨૬ અભ્યાસની ૬૮ માંથી ૫૨ (૭૬.૪૭%) આશ્રમશાળાઓમાં તમામ શિક્ષકો આશ્રમશાળામાં જ નિવાસ કરે છે. જ્યારે ૧૬ (૨૩.૫૩%) આશ્રમશાળાઓમાં સરેરાશ એક થી બે શિક્ષકો શાળામાં નિવાસ કરતા નથી, કારણ કે આશ્રમશાળામાં શિક્ષકોની સંખ્યાના પ્રમાણમાં નિવાસો ઓછા છે અને મકાનો જર્જરીત હાલતમાં હોવાથી શિક્ષકો શાળામાં નિવાસ કરી શકે તેવી સ્થિતિ નથી.

૨.૩.૨૭ સંશોધનની આશ્રમશાળાઓમાં ૩૦ શિક્ષકો આવાસો પૂરતા પ્રમાણમાં ન હોવાથી અને ૦૫ શિક્ષકો આવાસ જર્જરિત હોવાથી, પૂરતી સુવિધાઓ ન હોવાથી આશ્રમશાળાઓમાં નિવાસ કરતા નથી.

૨.૩.૨૮ અભ્યાસની ૯૭.૦૬% આશ્રમશાળાઓની છાત્રાલયોમાં બાળકોના રહેઠાણ અને વર્ગખંડમાં લાઈટ (બલ્બ, ટુબલાઇટ) અને પંખાની વ્યવસ્થા છે, પરંતુ લાઈટ (બલ્બ, ટુબલાઇટ) અને પંખાની વ્યવસ્થા વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં અને ચાલુ સ્થિતિમાં ઓછી છે.

૨.૩.૨૯ સંશોધનની ૬૮ માંથી ૨૮ (૪૧.૧૮%) આશ્રમશાળાઓમાં સંસ્થા અને સરકાર દ્વારા બાળકોને ઊંઘવા માટે પલંગ કે બેડશીટની વ્યવસ્થા મળી છે, પરંતુ ૪૦ (૫૮.૮૨%) આશ્રમશાળાઓમાં છાત્રોને ઊંઘવા માટે પોતાના ઘરેથી ગાદલું, ગોદડું, ચાદર, શેતરંજી વગેરે લાવે છે તથા તેનો પાથરણાં તરીકે ઉપયોગ કરે છે તેમજ તેઓ મહત્તમ જમીન પર ઊંઘે છે.

૨.૩.30 સંશોધનના ૯૫.૫૯% આશ્રમશાળાઓમાં કુમાર અને કન્યાઓની સંખ્યા મુજબ ૬ જાજરૂ અને ૬ બાથરૂમના અલગ-અલગ યુનિટ બનાવવામાં આવ્યા છે, પરંતુ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો સમાવેશ થતાં 30 વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે, તેની સામે નવા બાથરૂમ અને શૌચાલયો બનાવવામાં આવ્યા નથી.

૨.૩.30 સંશોધનના ૭૨.૦૬% આશ્રમશાળાઓમાં રસોઈ બનાવવા માટે સાદા ચૂલાનો ઉપયોગ કરવામાં આવે છે, ગેસ પ્લાન્ટની સુવિધા નથી. જ્યારે ૨૭.૯૪% આશ્રમશાળાઓમાં રસોડામાં ગેસ પ્લાન્ટની સુવિધા જોવા મળે છે. વર્તમાન સમયમાં પણ કેટલીક આશ્રમશાળાઓમાં રસોઈ કરવા માટે જંગલોમાંથી કે વેચાતું લાકડું લાવે છે અને રસોઈ બનાવે છે. મોટાભાગના આશ્રમશાળાઓના રસોડાઓ કાળા તથા ધુમાડાવાળા વધુ જોવા મળે છે.

૨.૩.૩૧ અભ્યાસની ૯૫.૫૯% આશ્રમશાળાઓમાં ભોજન બનાવવા માટે અલગથી રસોડા બનાવેલા જોવા મળે છે, પરંતુ તેની સામે ૪૨.૬૫% આશ્રમશાળાઓમાં ભોજનાલય અલગથી બનાવેલ નથી. અહીં વિદ્યાર્થીઓ લોબીમાં કે આંગણામાં બેસીને ભોજન લે છે. જ્યારે ૫૭.૩૫% આશ્રમશાળાઓમાં અલગથી ભોજનાલય બનાવવામાં આવેલ છે.

૨.૩.૩૨ સંશોધનના ૮૯.૭૧% આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની વિવિધ ટૂકડીઓ પાડીને શાળા-છાત્રાલયના ઓરડાઓની સફાઈ, લોબીની સફાઈ, આંગણાની સફાઈ, શૌચાલય-બાથરૂમની સફાઈ, બાગ-બગીચાની સફાઈ વગેરે પ્રકારની સ્વચ્છતા સબંધી કામગીરી થતી જોવા મળે છે. જ્યારે ૧૦.૨૯% આશ્રમશાળાઓની છાત્રાલયમાં સફાઈની કામગીરી નબળી જોવા મળે છે.

૨.૩.૩૩ અભ્યાસની ૯૮.૫૩% આશ્રમશાળાઓમાં કોઠારરૂમ અને રસોડુ અલગ અલગ છે, જેને કારણે અનાજ, કઠોળ, શાકભાજી વગેરે સારી રીતે સચવાઈ છે અને રસોઈયાઓને રસોઈ બનાવવામાં વધુ અનુકૂળતા રહે છે.

૨.૩.૩૪ અભ્યાસની ૨૨.૦૬% આશ્રમશાળાઓમાં બાગ-બગીચાઓ બનાવવામાં આવ્યા છે. જ્યારે ૭૭.૯૪% આશ્રમશાળાઓમાં ફૂલ છોડ અને ઝાડ વાવેલા છે, પરંતુ અલગથી બાળકોના રમત-ગમત અને બેસવા માટે બાગ-બગીચાઓ બનાવેલા હોય તેવું ખાસ કાંઈ જોવા મળતું નથી.

૨.૩.૩૫ સંશોધનના ૭0.૧૨% છાત્રાલયના કોઠારરૂમમાં ૧ થી ૩ માસ સુધી ચાલે એટલો જ અનાજનો જથ્થો આપવામાં આવે છે. જ્યારે ૩૦.૮૮% આશ્રમશાળાઓમાં ૬ મહિનાથી ૧ વર્ષ દરમિયાન ચાલે એટલો પૂરતો અનાજનો જથ્થો (Buffer Stocks) આપવામાં આવે છે,

તેમજ ૨૨.૦૬% આશ્રમશાળાઓની છાત્રાલયમાં આપવામાં આવતું અનાજ અને કઠોળ ગુણવત્તાની દ્રષ્ટિએ ઉચ્ચકક્ષાનું જોવા મળે છે. જ્યારે ૭૭.૯૪% આશ્રમશાળાઓમાં આપવામાં આવેલ અનાજનો જથ્થો ગુણવત્તાની દ્રષ્ટિએ વપરાશ યોગ્ય છે, પરંતુ અનાજ અને કઠોળની ગુણવત્તા મધ્યમકક્ષાની જોવા મળી છે. કેટલીક આશ્રમશાળાઓમાં અનાજ અને કઠોળની ગુણવત્તા ઘણી નબળી પણ જોવા મળી છે.

૨.૩.૩૬ આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અને વહીવટી કામો માટે ૩૦ થી વધુ રજીસ્ટરોની નિભાવણી કરવામાં આવે છે. અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાંથી તમામ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું હાજરીપત્રક, મુલાકાત પોથી (Visit Book) અને કર્મચારીઓના પગારનું રજીસ્ટર જોવા મળે છે. આશ્રમશાળામાં રાખવામાં આવતા શૈક્ષણિક અને વહીવટી કામોના રજીસ્ટરોમાંથી મોટાભાગના રજીસ્ટરો છેલ્લી તારીખ સુધીના અપડેટ ઓછા જોવા મળ્યા. સરકાર દ્વારા આશ્રમશાળાઓ પાસે જે પ્રકારની માહિતી વારંવાર માંગવામાં આવે તે પ્રકારના રજીસ્ટરો છેલ્લી તારીખ સુધીના અપડેટ જોવા મળે છે. જ્યારે અન્ય રજીસ્ટરો અપડેટ જોવા મળતા નથી.

૨.૩.૩૭ આશ્રમશાળાઓમાં છાત્રાલયની સુગમતા અને સુવ્યવસ્થાપન માટે ૨૧ થી વધુ રજીસ્ટરોની નિભાવણી કરવામાં આવે છે. છાત્રાલયના સુવ્યવસ્થાપન અને ગુણાત્મક કામગીરી માટે આ તમામ રજીસ્ટરો બનાવવા, ઉપલબ્ધ રાખવા, માહિતી અપડેટ રાખવી ખૂબ જરૂરી છે, પરંતુ આશ્રમશાળાઓમાં ગૃહપતિ-ગૃહમાતાની જગ્યા ભરવામાં ન આવેલી હોવાથી છાત્રાલય સબંધિત તમામ કામો આચાર્ય-શિક્ષકો કરે છે. આચાર્ય-શિક્ષકો ઉપર કામનું ભારણ વધુ છે. રસોઈયા અને કમાઠી રજીસ્ટ્રરો નિભાવવાની તાલીમ પામેલ ન હોવાથી નિયમિત રજીસ્ટ્રરોની નિભાવણી થતી નથી.

૨.૩.૩૮ અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓમાં ૮૦.૮૮% શિક્ષણની વ્યવસ્થા, ૯૨.૬૫% છાત્રાલયમાં રહેઠાણ અને ઊંઘવાની વ્યવસ્થા અને ૯૨.૬૫% ભોજનલયની વ્યવસ્થા સંતોષકારક છે.

૨.૪ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલક મંડળની સમસ્યાઓ સબંધી તારણો

૨.૪.૧ આશ્રમશાળાઓના ૬૮ માંથી ૪૮ આચાર્યો એવું જણાવે છે કે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને સ્થળાંતરિત શ્રમિક માતા-પિતાના બાળકોને ઉત્તમ શિક્ષણ મળી રહે તે માટે આશ્રમશાળા હોવી જોઈએ. તેમજ અંતરીયાળ ગામોના બાળકોને અક્ષર જ્ઞાન મળે, બાળકોનું જીવન ઘડતર થાય, આદિવાસી સમાજનું શિક્ષણનું સ્તર ઊંચુ આવે, નિરાધાર

અને અનાથ બાળકોને શિક્ષણ મળે તથા બાળકોનું આરોગ્ય સુધરે એટલા માટે આશ્રમશાળા હોવી જોઈએ તેવું સવિશેષ આચાર્યો જણાવે છે.

૨.૪.૨ સંશોધનની ૬૮ આશ્રમશાળામાંથી ૬૧ આચાર્યો જણાવે છે કે આશ્રમશાળાઓ જે હેતુ માટે સ્થપાઈ હતી તે પ્રમાણે ૯૦% આશ્રમશાળાઓ ચાલે છે, જ્યારે ૭ આચાર્યોના મતે ૧૦% આશ્રમશાળાઓ પોતાની આવશ્યકતા અનુસાર હેતુઓમાં જરૂરી ફેરફાર કરીને આશ્રમશાળાઓ ચાલે છે.

૨.૪.૩ અભ્યાસના ૯૧% આચાર્યોના મતે આશ્રમશાળાઓ સરકારી નિયમો પ્રમાણે ચાલે છે. જ્યારે ૯% આશ્રમશાળાઓ નિયમો અનુસાર ચાલતી નથી, આ બાબતમાં આચાર્યો માને છે કે આશ્રમશાળામાં શૈક્ષણિક સ્ટાફનો અભાવ, શૈક્ષણિક સાધનોનો અભાવ, રહેઠાણની વ્યવસ્થામાં વીજળી, પાણી, સ્વચ્છતાના પ્રશ્નો, ભોજનમાં તેની ગુણવત્તાના પ્રશ્નો તેમજ શાળા-છાત્રાલયમાં ભૌતિક-માળખાગત સુવિધાઓનો અભાવ વગેરે સંતોષકારક નથી. આ તમામ વ્યવસ્થાઓ કે સુવિધાઓ સરકારે અને સંચાલક મંડળે ઊભી કરવાની હોય છે, તેમ છતાં ઊભી કરવામાં આવતી નથી.

૨.૪.૪ આશ્રમશાળામાં શાળા-છાત્રાલયના ભૌતિક માળખાગત સુવિધા સબંધી પ્રશ્નો સૌથી વધુ છે. તેમજ અન્ય શિક્ષકોને શૈક્ષણિક સાધનોનો અભાવ, કસરત અને રમત-ગમતના અપૂરતા સાધનો, અપૂરતો સ્ટાફ, પીવા અને વાપરવાના પાણીના પ્રશ્નો પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

૨.૪.૫ આશ્રમશાળામાં શિક્ષણ સબંધી પ્રશ્નોમાં કુલ ૨૬૨ શિક્ષકોમાંથી ૩૯ શિક્ષકોને શૈક્ષણિક સાધનોનો અભાવ અને ૩૮ શિક્ષકોને વિષયવાર શિક્ષકોના અભાવનો પ્રશ્ન સૌથી વધુ જણાય છે. આ ઉપરાંત ભૌતિક સાધનોનો અભાવ, ઉપલા વર્ગમાં નબળા વિદ્યાર્થીઓ, વાલીઓનુ શિક્ષણ પ્રત્યે ઉદાસીન વલણ અને ગૃહપતિ-ગૃહમાતાઓની નિમણૂંકનો પ્રશ્ન દ્વારા શિક્ષણ સબંધી પ્રશ્નો ઊભા થતા લાગે છે.

૨.૪.૬ આશ્રમશાળામાં રહેઠાણ સબંધી પ્રશ્નોમાં ૭૦ (૨૦.૬%) વિદ્યાર્થીઓને સુવા માટે પલંગ કે ગાદલા આપવામાં આવતા નથી, તે વિદ્યાર્થીઓનો મોટો પ્રશ્ન છે. તેમજ ૫૭ (૧૬.૮%) વિદ્યાર્થીઓના મતે છાત્રાલય અલગ હોવું જોઈએ. આ ઉપરાંત અલગ ભોજનાલયનો અભાવ, ભોજન મેનુમાં વિવિધતાનો અભાવ, છાત્રાલયના ઓરડાના વ્યાપ કરતાં વધારે વિદ્યાર્થીઓની સંખ્યા (ગીચતા) અને પીવાના પાણીની સુવિધાના પ્રશ્નો વધુ જોવા મળે છે. જ્યારે પૂરતા લાઈટ-પંખાનો અભાવ, ભોજનનો જથ્થો (Quantity of Food) ઓછો આપવો,

ભોજનમાં લીલા શાકભાજીનો અભાવ, ગેસના સગડાનો અભાવ, લોકરનો અભાવ વગેરે પ્રશ્નો વિશેષ અનુભવાય છે.

૨.૪.૭ સંશોધનની ૬૮ આશ્રમશાળામાંથી ૩૨ આચાર્યોના મતે આશ્રમશાળામાં ભૌતિક સુવિધા સબંધી પ્રશ્નોમાં વર્ગખંડો માટે ઓરડાઓની ખૂબ મોટી ઘટ છે તેવું સવિશેષ જણાવે છે. જ્યારે પાણી, વીજળી, ઓછા સંડાશ-બાથરૂમ, ગટર, નળ વગેરે જેવા ભૌતિક-માળખાગત પ્રશ્નો પણ સૌથી વધુ જોવા મળે છે.

૨.૪.૮ અભ્યાસના ૫૩ આચાર્ય-શિક્ષકોને આશ્રમશાળાની ૨૪ કલાકની નોકરી એક સમસ્યારૂપ લાગે છે. આ ઉપરાંત અપૂરતો સ્ટાફ, સ્ટાફ ક્વાર્ટરનો અભાવ, ચોમાસામાં ઓરડાઓમાં છતમાંથી સતત પાણી ટપકવું, પોતાના બાળકો, કુટુંબ અને સમાજને સમય ન આપી શકવો, રજા અને વેકેશનમાં શાળામાં હાજરી, બાળકોના બીમારીના પ્રશ્નો, અભ્યાસ ઉપરાંત વધારાની કામગીરી, ગૃહપતિ-ગૃહમાતા, ચોકીદાર અને રસોઈયાઓનો અભાવ વગેરે પ્રશ્નો આચાર્ય-શિક્ષકોને સવિશેષ અનુભવાય છે.

૨.૪.૯ આશ્રમશાળા-છાત્રાલયની છત, શૌચાલય અને બાથરૂમના બારણાની સ્થિતિ ઘણી નબળી છે, જેમકે ૨૮ આશ્રમશાળાના છતમાંથી ઓરડાઓમાં પાણી ટપકે છે, ૯ શાળામાં શૌચાલયને અને ૧૦ શાળામાં બાથરૂમને બારણા નથી, તૂટી ગયા છે અથવા બંધ થતાં નથી તેવી સ્થિતિ ધરાવે છે, જે વિદ્યાર્થીઓના શિક્ષણ મેળવવા, રહેઠાણ અને સુવિધા મેળવવા અંગેના અધિકારને નબળો પાડે છે.

૨.૪.૧૦ કુલ ૬૮ માંથી ૫૦ (૭૬%) આશ્રમશાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે નવરાશ કે વધારાના સમયમાં જ વિદ્યાર્થીઓને ભણાવે છે, શીખવાની ધીમી ગતિવાળા કે ભણવામાં નબળા વિદ્યાર્થીઓ ઉપર શિક્ષકો દ્વારા સતત ધ્યાન આપીને સવારે અને રાત્રે વિદ્યાર્થીઓને સ્વાધ્યાય કાર્ય કરાવે છે. જ્યારે ૦૨ (૦૩%) આશ્રમશાળાઓમાં શિક્ષકો શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા કે ઉત્તમ આશ્રમશાળાઓના શિક્ષકોની મદદ લઈ વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપે છે અને ભણાવવા માટે પણ આવે છે.

૨.૪.૧૧ આશ્રમશાળામાં ભોજન વ્યવસ્થા સંદર્ભે આહારની પોષણક્ષમતા અને ગુણવત્તા સુધારવા માટે ૩૮ આશ્રમશાળાના શિક્ષકો અનાજ-કઠોળની યોગ્ય સાફ-સફાઈ અને જાળવણી ઉપર સવિશેષ દેખરેખ રાખે છે. આ સાથે બાળકોના રોજિંદા ભોજનમાં લીલા શાકભાજી, ફળો, દૂધનો ઉપયોગ, રસોઈ જાતે તપાસવી, રસોઈઘર અને સાધનોની સ્વચ્છતા, ભોજનની પૌષ્ટિકતા અને રસોઈયા તથા બાળકોની વ્યક્તિગત સ્વચ્છતાની પણ

પૂરતી દેખરેખ રાખે છે. જ્યારે દૂધ સંજીવની યોજના અંતર્ગત આવતું દૂધ વિદ્યાર્થીઓ પીવે છે કે નહીં તેની શિક્ષકો દ્વારા કાળજી કે દેખરેખ ઓછી રાખવામાં આવે છે.

૨.૪.૧૨ અભ્યાસના ૪૭.૯% આચાર્ય-શિક્ષકોના મતે શાળા-છાત્રાલયની સૌ પ્રથમ ભૌત્તિક-માળખાગત સુવિધાઓ સુધારવી જોઈએ તેવું સૂચન કરે છે. આ ઉપરાંત શૈક્ષણિક ગુણવત્તા સુધારવી, સ્ટાફની ભરતી કરવી, વિજ્ઞાન માટેની પ્રયોગશાળા-ગ્રંથાલય-કોમ્પ્યુટર લેબ ઊભી કરવી, બાળ વિકાસ સબંધિત પ્રવૃત્તિઓ વધારવી, પૂરતી અને સમયસર ગ્રાન્ટ આપવી, આનંદ-પ્રમોદ માટે વ્યવસ્થા કરવી, લોકભાગીદારીથી કામ કરવું, સ્વચ્છતા જાળવવી, સલામતીની વ્યવસ્થા ઊભી કરવી, ભોજનની ગુણવત્તા અને પૂરતો જથ્થો મળે તેવી વ્યવસ્થા કરવી, શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવા વગેરે સૂચનો આચાર્ય-શિક્ષકો દ્વારા વિશેષ કરવામાં આવ્યા છે.

૨.૪.૧૩ શાળાકીય પ્રવૃત્તિમાં સુધારણા માટે ૩૯ શિક્ષકોના મતે બાળકોની શારીરિક ક્ષમતા અને તેમની માનસિક સજ્જતા વધે તે માટે સ્પર્ધાત્મક રમતોનું આયોજન અને પ્રવાસ-પર્યટન ગોઠવવા જોઈએ.

૨.૪.૧૪ આશ્રમશાળામાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીનું શિક્ષણ નબળું છે, તેમાં સુધારો કરવા માટે કુલ ૨૬૨ માંથી ૧૬૮ શિક્ષકોએ આ વિષયોના શિક્ષકોની ફરજિયાત ભરતી કરવી જોઈએ તેમ જણાવે છે.

૨.૪.૧૫ આશ્રમશાળા વ્યવસ્થા સુધારવા માટેના સૂચનોમાં કુલ ૨૬૨ માંથી ૬૦ આચાર્ય-શિક્ષકોએ ગૃહપતિ-ગૃહમાતાઓની નિમણૂંક કરવી અને ૪૦ આચાર્ય-શિક્ષકોએ ધોરણવાર અને વિષયવાર શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ તેમ સવિશેષ જણાવે છે. આ ઉપરાંત બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવી, જિલ્લા પંચાયતના શિક્ષકોને મળતા તમામ લાભો આપવા, પૂરતા શૈક્ષણિક અને પ્રયોગશાળાના સાધનો આપવા, પૂરતા અને અદ્યતન સ્ટાફ ક્વાર્ટર, અલગ છાત્રાલય અને પૂરતા વર્ગખંડો, પૂરતા સંડાશ-બાથરૂમ વગેરે વ્યવસ્થાઓમાં સૌથી વધુ સુધારા કરવા અંગે આચાર્ય-શિક્ષકોએ સૂચનો કર્યા છે.

૨.૪.૧૬ આશ્રમશાળાના ૮૭ (૨૫.૫%) વિદ્યાર્થીઓના મતે સૌથી વધુ છાત્રાલયમાં પલંગ અને મચ્છરદાની આપવી જોઈએ તથા ૭૮ (૨૨.૯%) છાત્રાલયનું મકાન નવું બનાવવા અંગેનું સૂચન કરે છે. આ ઉપરાંત છાત્રાલયમાં ઓરડા પ્રમાણે ઇલેક્ટ્રિક સાધનો મુકવા, પૂરતી ભૌત્તિક સુવિધાઓ અને જાજરૂ-બાથરૂમ તેમજ શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવવા અંગેની સવિશેષ જરૂરિયાત છે તેવું સૂચન કરે છે.

૨.૪.૧૭ અભ્યાસના કુલ ૩૪૦ વાલીઓમાંથી ૧૩૬ (૪૭.૯૪%) વાલીઓએ સૌ પ્રથમ ભૌતિક સુવિધાઓ સુધારવી જોઈએ તેમ જણાવ્યું હતું. જ્યારે ૪૮ (૧૪.૧%) વાલીઓએ સુવા માટે પલંગ-ગાદલુ, ૪૪ (૧૨.૯%) વાલીઓએ શૌચાલય-બાથરૂમની સ્વચ્છતા અને મરામત, ૪૧ (૧૨.૧%) વાલીઓએ શિક્ષકોની બદલી ન કરવી અને ૩૬ (૧૦.૬%) વાલીઓએ પીવાના પાણી માટે બારમાસી વ્યવસ્થા કરવા અંગે સવિશેષ જણાવ્યું છે.

૨.૪.૧૮ આશ્રમશાળાના વિદ્યાર્થીઓ શાળા શિક્ષણ ઉપરાંત કમ્પ્યુટરનું ટેકનિકલ શિક્ષણ સૌથી વધુ મેળવવા માંગે છે. આ ટેકનિકલ શિક્ષણમાં છોકરીઓ સીવણ, ભરતગુંથણ અને બ્યુટી પાર્લરનું કામ શીખવા માંગે છે. જ્યારે છોકરાઓ મોબાઈલ રીપેરીંગ અને વાયરમેનનું કામ શીખવાની વધુ ઈચ્છા ધરાવે છે. જ્યારે કેટલાક છોકરા-છોકરીઓ કડિયાકામ, પ્લમ્બિંગનું કામ, સંગીત-નૃત્ય, ગૃહ ઉદ્યોગ, મિકેનિકલ વર્ક, કાંતણ અને રમત-ગમતનું જ્ઞાન મેળવવા માંગે છે.

૨.૪.૧૯ કુલ ૨૬૨ માંથી ૭૬ આચાર્યો-શિક્ષકોના મતે આધુનિક આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલયની અલગ વ્યવસ્થા, ભૌતિક-માળખાગત સુવિધાઓ/સાધનોથી સંપન્ન તેમજ સ્વચ્છ અને સુઘડ હોવી જોઈએ. તેમજ મહેકમ અનુસાર શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, નિયમિત અધિકારીઓની મુલાકાત (નિરીક્ષણ), શિક્ષણ દ્વારા બાળકોનું જીવન ઘડતર, કમ્પાઉન્ડ વોલ, પૂરતી ગ્રાન્ટ વગેરે પાસાંઓ ગુણાત્મક હોય તો વર્તમાન આશ્રમશાળાઓ આધુનિક બની શકે તેમ છે.

૨.૪.૨૦ આશ્રમશાળાના ૬૪ આચાર્યો પ્રાથમિક શાળાના આચાર્ય-શિક્ષકોની જેમ સમાન વેતન સ્કેલ મળવા જોઈએ તેમ કહે છે. જ્યારે વહીવટી અને શૈક્ષણિક કામગીરી માટે પૂરતા કમ્પ્યુટરો, એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ (EMRS) જેવી તમામ સુવિધાઓ, ગ્રંથાલય-વિજ્ઞાનની પ્રયોગશાળાઓ, વિભાગ તરફથી નિયમિત શાળાનું નિરીક્ષણ અને 30% ગ્રાન્ટ શૈક્ષણિક વિકાસ માટે વપરાવી જોઈએ.

૨.૪.૨૧ કુલ ૨૬૨ માંથી ૧૮૨ શિક્ષકોના મતે આશ્રમશાળા અદ્યતન હોવી જોઈએ, જેમકે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ (EMRS) અને આદર્શ નિવાસી શાળામાં જેવી અદ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે તેવી સુવિધાઓ ઊભી કરવી જોઈએ. એટલે કે આશ્રમશાળાના મકાનો હવા-ઉજાસવાળા, કોમ્પ્યુટર લેબ, પૂરતા વર્ગખંડો અને છાત્રાલય નિવાસ, પૂરતો શૈક્ષણિક સ્ટાફ વગેરે બાબતોની આચાર્યો-શિક્ષકો સવિશેષ અપેક્ષાઓ રાખે છે. આ ઉપરાંત ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક અને રમત-ગમતના પૂરતા સાધનો, ગુણવત્તાયુક્ત ભોજન, પીવાનું શુદ્ધ પાણી, વીજળી, બેડશીટ, સ્ત્રી શિક્ષકોનું સપ્રમાણ, પ્રવાસ

પ્રદર્શન, પ્રાથમિક શાળાના કાર્યક્રમ સાથે જોડાણ વગેરે ગુણવત્તાયુક્ત મળે તેવી અપેક્ષાઓ આચાર્યો-શિક્ષકો રાખે છે.

૨.૪.૨૨ આદિવાસી વિસ્તારમાં ૧૮૧ વાલીઓના મતે આદિવાસી બાળકોના ઉત્તમ જીવન ઘડતર, ૧૬૮ ના મતે બાળક ભારત દેશનું ભાવિ નાગરિક છે તેથી શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ, ૧૫૪ ના મતે અતિ ઊંડાણવાળો વિસ્તાર હોવાથી અને ૧૪૧ ના મતે નબળી આર્થિક સ્થિતિ અને ગરીબ પરિવારના બાળકોને શિક્ષણ, રહેઠાણ અને ભોજનની મફત સુવિધા મળી રહે તે માટે આશ્રમશાળા હોવી જોઈએ તેવું સવિશેષ ઉત્તરદાતાઓ જણાવે છે. તેમજ સ્થળાંતરિત પરિવારના બાળકો શિક્ષણથી વંચિત ન બને, આદિવાસી બાળકો અન્ય સમાજના બાળકો સાથે તાલમેલ જાળવી શકે અને અધવચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ ઘટાડવા માટે આશ્રમશાળાઓ હોવી જોઈએ તેવું મહત્તમ વાલીઓ કહે છે.

૨.૫ આદિવાસી સમાજ ઉપર આશ્રમશાળાઓની અસરો સબંધી તારણો

૨.૫.૧ આશ્રમી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં અનુક્રમે શૈક્ષણિક, વ્યાવસાયિક, સામાજિક-સાંસ્કૃતિક, જાહેર જીવન, કૌટુંબિક અને વ્યક્તિગત વિકાસ સબંધી ગુણોનો વિકાસ સવિશેષ થયો છે.

૨.૫.૨ આશ્રમશાળામાં બાળકોને ભણાવવાથી કુટુંબના સભ્યો જાતે વાંચન-લેખન કરતા થયા, કુટુંબમાં શિક્ષણનું સ્તર ઊચું આવ્યું, આર્થિક-વ્યાવસાયિકો લાભ થયો, બાળકના ઉછેરની જવાબદારી ઘટી, ઉત્તમ કેળવણી અને શિક્ષણ તેમજ કુટુંબનો આર્થિક ખર્ચ ઘટ્યો વગેરે સબંધી કૌટુંબિક ફાયદાઓ થયા છે.

૨.૫.3 આશ્રમશાળાના શિક્ષણ દ્વારા અભ્યાસના કુલ ૬૮૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી ૭૫.૭3% વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ સૌથી વધુ થયો છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કહ્યા મુજબ પ્રાથમિક શાળાની સંરખામણીએ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ શ્રેષ્ઠ રીતે થાય છે તેવું જણાવ્યું અને તેની ટકાવારી વધુ છે. જ્યારે બૌદ્ધિક વિકાસ, સામાજિક-સાંસ્કૃતિક ગુણોનો વિકાસ, શારીરિક વિકાસ અને વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ સપ્રમાણમાં થયો છે.

૨.૫.૪ સંચાલકોના મતાનુસાર આશ્રમી શિક્ષણ દ્વારા આદિવાસી કુટુંબોમાં સૌથી વધુ ફાયદો આદિવાસીઓમાં શિક્ષણનું સ્તર ઉચ્ચું આવ્યું તે છે. આ ઉપરાંત સામાજિક-સાંસ્કૃતિક રીત-રિવાજોમાં પરિવર્તન, આર્થિક સ્થિતિમાં બદલાવ, નવી રોજગારીની તકોની જાણકારી વધી, ખેતી-પશુપાલન કરવાની રીતોમાં બદલાવ અને ધાર્મિક માન્યતામાં સૌથી વધુ પરિવર્તન જોવા મળે છે, જ્યારે યુવક-યુવતીઓમાં કૌશલ્ય વિકાસ, રાજકીય જાગૃત્તિ અને કુટ્ટવો છોડવામાં ઓછું પરિવર્તન આવ્યું છે.

૨.૫.૫ અભ્યાસના કુલ ૩૪૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવ્યા બાદ સૌથી વધુ ૧૬.૮૩% ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખેતી કરે છે, જ્યારે કુલ ૩૪૦ પૈકી ૧૧.૬૫% આશ્રમશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખેતી કરે છે. આશ્રમશાળામાં અભ્યાસ કર્યો હોય એવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સવિશેષ સરકારી નોકરી, ખાનગી નોકરી, અભ્યાસ ચાલુ વગેરે બાબતોમાં વધુ જોવા મળે છે, જ્યારે આ તમામ બાબતોમાં પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ ઉપરાંત છૂટક મજૂરી, ખેતમજૂરી, ઘરકામ વગેરે વ્યવસાયમાં આશ્રમશાળા અને પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પ્રમાણ લગભગ સરખું છે.

૨.૫.૬ વિદ્યાર્થીઓના વાલીઓના મતે આશ્રમશાળા શિક્ષણ દ્વારા ૫૫% આદિવાસી કુટુંબોમાં શૈક્ષણિક સ્તરમાં સુધારો થયો છે. આ ઉપરાંત લગ્ન અંગેના રીત-રિવાજો, રોજગારી, ધાર્મિક પ્રથા, ભાષા અને સમુહજીવનના ગુણોની ખીલવણીમાં મહત્તમ પરિવર્તન આવ્યું છે, જ્યારે બાળમજૂરી, મહિલા શિક્ષણ, સામાજિક-સાંસ્કૃતિક રીત-રિવાજો, આધુનિક સાધનો, ટેક્નોલોજીનો ઉપયોગ વગેરે બાબતોમાં ઓછું પરિવર્તન જોવા મળે છે.

૨.૫.૭ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અભિપ્રાય અનુસાર પ્રાથમિક શાળાની સંરખામણીએ આશ્રમશાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, પૂરતી માળખાગત સુવિધો અને સમુહજીવન દ્વારા જીવન વિકાસની બાબતો ઉત્તમ રીતે શીખવવા મળે છે, જ્યારે આશ્રમશાળામાં અપૂરતો શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, ઓછા શૈક્ષણિક સાધનો વગેરે પાસાંઓ નબળાં છે જે સુધારવાની જરૂરિયાત છે. પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અભિપ્રાય મુજબ શૈક્ષણિક વાતાવરણ ઉત્તમ છે તેમજ બાળકોનું જીવન ઘડતર, શિક્ષણ અને ભોજનની ગુણવત્તા, માળખાગત સુવિધાઓની સ્થિતિ પ્રમાણસરની જોવા મળે છે જે સુધારવાની આવશ્યતા છે.

## ૨.૬ સંશોધન અભ્યાસના ગુણાત્મક તારણો

૨.૬.૧ ૨૦૦૪ પછી ગુજરાત રાજ્યના આદિવાસી જિલ્લાઓમાં એક પણ નવી આશ્રમશાળાઓ ખોલવામાં આવી નથી.

૨.૬.૨ આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોમાં લિયોન મળે તો પ્રાથમિક શાળામાં જવાનું વલણ વધુ જોવા મળે છે.

૨.૬.૩ જે આશ્રમશાળાઓમાં શિક્ષણ, ભોજન અને નિવાસની ઉત્તમ સુવિધાઓ છે. તે આશ્રમશાળાઓમાં બાળકોને ભણવા માટે મૂકવાનું વાલીઓમાં વધુ વલણ જોવા મળે છે. ઉત્તમ આશ્રમશાળાઓમાં ૫૦ કિલોમીટરથી વધુ દૂરથી પણ વાલીઓ પોતાના બાળકોને ભણવા મૂકી જાય છે.

૨.૬.૪ કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા કરતાં પણ વધુ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો છે અને છાત્રાલયમાં રાખીને નિવાસ અને ભોજનની વ્યવસ્થા આપે છે. દાહોદ, પંચમહાલ, ડાંગ અને અન્ય વિસ્તારની આશ્રમશાળાઓમાં મહત્તમ બાળકો સ્થળાંતરિત કુટુંબના છે. શાળામાં પ્રવેશ ન આપવામાં આવે તો તે માતા-પિતા સાથે મજૂરીએ જતા રહે અને તેમનું શિક્ષણ અધૂરૂં રહે છે અથવા અધ્ધ વચ્ચેથી શાળા છોડી દે છે.

૨.૬.૫ સરકાર દ્વારા તમામ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૧૫૦૦ અનુદાન આપવામાં આવે છે. કેટલીક આશ્રમશાળાઓ પદ્ધતિસરનું વ્યવસ્થાપન કરીને રૂ.૧૫૦૦ કરતા પણ ઓછો ખર્ચ કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ, રહેઠાણ તેમજ પોષણયુક્ત ભોજનની વ્યવસ્થા આપે છે અને તેમને અનુદાનના પૈસા વધે છે.

૨.૬.૬ આશ્રમશાળાઓની મુલાકાત પોથી (વિઝીટ બૂક) તપાસતા ખ્યાલ આવ્યો કે સબંધિત સરકારી અધિકારીઓ દ્વારા આશ્રમશાળાનું નિયમિત નિરીક્ષણ ઓછું થાય છે તેમજ કેટલીક અંતરિયાળ જગ્યાએ થતું જ નથી.

૨.૬.૭ ગુજરાતના દરેક જિલ્લામાં આશ્રમશાળાનો અપ્રમાણસર વિકાસ થયો છે. વસ્તી, વિસ્તાર અને શાળા સંખ્યાની દ્રષ્ટિએ અસમાનતા વધુ જોવા મળે છે.

૨.૬.૮ આશ્રમશાળાની સ્થાપના અંગે જોઈએ તો સૌથી વધુ આશ્રમશાળાઓ ૧૯૯૧ થી ૨૦૦૦ દરમ્યાન ૧૪૭ (૩૨.૫૨%) સ્થપાઈ છે, જ્યારે ૨૦૧૧ થી ૨૦૧૯ દરમ્યાન એક પણ નવી આશ્રમશાળા સ્થાપવામાં આવી નથી.

૨.૬.૯ આશ્રમશાળાના આચાર્ય, શિક્ષકો અને સંચાલક મંડળોનો આદિવાસી સમાજ સાથેનો સંપર્ક ઓછો હોય તેવું લાગે છે.

૨.૬.૧૦ ગુજરાતની મોટાભાગની આશ્રમશાળાઓના શૈક્ષણિક, ભૌતિક અને માનવીય વાતાવરણમાં બુનિયાદી કેળવણીના સિદ્ધાંતોનો અમલ નબળો પડતો જણાય છે.

૨.૬.૧૧ આશ્રમશાળાના હોંશિયાર વિદ્યાર્થીઓ ઈ.એમ.આર.એસ.માં ધોરણ-૬ ની પ્રવેશ પ્રક્રિયા પાસ કરી જતા રહેતા હોવાથી તેની નકારાત્મક અસરો સાથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા ઉપર વધુ પડે છે અને ધોરણ-૬ માં શિક્ષણ નીરસ બને છે.

૨.૬.૧૨ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓનું ગેરહાજર રહેવાનું પ્રમાણ નહિવત્ છે.

૨.૬.૧૩ વર્તમાન સમયમાં આદિવાસી વિસ્તારમાં કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધ્યો છે. આદિવાસી કુમાર કરતા કન્યાઓ ઉચ્ચ શિક્ષણ લેવાની વધુ અપેક્ષા રાખે છે.

૨.૬.૧૪ આદિવાસી છોકરા-છોકરીઓ શારીરિક રમત-ગમતમાં ઘણા હોંશિયાર અને રસ-રુચિ ધરાવે છે. આદિવાસી વિદ્યાર્થીઓમાંથી ઉચ્ચ કોટિના રમતવીરો મળી શકે તેમ છે.

૨.૬.૧૫ આદિવાસી કુમાર-કન્યાઓમાં અન્ય રોગોની સંરખામણીએ એનિમિયા (કુપોષણ)નું પ્રમાણ વધુ જોવા મળે છે. કુમારની સંરખામણીએ કન્યાઓમાં એનિમિયા (કુપોષણ)નું પ્રમાણ ઊંચું છે.

૨.૬.૧૬ આશ્રમશાળામાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવનાર મોટાભાગના આદિવાસી બાળકો હાલમાં બાલવાડી કે આંગણવાડી કેન્દ્રમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ લઈને આવે છે, તેથી એમ કહી શકાય કે આદિવાસી લોકોમાં શિક્ષણ પ્રત્યેની ધીમે ધીમે જાગૃતિમાં વધારો થઈ રહ્યો છે.

૨.૬.૧૭ ધોરણ-૬ થી ૮ના કુમાર-કન્યા બુનિયાદી શિક્ષણ, નઈ તાલીમ કે પાયાની કેળવણીવાળું આશ્રમી શિક્ષણ મેળવતા હોવા છતાં તે અંગેની જાણકારી બહુ ઓછી ધરાવે છે.

૨.૬.૧૮ ગરીબ, નિરક્ષર, સ્થળાંતરિત કુટુંબના સભ્યોમાં શિક્ષણનો વ્યાપ (સાક્ષરતા દર) વધારવામાં આશ્રમશાળાએ મહત્વની ભૂમિકા ભજવી છે.

૨.૬.૧૯ જે વાલીઓએ પોતાનું પહેલું બાળક આશ્રમશાળામાં ભણાવ્યું છે કે ભણાવી રહ્યા છે, તેમાંથી મોટાભાગના વાલીઓ પોતાનું બીજું બાળક પણ આશ્રમશાળામાં ભણાવે છે અથવા ભણાવવા મુકવાની અપેક્ષા રાખે છે.

૨.૬.૨૦ આશ્રમશાળામાં ધોરણ-૮ પાસ કરી સવિશેષ વિદ્યાર્થીઓ ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણવાનું વધુ પસંદ કરે છે. જ્યારે બહુ ઓછા વિદ્યાર્થીઓ જ નજીકની માધ્યમિક શાળામાં ભણવાનું પસંદ કરે છે.

૨.૬.૨૧ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને અનુક્રમે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વિષય શીખવામાં અઘરા લાગે છે. ધોરણ-૮ પાસ કર્યા પછી પણ ૯૦ થી ૯૫ ટકા વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચતા આવડતું નથી.

## ૩. અભ્યાસના તારણો આધારિત ભલામણો

### ૩.૧ સરકારશ્રીને ભલામણો

૩.૧.૧ આદિવાસી વિસ્તારમાં શિક્ષણની સ્થિતિ સુધારવા, શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા, આદિવાસી બાળકોના જીવન ઘડતર માટે, ગરીબ, સ્થળાંતરિત અને ઉંડાણના ગામડાના બાળકોને શિક્ષણ મળી રહે, અધવચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ ઘટે, બાળકોને શિક્ષણ ઉપરાંત રહેઠાણ અને ભોજનની સુવિધા આપવાથી નિવાસ અને કુપોષણના પ્રશ્નો દૂર થાય તેમજ અન્ય સમાજ સાથે આદિવાસી બાળકો તાલમેલ મેળવી શકે તે માટે આશ્રમશાળાઓ હોવી જોઈએ અને વધુ નવી આશ્રમશાળાઓ ખોલવી જોઈએ.

૩.૧.૨ જે આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલયના અલગ યુનિટો નથી, ત્યાં સરકારશ્રીએ જરૂરી સુવિદ્યા સાથેના અલગ યુનિટો ઊભા કરવા જોઈએ.

૩.૧.૩ આદિવાસી વિસ્તારમાં જે આશ્રમશાળાઓ કાચા મકાનોવાળી, અર્ધપાકા મકાનોવાળી, ઓછા હવા-ઊજાસવાળી, ભોંય તળિયામાં ખાડા-ખરબચડાવાળી અને ચોમાસામાં સતત પાણી ટપકતુ રહેતું હોય, જર્જરિત હાલતમાં હોય તેવી આશ્રમશાળાઓની સરકારશ્રીએ યોગ્ય ઓળખ (Need Assessment) કરી, અલગથી ભંડોળ ફાળવી જરૂરી સમારકામ અને સુધારણાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવી જોઈએ.

૩.૧.૪ આશ્રમશાળામાં ધોરણ મુજબ સરેરાશ ૦૩ વર્ગખંડોની ઘટ જોવા મળે છે, જે આશ્રમશાળાઓમાં ઓરડાઓની ભારે ઘટ છે, તે આશ્રમશાળાઓમાં ધોરણ અનુસારના પૂરતા વર્ગખંડો તાત્કાલિક ઊભા કરવા જોઈએ.

૩.૧.૫ અભ્યાસની ૬૮ આશ્રમશાળાઓના મહેકમ અનુસાર ૧૪૩ (૩૭.૨૫%) કાયમી શિક્ષકોની ઘટ છે, એટલે કે દરેક આશ્રમશાળાઓમાં સરેરાશ બે (૨) શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આ આશ્રમશાળાઓમાં ખાલી કાયમી શિક્ષકોની જગ્યાઓ ભરાય તેવા સરકારશ્રી સ્તરેથી સત્વરે પ્રયત્નો થવા જોઈએ. કાયમી શિક્ષકોની ભરતીમાં જે-તે વિસ્તારના સ્થાનિક બોલી જાણનાર વ્યક્તિની ભરતી થાય તે જોવું જોઈએ. તેમજ પ્રામાણિક, નિષ્ઠાવાન અને સંમર્પિત વ્યક્તિની પસંદગી થાય તે આશ્રમશાળા અને આદિવાસી બાળકો માટે આવશ્યક છે. સરકારે આચાર્ય-શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં સંચાલક મંડળને સાથે રાખી ભરતી કરવી જોઈએ.

૩.૧.૬ આશ્રમશાળાઓમાં તમામ વિષયોના શિક્ષકોની વિષયવાર સપ્રમાણ ભરતી કરવી જોઈએ. એટલે કે ભાષાના શિક્ષકો તથા ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોનું પ્રમાણ યોગ્ય રીતે જળવાઈ રહે અને વિદ્યાર્થીઓને શીખવવા માટેના તમામ વિષયોને પૂરતો ન્યાય મળે તે પ્રમાણમાં શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

૩.૧.૭ સંશોધનની ૬૮ આશ્રમશાળાઓના મહેકમ અનુસાર ૮૬ કાયમી બિનશૈક્ષણિક કર્મચારી (રસોઈયા અને કમાઠી)ઓની ઘટ જોવા મળી છે. આ આશ્રમશાળાઓમાં રસોઈયા-કમાઠીઓની ખાલી કાયમી જગ્યાઓ ભરાય તેવા સરકારશ્રી દ્વારા સત્વરે પ્રયાસો કરવા જોઈએ. સરકારે રસોઈયા-કમાઠીઓની ભરતી પ્રક્રિયામાં સંચાલક સંસ્થાઓની મદદ લેવી જોઈએ.

૩.૧.૮ વર્ષ ૨૦૦૪ પછી એક પણ નવી આશ્રમશાળાઓ શરૂ થઈ નથી. છેલ્લા ૧૫ વર્ષમાં આદિવાસી વસ્તીમાં વધારો થયો છે તેમજ આદિવાસી વિસ્તાર અને સંચાલક મંડળોની માંગણી તેમજ આદિવાસી સમુદાયનું શિક્ષણનું સ્તર ઊચું લાવવા, આદિવાસી કુટુંબો-બાળકોની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને નવી આશ્રમશાળાઓ ખોલવી જોઈએ.

૩.૧.૯ જે સંચાલક મંડળો પદ્ધતિસર અને ઉત્તમ રીતે આશ્રમશાળાઓ ચલાવે છે, તેવા મંડળોની નવી આશ્રમશાળા ખોલવાની માંગણી સત્વરે ધ્યાનમાં લઈ સરકારશ્રીએ મંજૂરી આપવી જોઈએ, પરંતુ જે સંચાલક મંડળો આશ્રમશાળાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, રહેઠાણ તથા નિવાસની પૂરતી સુવિધાઓ આપતા નથી, તેવા મંડળોને નવી આશ્રમશાળાઓ ખોલવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

૩.૧.૧૦ એક સંચાલક મંડળને વધુમાં વધુ કેટલી આશ્રમશાળાઓ ખોલવાની મંજૂરી આપવી તેની મર્યાદાનું ધોરણ સરકારશ્રીએ નક્કી કરવું જોઈએ.

૩.૧.૧૧ સરકારશ્રીએ આશ્રમશાળા સ્થાપનાનો હેતુ, ધ્યેય, માળખુ, અમલીકરણ પ્રક્રિયા (ધારાધોરણો), કાર્યપદ્ધતિ, દેખરેખ, મૂલ્યાંકન, માનવીય અને ભૌતિક-માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતાના સંદર્ભમાં નક્કર માર્ગદર્શિકા બનાવવી જોઈએ. જે સંચાલક મંડળો માર્ગદર્શિકા અનુસાર કામ ન કરે તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ.

૩.૧.૧૨ આશ્રમશાળાના ધારાધોરણ અનુસાર શાળાના સ્થળથી ૫ કિ.મી.ની નજીકના બાળકોને આશ્રમશાળામાં પ્રવેશ આપવામાં આવતો નથી તે નિયમ રદ કરવો જોઈએ. દરેક આદિવાસી બાળકને સ્વતંત્ર, સમાનતા અને ન્યાયિક રીતે શિક્ષણ મેળવવાનો અધિકાર છે બાળકને કંઈ શાળામાં શિક્ષણ મેળવવું તેની પસંદગીનો અધિકાર આપવો જોઈએ.

૩.૧.૧૩ જે આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ નથી કે વર્ગખંડ કમ ઓફિસ અથવા રહેઠાણ કમ ઓફિસ જોવા મળે છે, તે તમામ આશ્રમશાળાઓમાં આચાર્ય માટે અલાયદી ઓફિસ બનાવવી જોઇએ કે જેથી આચાર્ય શાળાના શૈક્ષણિક અને વહીવટી કામો સ્વતંત્ર અને ગૌરવભેર કરી શકે.

૩.૧.૧૪ આદિવાસી બાળકોને આશ્રમશાળામાં ધોરણ ૧ થી ૪ નું શિક્ષણ પોતાની જ બોલી (ભાષા)માં આપવું જોઈએ, જેમકે પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ભીલી બોલી, ડાંગ જિલ્લામાં ડાંગી બોલી વગેરે. ધોરણ-૫ પછી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વિષયો દાખલ કરવા જોઈએ.

૩.૧.૧૫ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીદીઠ રૂ. ૧૫૦૦ નું સરકારશ્રી અનુદાન આપે છે. આ અનુદાનની રકમ સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને ભોજન, શિક્ષણ, આરોગ્ય અને અન્ય ચીજવસ્તુઓ ગુણાત્મક ધોરણે આપવા માટે પૂરેપૂરી વપરાય છે કે નહીં તેનું સતત જિલ્લાકક્ષાએથી નિરીક્ષણ અને તપાસ થવી જોઈએ.

૩.૧.૧૬ આશ્રમશાળાઓમાં આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાનની પ્રયોગશાળા તેમજ તેના શિક્ષક તેમજ દશ્ય-શ્રાવ્યના સાધનોની જરૂરી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આશ્રમશાળામાં ગ્રંથાલયો મોટેભાગે આચાર્યની ઓફિસમાં ચાલે છે જેના માટે અલગથી સુવિધાયુક્ત ઓરડો ફાળવવો જોઈએ.

૩.૧.૧૭ આશ્રમશાળામાં સરકાર કે સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને સુવા માટે પલંગ કે બેડશીટ અને સબંધિત જરૂરી સામાન આવશ્યકતા અનુસાર આપવો જોઈએ. વિદ્યાર્થીઓના ભણવા માટે ટુલ્સ કે બેન્ચીસની વ્યવસ્થા અને શિક્ષકો માટે પૂરતા પ્રમાણમાં ટેબલ-ખુરશીની સુવિધાઓ ઊભી કરવી જોઈએ.

૩.૧.૧૮ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત તમામ પ્રવૃત્તિઓ જેમકે જિલ્લાકક્ષાનો વિજ્ઞાન મેળો, જિલ્લાકક્ષાનો રમતોત્સવ, જિલ્લા સ્તરે શિક્ષકોની તાલીમ વગેરે પ્રવૃત્તિઓમાં આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફરજીયાત જોડવા જોઈએ.

૩.૧.૧૯ આશ્રમશાળાઓમાં નબળી શૈક્ષણિક ગુણવત્તા, બે-બે ધોરણ સાથે બેસાડવા અને ભણાવવા, એક કે બે શિક્ષક ગેરહાજર હોય ત્યારે શિક્ષણ આપવામાં મુશ્કેલી, શિક્ષકો ઓછા હોવાથી અભ્યાસક્રમો અધુરા રહે કે વિદ્યાર્થીઓને પૂરતું શીખવી ન શકાય તેવા પ્રશ્નો સતત શૈક્ષણિક કર્મચારીઓની અપર્યાપ્તતાને કારણે અનુભવાય છે. સરકારે આ પરિસ્થિતિ સુધારવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

૩.૧.૨૦ જે આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય સંયુક્ત છે, માત્ર મોટા હોલમાં કુમાર-કન્યાઓ ઊંઘે છે તે આશ્રમશાળાઓમાં શાળા-છાત્રાલય અલગ બનાવવા જોઈએ અને તેના અલગથી બજેટ ફાળવવું જોઈએ.

૩.૧.૨૧ જે આશ્રમશાળાઓમાં છોકરા અને છોકરીઓ શાળા-છાત્રાલયની લોબીમાં અથવા આંગણમાં બેસીને ભોજન લે છે, તે તમામ આશ્રમશાળાઓમાં નવા ભોજનાલય બનાવવા માટે સરકારે છાત્રાલય સબંધી સત્વરે ગ્રાન્ટ ફાળવીને પૂરતી સુવિધાવાળા નવા ભોજનાલયો ઊભા કરવા જોઈએ.

૩.૧.૨૨ આશ્રમશાળાઓના છાત્રાલયમાં બાળકોની ઉત્તમ સાર-સંભાળ, છાત્રાલયના યોગ્ય વ્યવસ્થાપન, નિયમિત રજીસ્ટ્રરોની નિભાવણી વગેરે બાબતો માટે દરેક આશ્રમશાળાઓની છાત્રાલયમાં એક ગૃહપતિ અને એક ગૃહમાતા (કુલ -૦૨)ની કાયમી જગ્યા સરકારશ્રીએ ફરજીયાત ઊભી કરવી. સરકારશ્રીના ધારાધોરણ અનુસાર તેની ભરતી થવી જોઈએ. આ ભરતીમાં સંચાલક મંડળનો સહયોગ લેવો જોઈએ.

૩.૧.૨૩ પ્રાથમિક શાળામાં આચાર્ય-શિક્ષકોની નોકરી સરેરાશ ૬ થી ૭ કલાકની છે. જ્યારે આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોની નોકરી ૨૪ કલાકની છે. છતાં પણ કેટલાક કિસ્સાઓમાં પ્રાથમિક શાળા કરતાં આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોને પગાર ઓછો મળે છે. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની ૨૪ કલાકની સાર-સંભાળ, જવાબદારી હોય ત્યારે પ્રાથમિક શાળાના આચાર્ય-શિક્ષકોની સરખામણીએ આશ્રમશાળાના આચાર્ય-શિક્ષકોને પગાર અને સબંધિત ભથ્થાઓ વધારે આપવા જોઈએ.

૩.૧.૨૪ ગુજરાતમાં ૪૫૨ આશ્રમશાળાઓ છે જ્યારે તેની સામે માત્ર ૯૬ જ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ છે. જેથી આશ્રમશાળામાંથી ધોરણ-૮ પાસ થનાર તમામ વિદ્યાર્થીનું ધોરણ-૯માં ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં કે અન્ય માધ્યમિક શાળાઓમાં પ્રવેશ ન મળવાથી ડ્રોપ આઉટ થવાનું પ્રમાણ ખૂબ જ ઊંચું રહે છે. આથી આદિવાસી વસ્તી, વિસ્તાર, પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા વગેરેને ધ્યાનમાં રાખીને નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ખોલવાની મંજૂરી આપવી જોઈએ.

૩.૧.૨૫ આશ્રમશાળામાં દર વર્ષે ભોજન ગ્રાન્ટમાં વધારો કરવો જોઈએ. આ વધારો મોંઘવારી દરને ધ્યાનમાં રાખીને અથવા ભોજન ગ્રાન્ટની રકમમાં વાર્ષિક ૧૦ ટકાના દરે વધારો કરવો જોઈએ.

૩.૧.૨૬ દૂધ સંજીવની યોજના અંતર્ગત તમામ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને ૨૦૦ ગ્રામ ફ્રેવડ મિલ્કવાળું દૂધ નિયમિત મળે તેમજ તેનું અસરકારક અમલીકરણ થાય તેવી જિલ્લા કક્ષાએથી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૩.૧.૨૭ આશ્રમશાળામાં સત્ર શરૂ થાય ત્યારે જૂન માસમાં વિદ્યાર્થીઓને પુસ્તકો, ગણવેશ અને અન્ય જરૂરી ચીજ-વસ્તુઓ સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૩.૧.૨૮ દરેક આશ્રમશાળાઓમાં ઓછામાં ઓછા બે શિક્ષકા બહેનો ફરજિયાત હોવા જોઈએ અને સરકાર દ્વારા જ્યારે ભરતી થાય ત્યારે જે તે આશ્રમશાળામાં શિક્ષિકા બહેનોની શું સ્થિતિ છે તે ધ્યાનમાં રાખીને નિમણૂંક કરવી જોઈએ.

૩.૧.૨૯ આશ્રમશાળાઓને "સ્માર્ટ આશ્રમશાળા"ઓ બનાવવા માટે ટી.વી., કમ્પ્યુટર, પ્રોજેક્ટર, ટેબ્લેટ, સ્માર્ટ બોર્ડ, ઈન્ટરનેટ વગેરે ટેકનોલોજીના સાધનો આપવા જોઈએ.

૩.૧.30 દરેક આશ્રમશાળાના મકાનને ફરતે ઈંટ-પથ્થરની દિવાલ અથવા તારની વાડ ફરજિયાત બનાવી જોઈએ. આશ્રમશાળામાં કુમાર-કન્યાની સુરક્ષા થાય તે ખાસ જોવું જોઈએ.

૩.૧.૩૧ આશ્રમશાળાઓમાં છાત્રોને ઊંઘવા માટે ગાદલું, ગોદડું, ચાદર, શેતરંજી, પલંગ કે બેડશીટ વગેરે ચીજવસ્તુઓ આશ્રમશાળા યોજના અંતર્ગત મળે તેવી સરકારશ્રી દ્વારા વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૩.૧.૩૨ આશ્રમશાળાના વિદ્યાર્થીઓને શાળા શિક્ષણ સાથે ટેકનિકલ પ્રશિક્ષણમાં કોમ્પ્યુટરનું શિક્ષણ વધુ આપવું જોઈએ. આ ઉપરાંત છોકરીઓને સિવણ, ભરતગુંથણ, બ્યુટી પાર્લર, મહેંદી મૂકવી, સંગીત-નૃત્ય, ગૃહ ઉદ્યોગ વગેરે વધુ શીખવવા જોઈએ. જ્યારે છોકરાઓને મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, કડિયાકામ, પ્લમ્બિંગ વર્ક, મિકેનિકલ વર્ક, રમત-ગમત વધુ શીખવવા જોઈએ. એટલે કે છોકરા-છોકરીઓને રોજગારલક્ષી પ્રશિક્ષણ મળે તેવી વ્યવસ્થા પણ ગોઠવવી જોઈએ.

૩.૧.૩૩ આશ્રમશાળા એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ અને આદર્શ નિવાસી શાળાની જેમ અદ્યતન સુવિધાઓ વાળી હોવી જોઈએ. એટલે કે મકાન હવા-ઉજાસવાળા, કોમ્પ્યુટર લેબ, પૂરતા વર્ગખંડો અને છાત્રાલય નિવાસ, પૂરતો શૈક્ષણિક સ્ટાફ, ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક અને રમત-ગમતના પૂરતા સાધનો, ગુણવત્તાયુક્ત ભોજન, પીવાનું શુદ્ધ પાણી, વીજળી, બેડશીટ, સ્ત્રી શિક્ષકોનું સપ્રમાણ, પ્રવાસ પ્રદર્શન, પ્રાથમિક શાળાના કાર્યક્રમ સાથે જોડાણ વગેરે તમામ બાબતો શાળા, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યો માટે ગુણાત્મક રીતે ઊભી કરવી જોઈએ.

૩.૧.૩૪ દરેક આશ્રમશાળાઓમાં કરાર આધારિત બે ચોકીદારની જગ્યાઓ ઊભી કરવી જોઈએ અને તેની નિયમોનુસાર ભરતી કરવી જોઈએ.

૩.૧.૩૫ PHC/CHC અથવા જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા આશ્રમશાળાઓમાં ઓછામાં ઓછા દર ત્રણ (3) મહિને ફરજિયાત વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ થવી જોઈએ તથા આશ્રમશાળામાં રાખેલ દવાઓ અને પ્રાથમિક સારવારની પેટીની સ્થિતિ અંગે નિયમિત ચકાસણી થવી જોઈએ.

૩.૧.૩૬ આશ્રમશાળાના આચાર્યોને સુચારૂ વ્યવસ્થાપન અને વહીવટ માટે, શિક્ષકોને શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે અને રસોઈયાઓને પૌષ્ટિક ભોજન બનાવવા માટેની સમયાંતરે તાલીમ આપવી જોઈએ.

૩.૨ સંચાલક મંડળને ભલામણો

સંચાલક મંડળો યોગ્ય રીતે નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન આપે, કાળજી લે અને સુધારણા કરે તે માટે સરકારશ્રીએ નિયમન અને નિયંત્રણની વ્યવસ્થા (તંત્ર) ગોઠવવૂ જોઈએ.

૩.૨.૧ આશ્રમશાળાઓ બુનિયાદી અને નઈ તાલીમના હેતુઓને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી છે. કેટલીક આશ્રમશાળાઓ સ્થાપનાના હેતુઓ કે ધારાધોરણોને અનુસરતી નથી કે ખૂબ જ ઓછી અનુસરે છે, જેથી વિદ્યાર્થીઓને સંપૂર્ણ આશ્રમી શિક્ષણ મળતું નથી, પાયાની કેળવણી થતી નથી, શૈક્ષણિક ગુણવત્તા નબળી રહે છે અને વિદ્યાર્થીઓમાં કૌશલ્યનો વિકાસ ઓછો થાય છે. આથી તમામ સંચાલક મંડળોએ બુનિયાદી શિક્ષણના હેતુઓ, ધ્યેયો, પ્રદ્ધતિ અને સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને આશ્રમશાળાઓ ચલાવવી જોઈએ.

૩.૨.૨ આશ્રમશાળાઓ ચલાવનાર સંસ્થાઓ કે મંડળોએ આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક વિકાસ માટેની પ્રવૃત્તિઓની સાથે સાથે કૌશલ્ય વિકાસ, સ્વનિર્ભરતા, પ્રૌઢ સાક્ષરતા, જનજાગૃતિ, મહિલા બચત મંડળો વગેરે સંબંધી પ્રવૃતિઓ વધુ કરવાની જરૂરિયાત છે.

૩.૨.૩ આશ્રમશાળા અને છાત્રાલયમાં ૦૫ વિદ્યાર્થી દીઠ એક પંખો અને એક ટ્યુબ લાઈટ/બલ્બ હોવા આવશ્યક છે અને વિજળીની વૈકલ્પિક સુવિધાઓ પણ ઊભી કરવી જોઈએ.

૩.૨.૪ જે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ પાણી પીવા માટે હેડપંપ, પાણીની ટાંકી કે તેના નળનો સીધ્ધો ઉપયોગ કરે છે, તે આશ્રમશાળાઓમાં સંસ્થાએ પીવાના પાણી માટે કુંજો અથવા માટલાઓ મુકાવવા જોઈએ.

૩.૨.૫ આશ્રમશાળાઓનું વાતાવરણ ઉત્તમ બનાવવા માટે મકાનોની નબળી સ્થિતિ, શાળા-છાત્રાલયમાં પાયા(ભૌત્તિક-માળખાગત)ની સુવિધાઓ, શાળામાં વૃક્ષોનો અભાવ વગેરે પ્રશ્નોનું નિરાકરણ કરવું જોઈએ.

૩.૨.૬ આશ્રમશાળા-છાત્રાલયમાં વર્ષમાં એકવાર બારી-બારણાઓનું રિપેરીંગ કામ થાય તેવી કાળજી મંડળ કે સંસ્થાઓએ લેવી જોઈએ.

૩.૨.૭ કેટલીક આશ્રમશાળાઓમાં રસોઈ બનાવવા માટે લાકડું જંગલોમાંથી કે વેચાતું લાવવામાં આવે છે અને રસોઈ બનાવવામાં આવે છે. આવી આશ્રમશાળાઓને સંચાલક મંડળ દ્વારા ધૂમાડા રહીત અને સ્વાસ્થ્યપ્રદ બને તે માટે ગેસ પ્લાન્ટની સુવિધા ઊભી કરીને કે ઘરેલું ગેસ આપીને સહાયરૂપ બનવું જોઈએ.

૩.૨.૮ મંડળોએ આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના શારીરિક-માનસિક વિકાસ માટે શૈક્ષણિક અને રમત-ગમતની સ્પર્ધાઓ તેમજ પ્રવાસ-પર્યટનના આયોજનો કરવા જોઈએ.

૩.૨.૯ આશ્રમશાળાઓમાં શિક્ષણ મેળવવા આવનાર વિદ્યાર્થીઓ ગામડાઓમાંથી આવે છે. આ વિદ્યાર્થીઓના માતા-પિતા ખેતી, પશુપાલન, ગ્રામીણ ઉદ્યોગો વગેરે સાથે જોડાયેલા છે, જેથી આશ્રમશાળાઓએ આ વિદ્યાર્થીઓને ખેતી, પશુપાલન અને ગ્રામીણ ઉદ્યોગો સાથે સંકળાયેલા વ્યાવસાયિક, શ્રમપ્રધાન અને કૌશલ્યવર્ધન ઉદ્યોગો શીખવવા જોઈએ.

૩.૨.૧૦ સંચાલક મંડળ દ્વારા હંગામી કે ખાનગી ધોરણે રાખવામાં આવતા શિક્ષકો, રસોઈયાઓ અને સુરક્ષાકર્મીઓની નિમણૂંક કે છૂટા કરવાની વિગતોની જાણકારી આશ્રમશાળા અધિકારીને મોકલવી જોઈએ.

૩.૨.૧૧ શિક્ષકો ફરજિયાત આશ્રમશાળામાં રહે તેવી વ્યવસ્થા સંચાલક મંડળે ગોઠવવી જોઈએ.

૩.૨.૧૨ આશ્રમશાળામાં બાળકોની પ્રવેશ પ્રક્રિયા સરકારી ધારા-ધોરણ અનુસાર કરવી જોઈએ.

૩.૨.૧૩ જે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ વધુ ચાલે કે વધુ રમે ત્યારે શારીરિક દુખાવો કે જમ્યા પછી પેટમાં દુખાવા સબંધી પ્રશ્નો ધરાવે છે તે શાળાઓમાં ભોજનની પૌષ્ટિક્તા અને ગુણવત્તા ખાસ સુધારવી જાઈએ. આવા બાળકોની યોગ્ય ડૉકટર પાસે તપાસ કરાવવી જોઈએ.

૩.૨.૧૪ આશ્રમશાળાઓમાં બાળકોને થતી સામાન્ય બિમારીની જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવારની પેટીની સ્થિતિ આચાર્ય, શિક્ષકો અને સંચાલક મંડળે સમયાંતરે તપાસ કરતા રહેવું જોઈએ.

૩.૨.૧૪ ૪૦ ટકાથી વધુ આશ્રમશાળા-છાત્રાલયમાં છતની સ્થિતિ નબળી જોવા મળે છે, ચોમાસા દરમ્યાન પાણી ટપકે છે તેમજ કેટલીક શાળામાં વિદ્યાર્થીઓના વપરાશના સંડાશ-

બાથરૂમના બારણા નથી અથવા તૂટી ગયા છે. સંચાલક મંડળે પૂરતી કાળજી લઈ છત અને બારણાનું રીપેરીંગ કામ કરાવવું જોઈએ અથવા તેની ઉચિત વ્યવસ્થા કરવી જોઈએ.

૩.૨.૧૪ જે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાનો સામાન જમીન ઉપર રાખે છે કે સામાન સાચવવા માટે કબાટ આપેલ નથી, ત્યાં વિદ્યાર્થીઓને પોતાનો સામાન સાચવવા માટે આરસના ખાનાવાળા કબાટ બનાવવા જોઈએ અથવા લોખંડ કે લાકડાના કબાટ આપવા જોઈએ. તેમજ કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓનો સામાન સાચવવા માટેના કબાટની સ્થિતિ દયનીય છે તે સુધારવી જોઈએ.

૩.૨.૧૪ જે આશ્રમશાળામાં શિક્ષકોની સંખ્યાના પ્રમાણમાં આવાસ અપૂરતા છે તેવી શાળાઓમાં સરકારે અને સંસ્થાએ સાથે મળીને તાત્કાલિક ધોરણે નવા આવાસો ઊભા કરવા જોઈએ અને જ્યાં આવાસ જર્જરિત હાલતમાં છે ત્યાં સત્વરે આવાસોનું સમારકામ કરાવવું જોઈએ. તેમજ આ શિક્ષકોના આવાસો સુવિધાજનક અને સંતોષકારક બને તે પણ જોવું જોઈએ.

૩.૨.૧૪ શિક્ષણ ક્ષેત્રે આગળ પડતી શાળાઓ, શિક્ષણ સંસ્થાઓ કે સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ લઈ, માર્ગદર્શન મેળવી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવાના વધુને વધુ પ્રયત્નો કરવા જોઈએ.

3.3 આચાર્ય-શિક્ષકોએ ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ (ભલામણો)

૩.૩.૧ ૩૫% આશ્રમશાળાઓનું વાતાવરણ મધ્યમ અને નબળું જોવા મળે છે, જેને ઉત્તમ બનાવવા આચાર્ય-શિક્ષકો તરફથી ઉમદા પ્રયાસો થવા જોઈએ.

૩.૩.૨ આશ્રમશાળાઓમાં ૦૫ થી ૧૦ ટકા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા કે સ્વાસ્થ્ય સબંધિત નબળી ટેવો જોવા મળે છે, જેમકે અનિયમિત સ્નાન, ધોયેલા અને સ્વચ્છ કપડાં ન પહેરવા, ભોજન લેતા પહેલા મ્હો-હાથ-પગ ન ધોવા, નિયમિત હાથ-પગના નખ ન કાપવા, જાજરૂ ગયા બાદ પાણી ન રેડવું, સાબુથી હાથ સાફ ન કરવા વગેરે ટેવોનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની આ ટેવોને સુધારવા માટે શિક્ષકોએ સવિશેષ ધ્યાન આપવું જોઈએ.

3.3.3 શિક્ષકોએ બાળકોના અધ્ધવચ્ચેથી શાળા છોડવા પાછળના કારણોમાં ઊંડા ઉતરવું જોઈએ તેમજ તેના મૂળ કારણને શોધવા અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૩.૩.૪ ઈતર વાંચનના પુસ્તકો, સામયિકો, સમાચારપત્રો વગેરે વિદ્યાર્થીઓની રસ-રુચિને અનુકૂળ વસાવવા જોઈએ અને વિદ્યાર્થીઓ સહેલાઈથી ગ્રંથાલયમાં આવે તે રીતે પ્રોત્સાહિત કરવા જોઈએ.

૩.૩.૫ આશ્રમશાળામાં જે છોકરા-છોકરીઓ નાસ્તો, ભોજન, દૂધ વગેરે ખોરાક બરાબર લેતા ન હોય અને કુપોષિત બને છે, તેવા બાળકોને નાસ્તો, ભોજન, દૂધ વગેરે ખોરાક પોષણયુક્ત અને પૂરતા જથ્થામાં મળે તે અંગેની શિક્ષકો અને રસોઈયાઓએ યોગ્ય કાળજી લેવી જોઈએ.

૩.૩.૬ જે આદિવાસી વિસ્તારમાં બાળકો ન્હાવા કે શૌચ કરવા બાથરૂમ-શૌચાલયોનો ઉપયોગ કરવાનું વલણ ધરાવતા નથી કે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ ન્હાવા કે શૌચ કરવા માટે બહાર જાય છે, ત્યાં શિક્ષકોએ વિશેષ ધ્યાન આપીને વિદ્યાર્થીઓમાં બાથરૂમ-શૌચાલયોનો ઉપયોગ કરવાનું વલણ કેળવાય કે ટેવ પડવા માટે સહાયરૂપ બનવું જોઈએ.

૩.૩.૭ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે બનતા ભોજનની પોષણક્ષમતા અને ગુણવત્તા સુધારવા માટે અનાજ, કઠોળ, લીલા શાકભાજી, ફળો અને દૂધનું સપ્રમાણ તથા પૂરતા જથ્થામાં મળે તેમજ રસોઈઘર, રસોઈ બનાવવાના સાધનો, રસોઈયાઓ અને વિદ્યાર્થીઓની સ્વચ્છતા અને સાફ-સફાઈ સંદર્ભે આચાર્યો-શિક્ષકોએ વધુ કાળજી લેવી જોઈએ તેમજ સતત દેખરેખ રાખવી જોઈએ.

૩.૩.૧ શાળાકીય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિકસેલા ગુણો શૈક્ષણિક અને વ્યાવસાયિક કાર્યમાં સૌથી વધુ ઉપયોગી બન્યા છે. જ્યારે સામાજિક-સાંસ્કૃતિક, જાહેરજીવન, કૌટુંબિક અને વ્યક્તિગત વિકાસમાં આ ગુણો ઓછા ઉપયોગી બન્યા છે, તે વધુ ઉપયોગી બને તેવા શાળાકક્ષાએથી મહત્તમ પ્રયત્નો કરવા જોઈએ.

૩.૩.૮ વિદ્યાર્થીઓના વાલીઓને આશ્રમશાળા શિક્ષણ દ્વારા બાળમજૂરી, મહિલા શિક્ષણ, સામાજિક-સાંસ્કૃતિક રીત-રિવાજો, આધુનિક સાધનો અને ટેક્નોલોજીના ઉપયોગમાં પરિવર્તન આવે તે અંગે જાગૃત કરવા જોઈએ.

૩.૩.૯ આશ્રમશાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ સાથે ઘનિષ્ટ સંપર્ક કરવો અને ઉચિત્ત સંબંધો કેળવવા જોઈએ.

૪. સરકારશ્રીને ભાવિ અભ્યાસ માટેની ભલામણો

પ્રસ્તુત સંશોધનમાં આશ્રમશાળાનો સમગ્રતયા અભ્યાસ કરવામાં આવ્યો છે, પરંતુ સંશોધકને આશ્રમશાળા સંદર્ભે વધુ અભ્યાસ કરવાની જરૂરિયાત જણાય છે, જેના વિષયો કે મુદ્દાઓ નીચે મુજબ છે.

૪.૧ આદિવાસી વિકાસમાં આશ્રમશાળાઓનું પ્રદાન

૪.૨ સરકારશ્રી અને સંચાલક મંડળ દ્વારા ચાલતી આશ્રમશાળાઓનો તુલનાત્મક અભ્યાસ

૪.૩ આદિવાસી વિસ્તારમાં ચાલતી પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓનો તુલનાત્મક અભ્યાસ
૪.૪ આદિવાસીઓમાં શૈક્ષણિક વિકાસ અને આશ્રમશાળાઓની ભૂમિકા
૪.૫ આશ્રમશાળા દ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન

આશ્રમશાળાઓમાં શિક્ષણ, રહેઠાણ અને ભોજન સંબંધી ભૌતિક-માળખાગત સુવિધાઓ અને તેની સ્થિતિ



## • સંદર્ભ-સૂચિ


1. ઉપાધ્યાય, ચંદ્રકાન્ત. (૧૯૯૨). "ગુજરાત રાજયમાં આવેલ અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓનો મુલ્યાંકન અભ્યાસ (૧૯૮૦ પછીની)", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
2. ઉપાધ્યાય, ચંદ્રકાન્ત અને ભટ્ટ, ગિરીશ. (૧૯૮૭). "ગુજરાત રાજયમાં અનુદાન મેળવતાં આદિવાસી છાત્રાલયો (એક મૂલ્યાંકન અભ્યાસ)", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
3. ઉપાધ્યાય, ચંદ્રકાન્ત. (૨૦૦૯). "આદિવાસીઃ પરંપરા અને પરિવર્તન", અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર.
4. જોષી, વિદ્યુત. (૧૯૮૦). "આશ્રમશાળાઓ – અધ્યયન", અમદાવાદઃ ગુજરાત સામાજિક સેવા મંડળ.
5. જોષી, વિદ્યુત. (૨૦૦૯). "આદિવાસી વિકાસ દર્શન", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
6. દેસાઈ, ભારતી અને પટેલ, અનિલ. (૧૯૮૧). "ગુજરાતની આશ્રમશાળાઓઃ એક મૂલ્યાંકન અભ્યાસ", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
7. નાયક, ઠા. (૧૯૮૯). "ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓઃ એક મૂલ્યાંકન અભ્યાસ", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
8. પટેલ, મ. (ચોથું પૂનર્મુદ્રણ-૨૦૧૧). "ગાંધીજીનું શિક્ષણદર્શન", અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર.
9. પંચોલી, રવીન્દ્ર અને વહોનીયા, દેવચંદ. (૨૦૧૧-૨૦૧૨). "આદિજાતિ આશ્રમશાળા યોજનાઃ મૂલ્યાંકન અભ્યાસ", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
10. રાઠોડ, જસવંતસિંહ અને પટેલ, નિરંજના. (૨૦૦૬). "આદિવાસી વિસ્તારમાં નવી આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી શાળાની જરૂરિયાત-અભિપ્રાય", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
11. શાહ, વિમલ. (૧૯૬૪). "આદિવાસીઓના પ્રશ્નો", અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ.

પરિશિષ્ટ - ૧

# અનુસૂચિત જનજાતિના બાળકો માટેની આશ્રમશાળાઓ - મૂલ્યાંકન અભ્યાસ

## અભ્યાસના એકમ તરીકે પસંદ કરેલ આશ્રમશાળાઓની યાદી

કુલ ૪૫૨ આશ્રમશાળા (વ્યાપવિશ્વ) ઓમાંથી ૧૫% મુજબ ૬૮ આશ્રમશાળાઓની નમૂના તરીકે પસંદગી

| ક્રમ | | સંસ્થાનું નામ/સરનામું | આશ્રમશાળાનું નામ/સરનામું | માન્યતાનું વર્ષ | માન્ય સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | જિલ્લો - બનાસકાંઠા | | | |
| ૧ | ૧ | મજુર કલ્યાણ ટ્રસ્ટ, સિધ્ધપુર, જિ. પાટણ | મુ. અંબાજી, તા. દાંતા | ૧૯૮૫-૮૬ | ૧૨૦ |
| ૨ | ૨ | બાલારામ સઘનક્ષેત્ર સમિતિ, ચિત્રાસણી | મું. ચિત્રાસણી, તા. પાલનપુર | ૧૯૬૫ | ૧૨૦ |
| ૩ | ૩ | મગનલાલ ગગનલાલ પટેલ સર્વોદય કેન્દ્ર, અમીરગઢ | મુ. અમીરગઢ, તા. અમીરગઢ | ૧૯૯૫ | ૧૨૦ |
| | | જિલ્લો - સાબરકાંઠા | | | |
| ૪ | ૧ | શ્રી સીતાબા ચેરીટેબલ એજ્યુ. ટ્રસ્ટ, સેકટર-2 સી, ગાંધીનગર | મુ. વરતોલ, તા. ખેડબ્રહ્મા | ૨૦૦૦-૨૦૦૧ | ૧૨૦ |
| ૫ | ૨ | શામળાજી પ્રદેશ કેળવણી મંડળ, શામળાજી | મુ. દીધીયા, તા. ખેડબ્રહ્મા | ૧૯૮૬ | ૧૨૦ |
| ૬ | ૩ | સેવા નિકેતન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | મુ. આંતરસુબા, તા. વિજયનગર | ૧૯૫૩-૫૪ | ૧૫૦ |
| ૭ | ૪ | સાબરકાંઠા જિલ્લા આદિવાસી કલ્યાણ સમિતિ, ભૂતાવડ, તા. ભિલોડા | મુ. પોશીના, તા. ઇડર | ૧૯૯૦-૯૧ | ૧૨૦ |
| | | જિલ્લો - અરવલ્લી | | | |
| ૮ | ૧ | આદિવાસી સેવા સમિતિ, શામળાજી, તા. ભિલોડા, જિ. સાબરકાંઠા | મું. ઇસરી, તા. મેઘરજ | ૧૯૬૧-૬૨ | ૧૫૦ |
| ૯ | ૨ | સાબર સેવા સંઘ, જલ્લા, તા. ભિલોડા | મું. વાંસળી, તા. ભિલોડા | ૧૯૯૬-૯૭ | ૧૨૦ |
| | | જિલ્લો - મહિસાગર | | | |
| ૧૦ | ૧ | ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ | મું. ડીટવાસ, તા. કડાણા | ૧૯૮૦ | ૧૨૦ |
| ૧૧ | ૨ | આદ્યકબીર મુમુક્ષુ સેવા સંઘ, તા. સંતરામપુર | મું. ગરાડીયા, તા. સંતરામપુર | ૧૯૯૨-૯૩ | ૧૩૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લો - પંચમહાલ | | | | | |
| ૧૨ | ૧ | પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ | મું. શિવરાજપુર, તા. હાલોલ | ૧૯૮૦ | ૧૨૦ |
| ૧૩ | ૨ | આદિવાસી ઉધ્ધારક મંડળ, તા. ઘોઘંબા | મું. ગરમોટીયા, તા. ઘોઘંબા | ૨૦૦૧ | ૫૦ |
| ૧૪ | ૩ | ભીલ સેવા મંડળ, દાહોદ | મું. મોરા, તા. ગોધરા | ૧૯૬૩ | ૧૨૦ |
| જિલ્લો - દાહોદ | | | | | |
| ૧૫ | ૧ | પંચમહાલ આદિવાસી વિકાસ પરિષદ દાહોદ | મું. છાપરી, તા. દાહોદ | ૧૯૯૬-૯૭ | ૧૨૦ |
| ૧૬ | ૨ | ભીલ સેવા મંડળ, દાહોદ | મું. કંઠલા, તા. દાહોદ | ૧૯૫૯ | ૧૨૦ |
| ૧૭ | ૩ | શિવશકિત એજયુકેશન.ટ્રસ્ટ,દાહોદ | મું. લીલવાદેવા, તા. ઝાલોદ | ૧૯૯૫-૯૬ | ૧૨૦ |
| ૧૮ | ૪ | રામ વનવાસી યુવક મંડળ, બાર ખલતા, ગરબડી તા. ધાનપુર | મું. પાનમ, તા. ધાનપુર | ૧૯૮૭ | ૧૨૦ |
| ૧૯ | ૫ | પંચભારતી મહિલા વિકાસ મંડળ, પાવડી | મું. ટાંડી, તા. ઝાલોદ | ૧૯૯૬-૯૭ | ૧૨૦ |
| ૨૦ | ૬ | જયજલારામ કેળવણી મંડળ, સુખસર | મું. ભોજેલા, તા. ફતેપુરા | ૧૯૭૪ | ૧૨૦ |
| ૨૧ | ૭ | નવયુગ ગ્રામ વિકાસ મંડળ, માંડલી તા. ઝાલોદ | મું. માંડલી, તા. સંજેલી | ૧૯૮૯ | ૧૨૦ |
| ૨૨ | ૮ | કંજેટા વિભાગ યુવક મંડળ, કંજેટા. તા. લીમખેડા | મું. ખલતા, તા. ધાનપુર | ૧૯૭૬ | ૧૨૦ |
| ૨૩ | ૯ | ઠક્કરબાપા આદિવાસી એજયુકેસન સોસાયટી, પીપોદરા, તા. લીમખેડા | મું. રૂઆબારી, તા. દેવગઢબારીયા | ૧૯૯૩-૯૪ | ૧૨૦ |
| ૨૪ | ૧૦ | પંચમહાલ ગ્રામ વિકાસ પરિષદ, પાંદડી, તા. ગરબાડા, જિ. દાહોદ | મું. પાંદડી, તા. ગરબાડા | ૧૯૮૮ | ૧૨૦ |
| જિલ્લો - છોટાઉદેપુર અને વડોદરા | | | | | |
| ૨૫ | ૧ | વનવાસી સેવા પરિષદ વિજળી | મું. રંગપુર સઢલી, તા. છોટાઉદેપુર | ૧૯૮૦-૮૧ | ૧૨૦ |
| ૨૬ | ૨ | જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ,સરદારભવન જયુબીલીબાગ પાસે રાવપુર,વડોદરા | મું. રાવપુર, તા. પાવીજેતપુર | ૧૯૭૬-૭૭ | ૧૨૦ |
| ૨૭ | ૩ | વનવાસી સેવા સમાજ પાવીજેતપુર | મું. ભાભર, તા. પાવીજેતપુર | ૧૯૯૧-૯૨ | ૧૨૦ |
| ૨૮ | ૪ | આદિવાસી સેવા મંડળ, છોટાઉદેપુર | મું. જામળી, તા. કવાંટ | ૧૯૮૮-૮૯ | ૧૨૦ |
| ૨૯ | ૫ | સંખેડા મેવાસ હળપતિ સેવા સંઘ તા. સંખેડા | મું. ખંડપુરા, તા. સંખેડા | ૧૯૯૧-૯૨ | ૧૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦ | ૬ | વડોદરા જીલ્લા સર્વોદય સેવા મંડળ, વડોદરા | મું. ખટંબા, તા. વડોદરા | ૧૯૮૯-૯૦ | ૧૩૦ |
| | | જિલ્લો - ભરૂચ | | | |
| ૩૧ | ૧ | મહાત્મા ગાંધી પ્રગતિ મંડળ, ઉમલા | મું. હરીપુરા, તા. ઝઘડીયા | ૧૯૭૮-૭૯ | ૧૨૦ |
| | | જિલ્લો - નર્મદા | | | |
| ૩૨ | ૧ | શ્રમિક વિકાસ ટ્રસ્ટ વડોદરા | મું. કેવડીયાકોલોની, તા. નાંદોદ | ૧૯૯૧-૯૨ | ૧૨૦ |
| ૩૩ | ૨ | આદર્શ સેવા મંડળ, માંગરોળ | મું. માગરોળ, તા. નાંદોદ | ૧૯૯૧-૯૨ | ૧૨૦ |
| ૩૪ | ૩ | કસ્તુરબા સેવાશ્રમ,મરોલી .તા.જી.નવસારી | મું. આંબાપાડી, તા. ડેડીયાપાડા | ૧૯૫૬-૫૭ | ૧૨૦ |
| ૩૫ | ૪ | આદિવાસી સામાજીક કેન્દ્ર,એજયુ.સોસાયટી નિવાલ્દા | મું. બોગજ, તા. ડેડીયાપાડા | ૧૯૯૬-૯૭ | ૧૨૦ |
| ૩૬ | ૫ | ભરૂચ જીલ્લા ગિરિજન શિક્ષણ પ્રગતિ મંડળ, ડેડીયાપાડા. જિ.નર્મદા | મું. ચોપડવાવ, તા. સાગબારા | ૧૯૮૬-૮૭ | ૧૨૦ |
| ૩૭ | ૬ | જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ,સરદારભવન જયુબીલીબાગ પાસે રાવપુર,વડોદરા | મું. કાટકોઇ, તા. તિલકવાડા | ૧૯૬૭-૬૮ | ૧૨૦ |
| | | જિલ્લો- સુરત | | | |
| ૩૮ | ૧ | મહુવા તાલુકા ગ્રામ સેવા સમાજ મહુવા | મું. પુના, તા. મહુવા | ૧૯૯૩-૯૪ | ૧૨૦ |
| ૩૯ | ૨ | સરદાર વલ્લભભાઇ પટેલ સ્મૃતિ, ટ્રસ્ટ પારડી કણદે તા.ચોર્યાસી, જિ. સુરત | મું. પારડી કણદે, તા.ચોર્યોસી | ૧૯૯૮-૯૯ | ૧૨૦ |
| ૪૦ | ૩ | આદિવાસી છાત્રાલય એજયુકેશન ટ્રસ્ટ, | મું. ચીતલદા, તા. ઉમરપાડા | ૧૯૯૩-૯૪ | ૧૨૦ |
| ૪૧ | ૪ | કેથોલીક સર્ચ, ઝંખવાવ | મું. દેવગઢ, તા. માંડવી | ૧૯૯૪-૯૫ | ૧૨૦ |
| ૪૨ | ૫ | હળપતિ સેવાસંઘ, બારડોલી, જિ. સુરત | મું. વાઘેચા, તા. બારડોલી | ૧૯૬૫-૬૬ | ૧૫૦ |
| | | જિલ્લો-નવસારી | | | |
| ૪૩ | ૧ | શ્રી વનવાસી વિકાસ મંડળ વઘઇ, જિ. ડાંગ | મું. સીતાપુર, તા. વાંસદા | ૧૯૮૭ | ૧૩૦ |
| ૪૪ | ૨ | શ્રી હળપતિ શિક્ષણ પ્રસાર સંઘ, તા.જી. નવસારી | મું. ઉન, તા. નવસારી | ૧૯૭૮ | ૧૨૦ |
| ૪૫ | ૩ | શ્રી ગ્રામ મંગલમ ટ્રસ્ટ, ગૌરી, તા. ચીખલી | મું. ગૌરી, તા. ચીખલી | ૧૯૮૬ | ૧૨૫ |
| | | જિલ્લો - ડાંગ | | | |
| ૪૬ | ૧ | ડાંગ સ્વરાજ આશ્રમશાળા, આહવા | મું. કાલબેલ, તા. આહવા | ૧૯૫૪-૫૫ | ૧૫૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૭ | ૨ | વનવાસી વિકાસ મંડળ, વઘઇ, જિ. ડાંગ | મું. સરવર, તા. આહવા | ૧૯૮૯ | ૧૨૦ |
| | | જિલ્લો - તાપી | | | |
| ૪૮ | ૧ | રાનીપરજ સેવા સમાજ વેડછી, તા. વાલોડ | મું. ગોપાલપુરા, તા. સોનગઢ | ૧૯૫૮-૫૯ | ૧૫૦ |
| ૪૯ | ૨ | નુતન ભારતી કલ્યાણ ટ્રસ્ટ, અંધાત્રી,તા. વાલોડ | મું. ચિમેર, તા. સોનગઢ | ૧૯૮૬-૬૭ | ૧૨૦ |
| ૫૦ | ૩ | પૂર્ણાકાંઠા શ્રમજીવી રચનાત્મક ટ્રસ્ટ, | મું. ધાણી, તા. વ્યારા | ૧૯૭૭-૭૮ | ૧૨૫ |
| ૫૧ | ૪ | ગ્રામ સેવા સમાજ વ્યારા, તા. વ્યારા, જિ. તાપી | મું. પંચોળ, તા. વ્યારા | ૧૯૮૦-૮૧ | ૧૩૫ |
| ૫૨ | ૫ | અંબિકા વિભાગ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, | મું. પાઠકવાડી, તા. વ્યારા | ૧૯૮૬-૮૭ | ૧૨૦ |
| ૫૩ | ૬ | નેસુસેવા આશ્રમ, કરોડ, તા. ઉચ્છલ, જિ. તાપી | મું. મોરંબા, તા. નિઝર | ૧૯૮૧-૮૨ | ૧૨૦ |
| ૫૪ | ૭ | જનતા કલ્યાણ ટ્રસ્ટ, મહુવા, તા. મહુવા | મું. આમકુટી, તા. ઉચ્છલ | ૧૯૭૧-૭૨ | ૧૨૦ |
| ૫૫ | ૮ | વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડ | મું. કણજોડ, તા. વાલોડ | ૧૯૬૬-૬૭ | ૧૫૦ |
| | | જિલ્લો - વલસાડ | | | |
| ૫૬ | ૧ | ધરમપુર તાલુકા નિરાતાડ, ગોળ અને ખાદી ગ્રામોદ્યોગ સંઘ, સુખાલા | મું. સુથારપાડા, તા. કપરાડા | ૧૯૯૨-૯૩ | ૧૨૦ |
| ૫૭ | ૨ | ઉત્તમ ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ, અંભેટી તા. ધરમપુર | મું. અંધારપાડા, તા. કપરાડા | ૧૯૯૩-૯૪ | ૧૨૦ |
| ૫૮ | ૩ | ધરમપુર તાલુકા આદિવાસી યુવક કેળવણી મંડળ, શેરીમાળ તા. ધરમપુર | મું. જાગીરી, તા. ધરમપુર | ૧૯૮૯ | ૧૨૦ |
| ૫૯ | ૪ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ, મું. બારોલીયા, તા. ધરમપુર | મું. પાંડવખડક, તા. ધરમપુર | ૧૯૯૮-૯૯ | ૧૨૦ |
| ૬૦ | ૫ | સર્વોદય કેળવણી મંડળ, રોહીણા તા. પારડી | મું. ધગડમાળ, તા. પારડી | ૧૯૮૫ | ૧૨૦ |
| ૬૧ | ૬ | વિદ્યાચક્ર કાર્યકારી મંડળ, મું. ઉમરગાંવ | મું. માળેકપુર, તા. ઉમરગાંવ | ૧૯૬૦ | ૧૨૦ |
| | | જિલ્લો - અમદાવાદ | | | |
| ૬૨ | ૧ | ગુજરાત ખેત વિકાસ પરિષદ, ખેતભવન, હરિજન આશ્રમની પાસે, આશ્રમરોડ | મું. ધરજી (દુર્શી), તા. બાવળા | ૧૯૮૩-૮૪ | ૧૨૦ |
| | | જિલ્લો- પોરબંદર | | | |
| ૬૩ | ૧ | માલધારી આદિવાસી સર્વાંગી વિકાસ ટ્રસ્ટ,કાઢીયાનેસ,તા.રાણાવાવ.જિ.જુનાગઢ | મું. ઝારેરાનેસ, તા. રાણાવાવ | ૧૯૬૩-૬૪ | ૧૨૦ |
| | | જિલ્લો - જુનાગઢ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૪ | ૧ | શિશુમંગલ ટ્રસ્ટ, કલેક્ટરશ્રીનાં બંગલા સામે, ગાંધીગ્રામ, જુનાગઢ | મું. સાસણ(ગીર), તા. તલાલા | ૨૦૦૩-૨૦૦૪ | ૧૨૦ |
| | | જિલ્લો - જામનગર | | | |
| ૬૫ | ૧ | માલધારી આદિવાસી ચેરીટેબલ ટ્રસ્ટ, ભાણવડ,જિ. જામનગર | મું. રાણીવાવનેશ, તા. ભાણવડ | ૧૯૯૩ | ૧૨૦ |
| | | જિલ્લો - સુરેન્દ્રનગર | | | |
| ૬૬ | ૧ | સુરેન્દ્રન જીલ્લા વિવિધલક્ષી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ, લીંબડી, જી. સુરેન્દ્રનગર | મું. રાણાગઢ, તા. લીંબડી | ૨૦૦૧-૦૨ | ૧૨૦ |
| | | જિલ્લો - ખેડા | | | |
| ૬૭ | ૧ | શ્રી સર્વોદય સંઘ, પાંડવા, તા. બાલાસીનોર, જિ. ખેડા | મું. પાંડવા, તા. બાલાસીનેર | ૧૯૯૮-૯૯ | ૧૨૦ |
| | | જિલ્લો - પાટણ | | | |
| ૬૮ | ૧ | શ્રી વિવેકાનંદ વિકાસ મંડળ, મું.વડનગર, તા. રાધનપુર, જિલ્લો.પાટણ | મું. વડનગર, તા. રાધનપુર | ૨૦૦૦-૦૧ | ૧૨૦ |

